
# જૈન પાઠાવલી

## શ્રેણી ૧૩-૧૪



૩. પરિહાર
વિશુધ્ધ ચારિત્ર



૨. છેદોપસ્થાપનીય
ચારિત્ર



૪. સૂક્ષ્મસંપરાય
ચારિત્ર



૧. સામાયિક ચારિત્ર





૫. યથાખ્યાત ચારિત્ર


શ્રી બૃ. મું. વ. સ્થાનકવાસી જૈન મહાસંઘ સંચાલિત
દર્શન જ્ઞાન ચારિત્ર
માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા
ધાર્મિક શિક્ષણ બોર્ડ

**પ્રકાશક :**
**શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**

**સંચાલિત :**
**માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ**

# પ્રકાશન દિન


| | | |
|---|---|---|
| વીર સંવત | : | 2552 |
| વિક્રમ સંવત | : | 2082 |
| ઈ.સ | : | March 2026 |
| પ્રત | : | 1000 |
| જ્ઞાનાર્થે | : | 25 ₹ |


## પ્રાપ્તિ સ્થાન


શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

: સંચાલિત :

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

આરાધ્યા–૧અર્થ–ગ્રાઉન્ડ ફ્લોર, H–વીંગ, નાયડુ કોલોની,
પંતનગર, ઘાટકોપર (ઇ)– મુંબઈ – ૪૦૦ ૦૭૫

Office : 9702277914
Chaaya Coticha : 9029933775
Alpa Mehta : 9820596646

E-mail : jainshikshanboard@gmail.com
website : www.jainshikshan.org




# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)

**શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના શ્યામ પરિવારના શિષ્યરત્ન**
**પ. પૂ શ્રી ધૈર્ય - સૌમ્ય ગુરુદેવના શિષ્ય પ. પૂ ઉપાધ્યાયજી**
**શ્રી ભવ્ય ગુરુદેવના સુશિષ્ય તપસ્વીરત્ન**
**પ. પૂ શ્રી રાજવિર્યમુનિ મહારાજ સાહેબનું**

## જીવન દર્શન



**દીક્ષા દિન - 1st ફેબ્રુઆરી, 2015**
**(ઉંમર વર્ષ - 63) અને**
**ત્યાર બાદનો તપમય માર્ગ**
**અઠ્ઠાઈ - 62, માસક્ષમણ - 4,**
**16 ભથ્થાં - 3**

**पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणांइ**
**जेसिं पिओ तवो संजमो य खंती य बंभचेरं च**

**પાછલી ઉંમરે દિક્ષીત થનાર આત્મા પણ તપ, સંયમ,**
**ક્ષમા અને બ્રહ્મચર્યના પાલનથી શિઘ્રાતીશિઘ્ર ઉચ્ચ ગતિને પામે છે.**

## દીક્ષા પૂર્વ જીવન

ગામ રવ (કચ્છ-વાગડ) ના સુશ્રાવક શ્રી કરસનભાઈ દેવરાજભાઈ કારીયાના પુત્રરત્ન શ્રી રાયશીભાઈ, શ્રી થાણા સંઘના પ્રમુખ પદે 7 વર્ષ સુધી સેવાને જીવનમૂલ્ય બનાવી, અનેક ધાર્મિક પ્રવૃત્તિઓનું સફળ નેતૃત્વ કરનાર અને આ સમયમાં 64 પ્રહરી ચૌવિહારા પૌષધ-અઠ્ઠાઈ જેવી તપસ્યાની એ પાવન ક્ષણોમાં અંદરથી સંયમ જીવન માટે ઊંડો ભાવ ઉદ્દભવ્યો.

એવા શ્રી ગુરુભગવંતને કોટી કોટી પ્રણામ

# આજીવન - શ્રુત સેવા શિરોમણિ

(કાયમી દાતા)



## માતુશ્રી નીલુબેન રાયશીભાઈ કરસનભાઈ કારીયા

ગામ-રવ (કચ્છ વાગડ) હાલ-થાણા, મુંબઈ

શ્રી થાણા સંઘની પાઠશાળામાં છેલ્લા 40 વર્ષથી
નિ:સ્વાર્થ ભાવથી જ્ઞાનદાતા તરીકે સેવા અર્પણ કરી રહ્યા છે.

તેમના સેવા કાર્યકાળ દરમિયાન સેંકડો બાળકોમાં જ્ઞાનનું
સિંચન કર્યું અને અનેક બહેનોને દીક્ષા ગ્રહણ કરવાની પ્રેરણા મળી છે.

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના
જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર, લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

## ધાર્મિક શિક્ષણ બોર્ડ

**ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

# શ્રુતપ્રભાવક



## સ્વ. શ્રી સુરેશભાઈ તથા સ્વ. શ્રી ઉર્મિલાબેન શાહની સ્મૃતિમાં

## SK પરિવાર , મલાડ ...

## સૌ. ઉર્વીબેન ચિંતનભાઈ શાહ ચિ. માહી ચિંતનભાઈ શાહ..

## ચિ. સાન્વી ચિંતનભાઈ શાહ

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની જ્ઞાનપ્રચારના કાર્યમાં સહકાર આપી સ્વયંના
જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર,
લોકોત્તર પુણ્યનો બંધ કરનાર દાતા પરિવારનો

## ધાર્મિક શિક્ષણ બોર્ડ

**ખૂબ -ખૂબ આભાર માને છે તેમના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે.**

|| નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board,

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Nayadu Colony,
Pant Nagar, Ghatkopar (E), Mumbai- 400077

# જ્ઞાનદાન મહાદાન

## જ્ઞાન યોજના

**1,00,000/- શ્રુતસ્તંભ**

| | | | |
|---|---|---|---|
| 75,000/- | શ્રુતાધાર | 11,000/- | શ્રુતસહયોગી |
| 51,000/- | શ્રુતપ્રભાવક | 5000/- | શ્રુતસહાયક |
| 25,000/- | શ્રુતપ્રેરક | 2,500/- | શ્રુતઅનુમોદક |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી 1 થી 25 ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે. આપશ્રી જ્ઞાનદાન યોજનામાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

## Banking Details for DONATION to Dharmik Sikshan Board

| | |
|---|---|
| **A/c Name** | **: Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh** |
| **Bank Name** | **: Bank of Baroda** |
| **A/C No** | **: 70130100028329** |
| **Branch** | **: Ghatkopar East** |
| **IFSC Code** | **: BARBOGHAEAS** |

**ચેક/ ડ્રાફ્ટ શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા.જૈન મહાસંઘ નામે લખો**

# અતીતની અટારીએથી

આજે વિશ્વમાં પ્રલોભનો વધી રહ્યાં છે. આજનો માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત નહીં પણ મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય અને નિરાંત જેવા શબ્દો તો એના જીવનના શબ્દકોષમાંથી ક્યારના રવાના થઈ ગયાં છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, આ બધી દોટ કોના માટે ?

ત્યારે જવાબ છે કે, સુખ, સમૃદ્ધિ, અખૂટ સંપત્તિ માટે!

પણ શું આટલી દોડાદોડ કર્યા પછી આ બધું મળે છે ખરું ?

કદાચ યંત્ર યુગમાં સમૃદ્ધિ અને સંપત્તિ મળી જાય છે પણ જીવન યંત્રવત્ બની જાય છે અને સુખ-શાંતિના હવાતિયા મારવા છતાં સુખ-શાંતિ તો વહેંત છેટા રહી જાય છે. દરેક વ્યકિત કોઈને કોઈ દુઃખથી ઘેરાયેલી છે. આ બધાં દુઃખોથી મુક્ત થવું હોય તો સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માનો ધર્મ અને ધર્મની યથાર્થ સમજણ જ સહાયક થાય છે.

પરિસ્થિતિને જાણીને સમજીને વિચક્ષણ દીર્ઘદ્રષ્ટા વડીલોની આગેવાની લઈને અંદાજે 60 વર્ષ પૂર્વે એટલે કે, 30.07.1961 ના બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘની આગેવાની હેઠળ માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

જૈનધર્મના 32 આગમમાંથી પ્રેરણા લઈ આગમ સાગરમાંથી મંથન કરીને સરળ ભાષામાં તેનો બોધ થઈ શકે તે માટે, સમસ્ત વિશ્વનાં સ્થાનકવાસી જૈનોના જૈનધર્મ આધારિત જ્ઞાનનો વિકાસ થાય તે માટે ધાર્મિક શિક્ષણ બોર્ડે પ્રારંભમાં શ્રેણી એકથી સાતના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. આ પાઠ્યક્રમ તૈયાર કરવામાં પૂજ્ય શ્રી સંત-સતીજીઓનો અવિસ્મરણીય સાથ સહકાર મળ્યો.

પછી ક્રમશઃ સંઘના વિદ્વાનોએ course નો વિકાસ કર્યો, જેને કારણે આજે એકથી પચ્ચીસ શ્રેણીનો course તૈયાર થઈ ગયો છે અને જ્યારે-જ્યારે જરૂર લાગી ત્યારે નવી આવૃત્તિમાં ફેરફાર પણ કર્યા છે. વર્તમાને ફરીથી આ book ફેરફાર સાથે નવા સ્વરૂપમાં આપણે પ્રકાશિત કરીએ છીએ. આની પાછળનો હેતુ આબાલવૃદ્ધ બધાં આમાં જોડાઈ શકે અને વધુમાં વધુ લોકો પરમાત્માના ધર્મની સન્મુખ થાય, એ જ છે.

સમય અનુસાર ક્રમિક વિકાસ કરતાં-કરતાં આજે માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સંસ્કાર સિંચન સાથે સંસ્કાર સંપન્ન ભાવિ પેઢીના નિર્માણ માટે કાર્યશીલ છે.

Course તૈયાર કરવામાં અનેક ઉપકારી ગુરુ ભગવંતો, ગુરુણી ભગવંતોનું માર્ગદર્શન મળ્યું છે. અને એ માર્ગદર્શન અનુસાર અભ્યાસુ શ્રાવક-શ્રાવિકાઓએ પોતાનું યોગદાન આપ્યું છે. એ દરેકનું અમે અભિવાદન કરીએ છીએ.

આ Course ને કારણે આજ સુધીમાં લાખો લોકો પરીક્ષાના માધ્યમથી જૈનત્વના સંસ્કારને પામ્યા અને ભવિષ્યમાં પણ વધુમા વધુ લોકો આ અભ્યાસક્રમમાં જોડાઈને સુસંસ્કારને પામીને પોતાના ભાવિને ઉજ્જવળ બનાવે એ જ અભ્યર્થના.

## ધાર્મિક શિક્ષણ બોર્ડની પ્રવૃત્તિ

1. 60 વર્ષોથી જૈનધર્મના જ્ઞાન પ્રસાર અર્થે જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન કરનારી સંસ્થા
2. પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.
3. શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સંમેલનો યોજી તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.
4. શ્રેણીની પરીક્ષાઓનાં ઈનામી મેળાવડાનું આયોજન કરવું.
5. જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.
6. બાલ પાઠાવલી એવમ એકથી પચ્ચીસ શ્રેણી સુધીનો વિસ્તૃત અભ્યાસક્રમ ઉપલબ્ધ અને નવી શ્રેણીનો વિકાસ.
7. જૈન ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવતા અનુભવી અને કુશળ જ્ઞાનદાતા દ્વારા ધાર્મિક અને આધ્યાત્મિક શિબિરોનું આયોજન.
8. Technology ના માધ્યમથી online, મૌખિક અને લિખિત પરીક્ષા દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવે છે.
9. વૈશ્વિક (global) પરીક્ષાનું આયોજન, online certificate અને ઇનામ વિતરણ.

આ પુસ્તકમાં છદ્મસ્થાવસ્થાને કારણે
જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# શ્રેણી ૧૩

## અભ્યાસક્રમ તથા અનુક્રમણિકા


| | વિષય | ગુણ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | **સૂત્ર વિભાગ** | ૧૦ | |
| | ૧. સામાયિક - પ્રતિક્રમણ ભાવાર્થ અને પ્રશ્નોત્તર જૈન પાઠાવલી ૧ અને ૨ | | |
| ૨. | **તત્ત્વ વિભાગ** | | ૦૫ |
| | ૧. શ્રી દશવૈકાલિક સૂત્ર-અધ્યયન ૧,૨,૩ ગાથા અન્વયાર્થ ને ભાવાર્થ સહિત | **૨૫** | |
| | ૨.નિયંઠા | **૨૫** | ૧૫ |
| | ૩. સંજયા (સંયતિ) | | ૩૪ |
| | (બન્ને થોકડા વિશેષ સમજણ સાથે) | **૨૫** | |
| ૩. | **કાવ્ય વિભાગ** | | ૪૭ |
| | ૧. ભક્તામર સ્તોત્ર કડી ૧ થી ૧૨ ભાવાર્થ અને શબ્દાર્થ સહિત | | |
| | **અથવા** ધર્મકથા વિભાગ | **૧૫** | |
| | ૧. જયઘોષ અને વિજયઘોષ | | ૫૩ |
| | **કુલ ગુણ** | **૧૦૦** | |

# ૩૨ અસજ્ઝાયો

(**આધાર :** ઠાણાંગ સૂત્ર સ્થાન- ૪, ઠાણાંગ સૂત્ર સ્થાન- ૧૦ તથા નિશીથ સૂત્ર ઉ.૧૯)

સ્વાધ્યાયના પાંચ ભેદ છે. ૧. વાયણા. ૨. પુચ્છણા. ૩. પરિયટ્ટણા. ૪. અનુપ્રેક્ષા. ૫. ધર્મકથા. જે સ્વનું અધ્યયન કરાવે, તે સ્વાધ્યાય.

**અસજ્ઝાય એટલે અસ્વાધ્યાય.** જે કાળમાં આગમ સૂત્રોના પાઠની ૧. વાંચના, ૨. પરિયટ્ટણા કરી શકાય નહીં તેને અસજ્ઝાય કહે છે. પરંતુ જેની ૩. પુચ્છાણા, ૪. ધર્મકથા, ૫. અનુપ્રેક્ષા કરી શકાય.

**અસજ્ઝાયો કયા સૂત્રને લાગે છે ?** ૩૧ **આગમ સૂત્રના મૂળ પાઠને** જ હોય, ભાવાર્થને નહીં. કોઈપણ ગ્રંથ, સાહિત્ય, કવિતાઓ, પાઠો, શ્લોકો, ગુજરાતી, હિન્દી કે અન્ય ભાષાના આગમોના ભાષાંતરને કોઈપણ અસજ્ઝાય લાગતી નથી.

| | **આકાશ સંબંધી અસજ્ઝાય ૧૦** | |
|---|---|---|
| **નામ** | **ભાવાર્થ** | **કેટલા કાળ** |
| **અસજ્ઝાય ?** | | |
| (૧) **ઉલ્કાપાત** | તારો આકાશથી ખરે તે. | **૧ પ્રહર સુધી** |
| (૨) **દિગ્દાહ** | દિશા લાલવર્ણની દેખાય તે. ક્યારેક એક દિશામાં નગર બળતું હોય તેમ આકાશવર્તી ઉદ્યોત (પ્રકાશ) થાય તે. | **જ્યાં સુધી દેખાય** |
| (૩) **ગર્જિત** | વાદળોના અવાજ, મેઘગર્જના થાય. | **બે પ્રહર સુધી** |
| (૪) **વિદ્યુત** | અકાળે આકાશમાં વીજળી ચમકે. ગર્જના તેમ જ વિદ્યુત કુદરતી અથવા દેવકૃત બંને પ્રકારે હોય છે. આ બન્ને અસજ્ઝાય આર્દ્રા નક્ષત્રથી સ્વાતિ નક્ષત્ર સુધી સૂર્યનો યોગ હોવાથી ગણાતી નથી અર્થાત્ તેને સ્વાધ્યાયકાળ સમજવો. બાકીના સમયે અર્થાત અકાળે થાય, ત્યારે આ બે અસજ્ઝાય સમજવી. | **૧ પ્રહર સુધી** |
| (૫) **નિર્ઘાત** | વાદળાં સહિત કે વાદળાં રહિત આકાશમાં વ્યંતર દેવ વડે કરાયેલ મહાધ્વનિ, મોટો કડાકો થાયતે. | **૮ પ્રહર સુધી** |
| (૬) **યૂપક** | બાલ ચંદ્રની, શુક્લપક્ષ એકમ, બીજ અને ત્રીજ | **રાત્રિના પ્રથમ પ્રહરની** |
| (૭) **યક્ષાદિપ્ત** | આકાશમાં ચમકતાં કે નાચતાં યક્ષનું ચિન્હ જેવું દેખાય અથવા યક્ષના પ્રભાવથી પ્રકાશિત અગ્નિ દેખાય તેને દેવકૃત માનવામાં આવે છે. | **જ્યાં સુધી દેખાય** |

રેખા સહિત કે રેખા રહિત પ્રકાશમાન દ્રવ્યને ઉલ્કાપાત કહે છે. ઉલ્કા પડવી એટલે આકાશમાં ઉત્પન્ન થયેલી આગનું પડવું. વ્યવહારમાં તેને તારો ખરવો-તૂટવો કહે છે. વાસ્તવમાં તો શાશ્વત તારાનાં વિમાન તો તૂટતાં જ નથી. ત્રણ કારણે તારા ચલિત થાય છે. (૧) વિક્રિયા કરતાં, (૨) પરિચારણા કરતાં, અને (૩) એક સ્થાનેથી બીજા સ્થાનમાં સંક્રમણ કરતાં.

| | | |
|---|---|---|
| (૮) **ધૂમિકા** | કાળી ધૂમ્મસ. | **જ્યાં સુધી રહે ત્યાં સુધી** |
| (૯) **મિહિકા** | સફેદ ધુમ્મસ. | **કરા આદિ પડે ત્યા સુધી** |
| (૧૦) **રજોદ્‌ઘાત** | ચારે તરફ રજ, ધૂળ પડવું, આંધી આવવી | **જ્યાં સુધી રહે ત્યાં સુધી** |
| | **ઔદારિક શરીર સંબંધી અસજ્ઝાય ૧૦** | |
| (૧૧) **અસ્થિ** | હાડકાં પડયાં હોય. | **જ્યાં સુધી દેખાય કે હોય** |
| (૧૨) **માંસ** | માંસ પડયું હોય. | **જ્યાં સુધી દેખાય કે હોય** |
| (૧૩) **શોણિત** | લોહી પડયું હોય. | **જ્યાં સુધી દેખાય કે હોય** |

**સમજણ:** (૧) મનુષ્યનાં હાડકાં, માંસ, લોહી ૧૦૦ હાથની અંદર દેખાય ત્યાં સુધી, (૨) તિર્યંચના ૬૦ હાથની અંદર દેખાય ત્યાં સુધી, (૩) હાડકું બળી ગયું ન હોય કે નદી આદિના પાણીમાં તણાઈ કે ધોવાઈ ગયું ન હોય તો ૧૨ વર્ષ સુધી, (૪) મૃત કે ભાંગેલું ઈંડું હોય ત્યાં સુધી, (૫) સ્ત્રીના ઋતુ ધર્મ સંબંધી અશુચિ હોય ત્યાં સુધી.

| | | |
|---|---|---|
| (૧૪) **અશુચિ** | લોહી, મળ, વમન વગેરે અશુચિ. તિર્યંચ પ્રાણી કૂતરાં, બિલાડી આદિના મળની પણ. | **દેખાય કે દુર્ગંધ આવે ત્યાં સુધી** |
| (૧૫) **સ્મશાનભૂમિ** | સ્મશાન ભૂમિની ચારે તરફ. | **૧૦૦ હાથ (૧૫૦ ફૂટ)** |
| (૧૬) **ચંદ્રોપરાગ** | ચંદ્રગ્રહણની. ચંદ્રગ્રહણ પૂનમની રાતે થાય છે તેથી જે પૂનમે થવાનું હોય તે સૂર્યાસ્તથી જ અસજ્ઝાય. | **ખંડ ગ્રહણ ૮ પ્રહર, પૂર્ણ ગ્રહણ ૧૨ પ્રહર** |
| (૧૭) **સૂર્યોપરાગ** | સૂર્યગ્રહણની. સૂર્યગ્રહણ અમાસના દિવસે જ થાય છે. તેથી જે અમાસના દિવસે થવાનું હોય તે સૂર્યોદયથી અસજ્ઝાય. (કોઈ ગ્રહણ શરૂ થાય ત્યારથી અસજ્ઝાય ગણે છે.) | **ખંડ ગ્રહણ ૧૨ પ્રહર, પૂર્ણ ગ્રહણ ૧૬ પ્રહર** |
| (૧૮) **પતન** | રાજાનું અવસાન થતાં **(રાજ મરણ)** | **નવો રાજા ઘોષિત ન થાય ત્યાં સુધી** |
| (૧૯) **રાજવ્યુદગ્રહ** | યુદ્ધસ્થાન કે રણભૂમિથી નજીક | **યુદ્ધ ચાલે ત્યાં સુધી** |
| (૨૦) **ઉપાશ્રય ની અંદર** | પંચેન્દ્રિયના શરીરના ટુકડા કે અખંડ કલેવર ઉપાશ્રયમાં હોય તો. | **ઔદારિક શરીર પડયું હોય ત્યાં સુધી** |

સૂર્યની સંધ્યાની પ્રભાનું અને ચંદ્રની પ્રભાનું એકીસાથે હોવું એટલે કે મિશ્રણ થવું તે યૂપક છે. જે દિવસોમાં સંધ્યાની પ્રભા અને ચંદ્રની પ્રભા આવૃત્ત (એકબીજા ઉપર સાથે) થઈ જાય છે, તે સંધ્યા છેદાવરણ (યૂપક) છે. કોઈ-કોઈ માત્ર બીજની જ અસજ્ઝાય માને છે.

## કાળ સંબંધી ૧૨ અસજ્ઝાય

| | |
|---|---|
| (૨૧-૨૨) **અષાડ સુદ પૂનમ અને વદ એકમની** | ૨૪×૨= **૪૮** કલાક |
| (૨૩-૨૪) **આસો સુદ પૂનમ અને વદ એકમની** | ૨૪×૨= **૪૮** કલાક |
| (૨૫-૨૬) **કારતક સુદ પૂનમ અને વદ એકમની** | ૨૪×૨= **૪૮** કલાક |
| (૨૭-૨૮) **ચૈત્ર સુદ પૂનમ અને વદ એકમની** | ૨૪×૨= **૪૮** કલાક |

**સમજણ :** આ દિવસો દરમિયાન લોકો ભૂત મહોત્સવ, ઈન્દ્ર મહોત્સવ, કાર્તિકેય મહોત્સવ, તથા યક્ષ મહોત્સવ કરતાં હોવાથી એ દિવસોમાં પોતાના નામ આદિના મહોત્સવો ઉજવાતા હોવાથી દેવ આદિનું આવાગમન વધુ રહે છે માટે અસજ્ઝાય કહી છે.

| | | |
|---|---|---|
| (૨૯) **પ્રભાત મુહૂર્તની** | રાત્રિ અને સવારના સંધિકાળની<br>સૂર્યોદય પહેલાં ૩૬ મિનિટ અને સૂર્યોદય બાદ ૧૨ મિનિટ (૪૮ મિનિટ). | **૧** |
| (૩૦) **મધ્યાહ્ન મુહૂર્તની** | સૂર્યોદયથી સૂર્યાસ્તના મધ્યભાગનો સમય.<br>તેની પહેલાં ૧ ઘડી અને પછીની ૧ ઘડી એમ કુલ બે ઘડીની. | **૧** |
| (૩૧) **સંધ્યા મુહૂર્તની** | સાંજ અને રાત્રિના સંધિકાળની.<br>સૂર્યાસ્ત પહેલાં ૧૨ મિનિટ અને સૂર્યાસ્ત બાદ ૩૬ મિનિટ. | **૧** |
| (૩૨) **મધ્યરાત્રિ** | સૂર્યાસ્તથી સૂર્યોદયના મધ્યભાગનો સમય.<br>તેની પહેલાંની ૧ ઘડી અને પછીની ૧ ઘડી એમ કુલ બે ઘડીની. | **૧ મુહૂર્તની** |

કારતક, માગસર, પોષ અને મહા એ ચાર મહિના સુધીનો સમય વર્ષા માટેનો ગર્ભકાળ ગણાય છે, ત્યારે ધૂમિકા પડી શકે. દેવો પણ રસ્તામાં આવતાં જતાં ક્યારેક પોતાની હાજરીનો સંકેત દેવા માટે ધુમ્મસ આદિ કરતાં રહે છે અથવા અપ્કાયનો ભૂરા રંગ જેવો ધૂમાડો નીચે આવી જાય, એ કાળી ધુમ્મસ છે. બન્ને પ્રકારની ધુમ્મસ કુદરતી સ્વભાવથી પણ હોય છે.

સૂર્ય અને ચંદ્રના વિમાન ઔદારિકનાં બનેલાં છે તેથી બન્ને ગ્રહણને ઔદારિકની અસજ્ઝાયમાં લીધા છે. ગ્રહણ સમયે લોકો દાન પુણ્ય કરે છે. દેવોને અર્ધ્ય ચડાવે છે. તેથી દેવોનું વિશેષ આવાગમન સંભવે છે. તેથી ગ્રહણની અસજ્ઝાય હોય છે.

ચંદ્રનો નીચેનો ભાગ અને નિત્ય રાહુનો ઉપરનો ભાગ બંને વચ્ચે ૪ આંગુલનું અંતર છે. નિત્ય રાહુ નીચે ચાલે છે. ચંદ્ર અને રાહુ બંને તેજ અને મંદગતિ કરે છે. નિત્ય રાહુ ઝડપથી ચાલે છે ત્યારે ચંદ્ર ઢંકાઈ જાય છે. સુદ એકમ, બીજ અને ત્રીજ વખતે નિત્ય રાહુ ચંદ્ર વચ્ચે આવે છે માટે યૂપકની અસજ્ઝાય છે. ગ્રહણ વખતે પર્વ રાહુ ચંદ્રને ઢાંકે છે માટે ગ્રહણની અસજ્ઝાય છે.

ભારત દેશમાં તો વર્તમાને લોકશાહી છે માટે, હવે રાજમરણની સ્થિતિ નથી. રાજાશાહી વખતે દેશનિકાલ થવો આદિ ભય રહેતો હોવાથી વ્યાખ્યાન દેવારૂપ અસજ્ઝાય ગણેલ છે. મોટા અવાજથી વ્યાખ્યાન કે વાંચણી ન કરે, મંદ અવાજે

સ્વાધ્યાય કરવામાં વાંધો નથી. વર્તમાનમાં તો નેતાના મૃત્યુ પર લોકોને શોક ન હોય, લગ્ન આદિ કાર્ય પણ બંધ ન રાખતાં હોય તેથી વ્યાખ્યાનાદિ બંધ કરવાની જરૂર લાગતી નથી.

૧. ઉવવાઈ સૂત્ર, ૨. રાયપસેણીય સૂત્ર, ૩. જીવાભિગમ સૂત્ર, ૪. પ્રજ્ઞાપના સૂત્ર, ૫. સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર, ૬. દશવૈકાલિક સૂત્ર, ૭. નંદી સૂત્ર, ૮. અનુયોગ દ્વાર સૂત્ર અને ૯. આવશ્યક સૂત્ર એ **૯ ઉત્કાલિક સૂત્રો** છે. બાકીના **૨૩ કાલિક સૂત્રો** છે.

આવશ્યક સૂત્ર ઉત્કાલિક હોવા છતાં તેને કાળની બધી મર્યાદા નથી ઓળંગી ગયેલ છે. ચતુર્વિધ સંઘને દરરોજ અવશ્ય કરણીય છે. તે અકાળમાં જ કરવામાં આવે છે.

# દશવૈકાલિક સૂત્ર

## અધ્યયન -૧ : દ્રુમ પુષ્પિકા (દુમપુપ્ફિયા)

**ધમ્મો મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો ।**
**દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો ॥૧॥**

**શબ્દાર્થ : ધમ્મો** - ધર્મ, **મંગલ** - મંગલ, **ઉક્કિટ્ઠં** - ઉત્કૃષ્ટ, **અહિંસા** - જીવદયા, **સંજમો** - સંયમ, **તવો** - તપ, **દેવા** - દેવો, **વિ** - પણ, **તં** - તેને, **નમંસંતિ** - નમે છે, **જસ્સ** - જેનું, **ધમ્મે** - ધર્મમાં, **સયા** - સદા, **મણો** - મન.

**ભાવાર્થ :** અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ જ સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.

**જહા દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઈ રસં ।**
**ણ ય પુપ્ફં કિલામેઈ, સો ય પીણેઈ અપ્પયં ॥૨॥**

**શબ્દાર્થ : જહા** - જેવી રીતે, **દુમસ્સ** - ઝાડના, **પુપ્ફેસુ** - ફૂલોમાં, **ભમરો** - ભ્રમર, **આવિયઈ** - મર્યાદાપૂર્વક પીએ છે, **રસં** -રસને, **ણ** - નથી, **ય** - અને/પરંતુ, **પુપ્ફં** - ફૂલને, **કિલામેઈ** - પીડા આપતો, **સો** - તે, **ય** - અને, **પીણેઈ** - તૃપ્ત કરે છે, **અપ્પયં** - પોતાના આત્માને.

**ભાવાર્થ :** જેમ ભમરો વૃક્ષનાં ફૂલોને પીડા પહોંચાડયા વિના તેમાંથી મર્યાદાપૂર્વક રસ પીને પોતાના આત્માને તૃપ્ત કરી લે છે.

**એમેએ સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણો ।**
**વિહંગમા વ પુપ્ફેસુ, દાણભત્તેસણે રયા ॥૩॥**

**શબ્દાર્થ : એમેએ** - આ પ્રકારે, **સમણા** - શ્રમણો, **મુત્તા** - મુક્ત, **જે** - જે કોઈ, **લોએ** - લોકમાં, **સંતિ** - છે, **સાહુણો** - સાધુઓ, **વિહંગમા** - ભમરાની, **વ**- જેમ, **પુપ્ફેસુ** - ફૂલોમાં, **દાણ** - દાતાના દીધેલ, **ભત્ત** - આહારપાણી, **એસણે** - ગવેષણા ૪૨ દોષ રહિત શોધવામાં, **રયા-રક્ત**-લીન રહે છે.

**ભાવાર્થ :** તે જ પ્રકારે લોકમાં જે મુક્ત શ્રમણો સાધુ છે, તે દાતા પાસેથી એષણિક (૪૨ દોષ રહિત) આહારપાણી શોધવામાં રક્ત (લીન) રહે છે જેમ ભમરો પુષ્પોના રસમાં રક્ત (લીન) રહે છે.

**વયં ચ વિત્તિં લબ્ભામો, ણ ય કોઇ ઉવહમ્મઈ ।**
**અહાગડેસુ રીયંતે, પુપ્ફેસુ ભમરા જહા ॥૪॥**

**શબ્દાર્થ : વયં** - અમે, **ચ** - પણ, **વિત્તિં** - વૃત્તિ, આજીવિકાને, **ભિક્ષા**, **લબ્ભામો** - પામીશું, **ય** - જેનાથી, **કોઈ** - કોઈની, **ણ ઉવહમ્મઈ** - હિંસા વિરાધના ન થાય તેમ, **અહાગડેસુ** - ગૃહસ્થે પોતાને માટે બનાવેલા આહારમાંથી, **રીયંતે** - વિચરે છે, નિર્વાહ કરે છે, **જહા પુપ્ફેસુ** - જેમ પુષ્પોમાં, **ભમરા** - ભમરાઓ.

**ભાવાર્થ :** જેમ ભમરો વૃક્ષોનાં ફ્લોમાંથી તેને પીડા પહોંચાડ્યા વગર રસ પીએ છે, તેમ અમે સાધુ પણ ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલા આહારની એવી રીતે ભિક્ષા લેશું કે જેથી કોઇપણ જીવની વિરાધના ન થાય અને દેનાર ગૃહસ્થને પણ દુ:ખ ન થાય.

**મહુગારસમા બુદ્ધા, જે ભવંતિ અણિસ્સિયા ।**
**ણાણાપિંડરયા દંતા, તેણ વુચ્ચંતિ સાહુણો ॥૫॥ ત્તિ બેમિ ।।**

**શબ્દાર્થ : મહુગાર** - મધુકર, ભમરો, **સમા** - જેવા, **બુદ્ધા** - તત્ત્વને જાણવાવાળા, **જે** - જેઓ, **ભવંતિ** - હોય છે, **અણિસ્સિયા** -નિશ્રા વગરના એટલે કે કુળાદિના પ્રતિબંધથી રહિત, **ણાણા** - વિવિધ પ્રકારના, **પિંડ** - આહારમાં, **રયા** - આનંદ માનનારા, **દંતા** - ઈન્દ્રિય અને મનને દમનારા, **તેણ** - તે વૃત્તિના કારણે, વુચ્ચંતિ -કહેવાય છે, **સાહુણો** - સાધુઓ, **ત્તિ** - તે પ્રમાણે, **બેમિ** - હું કહું છું.

**ભાવાર્થ :** જ્ઞાની પુરુષો મધુકર-ભમરા જેવા અનિશ્ચિત હોય છે. જુદાં જુદાં ઘરોમાંથી થોડો થોડો આહાર લેવામાં રત રહે છે. જે પોતાની ઈન્દ્રિયો અને મનનું દમન કરે છે તે જ સાધુ કહેવાય છે. શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે : ''હે આયુષ્યમાન જંબૂ ! જેવું મેં ભગવાન મહાવીરસ્વામી પાસેથી સાંભળ્યું છે, તે પ્રમાણે જ હું તમને કહું છું.'

## ।।। દ્રુમ પુષ્પિકા અધ્યયન સમાપ્ત (ઈતિ દુમપુપ્ફિયા) ।।।

# અધ્યયન -૨ : શ્રામણ્યપૂર્વક (સામણ્ણપુવ્વયં)

## સાધુપણું ખરેખર કેમ પળાય ?

**કહં ણુ કુજ્જા સામણ્ણં, જો કામે ણ નિવારએ ।**
**પએ પએ વિસીયંતો, સંકપ્પસ્સ વસં ગઓ ॥૧॥**

**શબ્દાર્થ : કહં ણુ** - કેવી રીતે ?, **કુજ્જા** - પાલન કરશે, **સામણ્ણં** - સાધુધર્મનું જો - જે, **કામે** - કામભોગોને, **ણ** - નથી, **નિવારએ** - નિવારતો, તજતો, **પએ પએ** - પદે પદે, પગલે પગલે, **વિસીયંતો** - વિષાદ પામતો, ખેદ પામતો, **સંકપ્પસ્સ** - સંકલ્પો વિકલ્પોને, **વસં ગઓ** - વશ થયેલો.

**ભાવાર્થ :** જે સાધક કામભોગ (ઈન્દ્રિયોના વિષય) ની આસક્તિથી છૂટતો નથી, તે ડગલે પગલે સંકલ્પ-વિકલ્પોને (ઈચ્છાઓ વધવાના કારણે) વશ થઈને ખેદ પામે છે, તે સાધુપણું કેવી રીતે પાળી શકશે ?

**વત્થગંધમલંકારં, ઈત્થીઓ સયણાણિ ય ।**
**અચ્છંદા જે ણ ભુંજંતિ, ણ સે ચાઈત્તિ વુચ્ચઈ ॥૨॥**

**શબ્દાર્થ : વત્થં** - વસ્ત્ર, **ગંધં** - ગંધ-સુગંધી ચીજો, **અલંકારં** - ઘરેણાં, **ઈત્થીઓ** - સ્ત્રીઓ, **સયણાણિ** - શય્યા, પલંગ વગેરે, **ય** - અને, **અચ્છંદા** - પરાધીન પણે તેમ જ નહીં મળવાથી, **જે** - જે સાધક, **ણ ભુંજંતિ** - ભોગવતો નથી, **ણ** - ન, **સે** - તે, **ચાઈ** -ત્યાગી, **ત્તિ** - એમ, **વુચ્ચઈ** - કહેવાય.

**ભાવાર્થ :** જે પરવશપણે (રોગ આદિ કારણે) તેમ જ નહીં મળવાથી સુંદર વસ્ત્રો, સુગંધી પદાર્થો, ઘરેણાં આદિ આભૂષણો, સુંદર સ્ત્રીઓ અને પલંગ વગેરે આસનો ભોગવતો નથી, તેને વાસ્તવમાં ત્યાગી ન કહેવાય.

**જે ય કંતે પિએ ભોએ, લદ્ધે વિ પિટ્ઠિ કુવ્વઈ ।**
**સાહીણે ચયઈ ભોએ, સે હુ ચાઈત્તિ વુચ્ચઈ ॥૩॥**

**શબ્દાર્થ : જે** - જે સાધક, **ય** - વળી, **કંતે** - મનોરમ, **પિયે** - પ્રિય, **ભોએ** - ભોગોને, **લદ્ધે** - મળવા છતાં, **વિ** - પણ, **પિટ્ઠિ** - પીઠ, **કુવ્વઈ** - કરે છે, **સાહીણે** - સ્વાધીનપણે, **ચયઈ** - ત્યાગ કરે છે, **ભોએ** - ભોગોને, **સે** - તે, **હુ** - ખરેખર, **ચાઈત્તિ** - ત્યાગી એમ, **વુચ્ચઈ** - કહેવાય છે.

**ભાવાર્થ :** જે વળી કમનીય અને પ્રિય ભોગો મળવા છતાં પણ સ્વાધીનપણે પોતાની મરજીથી તે ભોગો તરફથી નજર વાળી લઈ તેનો ત્યાગ કરે છે, તે જ ખરેખર ત્યાગી કહેવાય.

## મન ચંચળ બને તો વશ કેમ કરવું ?

**સમાઈ પેહાઈ પરિવ્વયંતો, સિયા મણો નિસ્સરઈ બહિદ્ધા ।**

**ણ સા મહં નો વિ અહં પિ તીસે, ઈચ્ચેવ તાઓ વિણએજ્જ રાગં ॥૪॥**

**શબ્દાર્થ : સમાઈ** - સમભાવ, **પેહાઈ** - પ્રેક્ષાથી, **પરિવ્વયંતો** - વિચરતા, **સિયા** - કદાચિત્, **મણો** - મન, **નિસ્સરઈ** - નીકળે, **બહિદ્ધા** - બહાર, **ણ** - નથી, **સા** - તેણી, **મહં** - મારી, **નો** - નથી, **વિ** - અને, **અહં પિ** - હું પણ, **તીસે** - તેણીનો, **ઈચ્ચેવ** - એ રીતે, **તાઓ** - તે સ્ત્રી પરથી, **વિણઈજ્જ** - દૂર કરે, **રાગં** - રાગભાવ.

**ભાવાર્થ :** સમભાવની પ્રેક્ષાથી (ચિંતન) વિચારતાં સાધુનું મન કદાચિત્ (મોહનીય કર્મના ઉદયથી સંયમની) બહાર નીકળી જાય, તો 'તે સ્ત્રી મારી નથી અને હું પણ તેણીનો નથી'. આ પ્રકારની ચિંતવણા કરી તે સ્ત્રી પરથી પોતાના રાગભાવને દૂર કરે.

**આયાવયાહિ ચય સોગમલ્લં, કામે કમાહિ કમિયં ખુ દુક્ખં ।**

**છિંદાહિ દોસં વિણઈજ્જ રાગં, એવં સુહી હોહિસિ સંપરાએ ॥૫॥**

**શબ્દાર્થ : આયાવયાહિ** - આતાપના લે, **ચય** - છોડી, **સોગમલ્લં** - સુકુમારતાને, **કામે** - કામ વાસનાને, **કમાહિ** - ઉલ્લંઘી જા, કાબૂમાં રાખ, **કમિયં** - નાશ પામશે, **ખુ** - ખરેખર, **દુક્ખં**- દુ:ખ, **છિંદાહિ** - છેદી નાખ, **દોસં** - દ્વેષને, **વિણઈજ્જ** - દૂર કર, **રાગં** - રાગને, **એવં** - એ પ્રમાણે, **સુહી** - સુખી, **હોહિસિ** - થઈશ, **સંપરાએ** - સંસારમાં.

**ભાવાર્થ :** મનને વશ કરવા હે શિષ્ય ! 'તું આતાપના લે, સુકુમારપણાને છોડ. એમ કામ વાસનાને ઓળંગી જા અર્થાત્ દાબી દે, નહિતર તો ખરેખર આ લોક ને પરલોકમાં દુ:ખી થઈશ. દ્વેષને છેદ, રાગને દૂર કર, એમ કરવાથી સંસારમાં સુખી થઈશ.'

**પક્ખંદે જલિયં જોઈં, ધૂમકેઉં દુરાસયં ।**

**ણેચ્છંતિ વંતયં ભોત્તું, કુલે જાયા અગંધણે ॥૬॥**

**શબ્દાર્થ : પક્ખંદે** - પડે છે, **જલિયં** - પ્રજ્વલિત, બળતી, **જોઈં** - અગ્નિમાં, **ધૂમકેઉં** - બહુ ધુમાડાવાળી, **દુરાસયં** - દુસહ્ય, **ણેચ્છંતિ** - ઈચ્છતા નથી, **વંતયં** - વમન કરેલા, **ભોત્તું** - ભોગવવાને, **કુલે** - કુળમાં, **જાયા** - જન્મેલા, **અગંધણે** - અગંધન નામના.

**ભાવાર્થ :** અગંધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો, દુસહ્ય, અતિ પ્રજ્વલિત અને જેમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા છે તેવી પ્રચંડ અગ્નિમાં પડવું પસંદ કરે છે, પણ વમેલા વિષને ફરીથી પીવા ઈચ્છતા નથી.

**ધિરત્થુ તે ડજસોકામી, જો તં જીવિયકારણા।**
**વંતં ઈચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે ॥૭॥**

**શબ્દાર્થ : ધિરત્થુ** - ધિક્કાર છે, **તે** - તને, અજસોકામી - અપજશના કામી, **જો** - જો, **તં** - તું, **જીવિયકારણા** - અસંયમી જીવન જીવવાને માટે, **વંતં** - વમેલાને, **ઈચ્છસિ** - ઈચ્છે છે, **આવેઉં** - પીવાને, **સેયં** - શ્રેયસ્કર, **તે** - તારા માટે, **મરણં** - મૃત્યુ, **ભવે** - થાઓ.

**ભાવાર્થ :** હે અપજશના કામી ! (રહનેમિ), તને ધિક્કાર હો ! અસંયમી જીવન જીવવા માટે, (ભગવાન નેમિનાથે) વમેલી - તજેલી મને તું ભોગવવા ઈચ્છે છે ! એના કરતાં તો તારું મોત થઈ જાય તે જ તારા માટે શ્રેયકારી છે.

**અહં ચ ભોગરાયસ્સ, તં ચ સિ અંધગવણ્હિણો।**
**મા કુલે ગંધણા હોમો, સંજમં ણિહુઓ ચર ॥૮॥**

**શબ્દાર્થ : અહં** - હું, **ચ** - અને, **ભોગરાયસ્સ** - ભોજરાજાના કુળની, **તં** - તું, **ચ** - અને, **સિ** - **અસિ** - છો, **અંધગવણ્હિણો** - અંધકવિષ્ણુના કુળનો, **મા** - ન, **કુલે** - કુળના-ઉત્તમ કુળના, **ગંધણા** - ગંધન સર્પ સમાન, **હોમો** - થઈએ, **સંજમં** - સંયમમાં, **ણિહુઓ** - મનને સ્થિર કરી, **ચર** - વિચર.

**ભાવાર્થ :** હું ભોજરાજાના કુળના ઉગ્રસેન રાજાની પુત્રી છું, અને તું અંધકવિષ્ણુના કુળના સમુદ્રવિજયરાજાનો પુત્ર છે. (ખાનદાન કુળના) આપણે ગંધન સર્પ સમાન (વમન કરેલા વિષને પીને કુળને કલંક લગાડનારા) ન થઈએ, માટે તું તારા મનને સ્થિર કરીને સંયમમાં વિચર.

**જઈ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારીઓ।**
**વાયાવિદ્ધુવ્વ હડો, અટ્ઠિઅપ્પા ભવિસ્સસિ ॥૯॥**

**શબ્દાર્થ : જઈ** - જો, **તં** - તું, **કાહિસિ** - કરીશ, **ભાવં** - વિષયભાવને, **જા જા** - જે જે, **દિચ્છસિ** - દેખીશ, **નારીઓ** - સ્ત્રીઓને, **વાયાવિદ્ધુવ્વ** - વાયુના ઝપાટાથી હલેલા, **હડો** - મૂળ જેના અસ્થિર થયા છે તેવી હડ નામે વનસ્પતિ, **અટ્ઠિઅપ્પા** - અસ્થિર આત્માવાળો - ચિત્તવાળો, **ભવિસ્સસિ** - થઈશ.

**ભાવાર્થ :** (હે રહનેમિ !) તું જે જે નારીઓને જોઇશ અને તેની સાથે વિષયો ભોગવવાના ભાવ કરીશ, તો મૂળિયાં સજ્જડ બંધાયેલાં નથી એવી હડ નામની વનસ્પતિ વાયુના ઝપાટાથી ઉખડી જાય છે, તેમ તું પણ (સંયમના મૂળ સજ્જડ ન હોવાથી) વાસનાના ઝપાટાથી અસ્થિર ચિત્તવાળો બની જઈશ.

**તીસે સો વયણં સોચ્ચા, સંજયાઈ સુભાસિયં ।**
**અંકુસેણ જહા ણાગો, ધમ્મે સંપડિવાઈઓ ॥૧૦॥**

**શબ્દાર્થ: તીસે** - તેણીના, **સો** - તેવા, **વયણં** - વચનને, સોચ્ચા સાંભળીને, **સંજયાઈ** - સાધ્વીજીના, **સુભાસિયં** - સારી રીતે કહેલા, **અંકુસેણ** - અંકુશ વડે, **જહા** - જેવી રીતે, **ણાગો** - હાથી, **ધમ્મે** - ધર્મમાં, **સંપડિવાઈઓ** - સ્થિર થયા.

**ભાવાર્થ :** તે સંયમવંતી સાધ્વી રાજેમતીના સારા આશયવાળાં વચનો સાંભળીને જેવી રીતે અંકુશ વડે હાથી વશ થઈ જાય તેમ તે રહનેમિ ધર્મમાં ફરી સ્થિર થઈ ગયા.

**એવં કરેંતિ સંબુદ્ધા, પંડિયા પવિયક્ખણા ।**
**વિણિયટ્ટંતિ ભોગેસુ, જહા સે પુરિસુત્તમો ॥૧૧॥ ત્તિ બેમિ ।।**

**શબ્દાર્થ: એવં** - એ પ્રમાણે, **કરેંતિ** - કરે છે, **સંબુદ્ધા** - સારી રીતે બોધ **પામેલા**- સમ્યગ્દૃષ્ટિ, **પંડિયા** - પંડિતો, સમ્યગ્જ્ઞાની, **પવિયક્ખણા** - વિચક્ષણ, પાપભીરુ, **વિણિયટ્ટંતિ** - નિવૃત્ત થઈ જાય છે, **ભોગેસુ** - ભોગોથી, જહા - જેમ, સે - તે, **પુરિસુત્તમો**- પુરુષોમાં ઉત્તમ. **ત્તિ** - તે પ્રમાણે, **બેમિ** - હું કહું છું.

**ભાવાર્થ :** જેવી રીતે પુરુષશ્રેષ્ઠ રહનેમિ વિષય ભોગોથી શીઘ્ર પાછા હઠ્યા તે પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ, તત્ત્વજ્ઞ અને તજી દીધેલા ભોગોને ફરી સેવવાથી થતી દુર્ગતિના દોષોને જાણનારા પાપભીરુ વિચક્ષણ પંડિતો વિષયભોગથી પાછા ફરે છે. તે પ્રમાણે જ હું તમને કહું છું.

**।।। શ્રામણ્યપૂર્વક અધ્યયન સમાપ્ત (ઈતિ સામણ્ણપુવ્વયં) ।।।**

# અધ્યયન - ૩: ક્ષુલ્લકાચાર (ખુડ્ડિયાયારકહા)

**સંજમે સુટ્ઠિ અપ્પાણં, વિપ્પમુક્કાણ તાઈણં ।**
**તેસિમેયમણાઈણ્ણં, ણિગ્ગંથાણ મહેસિણં ॥૧॥**

**શબ્દાર્થ : સંજમે** - સંયમમાં, **સુટ્ઠિ** - સુસ્થિત, **અપ્પાણં** - આત્માવાળા, **વિપ્પમુક્કાણ** - સંસારનાં બંધનોથી સર્વથા મુક્ત થયેલા, **તાઈણં** - સ્વ- પર છકાય જીવોના રક્ષક, **તેસિં** - તે, **એયં** - આ, **અણાઈણ્ણં** - અનાચીર્ણ છે, **ણિગ્ગંથાણ** - નિર્ગ્રંથ-પરિગ્રહ રહિતોને, **મહેસિણં** - મહર્ષિઓને.

**ભાવાર્થ :** સંયમમાં સુસ્થિત, સંસારની સર્વ આસક્તિથી મુક્ત થયેલા, પોતાના આત્માની અને છકાયના જીવોની રક્ષા કરનારા, તે નિર્ગ્રંથ જે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત છે, તેવા મહર્ષિઓને આ અનાચીર્ણ એટલે કે ન આચરવા યોગ્ય છે.

**સાધુના બાવન અનાચાર**

**ઉદ્દેસિયં કીયગડં, ણિયાગમભિહડાણિ ય ।**
**રાઈભત્તે સિણાણે ય, ગંધમલ્લે ય વીયણે ॥૨॥**

હવે ગાથા પ્રમાણે શબ્દાર્થ અને ભાવાર્થ એકસરખા હોવાથી બંને અલગ આપ્યા નથી.

**શબ્દાર્થ :** (૧) **ઉદ્દેસિયં-** સાધુને ઉદ્દેશીને બનાવેલ આહારાદિ. (૨) **કીયગડં** - સાધુ નિમિત્તે વેચાતું લાવીને કોઈ આપે. (૩) **ણિયાગં** - આમંત્રણ આપનારના આહાર વગેરે લે. (૪) **અભિહડાણિ** - સાધુ નિમિત્તે ઘરેથી કે ગામથી સામેથી લાવીને આપે. (૫) **રાઈભત્તે** - રાત્રિભોજન. (૬) **સિણાણે** - સ્નાન વગેરે (૭) **ગંધ** - સુગંધી ચીજો વાપરવી. (૮) **મલ્લં** - ફૂલની માળા વગેરે પહેરવા. (૯) **વીયણે** - વીંઝણો, પંખા આદિથી પવન ખાવો.

**સંણિહી ગિહિમત્તે ય, રાયપિંડે કિમિચ્છએ ।**
**સંવાહણા દંતપહોયણા ય, સંપુચ્છણા દેહપલોયણા ય ॥૩॥**

**શબ્દાર્થ :** (૧૦) **સંણિહી** - ઘી-ગોળ આદિ આહારનો સંગ્રહ કરી રાખવો. (૧૧) **ગિહિમત્તે** - ગૃહસ્થના વાસણમાં ભોજન કરવું. (૧૨) **રાયપિંડે** - રાજા માટે બનાવેલ આહાર લેવો. (૧૩) **કિમિચ્છએ** - દાનશાળા આદિનો આહાર અથવા તમને શેનો ખપ છે ? તેમ સાધુને પૂછીને કોઈએ પણ બનાવેલો આહાર લેવો તે. (૧૪) **સંવાહણા** - તેલ વ.નું માલિશ કરવું કે કરાવવું. (૧૫) **દંતપહોયણા** - દંતધોવન, દાંતણ કરવું. (૧૬) **સંપુચ્છણા** - ગૃહસ્થને ક્ષેમકુશળ પૂછવા. (૧૭) **દેહપલોયણા** - દેહનું દર્શન અરીસામાં કરવું.

**અટ્ઠાવએ ય નાલીએ, છત્તસ્સ ય ધારણટ્ઠાએ ।**
**તેગિચ્છં પાહણાપાએ, સમારંભં ચ જોઈણો ॥૪॥**

**શબ્દાર્થ :** (૧૮) **અટ્ઠાવએય નાલીએ** - જુગાર રમવો, પાસાંનો જુગાર રમવો. (૧૯) **છત્તસ્સ ય ધારણટ્ઠાએ** - છત્રને ધારણ કરવું. (૨૦) **તેગિચ્છં** - દવા ચિકિત્સા આદિ કરાવવા. (૨૧) **પાહણાપાએ** - પગરખાં આદિ પગમાં ધારણ કરવા. (૨૨) **સમારંભં ચ જોઈણો** - અગ્નિનો આરંભ કરવો.

**સિજ્જાયરપિંડં ચ, આસંદી પલિયંકએ ।**
**ગિહંતર ણિસિજ્જા ય, ગાયસ્સુવ્વટ્ટણાણિ ય ॥૫॥**

**શબ્દાર્થ :** (૨૩) **સિજ્જાયર પિંડં** - જેના મકાનમાં ઊતર્યા હોય તેનો આહાર લેવો. (૨૪) **આસંદી** - ખુરશી પર બેસવું. (૨૫) **પલિયંકએ** - પલંગ આદિ પર બેસવું. (૨૬) **ગિહંતર** - ગૃહસ્થનાં ઘરમાં કે બે ઘર વચ્ચે અર્થાત્ શેરીમાં. **ણિસિજ્જા** - બેસવું. (૨૭) **ગાયસ્સુવ્વટ્ટણાણિ** - શરીરને સાફ કરવું.

**ગિહિણો વેયાવડિયં, જા ય આજીવવત્તિયા ।**
**તત્તાડનિવ્વુડભોઈત્તં, આઉરસ્સરણાણિય ॥૬॥**

**શબ્દાર્થ :** (૨૮) **ગિહિણો** - ગૃહસ્થની, **વેયાવડિયં** - વૈયાવચ્ચ સારવાર કરવી. (૨૯) **જા ય આજીવવત્તિયા** - પોતાની સંસાર અવસ્થાની જાતિ, કુળ આદિ કહીને આજીવિકા કરવી. (૩૦) **તત્તાઅનિવ્વુડ** - જે બરાબર ઊકળતાં પણ પ્રાસુક (જીવ રહિત) ન થયા હોય તેવા. **ભોઈત્તં** - મિશ્ર આહાર પાણીનું સેવન કરવું. (૩૧) **આઉર** - આતુરતાથી, **સ્મરણાણિ** - સ્મરણ કરવું. રોગ આદિથી પીડા ઊપજે ત્યારે પૂર્વે ભોગવેલા સુખોનું સ્મરણ કરવું જેથી આર્ત્તધ્યાન થાય.

**મૂલએ સિંગબેરે ય, ઉચ્છુખંડે અણિવ્વુડે ।**
**કંદે મૂલે ય સચ્ચિત્તે, ફલે બીએ ય આમએ ॥૭॥**
**સોવચ્ચલે સિંધવે લોણે, રોમાલોણે ય આમએ ।**
**સામુદ્દે પંસુખારે ય, કાલાલોણે ય આમએ ॥૮॥**

**શબ્દાર્થ : અણિવ્વુડે** - સચેત (નીચેના બધાં જ શબ્દોને લાગુ પડે છે) (૩૨) **મૂલએ** - કાચા સચેત મૂળા, (૩૩) **સિંગબેરે** - આદું. (૩૪) **ઉચ્છુખંડે** - શેરડીની ગંડેરી. (૩૫) કંદે - કંદ. (૩૬) **મૂલે** - મૂળ. (૩૭) **સચ્ચિત્તે ફલે** - સચેત ફળ. (૩૮) **આમએ** -કાચા. **બીએ** - બીજ. (૩૯) **સોવચ્ચલે** - સંચળ. (૪૦) **સિંધવે લોણે** - સિંધાલૂણ. (૪૧) **રોમાલોણે આમએ** - સચેત રોમક ખાર (રોમક દેશનું મીઠું). (૪૨) **સામુદ્દે** - સમુદ્રનું મીઠું. (૪૩) **પંસુખારે** - ખારો. (૪૪) **કાલાલોણે આમએ** - સચેત કાળું મીઠું.

**ધૂવણે ત્તિ વમણે ય, વત્થી કમ્મ વિરેયણે ।**

**અંજણે દંતવણે ય, ગાયબ્ભંગવિભૂસણે ॥૯॥**

**શબ્દાર્થ :** (૪૫) **ધૂવણે** - વસ્ત્ર આદિને ધૂપ આપી સુગંધિત કરવા. (૪૬) **વમણે** - ઔષધિ આદિથી વમન કરવું. (૪૭) **વત્થી કમ્મ** - મળની શુદ્ધિ માટે એનીમા વગેરે લેવા (બસ્તીકર્મ). (૪૮) **વિરેયણે** - રેચ, જુલાબ લેવો. (૪૯) **અંજણે** - આંખમાં આંજણ કરવું. (૫૦) **દંતવણે** - દાંત રંગવા. (૫૧) **ગાયાબ્ભંગ** - શરીરને તેલ ચોળવું, માલીશ કરવું. (૫૨) **વિભૂસણે** - શરીરની ટાપટીપ કરવી, આભૂષણો ધારણ કરવા.

**સવ્વમેયમણાઈણ્ણં, ણિગ્ગંથાણ મહેસિણં ।**

**સંજમમ્મિ ય જુત્તાણં, લહુભૂયવિહારિણં ॥૧૦॥**

**શબ્દાર્થ : સવ્વં** - સર્વે, **એયં** - આ, **અણાઈણ્ણં** - અનાચીર્ણ, **ણિગ્ગંથાણ** - નિર્ગ્રંથ, મહેસિણં - મહર્ષિઓના, **સંજમમ્મિ** -સંયમમાં, **ય** - અને, **જુત્તાણં** - યુક્ત, **લહુભૂય** - લઘુભૂત અર્થાત્ વાયુ પેઠે, **વિહારિણં** - વિહાર કરનારા.

**ભાવાર્થ :** સંયમ અને તપથી યુક્ત તથા વાયુની જેમ અપ્રતિબંધ વિહારી નિર્ગ્રંથ મહાત્માઓને આ સર્વે અનાચીર્ણ છે, એટલે કે આચરવા યોગ્ય નથી.

**પંચાસવ પરિણણાયા, તિગુત્તા છસુ સંજયા ।**

**પંચણિગ્ગહણા ધીરા, ણિગ્ગંથા ઉજ્જુદંસિણો ॥૧૧॥**

**શબ્દાર્થ : પંચાસવ** - પાંચ આશ્રવ, **પરિણણાયા** - જાણીને ત્યાગનાર, **તિગુત્તા** - ત્રણ ગુપ્તિ સહિત, **છસુ** - છ કાયના જીવોની, **સંજયા** - રક્ષા કરનારા, **પંચ** - પાંચ, **ણિગ્ગહણા** - નિગ્રહ કરનારા, **ધીરા** - ધીર, નિર્ભય, **ણિગ્ગંથા** - નિર્ગ્રંથો, **ઉજ્જુદંસિણો** -સરળ દર્શનવાળા એટલે કે મોક્ષના કારણભૂત સંયમને જ ઉપાદેયરૂપે જોનારા.

**ભાવાર્થ :** પ્રાણાતિપાત આદિ પાંચ આશ્રવોને ત્યાગનારા, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, છકાય જીવોની રક્ષા કરનારા, પાંચે ઈન્દ્રિયોને વશ રાખનારા, પરિષહ - ઉપસર્ગને સહન કરવામાં ધૈર્યવાન તથા સરળ સ્વભાવી (મોક્ષના કારણભૂત સંયમને જ ઉપાદેય જોનારા) નિર્ગ્રંથો હોય છે.

**આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા ।**

**વાસાસુ પડિસંલીણા, સંજયા સુસમાહિયા ॥૧૨॥**

**શબ્દાર્થ : આયાવયંતિ** - આતાપના લે છે, **ગિમ્હેસુ** - ઉનાળામાં, ગ્રીષ્મઋતુમાં, **હેમંતેસુ** - શિયાળામાં, **અવાઉડા** - ઊઘાડાં, વસ્ત્રહીન, **વાસાસુ** - વર્ષાકાળમાં, **પડિસંલીણા** - એક સ્થાને રહી, **સંજયા** - સંયમી સાધુઓ, **સુસમાહિયા** - સુસમાધિથી રહે.

**ભાવાર્થ :** તે સંયમી સાધુઓ ઉનાળાના પ્રખર તાપમાં સૂર્યની આતાપના લે છે. શિયાળામાં

નિર્વસ્ત્ર રહી ઠંડી સહન કરે છે. ચોમાસામાં એક સ્થળે, (જ્ઞાન- ધ્યાનમાં) સમાધિથી રહે છે.

**પરીસહરિઉદંતા, ધૂયમોહા જિઈંદિયા ।**

**સવ્વદુક્ખપ્પહીણટ્ઠા, પક્કમંતિ મહેસિણો ॥૧૩॥**

**શબ્દાર્થ : પરીસહ** - બાવીશ પરિષહરૂપ, **રિઉ** - રિપુ-શત્રુ, **દંતા** - દમનારા, **ધૂયમોહા** - મોહને દૂર કરનારા, **જિઈંદિયા** -જિતેન્દ્રિયો, **સવ્વદુક્ખપ્પ - હીણટ્ઠા** - સર્વ દુઃખોનો સર્વથા નાશ કરવાને માટે, **પક્કમંતિ** - પરાક્રમ કરે છે, **મહેસિણો** - મહર્ષિઓ.

**ભાવાર્થ :** પરિષહરૂપી વેરીને જીતનારા, મોહને દૂર કરનારા, પાંચે ઈન્દ્રિયોને જીતીને તે મહર્ષિઓ સંસારનાં સર્વ દુઃખોનો નાશ કરવા, મોક્ષપ્રાપ્તિને માટે સંયમ અને તપમાં ઉદ્યમ કરે છે.

**દુક્કરાઈં કરિત્તાણં, દુસ્સહાઈં સહિત્તુ ય ।**

**કેઈત્થદેવલોએસુ, કેઈ સિજ્ઝંતિ ણીરયા ॥૧૪॥**

**શબ્દાર્થ : દુક્કરાઈં** - દુષ્કર ક્રિયાઓને, **કરિત્તાણં** - કરીને, **દુસ્સહાઈં** - દુઃસહ્ય, **સહિત્તુ** - સહન કરીને, **ય** - અને, **કેઈ**-કેટલાક, **ઈત્થ** - અહીંથી, **દેવલોએસુ** - દેવલોકમાં, **સિજ્ઝંતિ** - સિદ્ધ થાય છે, **ણીરયા** કર્મરૂપી રજથી રહિત થઈને.

**ભાવાર્થ :** આમ આ દુષ્કર ક્રિયા કરીને, દુઃસહ્ય કષ્ટો સહન કરીને કેટલાક મહાત્માઓ દેવલોકમાં ઊપજે છે તો કેટલાક સાધુઓ સર્વકર્મ ક્ષય કરી સિદ્ધ થાય છે.

**ખવિત્તા પુવ્વકમ્માઈં, સંજમેણ તવેણ ય ।**

**સિદ્ધિમગ્ગ મણુપ્પત્તા, તાઈણો પરિણિવ્વુડા ॥૧૫॥ ત્તિ બેમિ ।।**

**અન્યવાર્થ : ખવિત્તા** - ખપાવીને, ક્ષય કરીને, **પુવ્વકમ્માઈં** - પૂર્વસંચિત કર્મોને, **સંજમેણ** - સંયમ વડે, **તવેણ** - તપ વડે, **ય** - અને, **સિદ્ધિમગ્ગં** -સિદ્ધિમાર્ગ-મોક્ષમાર્ગને, **અણુપ્પત્તા** - પામેલા, **તાઈણો** - છકાયના રક્ષક મુનિવર, **પરિણિવ્વુડા** - નિર્વાણને પામ્યા, **ત્તિ બેમિ** - તે હું કહું છું.

**ભાવાર્થ :** સંયમ અને તપ દ્વારા પૂર્વસંચિત સર્વ કર્મોનો ક્ષય કરીને, સમ્યગ્ દર્શનદ્વારા મોક્ષમાર્ગ પ્રાપ્ત કરીને, છકાયના જીવોના રક્ષક બનીને નિર્વાણને (મોક્ષને) પામે છે.

શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે ''હે આયુષ્યમાન્ જંબૂ!
જેવું મેં ભગવાન મહાવીરસ્વામી પાસે સાંભળ્યું છે, તેવું જ હું તમને કહું છું.'

**।।। ક્ષુલ્લકાચાર અધ્યયન સમાપ્ત (ઈતિ ખુડ્ડિયાયારકહા) ।।।**

**દશવૈકાલિક સૂત્ર ત્રણ અધ્યયન સંપૂર્ણ**

# નિયંઠા - નિર્ગ્રંથ

## શ્રી ભગવતી સૂત્ર શ.૨૫, ઉ. ૬

**ગાથા - પણ્ણવણ[૧] વેદ[૨] રાગે[૩] કપ્પ[૪], ચરિત્ત[૫] પડિસેવણા[૬] ણાણે[૭] ।**
**તિત્થ[૮] લિંગ[૯] સરીરે[૧૦] ખત્તે[૧૧], કાલ[૧૨] ગતિ[૧૩] સંજમ[૧૪] નિકાસે[૧૫] ॥૧॥**
**જોગ[૧૬] ઉવઓગ[૧૭] કસાએ[૧૮] લેસ્સા[૧૯], પરિણામ[૨૦] બંધ[૨૧] વેદે[૨૨] ય ।**
**કમ્મોદીરણ[૨૩] ઉવસંપજહણ[૨૪], સન્ના[૨૫] ય આહારે[૨૬] ॥૨॥**
**ભવ[૨૭] આગરિસે[૨૮] કાલ[૨૯] અંતરે[૩૦] ય, સમુગ્ધાય[૩૧] ખત્ત[૩૨] ફૂસણા[૩૩] ય ।**
**ભાવે[૩૪] પરિમાણે[૩૫] ખલુ, અપ્પાબહુયં[૩૬] નિયંઠાણં ॥૩॥**

**નિર્ગ્રંથોનાં ૩૬ દ્વારના નામ** - ૧. પન્નવણા, ૨. વેદ, ૩. રાગ, ૪. કલ્પ, ૫. ચારિત્ર, ૬. પડિસેવણા, ૭. જ્ઞાન, ૮. તીર્થ, ૯. લિંગ, ૧૦. શરીર, ૧૧. ક્ષેત્ર, ૧૨. કાળ, ૧૩. ગતિ, ૧૪. સંયમ સ્થાન, ૧૫. નિકાસે, ૧૬. યોગ, ૧૭. ઉપયોગ, ૧૮. કષાય, ૧૯. લેશ્યા, ૨૦. પરિણામ, ૨૧. બંધ, ૨૨. વેદે, ૨૩. ઉદિરણા, ૨૪. ઉપસંપજ્ઝાણ, ૨૫. સન્નાબહુત્તા, ૨૬. આહાર, ૨૭. ભવ, ૨૮. આગરેસ, ૨૯. કાળ (સ્થિતિ), ૩૦. અંતર, ૩૧. સમુદ્‌ઘાત, ૩૨. ક્ષેત્ર, (અવગાહિત) ૩૩. સ્પર્શના, ૩૪. ભાવ, ૩૫. પરિમાણ, ૩૬. અલ્પબહુત્વદ્વાર.

**૧. પન્નવણા (પ્રરૂપણા) દ્વાર** - નિર્ગ્રંથ[૧] (સાધુ) છ પ્રકારના કહ્યા છે.
(૧) પુલાક, (૨) બકુશ, (૩) પડિસેવણાકુશીલ, (૪) કષાયકુશીલ, (૫) નિર્ગ્રંથ, (૬) સ્નાતક.

**(૧) પુલાક :** (ગુણસ્થાન છઠ્ઠું) શાળ (ચોખાના ડૂંડાં) ના પૂળા જેવા. જેમાં સાર વસ્તુ ઓછી અને ઘાસ, માટી વધુ હોય, તેમ સંયમસાર રહિત સાધુને પુલાક કહે છે. સંયમનું પાલન કરતાં સાધુને સંયમ પર્યવોની વૃદ્ધિ થાય અને નવપૂર્વના જ્ઞાનની પ્રાપ્તિ થાય, ત્યાર પછી કેટલાક સાધુને પુલાક નામની લબ્ધિ પ્રગટ થાય છે. તે સાધુ કોઈ આવશ્યક પ્રસંગે અથવા જ્ઞાન, દર્શનાદિ પ્રયોજનથી પુલાકલબ્ધિનો પ્રયોગ કરે છે. લબ્ધિ પ્રયોગ અવસ્થામાં અંતર્મુહૂર્ત માટે તેને પુલાક નિર્ગ્રંથ કહે છે. ચક્રવર્તી આદિ કાઈપણ વ્યક્તિ જિનશાસનની અશાતના કરે, તો તેની સેના આદિને સજા કરવા માટે અથવા ચતુર્વિધ સંઘના કોઈ વિશેષ કાર્યના નિમિત્તથી પુલાક લબ્ધિનો પ્રયોગ કરે છે. લબ્ધિ પ્રયોગના પ્રયોજનના આધારે પુલાકના પાંચ પ્રકાર છે .

(૧) **જ્ઞાનપુલાક :** જ્ઞાન અધ્યયનના વિષયમાં કોઈ દ્વારા કોઈ પણ પ્રકારની બાધા ઉત્પન્ન

---

**૧. દ્વાર** ૧. બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિતને **નિર્ગ્રંથ** કહે છે. સર્વ સાધુ, શ્રમણો સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કરેલા હોય છે પણ ચારિત્રમોહનીયના ક્ષયોપશમની વિભિન્નતા - વિચિત્રતાના તેમ જ ચારિત્રની સ્ખલના (વિરાધના) ના કારણે અહીં તેના છ ભેદ છે.

થાય, યથા રાજ્યમાં રાજા આદિ જ્ઞાન પ્રાપ્તિમાં બાધક બનતા હોય, ત્યારે તે વિકટ પરિસ્થિતિના નિવારણ માટે લબ્ધિ પ્રયોગ કરે, તેને જ્ઞાનપુલાક કહે છે.

(૨) **દર્શન પુલાક :** દર્શન અર્થાત્ શ્રદ્ધા, પ્રરૂપણાના વિષયમાં કોઈ પ્રકારની બાધા ઉત્પન્ન થાય, તે પરિસ્થિતિને દૂર કરવા માટે લબ્ધિ પ્રયોગ કરે, તેને દર્શન પુલાક કહે છે.

(૩) **ચારિત્ર પુલાક :** રાજા આદિ ચારિત્ર પાલનમાં વિક્ષેપ કરે, કોઈ ઉપદ્રવ કરે, ત્યારે તે પરિસ્થિતિમાં ચારિત્રરક્ષા માટે લબ્ધિ પ્રયોગ કરે, તેને ચારિત્ર પુલાક કહે છે.

(૪) **લિંગ પુલાક :** જૈન શ્રમણની આવશ્યક વેશભૂષા અને ઉપધિના વિષયમાં કોઈ વિક્ષેપ કરે, ત્યારે તે વિકટ પરિસ્થિતિના નિવારણ માટે લબ્ધિ પ્રયોગ કરે, તેને લિંગ પુલાક કહે છે.

(૫) **યથા સૂક્ષ્મ પુલાક :** અન્ય વિવિધ કારણોથી સંઘ અથવા સાધુ-સાધ્વી કે શ્રાવકો આદિ કોઈપણ વ્યક્તિ પર આવેલી વિકટ પરિસ્થિતિના નિવારણ માટે પુલાક લબ્ધિનો પ્રયોગ કરે, તેને યથાસૂક્ષ્મ પુલાક કહે છે.

'પુલાક' નામ જ પુલાક લબ્ધિ પ્રયોગને સૂચિત કરે છે, તેના પ્રત્યેક ભેદમાં પુલાક લબ્ધિનો પ્રયોગ અવશ્ય થાય છે. તે લબ્ધિપ્રયોગ રૂપ દોષ સેવનથી સંયમને નિ:સાર કરે છે.

**(૨) બકુશ -** (ગુણ. ૬, ૭) બકુશ તે ખળામાં પડેલી શાળવત્. બકુશના પાંચ પ્રકાર છે.

**(૧) આભોગ બકુશ** - જાણવા છતાં પણ જે દોષ લગાડે. (શરીર, ઉપકરણ આદિને સુશોભિત કરવા સાધુઓને અયોગ્ય છે, એમ જાણવા છતાં સુશોભિત કરે).

**(૨) અનાભોગ બકુશ** - અજાણતા દોષ લગાડે.

**(૩) સંવુડા બકુશ** - છાના દોષ લગાડે. **(૪) અસંવુડા બકુશ** - પ્રગટ દોષ લગાડે.

**(૫) અહાસુહુમ બકુશ** - ઉત્તરગુણના વિષયમાં પ્રગટ કે અપ્રગટરૂપે કાંઈક પ્રમાદ સેવન કરવાવાળો સાધુ. હાથ, મોં ધોવે, આંખ આંજે ઈત્યાદિ કરે.

**(૩) પડિસેવણા કુશીલ** - (ગુણ. ૬, ૭) ખળાની ઊપણેલી શાળ જેવા પ્રતિસેવના કુશીલ છે. પરિસ્થિતિવશ મૂળગુણ અને ઉત્તરગુણોની વિરાધનાથી જેનું ચારિત્ર દૂષિત થયું હોય તેને પડિસેવાણા કુશીલ કહે છે. તેના પાંચ ભેદ છે.

---

**૧. પન્નવણા દ્વાર :** પન્નવણા એટલે સૂચિત કરવું અથવા વિશેષરૂપથી સ્વરૂપ બતાવવું. **(૧) પુલાક :** સાર રહિત ધાન્યના પૂળાને પુલાક કહે છે.

**(૨) બકુશ :** જેનું ચારિત્ર દોષથી કાબરચિતરું હોય તે. જેના સંયમમાં અતિચાર દોષ લાગ્યા છે તે. મુખ્યરૂપે મોહને કારણે સુખશીલપણું કે શરીરની વિભૂષા વગેરે કારણે ઉત્તરગુણમાં દોષ લગાડે છે તેને **બકુશ** કહે છે. તે ખળામાં પડેલી શાળની સમાન છે. ખળા એટલે ચોખાનાં ડૂંડાંમાંથી દાણા કાઢવાની જગ્યા અને શાળ એટલે ચોખાના ડૂંડાં

**(૩) પડિસેવણા કુશીલ :** જે ચોખાનાં ડૂંડાંમાંથી ફોતરાં કાઢી ચોખા અલગ કરવાની વિધિ કરવી તે ઊપણેલી (જેના પરથી બળદો ચાલી ગયા/ડૂંડા કચડાયાં હોય તેવી) શાળ ની સમાન છે. આવેશ, અક્ષમા ભાવ વગેરે નાના મોટા અનેક દોષ સેવનથી તેને મૂળ ગુણ અને ઉત્તર ગુણોમાં દોષસેવન થાય છે, તેનાથી તેનું ચારિત્ર દોષયુક્ત થઈ જાય છે.તેની દોષપ્રવૃત્તિ મોહજન્ય નથી પરંતુ અનિવાર્ય પરિસ્થિતિથી દોષ સેવન કરે છે, માટે તે બકુશથી ઊંચા છે.

**(૧) જ્ઞાન પડિસેવણા કુશીલ, (૨) દર્શન પડિસેવણા કુશીલ,**

**(૩) ચારિત્ર પડિસેવણા કુશીલ, (૪) લિંગ પડિસેવણા કુશીલ.**

**(૫) અહાસુહુમ પડિસેવણા કુશીલ** - જ્ઞાન, દર્શન, ચારિત્ર અને લિંગ એ ચારેમાંથી કોઈ બે, ત્રણ કે ચાર ભેદોમાં વિરાધના કરે. આ તપસ્વી છે એવી પ્રશંસાથી જે ખુશ થાય તથા તપના ફળની ઈચ્છા કરે અને દેવ આદિ પદની ઈચ્છા કરે તે.

**(૪) કષાયકુશીલ** - (ગુણ. ૬ થી ૧૦) ફોતરાંવાળી, કચરા વિનાની શાળ જેવા. ફક્ત સંજ્વલનના કષાયને કારણે જેનું ચારિત્ર દૂષિત છે, તેને કષાયકુશીલ કહે છે. કષાયકુશીલ મૂળગુણ કે ઉત્તર ગુણોમાં દોષ લગાડતા નથી. પરંતુ તેને સંજ્વલન ક્રોધ, માન આદિ કષાયોના ઉદયથી ઊંચાંનીચાં પરિણામ વડે જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં દોષ લાગે છે. તેના પાંચ ભેદ છે. **(૧) જ્ઞાન કષાયકુશીલ, (૨) દર્શન કષાયકુશીલ, (૩) ચારિત્ર કષાયકુશીલ કહે છે. (૪) લિંગ કષાયકુશીલ** - જે લિંગને કારણે કષાય કરે તે. **(૫) અહાસુહુમ કષાયકુશીલ -** જે મનથી સંજ્વલન ક્રોધ આદિ કષાયનું સેવન કરે છે તે અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર કે લિંગ એ ચારમાંથી ૨ , ૩ કે ૪ ભેદમાં વિરાધના કરે.

**(૫) નિર્ગ્રંથ - (ગુણ. ૧૧ , ૧૨)** ફોતરાં કાઢેલી - ખાંડેલી શાળ જેવા. તેના પાંચ ભેદ છે.

**(ક) પ્રથમ સમય નિર્ગ્રંથ** - દસમે ગુણસ્થાનકેથી ૧૧મા કે ૧૨મા ગુણસ્થાને ચડતાં પ્રથમ સમયના. **(ખ) અપ્રથમ સમય નિર્ગ્રંથ** - ૧૧ કે ૧૨મા ગુણસ્થાનમાં એક સમયથી વધુ સમય થયો હોય તે. **(ગ) ચરમ સમય નિર્ગ્રંથ** - ૧ સમયનું નિર્ગ્રંથપણું જેને બાકી હોય. **(ઘ) અચરમ સમય નિર્ગ્રંથ** - એક સમયથી વધારે નિર્ગ્રંથપણું જેને બાકી હોય. **(ચ) અહાસુહુમ નિર્ગ્રંથ** - ઉપરોક્ત સર્વ પ્રકારના નિર્ગ્રંથો.

**(૬) સ્નાતક** - (ગુણ. ૧૩ , ૧૪) શુદ્ધ, અખંડ, સુગંધિત ચોખા જેવા ચારિત્રવાળા. તેના પાંચ ભેદ. **(ક) અચ્છવી** - યોગ નિરોધને કારણે જેમાં છવિ (શરીર) ભાવ ન હોય તે. **(ગુણ ૧૪) (ખ) અસબલે** - ૨૧ સબલા દોષ રહિત, અતિચારરૂપ મેલ જરાપણ ન હોય. (ગુણ ૧૩-૧૪ ) **(ગ) અકમ્મે** - ઘાતી કર્મથી રહિત. (ગુણ ૧૩-૧૪.)

**(ઘ) સંશુદ્ધ** - વિશુદ્ધ કેવળજ્ઞાન, કેવળદર્શનના ધારક કેવળી, અરિહંત વિ. (ગુણ ૧૩- ૧૪.)

**(ચ) અપરિસ્સવી** - કર્મબંધના પ્રવાહથી રહિત એવા અબંધક. (ગુણ ૧૪મુ)

**૨. વેદ દ્વાર** - (૧) પુલાક પુરુષવેદી અને પુરુષ નપુંસક વેદી[૧] હોય. (૨-૩) બકુશ,

---

(૪) **કષાયકુશીલ -** તેને છઠ્ઠા ગુણ માં પ્રગટ કષાય હોય છે અને ૭ થી ૧૦ ગુણમાં અપ્રગટ કષાય હોય છે.

(૫) **નિર્ગ્રંથ** - મોહનીય કર્મ રહિતને **નિર્ગ્રંથ** કહે છે. રાગ અને દ્વેષની ગ્રંથી જેની છૂટી ગઈ છે, તેને નિર્ગ્રંથ કહે છે.

(૬) **સ્નાતક :** ચાર ઘાતી કર્મ રહિતને **સ્નાતક** કહે છે. સ્નાતકના પાંચ ભેદ ભાવ અપેક્ષા છે, જેવી રીતે પ્રથમ દેવલોકના ઈન્દ્રને શક્રેન્દ્ર, પુરંદર વગેરે અલગ અલગ પરિસ્થિતિમાં અલગ અલગ નામથી ઓળખાય છે, તેવી રીતે અહીં પણ શબ્દનયથી ભેદ કરવામાં આવેલ છે.

પડિસેવણા ત્રણ વેદી. (૪) કષાયકુશીલ ત્રણ વેદી અથવા અવેદી (ઉપશાંત કે ક્ષીણ). (૫) નિર્ગ્રંથ અવેદી (ઉપશાંત કે ક્ષીણ). (૬) સ્નાતક ક્ષીણ અવેદી હોય.

**૩. રાગ દ્વાર** - પ્રથમ ચાર નિયંઠા સરાગી. નિર્ગ્રંથ નિયંઠો વીતરાગી (ઉપશાંત કે ક્ષીણ). સ્નાતક ક્ષીણ વિતરાગી હોય.

**૪. કલ્પ દ્વાર** - કલ્પ એટલે નિયમ. **તેના બે પ્રકાર** : (૧) સ્થિતકલ્પ, (૨) અસ્થિત કલ્પ,

**(૧) સ્થિતકલ્પ** - પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં સાધુસાધ્વીજીને ૧૦ કલ્પનું પાલન ફરજિયાત હોય છે, તે સ્થિતકલ્પ. ૧. અચેલ, ૨. ઔદેશિક, ૩. રાજપિંડ, ૪. સેજ્જાંતર, ૫. માસકલ્પ, ૬. ચૌમાસી કલ્પ, ૭. વ્રત, ૮. પ્રતિક્રમણ, ૯. કૃતિકર્મ, ૧૦. પુરુષ જ્યેષ્ઠ.

**(૨) અસ્થિતકલ્પ** - મધ્યના ૨૨ તીર્થંકરના અને મહાવિદેહના સાધુઓને ૪. સેજ્જાંતર, ૭. વ્રત, ૯. કૃતિકર્મ, ૧૦.પુરુષજ્યેષ્ઠ, આ ચાર કલ્પ ફરજિયાત અને શેષ છ ની ભજના હોય છે. (**ભજના :** હોય અથવા ન હોય.) તે અસ્થિતકલ્પ છે. છ અસ્થિતકલ્પના નામ : ૧. અચેલ, ૨. ઔદેશિક, ૩. રાજપિંડ, ૫. માસકલ્પ, ૬. ચૌમાસીકલ્પ, ૮. પ્રતિક્રમણ.

અથવા **કલ્પ ત્રણ પ્રકારના છે : (૧) સ્થવિરકલ્પ, (૨) જિનકલ્પ, (૩) કલ્પાતીત.**

**(૧) સ્થવિરકલ્પ** - જે સંઘ કે સમૂહમાં, ઉપાશ્રયમાં રહે છે, શિષ્ય આદિ બનાવે છે, શાસ્ત્રોક્ત મર્યાદાનુસાર વસ્ત્ર - પાત્રા આદિ રાખે તે. જે યથાયોગ્ય ઉત્સર્ગ અને અપવાદ માર્ગનું સેવન કરે, તે સ્થવિરકલ્પ.

**(૨) જિનકલ્પ** - જેનો જિન જેવો કલ્પ તે જિનકલ્પ. જે સંઘ કે સમૂહમાં, ઉપાશ્રયમાં રહેતા નથી, શિષ્ય આદિ બનાવતા નથી, પર્વત, ગુફા આદિમાં વિચરે છે. જઘન્ય, ૨ અને ઉત્કૃષ્ટ, ૧૨ ઉપકરણ રાખે.

---

૨. **વેદ દ્વાર : વેદ** એટલે વિષય અને વિકારની અભિલાષા. **સવેદી**ના ગુણસ્થાન ૧ થી ૯. **અવેદીના** ગુણ. ૯ થી ૧૪. **ઉપશાંત અવેદી** : ઉપશમ શ્રેણીવાળા ૯ થી ૧૧ ગુણ.વાળા. **ક્ષીણ અવેદી** : ક્ષપક શ્રેણીવાળા ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪મા ગુણ.વાળા. પ્રથમ ૩ નિયંઠામાં શ્રેણી નથી માટે અવેદી નથી.

૨. સ્ત્રીને પૂર્વનું જ્ઞાન હોતું નથી માટે સ્ત્રીને પુલાકલબ્ધિ હોતી નથી. જન્મ નપુંસકને (પુરુષ નપુંસકને) હોઈ શકે. પુરુષ સમાન આકૃતિવાળા નપુંસકને પુરુષ નપુંસક અને સ્ત્રી સમાન આકૃતિવાળા નપુંસકને સ્ત્રી નપુંસક કહે છે. સ્ત્રી નપુસકમાં એકપણ નિયંઠા નથી.

૩. **રાગ દ્વાર :** ક્રોધ અને માન એ દ્વેષ છે તથા માયા અને લોભ એ રાગ છે. એ ચાર કષાય હોય, ત્યાં સુધી જીવ **સરાગી** કહેવાય છે. એ ચાર કષાય જાય, ત્યારે જીવ **વીતરાગી** કહેવાય છે. ૧ થી ૧૦ મા ગુણસ્થાન સુધી જીવ **સરાગી** છે.

૧૧મે ગુણસ્થાને ઉપશમ-શ્રેણીવાળા ઉપશાંત વીતરાગી. ૧૨મે, ૧૩મે, ૧૪મે ગુણસ્થાને ક્ષીણ વીતરાગી હોય છે.

**૪. કલ્પ દ્વાર :** કલ્પ : કલ્પ એટલે સાધુજીવનની મર્યાદા.

**(૧) અચેલ કલ્પ :** મર્યાદિત વસ્ત્ર રાખવા તથા રંગીન બહુમૂલ્યવાન કે આકર્ષક વસ્ત્ર ન રાખવા, પરંતુ સફેદ અલ્પમૂલ્યવાન વસ્ત્ર રાખવા. **(૨) ઔદેશિક કલ્પ :** અન્ય કોઈપણ સાધર્મિક અથવા સંભોગી સાધુઓના ઉદ્દેશથી બનાવેલા આહાર આદિ ઔદ્દેશિક દોષયુક્ત હોવાથી તેને ગ્રહણ ન કરવા.

**(૩) કલ્પાતીત** - જે સ્થવિરકલ્પ કે જિનકલ્પ બંનેમાં નથી, બંને પ્રકારના કલ્પથી ઉપર ઊઠી ગયા છે, તે. ઉદા. કેવળજ્ઞાની, છદ્મસ્થ તીર્થંકર, અરિહંત કે વીતરાગી.

પુલાક - સ્થિત, અસ્થિત અને સ્થવિરકલ્પી હોય. બકુશ અને પડિસેવણામાં સ્થિત, અસ્થિત, સ્થવિરકલ્પ અને જિનકલ્પ એમ ૪ કલ્પ હોય. કષાયકુશીલમાં પાંચે કલ્પ હોય (પાંચમો કલ્પ છદ્મસ્થ તીર્થંકર આદિ અપેક્ષાએ હોય.) નિર્ગ્રંથ અને સ્નાતકમાં- સ્થિત, અસ્થિત અને કલ્પાતીત એ ત્રણ કલ્પ હોય.

**૫. ચારિત્ર દ્વાર** - ચારિત્ર પાંચ છે : ૧. સામાયિક ચારિત્ર, ૨. છેદોપસ્થાપનીય ચારિત્ર, ૩. પરિહાર વિશુદ્ધ ચારિત્ર, ૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, ૫. યથાખ્યાત ચારિત્ર.

પુલાક, બકુશ, પડિસેવણામાં સામાયિક અને છેદોપસ્થાપનીય બે ચારિત્ર. કષાયકુશીલમાં ૪ ચારિત્ર. તે સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર. નિર્ગ્રંથ અને સ્નાતકમાં એક યથાખ્યાત ચારિત્ર હોય.

---

**દ્વાર ૪ - (૩) રાજપિંડ :** અભિષેક થયેલા મહારાજા આદિના આહારાદિ ગ્રહણ ન કરવા. તે ગરિષ્ટ (માદક), શંકાયુક્ત (વિષમિશ્રિત) આદિ હોઈ શકે તેથી. **(૪) શય્યાતર પિંડ :** શય્યા દાતા (જેની આજ્ઞા લઈ મકાન આદિમાં ઉતર્યા હોય તેની માલિકી) ના આહાર આદિ ગ્રહણ ન કરવા. **(૫) માસ કલ્પ :** હેમંત કે ગ્રીષ્મઋતુમાં વિચરણ કરતાં કોઈપણ ગ્રામમાં સાધુએ એક સ્થાને વધુમાં વધુ ૨૯ રાત્રિ અને સાધ્વીએ ૫૮ રાત્રિથી વધુ અકારણ ન રહેવું. સાધુએ ૨૯ રાત્રિ રહ્યા પછી ૫૮ રાત્રિ સુધી અને સાધ્વીએ ૫૮ રાત્રિ રહ્યા પછી ૧૧૬ રાત્રિ સુધી ફરી આવીને તે સ્થાનમાં ન રહેવું. **(૬) ચાતુર્માસ કલ્પ :** વર્ષાઋતુમાં ચાર મહિના સુધી એક જ ગામમાં સ્થિર રહેવું. ચાતુર્માસમાં વિહાર ન કરવો. ચાતુર્માસ પછી તે ગામમાં ન રહેવું અને ત્યારપછી ૮ મહિના સુધી ફરી ત્યાં આવીને ન રહેવું. કલ્પના કુલ પાંચ પ્રકાર છે. તેમાં એક રીતે કલ્પના બે પ્રકાર છે. **(૭) વ્રત :** ભરત અને ઐરવતક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં ૫ મહાવ્રત અથવા વચ્ચેના ૨૨ તીર્થંકરના અને મહાવિદેહના સાધુઓએ ચાર યામનું પાલન કરવું. ચાર યામમાં ચોથા બહિદ્ધાદાન વિરમણ વ્રતમાં ચોથા અને પાંચમા મહાવ્રતનો સમાવેશ થઈ જાય છે. **(૮) પ્રતિક્રમણ :** દિવસ અને રાત્રિ સંબંધી બન્ને વાર પ્રતિક્રમણ કરવું. **(૯) કૃતિકર્મ :** રત્નાધિક સંતો સાથે વંદન આદિ વિનય વ્યવહાર કરવો. **(૧૦) પુરુષ જ્યેષ્ઠ :** સાધુ-સાધ્વીજીઓના સમુદાયમાં પુરુષની અર્થાત સાધુની જ્યેષ્ઠતા સ્વીકારવી. સાધ્વીજીઓ માટે બધા સાધુ જ્યેષ્ઠ છે. તેથી તેને જ્યેષ્ઠ માની વ્યવહાર કરવો.

**૧. સ્થિત કલ્પ, ૨. અસ્થિત કલ્પ :** આ બંને કલ્પ સર્વ નિયંઠામાં હોય છે. વચ્ચેના ૨૨ તીર્થંકરના શાસનમાં તથા મહાવિદેહક્ષેત્રમાં સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી અસ્થિત કલ્પનું પાલન ફરજિયાત ન હોવા છતાં તેઓ વિવેકથી તેનું પાલન કરે છે. અન્ય રીતે કલ્પના ત્રણ પ્રકાર છે. ૩. સ્થવિરકલ્પ, ૪. જિનકલ્પ, ૫. કલ્પાતીત.

**૩. સ્થવિર કલ્પ :** સાધુ જીવનના તમામ નિયમોનું (ઉત્સર્ગરૂપે) પૂર્ણતયા પાલન કરે, તેમ છતા કોઈ વિશેષ પરિસ્થિતિમાં ગીતાર્થ મુનિની આજ્ઞાથી અપવાદનું સેવન કરે, દોષ સેવનનું પ્રાયશ્ચિત સ્વીકારીને શુદ્ધિ કરે છે. આ રીતે ઉત્સર્ગ અને અપવાદના વૈકલ્પિક આચારણ સહીતની કલ્પ મર્યાદાને સ્થવિર કલ્પ કહે છે.

**૪. જિનકલ્પ :** જિનકલ્પીના નિયમોમાં મૂળગુણ કે ઉત્તરગુણમાં નાનો પણ દોષ લગાડે, તો બકુશ અને પડિસેવણા સંભવી શકે છે તેમ છતાં તેનું જિનકલ્પીપણું ટકી રહે છે.

**૫. કલ્પાતીત :** સ્થવિર કે જિનકલ્પ આ બંને કલ્પમાં જે નથી તે સર્વ કલ્પાતીત. તે કોઈ દોષ લગાડતા નથી. ૮માથી ૧૪મા ગુણસ્થાનવાળા બધા સાધુઓ કલ્પાતીત છે. ૮મા ગુણસ્થાનથી નીચે હોય તેવા છદ્મસ્થ તીર્થંકર, સ્વયંબુદ્ધ, પ્રત્યેક બુદ્ધ વગેરે સાધુઓ પણ કલ્પાતીત હોય છે. સ્થિત અને અસ્થિત બંને કલ્પમાં સ્થવિરકલ્પ, જિનકલ્પ અને કલ્પાતીત એ ત્રણે કલ્પ હોઈ શકે છે. કેવળી પણ સ્થિત, અસ્થિત વગેરે ૧૦ કલ્પોનું પાલન કરે છે.

**ચારિત્ર દ્વાર :** પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં પ્રથમ ત્રણ નિયંઠા ન હોય.

**૬. <u>પડિસેવણા દ્વાર</u>** - સંયમ વિરુદ્ધ આચરણ કરે તે **પ્રતિસેવના**. મૂળગુણ પ્રતિસેવી (પાંચ મહાવ્રતમાં દોષ લગાડે) અને ઉત્તરગુણ પ્રતિસેવી (અનાગત આદિ ૧૦ પચ્ચક્ખાણ વગેરેમાં દોષ લગાડે). પુલાક અને પડિસેવણા મૂળગુણ અને ઉત્તરગુણ પ્રતિસેવી.

બકુશ મૂળગુણ અપ્રતિસેવી, ઉત્તરગુણ પ્રતિસેવી. શેષ ત્રણ નિયંઠા અપ્રતિસેવી (વ્રતોમાં દોષ ન લગાડે).

**૭. <u>જ્ઞાન દ્વાર</u>** - પુલાક, બકુશ, પડિસેવણા નિયંઠામાં બે જ્ઞાન (મતિ, શ્રુત) અથવા ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ), કષાયકુશીલ અને નિર્ગ્રંથમાં બે જ્ઞાન (મતિ, શ્રુત) અથવા ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ) અથવા ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત, મન:પર્યવ) અથવા ચાર જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ). સ્નાતકમાં એક કેવળજ્ઞાન.

પુલાક શ્રુતજ્ઞાન આશ્રી જઘન્ય ૯મા પૂર્વની ત્રીજી આચારવત્થુ, ઉત્કૃષ્ટ ૯ પૂર્વ પૂર્ણ ભણે. બકુશ અને પડિસેવણાને જ. અષ્ટ પ્રવચનમાતા, ઉ. ૧૦ પૂર્વ . કષાયકુશીલ અને નિર્ગ્રંથ જ. અષ્ટ પ્રવચનમાતા, ઉ. ૧૪ પૂર્વ. સ્નાતકને કેવળજ્ઞાન હોવાથી સૂત્ર (શ્રુત) વ્યતિરિક્ત કહેવાય છે.

**૮. <u>તીર્થ દ્વાર</u>** - પુલાક, બકુશ, પડિસેવણા તીર્થમાં હોય. શેષ ત્રણ તીર્થ અને અતીર્થ બંનેમાં હોય. (અતીર્થમાં તીર્થંકર, પ્રત્યેક બુદ્ધ આદિ હોય.)

**૯. <u>લિંગ દ્વાર</u>** - છએ નિયંઠા દ્રવ્યલિંગ અપેક્ષા સ્વલિંગ, અન્યલિંગ અથવા ગૃહસ્થલિંગ આ ત્રણે લિંગમાં હોય. પરંતુ ભાવ અપેક્ષા સ્વલિંગમાં જ હોય.

---

**૬. પડિસેવણા દ્વાર : ૧૦ પચ્ચક્ખાણ :** (ભગવતી સૂત્ર-શતક ૭, ઉ. ૨)

**(૧) અનાગત પચ્ચક્ખાણ :** ભવિષ્યમાં જે પચ્ચક્ખાણ કરવાના છે, તે વર્તમાનમાં કરવા. જેમકે પર્યુષણ આદિમાં તપ કરે, તો આચાર્ય આદિ સંતોની સેવામાં અંતરાય આવવાની સંભાવના રહે, તો તે તપ પર્યુષણ પહેલાં જ કરી લેવું. **(૨) અતિક્રાન્ત પચ્ચક્ખાણ :** વર્તમાનકાળે કરવાના પચ્ચક્ખાણ ભવિષ્યમાં કરવા. **(૩) કોટિ સહિત પચ્ચક્ખાણ :** એક તપ પૂર્ણ થાય કે તરત જ બીજું તપ શરૂ કરવું. **(૪) નિયંત્રિત પચ્ચક્ખાણ :** ગમે તેવી પરિસ્થિતિમાં પણ ધારણ કરેલા અથવા નક્કી કરેલા પચ્ચક્ખાણનું પાલન કરવું. જેમ કે અમુક દિવસે અમુક તપ અવશ્ય કરવું. **(૫) સાગારી પચ્ચક્ખાણ:** જે પચ્ચક્ખાણ આગાર છૂટ સહિત કરવામાં આવે તે. **(૬) અનાગાર પચ્ચક્ખાણ:** જે પચ્ચક્ખાણમાં કોઈ આગાર ન હોય તે. **(૭) પરિમાણ કૃત પચ્ચક્ખાણ :** જે પચ્ચક્ખાણમાં દત્તિ, કવલ, ઘર અને ભિક્ષા આદિનું પરિમાણ (માપ) હોય તે. **(૮) નિરવિશેષ પચ્ચક્ખાણ :** જેમાં સર્વ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવામાં આવે તે. **(૯) સાંકેતિક પચ્ચક્ખાણ :** ચિહ્ન, સંકેતથી પચ્ચક્ખાણ કરવા તે. **(૧૦) અદ્ધા પચ્ચક્ખાણ:** કાળને અનુલક્ષીને પચ્ચક્ખાણ કરવા તે નવકારશી, પોરસી વગેરે.

**૭. જ્ઞાન દ્વાર :** ૧૦ પૂર્વ અને તેનાથી વધુ જ્ઞાનવાળા સર્વ અપડિસેવી જ હોય અને તેમનું જ્ઞાન સમ્યક્શ્રુત છે.

**૮. તીર્થ દ્વાર** - તીર્થંકર દ્વારા તીર્થની સ્થાપના થાય પછી જે આરાધના થાય, તે તીર્થમાં ગણાય છે. તીર્થંકરો તીર્થની સ્થાપના કરે, તે પહેલા અને ક્યારેક તીર્થનો વિચ્છેદ થયો હોય, તે કાળ અતીર્થમાં ગણાય છે. છદ્મસ્થ અવસ્થામાં તીર્થંકર કષાયકુશીલ હોય છે તથા જ્યારે તીર્થનો વિચ્છેદ થઈ જાય છે, ત્યારે અન્યતીર્થી સાધુ પણ કષાયકુશીલ હોઇ શકે છે. તે અપેક્ષાથી કષાયકુશીલ અતીર્થમાં હોય છે.

**૯. લિંગ દ્વાર -** લિંગના બે પ્રકાર. (૧) દ્રવ્યલિંગ તથા (૨) ભાવલિંગ. (૧) દ્રવ્યલિંગના ત્રણ ભેદ છે : ૧. સ્વલિંગ : મુખવસ્ત્રિકા, રજોહરણ આદિ રાખવા. ૨. અન્યલિંગ : કુતીર્થિકવેશ. ૩. ગૃહસ્થલિંગ : ગૃહસ્થવેશ. (૨) ભાવલિંગ : જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ અરિહંત પ્રરૂપિત ધર્મનું પાલન કરનારામાં જ હોય છે.

**૧૦. શરીર દ્વાર** - પુલાક, નિર્ગ્રંથ અને સ્નાતકમાં ૩ શરીર તે ઔદારિક, તૈજસ અને કાર્મણ. બકુશ, પડિસેવણામાં ૩ કે ૪ શરીર હોય. તે ઔદા., વૈ., તૈ. અને કાર્મણ. કષાયકુશીલમાં ત્રણ, ચાર અથવા પાંચ શરીર હોય. ત્રણ હોય તો ઔદા., તૈ., કાર્મણ. ચાર હોય તો ઔદા., વૈ., તૈ., કાર્મણ અને પાંચ હોય તો ઔદા., વૈ., આહા., તૈ. અને કા.

**૧૧. ક્ષેત્ર દ્વાર** - છ નિયંઠા જન્મ અપેક્ષાએ ૧૫ કર્મભૂમિમાં હોય. સંહરણ અપેક્ષાએ પાંચ નિયંઠા (પુલાક સિવાયના) કર્મભૂમિ અને અકર્મભૂમિમાં હોય.

**૧૨. કાળ દ્વાર** - છ એ નિયંઠા મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશા હોય. (ત્યાં સદા નોઉત્સર્પિણી નોઅવસર્પિણી કાળ છે)

પુલાક, નિર્ગ્રંથ અને સ્નાતક અવસર્પિણી કાળમાં ૩જે-૪થે આરે જન્મે અને ૩જે, ૪થે, ૫મે આરે પ્રવર્તે, ઉત્સર્પિણી કાળમાં ૨જે-૩જે-૪થે આરે જન્મે અને ૩જે, ૪થે આરે પ્રવર્તે. પુલાકનું સંહરણ ન થાય પણ નિર્ગ્રંથ અને સ્નાતક સંહરણ અપેક્ષાએ અન્ય કાળમાં પણ હોય. બકુશ, પડિસેવણા અને કષાયકુશીલ અવસર્પિણી કાળમાં ૩જે,૪થે,૫મે આરે જન્મે અને ૩જે, ૪થે, ૫મે આરે પ્રવર્તે. ઉત્સર્પિણી કાળમાં ૨જા-૩જા-૪થા આરામાં જન્મે અને ૩જે, ૪થે આરે પ્રવર્તે. મહાવિદેહમાં સદા હોય.

**૧૩. ગતિ દ્વાર**

| | ગતિ પામે | | સ્થિતિ પામે | |
|---|---|---|---|---|
| નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| પુલાક | સુધર્મ દેવલોક | સહ૧/૪ાાર દેવલોક | પ્રત્યેક પલ્ય | ૧૮ સાગર |
| બકુશ | સુધર્મ દેવલોક | અચ્યુત દેવલોક | પ્રત્યેક પલ્ય | ૨૨ સાગર |
| પડિસેવણા | સુધર્મ દેવલોક | અચ્યુત દેવલોક | પ્રત્યેક પલ્ય | ૨૨ સાગર |
| કષાયકુશીલ | સુધર્મ દેવલોક | અનુત્તર વિમાન | પ્રત્યેક પલ્ય | ૩૩ સાગર |
| ઉપશાંત નિર્ગ્રંથ | પાંચ અનુત્તર વિમાનની | | અજઘન્ય અનુત્કૃષ્ટ ૩૩ સાગર | |
| ક્ષીણ નિર્ગ્રંથ | મોક્ષ | | સાદિ અનંત | |
| સ્નાતક | મોક્ષ | | સાદિ અનંત | |

---

**૧૦. શરીર દ્વાર :** પુલાક લબ્ધિવાનને અન્ય લબ્ધિ હોતી નથી અને નિર્ગ્રંથ તથા સ્નાતક પણ કોઈ લબ્ધિનો પ્રયોગ કરતા નથી. તેથી તેમાં ત્રણ શરીર જ હોય છે. બકુશ અને પડિસેવના કુશીલમાં વૈક્રિય લબ્ધિ હોય શકે પણ આહારક લબ્ધિ નથી, કારણ કે તેને ચૌદપૂર્વનું જ્ઞાન નથી, તેથી તેને ત્રણ કે ચાર શરીર હોય. કષાયકુશીલમાં વૈક્રિય અને આહારક, બન્ને લબ્ધિ હોય છે. આહારક શરીર કષાયકુશીલમાં જ હોય, કારણ કે તેમને ઉ. ૧૪ પૂર્વનું જ્ઞાન હોય છે. તેથી તેને ત્રણ, ચાર કે પાંચ શરીર હોય છે.

**૧૧. ક્ષેત્ર દ્વાર : સંહરણ :** દેવ વગેરે દ્વારા એક સ્થાનથી ઉઠાવી બીજા સ્થાન પર લઈ જવા તે. ૧૦ વ્યક્તિનું સંહરણ ન થાય: ૧. પુલાક લબ્ધિવાન સાધુ, ૨. આહારક શરીરી, ૩. અવેદી, ૪. પરિહાર વિશુદ્ધ ચારિત્રી, ૫. ચૌદપૂર્વધર, ૬. સાધ્વી, ૭. અપ્રમત્ત, ૮-૯. ઉપશમ, ક્ષપક શ્રેણીવાળા, ૧૦. કેવળજ્ઞાની સાધુ. માટે પુલાક અકર્મભૂમિમાં ન હોય. પુલાકનું સંહરણ તો ન જ થાય તથા એકવાર સંહરણ થઈ ગયા પછી તે જ જગ્યાએ પણ પુલાકપણું ન આવે.

દેવતામાં પદવી પાંચ છે: ૧. ઈન્દ્ર, ૨. સામાનિક, ૩. ત્રાયસ્ત્રિંશક, ૪. લોકપાલ, ૫. અહમેન્દ્ર. પુલાક, બકુશ, પડિસેવણા, પ્રથમ ૪ પદવીમાંથી કોઈપણ ૧ પદવી પામે. કષાયકુશીલ પાંચમાંથી કોઈપણ ૧ પદવી પામે. નિર્ગ્રંથ અહમેન્દ્ર જ થાય. સ્નાતક મોક્ષે જાય. પ્રથમ પાંચ નિયંઠાની પદવીનું કથન વિરાધના આદિની અપેક્ષાથી છે.

**૧૪. સંયમસ્થાન દ્વાર** - પ્રથમ ચાર નિયંઠામાં અસંખ્યાતા સંયમ સ્થાન[૧] છે.

નિર્ગ્રંથ અને સ્નાતકમાં સંયમસ્થાન એક જ[૨] હોય.

**અલ્પબહુત્વ** - સૌથી થોડા નિર્ગ્રંથ અને સ્નાતકના સંયમસ્થાન. (તુલ્ય/ તુલા/ સમાન) તેનાથી પુલાકના સંયમસ્થાન અસંખ્યાતગુણા. તેનાથી બકુશના સંયમસ્થાન અસંખ્યાતગુણા, તેનાથી પડિ.ના સંયમસ્થાન અસં.ગુણા. તેનાથી કષાયકુશીલના સંયમસ્થાન અસંખ્યાતગુણા.

---

**૧૨. કાળ દ્વાર** - નિર્ગ્રંથ કે સ્નાતકનું નિર્ગ્રંથ કે સ્નાતક થયા પહેલાં સંહરણ થાય ત્યાર પછી તે નિર્ગ્રંથ કે સ્નાતક થાય તે અપેક્ષાએ તે સર્વ કાળમાં હોય. પાંચ મહાવિદેહ ક્ષેત્ર તથા ૩૦ અકર્મભૂમિમાં કાળનું પરિવર્તન થતું નથી, તેથી ત્યાં નોઉત્સર્પિણી નોઅવસર્પિણી કાળ હોય.

**૧૩. ગતિ દ્વાર :** પુલાકનું પુલાકપણામાં મરણ થતું નથી. પુલાકમાંથી કષાયકુશીલ થઈને પ્રથમ અંત.માં કાળ કરે, તે અપેક્ષા પુલાકની દેવ ગતિ બતાવેલ છે. નિર્ગ્રંથ પાંચ અનુત્તર વિમાનમાં ક્યાંય પણ ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉત્પન્ન થાય છે, પરંતુ લવસપ્તમ દેવ થાય તેવું જરૂરી નથી. જે લવસપ્તમ દેવ થાય તેને ૩૩ સાગરની સ્થિતિ અને એકાવતારીપણું બંને હોય.

**દેવની કુલ ૧૦ પદવી છે** - તેનાં નામ અને ભાવાર્થ : **(૧) ઈન્દ્ર :** પ્રમુખ, સ્વામીદેવ. **(૨) સામાનિક :** આજ્ઞા અને ઐશ્વર્ય સિવાય બાકી સર્વ બાબતમાં ઈન્દ્ર સમાન હોય. **(૩) ત્રાયસ્ત્રિંશક :** મંત્રી અને પુરોહિત જેવું કામ કરનારા. એમની સંખ્યા ૩૩ ની હોય છે, તેથી ત્રાયસ્ત્રિંશક દેવ. **(૪) લોકપાલ :** દેવોની રક્ષા કરનારા દેવો. **(૫) આત્મરક્ષક :** શસ્ત્ર લઈ ઈન્દ્રની પાછળ ઊભા રહે તે દેવ. **(૬) પરિષદા :** ઈન્દ્રની સભા કે પરિષદના સદસ્ય દેવ.

**(૭) અનિક :** સૈનિક કે સેનાનાયક દેવ. **(૮) પ્રકીર્ણક :** નગરનિવાસી કે સામાન્ય જનતા જેવા દેવો. **(૯) આભિયોગિક :** દાસ સમાન સેવક દેવ. **(૧૦) કિલ્વિષિક :** નીચલી કક્ષાના દેવો.

નિયંઠા ઉપરની ૧૦ પદવીમાંથી (૧) ઈન્દ્ર, (૨) સામાનિક, (૩) ત્રાયસ્ત્રિંશક કે (૪) લોકપાલ એ ચારમાંથી એક પદવી પામે અથવા સામાન્ય દેવ બને. અથવા તેઓ અહમેન્દ્ર બને. **(૫) અહમેન્દ્ર** એટલે જ્યાં નાના મોટાનો વ્યવહાર નથી. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો અહમેન્દ્ર જ હોય છે. (નિયંઠા આત્મરક્ષક દેવ વગેરે જેવી નીચલી કક્ષાની છ પદવી (૫થી ૧૦) માંથી કોઈ પદવી પામતા નથી)

ભવનપતિ અને વૈમાનિકમાં ૧૨ દેવલોક સુધી અહમેન્દ્ર સિવાયની ચાર પદવી હોય. ૧૨ દેવલોક સુધી કલ્પ (નિયમ) હોવાથી ઈન્દ્ર આદિ પદવી હોય છે. જ્યોતિષ અને વાણવ્યંતરમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલદેવ હોતા નથી. તેથી ઈન્દ્ર અને સામાનિક બે જ પદવી હોય. (પાંચમાંથી). વિરાધક પણ પદવી તો પામી શકે છે. (જેમ તામલી તાપસ ઈશાનેન્દ્ર બન્યા) ભવનપતિ આદિ અન્યમાં પણ ઉત્પન્ન થાય છે. સ્નાતક તો આરાધક જ હોય છે.

**૧૪. સંયમસ્થાન દ્વાર** : જ્યાં રોકાઈ શકાય તેને સ્થાન કહે છે. જીવ સંયમના ભાવોમાં જ્યાં રોકાઈ જાય છે, તે તેનું **સંયમસ્થાન** છે. કષાયના ક્ષયોપશમ અને ચારિત્રની શુદ્ધિ અને અશુદ્ધિની હીનતા અધિકતાના કારણે થતાં ભેદ, તે **સંયમસ્થાન** છે**: ૧.** સંયમસ્થાન અસંખ્યાતા છે. જેમ જેમ ચારિત્રમોહનો ક્ષયોપશમ થાય, તેમ તેમ સંયમસ્થાન શુદ્ધ થતા જાય છે, કષાયો મંદ થતા સંયમભાવો સ્થિર થાય છે, તેથી સંયમસ્થાન ઓછા થાય છે અને પજ્જવા વધતા જાય છે. **૨.** કષાયના સર્વ ઉપશમ કે સર્વ ક્ષયની અપેક્ષાએ તો સંયમસ્થાન એક જ છે, તેથી નિર્ગ્રંથ અને સ્નાતકમાં

**૧૫. <u>નિકાસે (સંયમના પર્યવ) દ્વાર</u>** - છ એ નિયંઠાના ચારિત્ર પર્યવ અનંતા અનંત છે.
**(૧) પુલાક,** પુલાક અને કષાયકુશીલથી છટ્ઠાણવડિયા. બકુશ, પડિસેવણા, નિર્ગ્રંથ અને સ્નાતકથી અનંતગુણહીન. (૨) **બકુશ,** પુલાકથી અનંતગુણવૃદ્ધિ. બકુશ બકુશથી, પડિસેવણાથી, કષાયકુશીલથી છટ્ઠાણવડિયા. નિર્ગ્રંથ, સ્નાતકથી અનંતગુણહીન.
(૩)**પડિસેવણા,** પુલાકથી અનંતગુણવૃદ્ધિ. બકુશ, પડિસેવણા, કષાયકુશીલથી છટ્ઠાણવડિયા. નિર્ગ્રંથ, સ્નાતકથી અનંતગુણહીન.
(૪) **કષાયકુશીલ,** પ્રથમ ૪ નિયંઠાથી છટ્ઠાણવડિયા. નિર્ગ્રંથ, સ્નાતકથી અનંતગુણહીન.
(૫) **નિર્ગ્રંથ,** પ્રથમ ૪ નિયંઠાથી અનંતગુણ અધિક. નિર્ગ્રંથ, સ્નાતકથી સમતુલ્ય.
(૬) **સ્નાતક** પ્રથમ ૪ નિયંઠાથી અનંતગુણ અધિક. નિર્ગ્રંથથી સમતુલ્ય.

**સંયમ (ચારિત્ર) પર્યવનો અલ્પબહુત્વ -**

સર્વથી થોડા પુલાક અને કષાયકુશીલના જઘન્ય ચારિત્રપર્યવ પરસ્પર તુલ્ય.
તેનાથી પુલાકના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવ અનંતગુણા,
તેનાથી બકુશ અને પડિસેવણાના જઘન્ય.
ચારિત્રપર્યવ પરસ્પર તુલ્ય અને અનંતગુણા,
તેનાથી બકુશના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવ અનંતગુણા,
તેનાથી પડિસેવણાના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવ અનંતગુણા,
તેનાથી કષાયકુશીલના ઉત્કૃષ્ટ પર્યવ અનંતગુણા.
તેનાથી નિર્ગ્રંથ અને સ્નાતકના ચારિત્રપર્યવ પરસ્પર તુલ્ય અને અનંતગુણા.

---

સંયમસ્થાન એક જ હોય. પુલાકની સ્થિતિ ઓછી હોવાથી તેના સંયમસ્થાન ઓછા છે. બાકીનો અલ્પબહુત્વ ક્ષયોપશમની ભિન્નતાને કારણે સંભવે છે. કષાયકુશીલ રાજમાર્ગ છે અને તેના ગુણસ્થાન વધારે હોવાથી તેના સંયમસ્થાન સૌથી વધુ છે.


**૧૫. <u>નિકાસે (સંયમના પર્યવ) દ્વાર</u>** : બાહ્ય ચારિત્ર અને અંતરંગ આત્મવિશુદ્ધિના અંશને સંયમ પર્યવ કહે છે. ચારિત્રની વિશુદ્ધિના પ્રભાવે જે ગુણ પ્રગટ થાય, તે ગુણનો સૌથી સૂક્ષ્મ અંશ જેને કેવળી ભગવાન પણ વિભાજિત ન કરી શકે, તે અંશને **'પર્યવ'** કહે છે. એક જ સંયમસ્થાનના અનંતાનંત પર્યવો હોય છે. સર્વ સંયમસ્થાનને સર્વ આકાશપ્રદેશ સાથે ગુણવાથી જેટલી અનંત સંખ્યા થાય તેટલા એક સંયમસ્થાનમાં પર્યવ હોય છે, કારણ કે ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ વિચિત્ર હોય છે. બધાં સંયમસ્થાનોમાં પર્યવ સરખાં નથી, પરંતુ સર્વમાં અનંત પર્યવ હોય છે.

તેની તરતમતા સમજાવવા માટે શાસ્ત્રકારો છટ્ઠાણવડિયા અથવા ષટ્સ્થાનપતિત શબ્દનો પ્રયોગ કરે છે. - તે છ સ્થાનહીન આ પ્રમાણે છે - ૧) અનંતભાગહીન ૨) અસંખ્યાત ભાગહીન ૩) સંખ્યાત ભાગહીન ૪) સંખ્યાત ગુણહીન ૫) અસંખ્યાત ગુણહીન ૬) અનંત ગુણહીન. છ સ્થાન અધિક (વૃદ્ધિ) આ પ્રમાણે છે - ૧) અનંતભાગવૃદ્ધિ, ૨) અસંખ્યાતભાગવૃદ્ધિ, (૩) સંખ્યાતભાગવૃદ્ધિ, (૪) સંખ્યાતગુણવૃદ્ધિ, (૫) અસંખ્યાતગુણવૃદ્ધિ, (૬) અનંતગુણવૃદ્ધિ, **(વિસ્તાર માટે જુઓ પૃષ્ઠ ૩૧)**

## નિર્ગ્રંથના ચારિત્ર પર્યવોનો અલ્પબહુત્વ

| | પુલાક | બકુશ | પ્રતિસેવના કુશીલ | કષાય કુશીલ | નિર્ગ્રંથ | સ્નાતક |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય | ૧<br>સર્વથી થોડા | ૩<br>અનંતગુણા | ૩<br>અનંતગુણા | ૧<br>સર્વથી થોડા | અજઘન્યોત્કૃષ્ટ | |
| ઉત્કૃષ્ટ | ૨<br>અનંતગુણા | ૪<br>અનંતગુણા | ૫<br>અનંતગુણા | ૬<br>અનંતગુણા | ૭<br>અનંતગુણા | ૭<br>અનંતગુણા |
| ★કોષ્ટકમાં જ્યાં સમાન ક્રમાંક છે, તે પરસ્પર તુલ્ય છે તેમ સમજવું તથા ક્રમાંકાનુસાર અલ્પબહુત્વ સમજવું | | | | | | |

### નિર્ગ્રંથ ચારિત્ર પર્યવોની તરતમતા



**૧૬. <u>યોગ દ્વાર</u>** - પ્રથમ પાંચ નિયંઠા સયોગી. સ્નાતક સયોગી અને અયોગી બંને.

**૧૭. <u>ઉપયોગ દ્વાર</u>** - છ એ નિયંઠામાં સાકાર - અનાકાર બંને ઉપયોગ.

**૧૮. <u>કષાય દ્વાર</u>** - પ્રથમ ૩ નિયંઠામાં સંજ્વલન કષાય હોવાથી સકષાયી.

કષાયકુશીલમાં સંજ્વલન કષાય ૪,૩,૨,૧. નિર્ગ્રંથ અકષાયી (ઉપશાંત કે ક્ષીણ). સ્નાતક ક્ષીણ અકષાયી.

**૧૯. <u>લેશ્યા દ્વાર</u>** - પ્રથમ ત્રણ નિયંઠામાં ત્રણ શુભ લેશ્યા. કષાયકુશીલમાં ૬ લેશ્યા. નિર્ગ્રંથમાં શુકલ લેશ્યા. સ્નાતકમાં શુકલ લેશ્યા અથવા અલેશી.

**૨૦. <u>પરિણામ દ્વાર</u>** - પુલાક, બકુશ, પડિસેવણા અને કષાયકુશીલમાં ત્રણ પરિણામ હિયમાન (ઘટતા), વર્ધમાન (વધતા), અવસ્થિત (સમાન). તેમાં હીયમાન, વર્ધમાન પરિણામની સ્થિતિ જ. ૧ સમય, ઉ. અંતર્મુહૂર્તની. અવસ્થિતની સ્થિતિ જ.૧ સમય, ઉ. ૭ સમયની, નિર્ગ્રંથમાં બે પરિણામ વર્ધમાન અને અવસ્થિત. વર્ધમાન પરિણામની સ્થિતિ જ. અંત. ઉ. અંતર્મુહૂર્તની. અવસ્થિતની જ. ૧ સમય ઉ. અંતર્મુહૂર્ત. સ્નાતકમાં બે પરિણામ વર્ધમાન અને અવસ્થિત. વર્ધમાનની સ્થિતિ જ. અંતર્મુહૂર્ત ઉ. અંતર્મુહર્ત અને અવસ્થિતની સ્થિતિ જ. અંત. ઉ. દેશે ઉણી પૂર્વ ક્રોડ વર્ષ.

**૨૧. <u>બંધ દ્વાર</u>** - પુલાક ૭ કર્મ (આયુષ્ય સિવાય) બાંધે. બકુશ અને પડિસેવણા ૭-૮ કર્મ બાંધે.

કષાયકુશીલ ૭-૮-૬ (આયુષ્ય, મોહનીય સિવાય) કર્મ બાંધે. નિર્ગ્રંથ ૧ શાતાવેદનીય બાંધે.

સ્નાતક શાતાવેદનીય બાંધે અથવા અબંધક.

---

**૧૬. યોગ દ્વાર :** ૧ થી ૧૩ ગુણ. સુધી જીવ સયોગી. ૧૪મા ગુણ. માં જીવ અયોગી.

**૧૮. કષાય દ્વાર :** મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કે ઉપશમ ન થાય, ત્યાં સુધી જીવ સકષાયી. ૧૦મા ગુણ. ના અંત સુધી જીવ સકષાયી. ૧૧ થી ૧૪ ગુણ.માં અકષાયી.

કષાયકુશીલમાં ૪ કષાય. પરંતુ શ્રેણીમાં જ્યારે ક્રોધનો ક્ષય કે ઉપશમ થાય, ત્યારે ત્રણ કષાય બાકી રહે. માનનો ક્ષય કે ઉપશમ થાય, ત્યારે બે કષાય બાકી રહે. માયાનો ક્ષય કે ઉપશમ થાય, ત્યારે એક લોભકષાય બાકી રહે.

**૧૯. લેશ્યા દ્વાર :** છ એ નિયંઠાની પ્રાપ્તિ ત્રણ શુભલેશ્યામાં જ થાય છે. પુલાક આદિ પ્રથમ ત્રણ નિયંઠા તો શુભ લેશ્યામાં જ ટકે છે. અશુભ લેશ્યામાં તેઓ ટકતા નથી પણ કષાયકુષીલ ટકી શકે છે. જે નિયંઠા પહેલેથી જ અશુદ્ધ છે તેમાં વધારે અશુદ્ધિ ચાલતી નથી તેથી તેમાં શુભ લેશ્યા જરૂરી છે. સલેશીના ગુણસ્થાન ૧ થી ૧૩ અને અલેશીનું ગુણ. ૧૪મું.

**૨૦. પરિણામ દ્વાર :** ચારિત્રના ભાવોને પરિણામ કહે છે.

(૧) જેમાં સંયમની વૃદ્ધિ થતી રહે, તેવા પરિણામને **વર્ધમાન** પરિણામ કહે છે.

(૨) જેમાં સંયમની હાનિ થતી રહે, તેવા પરિણામને **હીયમાન** પરિણામ કહે છે.

(૩) જેમાં સંયમ ભાવ સ્થિર રહે, તેવા પરિણામને **અવસ્થિત** કહે છે.

**૨૨. વેદે દ્વાર** - પ્રથમ ૪ નિયંઠા ૮ કર્મ વેદે. નિર્ગ્રંથ મોહનીય છોડીને ૭ કર્મ વેદે. સ્નાતક ચાર અઘાતી કર્મ (વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર) વેદે.

**૨૩. ઉદીરણા દ્વાર** - પુલાક ૭ કર્મની (આયુષ્ય, વેદનીય વર્જી) ઉદીરણા કરે. બકુશ, પડિસેવાણા ૬ ,૭ કે ૮ કર્મની ઉદીરણા કરે (૭ની કરે, તો આયુષ્ય વર્જીને, ૬ની કરે, તો આયુષ્ય, વેદનીય વર્જીને) કષાયકુશીલ ૭, ૮, ૬, ૫ કર્મની ઉદીરણા કરે. (૫ ની કરે, તો આયુષ્ય, વેદનીય, મોહનીય વર્જીને). નિર્ગ્રંથ ૫ કે ૨ (નામ અને ગોત્ર) કર્મની ઉદીરણા કરે. સ્નાતક ઉદીરણા કરે, તો નામ અને ગોત્રની અથવા ઉદીરણા ન કરે.

**૨૪. ઉપસંપજ્ઝાણ દ્વાર** - (તે સ્થાનને છોડી કયા સ્થાનમાં જાય ?) - પુલાક પુલાકપણાને છોડીને કષાયકુશીલમાં કે અસંયમમાં જાય. બકુશવાળો પડિસેવણામાં, કષાયકુશીલમાં, અસંયમમાં કે સંયમાસંયમમાં જાય. પડિસેવણાવાળો બકુશ, કષાયકુશીલમાં, અસંયમમાં કે સંયમાસંયમમાં જાય. કષાયકુશીલવાળો પુલાક, બકુશ, પડિસેવણા, અસંયમ, સંયમાસંયમ કે નિર્ગ્રંથમાં જાય. નિર્ગ્રંથ - કષાયકુશીલ, સ્નાતક અસંયમમાં જાય. સ્નાતક મોક્ષમાં જાય.

---

**દ્વાર ૨૦** - **૧.** પુલાકમાં કાળ થતો નથી તથા પરભવનું આયુષ્ય પણ બાંધતા નથી, કારણ કે તેને તે પ્રકારના અધ્યવસાય સંભવતા નથી. પુલાકમાં હીયમાન કે વર્ધમાન પરિણામની જ. એક સમયની સ્થિતિ કહી છે. તે જ્યારે વર્ધમાન પરિણામ થાય, ત્યારે પ્રથમ સમયે જ કષાયનો ઉદય થવાથી વર્ધમાન પરિણામમાં અંતરાય પડી જાય, તે અપેક્ષાએ એક સમય કહ્યો છે. (મૃત્યુની અપેક્ષા નહીં)

બકુશ, પડિસેવણાકુશીલ અને કષાયકુશીલમાં વર્ધમાન કે હીયમાન પરિણામ એક સમય છે, તે મૃત્યુની અપેક્ષાએ છે.

**૨.** અવસ્થિતની સાત સમયની સ્થિતિ ફક્ત સરાગી જીવો માટે છે. વીતરાગીને તો અવસ્થિત પરિણામ હોય છે, ૧૧મે ગુણસ્થાને મોહનીયનો સંપૂર્ણ ઉપશમ હોવાથી પરિણામ અવસ્થિત છે. વર્ધમાન પરિણામે ૧૦મેથી ૧૧મે આવે અથવા ૧૨મે આવે, ત્યારે બાકીના ૩ અઘાતી કર્મના ક્ષય માટે વર્ધમાન પરિણામ હોય છે. જયારે ૧૧મા ગુણસ્થાનની સ્થિતિ પૂર્ણ થવાથી તે ૧૦મે આવે છે, તે હીયમાન પરિણામે નહીં પરંતુ સ્થિતિ પૂરી થતાં ૧૦મે આવે છે. ૧૩મે ગુણસ્થાને આવ્યા પછી ૧૩મા ના અંત સુધી અવસ્થિત પરિણામ. ૧૩મા ગુણસ્થાનના અંતિમ અંતર્મુહૂર્તમાં યોગ નિરોધના સમયે વર્ધમાન પરિણામ. ૧૪મા ગુણસ્થાને ગુણ શ્રેણી પૂર્ણ કરે છે, તેથી વર્ધમાન પરિણામ.

**૨૧. બંધ દ્વાર** - પુલાકમાં આયુષ્ય બંધ યોગ્ય પરિણામ હોતા નથી. **૨.** આયુષ્યનો બંધ સાતમા ગુણ. સુધી જ હોવાથી ૬, ૭ ગુણ.માં કષાયકુશીલ ૮ કર્મ બાંધે તેનાથી ઉપરના ગુણ. માં આયુષ્ય બંધ કરતા નથી, તેથી ૭ બાંધે અને દશમા ગુણસ્થાને બાદરકષાયના ઉદયનો અભાવ હોવાથી મોહનીય કર્મ પણ બાંધતા નથી, તેથી ૬ બાંધે. **૩.** નિર્ગ્રંથ અને સ્નાતક યોગના ઉદયથી ફક્ત શાતાબંધક અને ૧૪મે ગુણ. યોગના અભાવમાં કર્મ અબંધક હોય છે.

**૨૩. ઉદીરણા દ્વાર** - પુલાકમાં આયુષ્ય અને વેદનીય કર્મની ઉદીરણા યોગ્ય પરિણામ હોતા નથી, સ્નાતક સયોગી અવસ્થામાં ૧૩મે ગુણસ્થાને બે કર્મની ઉદીરણા કરે.

બંધ અને ઉદીરણા યોગસાપેક્ષ છે (ઉદય, નિર્જરા નહીં.) તેથી યોગનિરોધ અને અયોગી અવસ્થામાં બંધ કે ઉદીરણા થતી નથી.

**૨૪. ઉપસંપજ્ઝાણ દ્વાર** - સાધક સિદ્ધ ન થાય, ત્યાં સુધી તેના પરિણામોમાં હાનિ-વૃદ્ધિ થાય છે અને તદનુસાર તેની અવસ્થા પરિવર્તિત થાય છે. આ દ્વારમાં છ પ્રકારના નિયંઠામાં પરિણામોનું પરિવર્તન થતાં તે અવસ્થા છોડીને અન્ય કઈ અવસ્થાને પામે છે તેનું કથન છે.

**૨૫. <u>સંજ્ઞા દ્વાર</u>** - પુલાક, નિર્ગ્રંથ અને સ્નાતક નોસંજ્ઞાબહુત્તા હોય. બકુશ, પડિસેવણા અને કષાયકુશીલ સંજ્ઞાબહુત્તા અને નોસંજ્ઞાબહુત્તા હોય.

**૨૬. <u>આહાર દ્વાર</u>** - પ્રથમ પાંચ નિયંઠા આહારક. સ્નાતક આહારક, અણાહારક.

**૨૭. <u>ભવ દ્વાર</u>** - પુલાક અને નિર્ગ્રંથ ભવ કરે જઘન્ય ૧, ઉત્કૃષ્ટ ૩ (મનુષ્યના). બકુશ, પડિસેવણા, કષાયકુશીલ જ. ૧, ઉ. ૮ ભવ કરે. સ્નાતક તે જ ભવે મોક્ષે જાય.

**૨૮. <u>આગરેશ (આકર્ષ) દ્વાર</u> - (સંયમ કેટલી વાર આવે ?)**

| | **એક ભવ આશ્રી** | **ઘણાં ભવ આશ્રી** |
|---|---|---|
| પુલાકપણું | જ. ૧, ઉ. ૩ વાર આવે | જ. ૨, ઉ. ૭ વાર આવે |
| બકુશપણું | જ. ૧, ઉ. પ્રત્યેક સો વાર આવે | જ. ૨ ઉ. પ્રત્યેક હજારવાર |
| પડિસેવણાપણું | જ. ૧, ઉ. પ્રત્યેક સો વાર આવે | જ. ૨ ઉ. (૭૨૦૦ વખત) |
| કષાયકુશીલપણું | જ. ૧, ઉ. પ્રત્યેક સો વાર આવે | જ. ૨ ઉ. (૭૨૦૦ વખત) |
| નિર્ગ્રંથપણું | જ. ૧, ઉ. ૨ વાર આવે | જ. ૨, ઉ. ૫ વાર આવે |
| સ્નાતકપણું | ૧ વાર જ આવે | ૧ વાર જ આવે |

---

**<u>દ્વાર ૨૪</u>** -પુલાક પુલાકપણાને છોડીને કષાયકુશીલપણાને પામે છે કારણકે તે બંનેના જઘન્ય સંયમસ્થાન એક સમાન છે. જો કોઈ પણ કારણે તે સાધુપણાથી ચ્યુત થાય, તો અસંયમભાવને પામે છે.

બકુશ પરિણામોની શુદ્ધિથી પડિસેવણાકુશીલ અથવા કષાયકુશીલપણાને પામે અને પરિણામોની હાનિથી દેશવિરતિ અથવા અસંયમભાવને પામે છે. તે પુલાકપણાને પામતા નથી કારણકે તેની પાસે નવપૂર્વનું જ્ઞાન કે પુલાકલબ્ધિ નથી. તે જ રીતે પડિસેવણાકુશીલ પરિણામોની શુદ્ધિથી કષાયકુશીલપણાને પામે છે અને પરિણામોની હાનિથી બકુશ, દેશવિરતિ અથવા અસંયમભાવને પામે છે. કષાયકુશીલ વર્ધમાન પરિણામે નિર્ગ્રંથપણાને પામે છે અને હીયમાન પરિણામે પુલાક, બકુશ, પડિસેવણાકુશીલને પામે અને સાધુપણાના ભાવથી ચ્યુત થાય, તો દેશવિરતિ કે અસંયમભાવને પામે છે.

ક્ષીણનિર્ગ્રંથ સ્નાતક બને છે અને ૧. ઉપશમ નિર્ગ્રંથ ઉપશમ શ્રેણીથી પડતા કષાયકુશીલ થાય છે. જો શ્રેણીમાં કાળ કરે તો દેવમાં ઉત્પન્ન થવાથી અસંયત થાય છે. શ્રેણીથી પડતાં તરત જ દેશવિરતિ થતા નથી પણ કષાયકુશીલ થઈને પછી દેશવિરતિ થઈ શકે છે માટે અહીં નિર્ગ્રંથ માટે દેશવિરતિનું (સંયમાસંયમનું) કથન કર્યું નથી.

**૨૫. સંજ્ઞા દ્વાર** - ૧. સંજ્ઞાનો ભાવાર્થ અહીં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા છે. તે સંજ્ઞામાં આસક્તિવાળા સંજ્ઞાબહુત્તા છે. ૨. આ ચાર સંજ્ઞાનો પ્રમત્ત કે અપ્રમત્ત દશામાં ઉપભોગ કરે, પણ તેમાં ઉપયોગ કે આસક્તિ ન હોય તે નોસંજ્ઞાબહુત્તા છે. ૧ થી ૫ ગુણ. સંજ્ઞાબહુત્તા. ૬ઠ્ઠે ગુણ. સંજ્ઞાબહુત્તા અને નોસંજ્ઞાબહુત્તા બન્ને. ૭ થી ૧૪ ગુણસ્થાને નોસંજ્ઞાબહુત્તા. પુલાક, નિર્ગ્રંથ અને સ્નાતક જ્ઞાનપ્રધાન ઉપયોગવાળા હોવાથી નોસંજ્ઞાબહુત્તા છે.

**૨૬. આહાર દ્વાર** - જીવ વાટે વહેતા વિગ્રહ ગતિમાં હોય તથા કેવળ સમુદ્ઘાતના ૩, ૪, ૫મા સમયે અણાહારક હોય છે. બાકીના સમયે જીવ આહારક હોય છે. તે આહાર ઓજ, રોમ કે કવળ આહાર હોય. પ્રથમ પાંચ નિયંઠામાં વિગ્રહ ગતિ આદિ અનાહારકપણાના કારણનો અભાવ હોવાથી તેઓ આહારક જ હોય છે. સ્નાતક કેવળ સમુદ્ઘાતના ત્રીજા, ચોથા, પાંચમા સમયે તથા અયોગી અવસ્થામાં અનાહારક હોય છે. શેષ સમયે આહારક.

**૨૭. ભવ દ્વાર :** એકવાર પણ સંયમનો સ્પર્શ થઈ ગયો, તો તેની ભવ ગણતરી કરવાની છે.

પુલાક જઘન્ય એક ભવમાં પુલાક થઈને કષાયકુશીલ આદિ કોઈપણ સંયમને એકવાર અથવા અનેકવાર, તે જ ભવમાં અથવા અન્ય ભવમાં પ્રાપ્ત કરીને સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટ વચ્ચે એક દેવનો ભવ કરીને પુલાકપણું પ્રાપ્ત કરી શકે છે.

**૨૯. <u>કાળ દ્વાર (સ્થિતિ દ્વાર)</u>** - પુલાકની સ્થિતિ એક જીવ અપેક્ષા જ. અંત., ઉ. અંત[૧]. ઘણા જીવ અપેક્ષા જ. ૧ સમય[૨], ઉ. અંત[૩]. બકુશ, પડિસેવણા, કષાયકુશીલ એક જીવ અપેક્ષા જ. ૧ સમય, ઉ. દેશઊણા ક્રોડપૂર્વ[૪] વર્ષ. ઘણા જીવ અપેક્ષા શાશ્વતા (સર્વકાળ હોય). નિર્ગ્રંથ એક જીવ અપેક્ષા તથા ઘણા જીવ અપેક્ષા જ. ૧ સમય, ઉ. અંત. સ્નાતક એક જીવ અપેક્ષા જ. અંત. ઉ. દેશઊણા ક્રોડપૂર્વ વર્ષ, ઘણા જીવ અપેક્ષા શાશ્વતા.

**૩૦. <u>અંતર દ્વાર</u>** - (અંતર એટલે એક નિયંઠો પોતાનો નિયંઠો એકવાર છોડયા પછી કેટલા કાળ બાદ તે જ નિયંઠાને ફરીથી પ્રાપ્ત કરી શકે ?) પ્રથમ પાંચ નિયંઠાને અંતર પડે તો **એક જીવ આશ્રી** - જ. અંત., ઉ. દેશેઊણા અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ સુધી. સ્નાતકને એક જીવ અપેક્ષા કોઈ અંતર ન પડે. **ઘણા જીવ અપેક્ષા** - પુલાકને જ. ૧ સમય, ઉ. સંખ્યાત વર્ષ અર્થાત સંખ્યાત વર્ષ પછી કોઈપણ જીવ અવશ્ય પુલાક પણાને પામે છે. નિર્ગ્રંથને જ. ૧ સમય ઉ.૬ માસનું. શેષ ૪ નિયંઠાને અંતર ન પડે. (મહાવિદેહની અપેક્ષાએ શાશ્વતા હોવાથી)

---

**<u>દ્વાર ૨૭</u>** - બકુશ આદિ ત્રણ નિયંઠા જઘન્ય એક જ ભવમાં બકુશ આદિ પણાને પ્રાપ્ત કરી ભવાંતરમાં તે નિયંઠો પ્રાપ્ત કર્યા વિના પણ સિદ્ધ થઈ જાય છે, માટે જઘન્ય ૧ ભવ કહ્યો. ઉત્કૃષ્ટ આઠ ભવ સુધી ચારિત્રની પ્રાપ્તિ થાય છે, તે બકુશ, પડિસેવણા કે કષાયકુશીલ દ્વારા પૂર્ણ થાય છે. ભવ દ્વારમાં ભવની સંખ્યા તેવા સાધુપણાના જ જે ભવ કરે તે જ ગણતરીમાં લીધેલા છે. બાકી વચ્ચે અસંયમમાં ઘણા ભવ કરી શકે છે, તેની ગણતરી અહીં કરી નથી.

નિર્ગ્રંથપણુ એક ભવમાં બે વાર આવી શકે છે. કારણ કે એક ભવમાં બે વાર ઉપશમ શ્રેણી થઈ શકે છે અને અનેક ભવોની અપેક્ષાએ ઉ. નિર્ગ્રંથપણુ પાંચવાર આવી શકે છે. કારણ કે એક ભવમાં બે વાર, બીજા ભવમાં બે વાર ઉપશમ શ્રેણી થાય અને ત્રીજા ભવમાં ક્ષપક શ્રેણી થાય, તો નિર્ગ્રંથપણુ પાંચવાર આવે છે.

**૨૮. આગરેશ (આકર્ષ) દ્વાર** - ૧. પુલાકપણું ઉત્કૃષ્ટ ત્રણ જ ભવમાં આવી શકે છે તેમાં પણ એક ભવમાં ઉત્કૃષ્ટ ત્રણ જ વાર આવે છે તેથી કોઈ એક ભવમાં એકવાર આવે છે અને અન્ય બે ભવમાં ત્રણ ત્રણવાર આવે છે આમ ઉ. સાતવાર થાય.

૨. બકુશ, પડિ., ક.કુ. ના ઉ. ૮ ભવ હોય છે. તેમાં દરેક ભવમાં ઉ. પ્રત્યેક સો (૨૦૦ થી ૯૦૦ વાર બકુશપણું, પડિ., ક.કુ. પણું આવે તો આઠ ભવમાં ૯૦૦ × ૮ = ૭૨૦૦ વાર આવે. **૧.** પુલાકત્વને પ્રાપ્ત મુનિ અંત. પૂર્ણ ન થાય ત્યાં સુધી મરણ પામતા નથી અને પુલાકપણાથી પડતા પણ નથી અને તેટલો કાળ બીજા નિયંઠામાં જતા પણ નથી.

**૨૯. સ્થિતિ દ્વાર** - ૧. પુલાકત્વને પ્રાપ્ત મુનિ અંત. પૂર્ણ ન થાય, ત્યાં સુધી મરણ પામતા નથી, પુલાકપણાથી પડતાં પણ નથી અને તેટલો કાળ બીજા નિયંઠામાં જતા પણ નથી, તેથી જ. ઉ. અંત.ની સ્થિતિ છે. **૨.** પૂર્વે એક જીવે પુલાકલબ્ધિ ફોરવી છે તેનો છેલ્લો સમય હોય ત્યારે તે જ સમયે કોઈ બીજો જીવ પુલાકલબ્ધિ ફોરવે તો તે ૧ સમય માટે કુલ બે (ઘણા) જીવ થાય માટે ઘણાં જીવ અપેક્ષા ૧ સમય. **૩.** એક અંત.માં પ્રત્યેક હજાર પુલાકનો સદ્ભાવ હોઈ શકે છે, પરંતુ તેનો ઉત્. કાળ અંત. નો છે, કારણ કે એક પુલાકની અંત.ની સ્થિતિથી ઘણા પુલાકની સ્થિતિનું અંત. મોટું છે. **૪.** બકુશપણું પ્રાપ્ત થયા બાદ પ્રથમ સમયમાં કાળ કરી જાય તો જ. ૧ સમયની સ્થિતિ. ક્રોડપૂર્વ વર્ષના આયુવાળા આઠ વર્ષના અંતમાં દીક્ષા લે તે અપેક્ષાએ ઉ. સ્થિતિ બતાવી છે.

**૩૧. <u>સમુદ્ઘાત દ્વાર</u>** - પુલાકમાં સમુ. ૩ વેદનીય, કષાય, મારણાંતિક. બકુશમાં તથા પડિસેવાણામાં વેદનીય, કષાય, મારણાંતિક, વૈક્રિય, તેજસ, એમ ૫ સમુ. કષાયકુશીલમાં વેદનીય, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક, એમ ૬ સમુ. નિર્ગ્રંથમાં એક પણ સમુ. નથી. સ્નાતકમાં જો હોય તો એક કેવળ સમુદ્ઘાત જ હોય.

**૩૨. <u>ક્ષેત્ર દ્વાર</u>** - (એક નિયંઠાનું શરીર લોકના કેટલા આકાશપ્રદેશને અવગાહિત કરે ?) પ્રથમ પાંચ નિયંઠા લોકના અસંખ્યાતમા ભાગમાં હોય. સ્નાતક લોકના અસંખ્યાતમા ભાગમાં, ઘણા અસંખ્યાતા ભાગોમાં અથવા સર્વલોકમાં (કેવળ સમુદ્ઘાત અપેક્ષા) હોય.

**૩૩. <u>સ્પર્શના દ્વાર</u>** - અવગાઢ ક્ષેત્ર કરતાં સ્પર્શના કંઈક અધિક જાણવી.

**૩૪. <u>ભાવ દ્વાર</u>** - પ્રથમ ૪ નિયંઠા ક્ષયોપશમ ભાવમાં હોય.
નિર્ગ્રંથ ઉપશમ કે ક્ષાયિક ભાવમાં હોય. સ્નાતક ક્ષાયિક ભાવમાં હોય.

---

**૩૦. અંતર દ્વાર :** કોઈ જીવ સાધુપણાથી પતિત થઈને અસંયમ તથા સંયમાસંયમને પામે,ત્યાંની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે, તેટલો સમય રહીને ફરી સાધુપણાને પામે, તેથી સંયમનું જઘન્ય અંતર અંતર્મુહૂર્ત કહ્યું છે. કોઈ જીવે જે ભવમાં શુક્લપક્ષી થયો તેના અમુક કાળ પછી સંયમ લીધો અને પછી અંતિમ ભવમાં સંયમ ગ્રહણ કરે, તે અપેક્ષાથી તેનું ઉત્કૃષ્ટ અંતર સમજવું. અનેક જીવ અપેક્ષા નવી શ્રેણી, કેવળજ્ઞાન અને મોક્ષમાં જવાનું અંતર જ. ૧ સમય ઉ. ૬ માસ નું છે.

**૩૧. સમુદ્ઘાત દ્વાર :** પુલાકમાં વેદનીયની ઉદીરણા માનવામાં આવતી નથી, પરંતુ વેદનીય સમુદ્ઘાત છે તેનું કારણ સમુદ્ઘાતમાં ઉદીરણા થવી જરૂરી નથી. તીવ્ર ઉદયમાં સમુદ્ઘાત થઈ જાય, પરંતુ તથાપ્રકારના અધ્યવસાયના અભાવમાં ઉદીરણા નથી થતી તેવું બની શકે છે. **૧.** પુલાકમાં સંજ્વલન કષાયનો ઉદય હોય છે માટે કષાય સમુદ્ઘાત સંભવે છે. ૨. પુલાકપણામાં મરણ હોતું નથી પણ મારણાંતિક સમુદ્ઘાત હોય છે કારણકે **પુલાકપણાથી** નિવૃત્ત થયા પછી કષાયકુશીલ આદિ પરિણામ ને પામીને તુરંત જ તેનું મરણ થાય તે અપેક્ષાએ મારણાંતિક સમુદ્ઘાત હોય છે. **૩.** આહારક સમુદ્ઘાત ૧૪ પૂર્વી જ કરે છે જ્યારે બકુશ, પડિસેવણાને તેટલું જ્ઞાન હોતું નથી.

કષાયકુશીલમાં વૈક્રિય, તેજસ અને આહારક, આ ત્રણે લબ્ધિ હોય શકે છે, તેથી ૬ સમુદ્ઘાત છે.

અપ્રમત્ત અવસ્થામાં મારણાંતિક કષ્ટ આવે, તો પણ કોઈ સમુદ્ઘાત થતી નથી. એક સાથે ચાર સમુદ્ઘાત એક જીવને હોય શકે છે. પ્રથમ ત્રણની સાથે વૈક્રિય સમુદ્ઘાત હોય અથવા તૈજસ સમુદ્ઘાત હોય પરંતુ વૈક્રિય સમુદ્ઘાત અને તૈજસ સમુદ્ઘાત એકસાથે પ્રયોગ કરી શકે નહીં. એક સમયમાં એક જ સમુદ્ઘાતનો પ્રયોગ હોય.

**૩૨ ક્ષેત્ર દ્વાર** - સ્નાતક, કેવળ સમુ. ના સમયે જ્યારે શરીરસ્થ હોય અથવા દંડ કે કપાટ અવસ્થામાં હોય, ત્યારે લોકના અસંખ્યાતમા ભાગમાં તે રહે છે. જ્યારે મંથન અવસ્થા હોય, ત્યારે ઘણા અસંખ્યાતા ભાગોને વ્યાપ્ત કરે છે અને થોડો જ ભાગ અવ્યાપ્ત રહે છે. જ્યારે ચોથા સમયે સંપૂર્ણ લોક વ્યાપ્ત કરે, ત્યારે સર્વ લોકમાં હોય છે.

**૩૩. સ્પર્શના દ્વાર :** શરીરના પ્રદેશોએ રોકેલા પ્રત્યેક આકાશ-પ્રદેશની જગ્યાને અવગાઢ ક્ષેત્ર કહે છે. અવગાઢ ક્ષેત્ર કરતાં સ્પર્શના છ એ દિશામાં એક એક આકાશ-પ્રદેશ (કુલ અસંખ્યાત) અધિક જાણવી. જેટલા આકાશ પ્રદેશોને શરીરના પ્રદેશોનો સ્પર્શ થાય તેટલું ક્ષેત્ર અધિક.

**૩૪. ભાવ દ્વાર :** નિયંઠામાં કેટલા ભાવ છે તે જોવાનું નથી , પરંતુ કયા ભાવમાં કયા કયા નિયંઠા હોય છે, તે સમજવું.

**૩૫. <u>પરિમાણ દ્વાર</u>** - (સંખ્યા)

| નિર્ગ્રંથ | **વર્તમાન અપેક્ષા** (પ્રતિપદ્યમાન) | | **પૂર્વ પર્યાય અપેક્ષા** (પૂર્વપ્રતિપન્ન) | |
|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| **પુલાક** | ×/૧,૨,૩ | પ્રત્યેક સો (૨૦૦ થી ૯૦૦) | ૧,૨,૩ | પ્રત્યેક હજાર (૨ થી ૯ હજાર) |
| **બકુશ** | ×/૧,૨,૩ | પ્રત્યેક સો | ---- | પ્રત્યેક સો ક્રોડ નિયમા (૨૦૦ થી ૩૦૦ ક્રોડ) |
| **પડિ સેવણા** | ×/૧,૨,૩ | પ્રત્યેક સો | ---- | પ્રત્યેક સો ક્રોડ નિયમા (૪૦૦ થી ૬૦૦ ક્રોડ) |
| **કષાયકુશીલ** | ×/૧,૨,૩ | પ્રત્યેક હજાર | ---- | પ્રત્યેક હજાર ક્રોડ નિયમા (૨૦૦૦ થી ૯૦૦૦ ક્રોડ) |
| **નિર્ગ્રંથ** | ×/૧,૨,૩ | ૧૬૨ | ૧,૨,૩ | પ્રત્યેક સો |
| **સ્નાતક** | ×/૧,૨,૩ | ૧૦૮ | | પ્રત્યેક ક્રોડ નિયમા |

× / = કદાચિત ન હોય, કદાચિત હોય, હોય તો ૧,૨,૩

**૩૬. <u>અલ્પબહુત્વ દ્વાર</u>** - સૌથી થોડા નિર્ગ્રંથ નિયંઠા, તેનાથી પુલાક સંખ્યાતગુણા, તેનાથી સ્નાતક સંખ્યાતગુણા, તેનાથી બકુશ સંખ્યાતગુણા, તેનાથી પડિસેવણા સંખ્યાતગુણા, તેનાથી કષાયકુશીલ સંખ્યાતગુણા.

**૩૫. <u>પરિમાણ દ્વાર</u>** -બકુશ, પડિસેવણા અને કષાય કુશીલ એ ત્રણ નિયંઠાનું પૂર્વ પર્યાય અપેક્ષાએ જે ઉત્કૃષ્ટ પરિમાણ છે, તેનો ૯૦૦૦ ક્રોડમાં સમાવેશ થઈ જાય છે, તેનાથી વધતા નથી.

**૩૬. <u>અલ્પબહુત્વ દ્વાર</u>** - ઉપર આપેલ પૂર્વપર્યાયની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સંખ્યાનું કથન કર્યું છે, તેના આધારે અલ્પબહુત્વનું કથન છે.

## ઈતિ નિયંઠા સંપૂર્ણ.

# ❃ નિયંઠાની સમજણ ❃

## માત્ર અભ્યાસ માટે પ્રશ્ન પુછાશે નહીં

**૧૫. <u>નિકાસે (પર્યવ) દ્વાર</u> :** છટ્ઠાણવડિયાનું સ્વરૂપ :

**ઉદાહરણ :** જેમ કે અસત્ કલ્પનાથી અનંતની રાશિ ૧૦૦ માનવામાં આવે, અસંખ્યાતા રાશિને ૫૦ માનવામાં આવે, સંખ્યાતાની રાશિને ૧૦ માનવામાં આવે.

**(૧) અનંતગુણ હીન/અનંતગુણ વૃદ્ધિ :** ચારિત્રનું પાલન કરનાર બે સાધુ માંથી બીજા સાધુના પર્યવોને અનંત વાર ગુણતાં જે સંખ્યા આવે, તે સંખ્યા પ્રથમ સાધુના પર્યવની સમાન થાય, તો બીજા સાધુના પર્યવો કરતાં પ્રથમ સાધુના પર્યવને અનંતગુણ અધિક કે અનંત ગુણ વૃદ્ધિ કહેવાય અને બીજા સાધુના પર્યવોને અનંતગુણહીન કે અનંતગુણહાનિ કહેવાય.

**(૨) અસંખ્યાતગુણ હીન / અસંખ્યાતગુણ વૃદ્ધિ :** ઉપર પ્રમાણે જ બીજા સાધુના પર્યવને અસંખ્યાતવાર ગુણા કરવા પર જે સંખ્યા આવે, તે પ્રથમ સાધુના ચારિત્રપર્યવ સમાન થાય, તો બીજા સાધુના પર્યવને અસંખ્યાતગુણ હીન કહેવાય અને પ્રથમ સાધુના પર્યવને બીજા કરતાં અસંખ્યાતગુણ વૃદ્ધિ કહેવાય.

**(૩) સંખ્યાતગુણ હીન / સંખ્યાતગુણ વૃદ્ધિ :** ઉપર પ્રમાણે જ બીજા સાધુના પર્યવને સંખ્યાતવાર ગુણા કરવા પર પ્રથમ સાધુના ચારિત્રપર્યવ સમાન થાય, તો બીજા સાધુના પર્યવને સંખ્યાતગુણ હીન કહેવાય અને પ્રથમ સાધુના પર્યવને બીજા કરતાં સંખ્યાતગુણ વૃદ્ધિ કહેવાય.

**(૪) અનંતભાગ હીન / અનંતભાગ વૃદ્ધિ :** ઉપર પ્રમાણે જ એક સાધુના જે ચારિત્રપર્યવ છે, તેના અનંત વિભાગ કરવામાં આવે અને તેવો અનંતનો એક વિભાગ બીજા સાધુમાં ઓછો હોય, તો તેને અનંતભાગ હીન કહેવાય. અનંત વિભાગ બીજા સાધુમાં અધિક હોય, તો તેને અનંતભાગ વૃદ્ધિ કહેવાય.

**(૫) અસંખ્યાતભાગ હીન / અસંખ્યાતભાગ વૃદ્ધિ :** ઉપર પ્રમાણે એક સાધુના જે ચારિત્રપર્યવ છે, તેના અસંખ્ય વિભાગ કરવામાં આવે અને તેવો અસંખ્યાતનો એક વિભાગ બીજા સાધુમાં ઓછો હોય, તો તેને અસંખ્યાતભાગ હીન કહે છે. અસંખ્યાત વિભાગ બીજા સાધુમાં અધિક હોય, તો તે અસંખ્યાતભાગ વૃદ્ધિ છે.

**(૬) સંખ્યાતભાગ હીન / સંખ્યાતભાગ વૃદ્ધિ :** ઉપર પ્રમાણે એક સાધુના જે ચારિત્રપર્યવ છે, તેના સંખ્યાતા વિભાગ કરવામાં આવે અને તેવો સંખ્યાતમો એક વિભાગ બીજા સાધુમાં ઓછો હોય, તો તેને સંખ્યાતભાગ હીન કહેવાય. સંખ્યાત વિભાગ બીજા સાધુમાં અધિક હોય, તો તેને સંખ્યાતભાગ વૃદ્ધિ કહેવાય.

**(૧) અનંતગુણ હીન /અનંતગુણ વૃદ્ધિ :** એક સાધુના પર્યવને ૧૦,૦૦૦ માનવામાં આવે અને અન્ય સાધુના પર્યવને ૧૦૦ માનવામાં આવે તો, ૧૦,૦૦૦ને અનંતની રાશિ ૧૦૦ વડે ભાગતા ૧૦૦ વધે તે ૧૦૦, ૧૦,૦૦૦થી **અનંતગુણ હીન** રાશિ થઈ. (૧૦,૦૦૦ ÷ ૧૦૦ = ૧૦૦)

એક સાધુના પર્યવને ૧૦૦ માનવામાં આવે અને અન્ય સાધુના પર્યવને ૧૦,૦૦૦ માનવામાં આવે તો ૧૦૦ ને ૧૦૦ (અનંત) વડે ગુણતાં ૧૦,૦૦૦ આવે તે **અનંતગુણ વૃદ્ધિ** રાશિ થઈ. (૧૦૦ × ૧૦૦ = ૧૦,૦૦૦)

**(૨) અસંખ્યાતગુણ હીન/અસંખ્યાતગુણ વૃદ્ધિ :** એક સાધુના પર્યવને ૫,૦૦૦ માનવામાં આવે અને અન્ય સાધુના પર્યવને ૧૦૦ માનવામાં આવે, તો ૫,૦૦૦ને અસંખ્યાતની રાશિ ૫૦ વડે ભાગતાં ૧૦૦ વધે, તે ૧૦૦, ૫,૦૦૦થી **અસંખ્યાતગુણ હીન** રાશિ થઈ. (૫,૦૦૦ × ૫૦ = ૧૦૦)

૫,૦૦૦ તે ૧૦૦ થી **અસંખ્યાતગુણ** (૧૦૦ **×** ૫૦ = ૫,૦૦૦) વૃદ્ધિ રાશિ છે.

**(૩) સંખ્યાતગુણ હીન/સંખ્યાતગુણ વૃદ્ધિ :** એક સાધુના પર્યવને ૧,૦૦૦ માનવામાં આવે અને અન્ય સાધુના પર્યવને ૧૦૦ માનવામાં આવે, તો ૧,૦૦૦ને સંખ્યાતની રાશિ ૧૦ વડે ભાગતાં ૧૦૦ વધે તે ૧૦૦, ૧,૦૦૦થી **સંખ્યાતગુણ હીન** રાશિ થઈ.

૧,૦૦૦ તે ૧૦૦ થી **સંખ્યાતગુણ** (૧૦૦ × ૧૦ = ૧,૦૦૦) વૃદ્ધિ રાશિ છે.

**(૪) અનંતભાગ હીન / અનંતભાગ વૃદ્ધિ :** એક સાધુના પર્યવને ૧૦૧ માનવામાં આવે અને અન્ય સાધુના પર્યવને ૧૦૦ માનવામાં આવે, તો ૧ એ ૧૦૦નો અનંતમો ભાગ છે તેથી ૧૦૧ થી ૧૦૦ **અનંતભાગ હીન** રાશિ થઈ. (૧૦૦ ÷ ૧૦૦ = ૧)

૧ એ ૧૦૦નો અનંતમો ભાગ હોવાથી ૧૦૦ થી ૧૦૧ **અનંતભાગ વૃદ્ધિ** છે.

**(૫) અસંખ્યાતભાગ હીન/ અસંખ્યાતભાગ વૃદ્ધિ :** એક સાધુના પર્યવને ૧૦૨ માનવામાં આવે અને અન્ય સાધુના પર્યવને ૧૦૦ માનવામાં આવે, તો ૨ એ ૧૦૦નો અસંખ્યાતમો ભાગ છે. માટે ૧૦૨ થી ૧૦૦ **અસંખ્યાતભાગ હીન** થશે, કારણ ૧૦૦ને ૫૦ (અસંખ્યાત) વડે ભાગતાં ૨ આવે. (૧૦૦ ÷ ૫૦ = ૨)

૨ એ ૫૦નો અસંખ્યાતમો ભાગ થાય, તેથી ૧૦૦ થી ૧૦૨ **અસંખ્યાતભાગ વૃદ્ધિ.**

**(૬) સંખ્યાતભાગ હીન /સંખ્યાતભાગ વૃદ્ધિ :** એક સાધુના પર્યવને ૧૧૦ માનવામાં આવે અને અન્ય સાધુના પર્યવને ૧૦૦ માનવામાં આવે, તો ૧૦ એ ૧૦૦નો સંખ્યાતમો ભાગ છે, માટે ૧૧૦ થી ૧૦૦ **સંખ્યાતભાગ હીન** થશે.

(૧૦૦ ÷ ૧૦ = ૧૦)

૧૦ એ ૧૦૦નો સંખ્યાતમો ભાગ થાય, તેથી ૧૦૦ થી ૧૧૦ **સંખ્યાતભાગ વૃદ્ધિ.**

## સાધુના પર્યવ હીન/વૃદ્ધિનો કોઠો

| સાધુના પર્યવ હીન - વૃદ્ધિ | ૧ સાધુના પર્યવ સંખ્યા | બીજા સાધુના પર્યવ સંખ્યા | ગુણાકાર/ભાગાકાર ની રાશિ |
|---|---|---|---|
| અનંતગુણ હીન | ૧૦,૦૦૦ | ૧૦૦ | ૧૦૦ (અનંત) |
| અસંખ્યાતગુણ હીન | ૫,૦૦૦ | ૧૦૦ | ૫૦ (અસંખ્યાત) |
| સંખ્યાતગુણ હીન | ૧,૦૦૦ | ૧૦૦ | ૧૦ (સંખ્યાત) |
| અનંતભાગ હીન | ૧૦૧ | ૧૦૦ | ૧ (અનંતમો ભાગ) |
| અસંખ્યાતભાગ હીન | ૧૦૨ | ૧૦૦ | ૨ (અસંખ્યાતમો ભાગ) |
| સંખ્યાતભાગ હીન (સંખ્યાતમો ભાગ) | | ૧૧૦ | ૧૦૦ ૧૦ |
| અનંતગુણ વૃદ્ધિ | ૧૦૦ | ૧૦,૦૦૦ | ૧૦૦ (અનંત) |
| અસંખ્યાતગુણ વૃદ્ધિ | ૧૦૦ | ૫,૦૦૦ | ૫૦ (અસંખ્યાત) |
| સંખ્યાતગુણ વૃદ્ધિ | ૧૦૦ | ૧,૦૦૦ | ૧૦ (સંખ્યાત) |
| અનંતભાગ વૃદ્ધિ | ૧૦૦ | ૧૦૧ | ૧(૧૦૦ નો ૧૦૦મો એટલેકે અનંતમો ભાગ) |
| અસંખ્યાતભાગ વૃદ્ધિ ૨(૧૦૦નો ૫૦મો | | ૧૦૦ | ૧૦૨ એટલેકે અસં.મો ભાગ) |
| સંખ્યાતભાગ વૃદ્ધિ | ૧૦૦ | ૧૧૦ | ૧૦ (૧૦૦નો ૧૦મો એટલે કે સં.મો ભાગ) |

કષાયકુશીલના સર્વ જઘન્યપર્યાય પ્રાયઃ નવદીક્ષિતની અપેક્ષાએ સમજવામાં આવે છે, અન્ય સાધુઓમાં પણ ક્યારેક આવું સંભવી શકે છે. કષાયકુશીલના પજ્જવા ક્યારેક બકુશ, પિડસેવણાથી હીન થઈ જાય છે, છતાં ક.કુ.ની આબરૂ તો પ્રતિષ્ઠિત વ્યક્તિની જેમ રહે છે. અર્થાત તેનું સાધુપણુ ટકી રહે છે. પુલાકના ઉત્કૃષ્ટ પર્યવ ઘણા જ ઓછા છે, કારણ કે ૯ પૂર્વના જ્ઞાતાની નાનકડી પણ ભૂલ તેના ઘણા સંયમ પજ્જવા નષ્ટ કરનારી બને છે. લબ્ધિ પ્રયોગમાં તેના ઘણા ચારિત્ર પજ્જવાનો નાશ થઈ જાય છે.

૧૧ થી ૧૪ ગુણસ્થાનમાં વર્ધમાન પરિણામ હોવા છતાં પર્યવ વધતા નથી. કષાયનો ક્ષય કે ઉપશમ હોવાથી નિર્ગ્રંથ અને સ્નાતકમાં વર્ધમાન અને અવસ્થિત બે પ્રકારના પરિણામ હોય છે. નિર્ગ્રંથમાં વર્ધમાન પરિણામ બારમા ગુણસ્થાને ઘાતિકર્મોનો ક્ષય થાય, ત્યારે હોય છે. અગિયારમા ગુણસ્થાને અવસ્થિત પરિણામ હોય છે. સ્નાતકમાં તેરમા ગુણ. શૈલેશીકરણ સમયે વર્ધમાન પરિણામ હોય છે. અને તે સિવાયના સમયે અવસ્થિત પરિણામ હોય છે. સંયમસ્થાન અને સંયમપર્યવ સ્થિત થઈ જાય છે. સંયમનો સંપૂર્ણ વિકાસ થઈ ગયો હોવાથી અવસ્થિત પર્યવ હોય છે.

# સંજયા - સંયતિ

## શ્રી ભગવતી સૂત્ર-શતક ૨૫, ઉ. ૭

**સંજયાના ૩૬ દ્વાર અને તેની ગાથા નિયંઠા સમાન જાણવા.**

**૧. <u>પન્નવણા દ્વાર</u>** - સંયતિ પાંચ પ્રકારના - **(૧) સામાયિક ચારિત્ર,**
**(૨) છેદોપસ્થાપનીય ચારિત્ર, (૩) પરિહારવિશુદ્ધ ચારિત્ર,**
**(૪) સૂક્ષ્મસંપરાય ચારિત્ર, (૫) યથાખ્યાત ચારિત્ર.**

**[૧] સામાયિક ચારિત્ર** - (ગુણ. ૬ થી ૯) સર્વવિરતિ રુપ ચારિત્ર અથવા સર્વ સાવદ્યયોગના ત્રિકરણ અને ત્રિયોગે યાવજ્જીવન પર્યંતના પ્રત્યાખ્યાન કરવા, તે સામાયિક ચારિત્ર છે. તેના બે ભેદ. **(અ) ઈત્વરિક, (બ) યાવત્કથિક.**

**(અ) ઈત્વરિક (સ્વલ્પકાળનું) સામાયિક ચારિત્ર** -દીક્ષા ગ્રહણ કર્યા પછી સાધુમાં જ્યાં સુધી છેદોપસ્થાપનીય ચારિત્ર (વડી દીક્ષા)નું આરોપણ કરવામાં ન આવે, ત્યાં સુધીનો સમય ઈત્વરિક સામાયિકચારિત્ર કહેવાય છે. ભરત અને ઈરવત ક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં સાધુઓને ઈત્વરિક સામાયિક ચારિત્ર હોય છે. પરંપરાએ જઘન્ય ૭ દિવસ, મધ્યમ ૪ માસ અને ઉત્કૃષ્ટ ૬ માસ સુધી નવદીક્ષિત સાધુને ઈત્વરિક સામાયિક ચારિત્ર હોય.

**(બ) યાવત્કથિક (જાવજીવનું) સામાયિક ચારિત્ર** - મધ્યના ૨૨ તીર્થંકરના અને મહાવિદેહ ક્ષેત્રના સાધુઓ એકવાર સામાયિક ચારિત્ર ગ્રહણ કર્યા પછી બીજા કોઈ ચારિત્રને ગ્રહણ કરતા નથી, તેથી તેમનું સામાયિક ચારિત્ર જાવજીવનું હોય છે.

**(૨) છેદોપસ્થાપનીય ચારિત્ર** - (ગુણ. ૬ થી ૯) જે ચારિત્રમાં પૂર્વપર્યાયનો છેદ કરી મહાવ્રતોનું આરોપણ કરવામાં આવે છે, તેને છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. તેના બે ભેદ -

---

**૧. <u>પન્નવણા દ્વાર</u> : દ્વાર ૧. - ૧.** મહાવ્રતમાં સ્થિર આત્માને **સંયતિ** કહેવામાં આવે છે. **૨.** સર્વ સાધુ, શ્રમણોએ સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કરેલું હોય છે, પણ ચારિત્ર મોહનીયકર્મના ક્ષયોપશમની વિભિન્નતા, વિચિત્રતાના, તેમ જ ચારિત્રની આરાધના (જાગૃતિ) ના કારણે સંયતના પાંચ ભેદ છે.

**(૧) સામાયિક અને (૨) છેદોપસ્થાપનીય ચારિત્ર :**

સામાયિક ચારિત્રવાળાને યાવજ્જીવન પચ્ચક્ખાણ હતા, તેમાં પૂર્વ પર્યાયનો છેદ કરાયો, તો પણ વ્રત ભંગ નથી. જેમ કે કોઈએ ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા હોય, તેમાં બીજો ઉપવાસ ઉમેરે, તો પાછલો ઉપવાસ તૂટતો નથી તેમ. છેદોપસ્થાનીય ચારિત્રમાં સામાયિકનો સમાવેશ થઈ ગયો. સામાયિકનું સ્વરૂપ વધારે વિસ્તૃત કરીને પાંચમા આરાના વક્ર અને જડ જીવોને બતાવવામાં આવ્યું છે. છેદોપસ્થાપનીય આપતાં પહેલાના જ. ૭ દિવસ ઉ. ૬ માસનો કાળ અભ્યાસનો કાળ તથા પાત્રતા, અપાત્રતાની ઓળખ થાય તેનો કાળ છે. દીક્ષાજયંતી અથવા સંયમપર્યાયની ગણતરી સામાયિક ચારિત્રના દિવસથી જ ગણાય છે. છેદોપસ્થાનીય ચારિત્રમાં સામાયિકના બધા નિયમો સમાવી લેવાયા છે. પ્રથમ તીર્થંકરના શાસનના સાધુને બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરાવે, ત્યારે તેમને પણ છેદોપસ્થાનીયમાંથી સામાયિક ચારિત્ર ગ્રહણ કરાવાય છે.

**(અ) સાતિચાર** - પૂર્વસંયમમાં દોષ લાગવાથી, તેનો છેદ કરીને, નવી દીક્ષા લે તે.

**(બ) નિરતિચાર** - **૧.** શાસન કે સંપ્રદાયનું પરિવર્તન કરીને ફરી દીક્ષા લે. જેમ કે પાર્શ્વનાથના શાસનના સાધુ મહાવીર પ્રભુના શાસનમાં દીક્ષા લે તે[૧].

**૨.** ઈત્વરિક સામાયિક ચારિત્રી ને છેદો. ચા. (વડીદીક્ષા) આપવામાં આવે તે. નવ દીક્ષિત સાધુને વડી દીક્ષા સમયે જે મહાવ્રતોનું આરોપણ કરાય છે, તે નિરતિચાર હોય છે.

**(૩) પરિહારવિશુદ્ધ ચારિત્ર** - (ગુણ. ૬-૭) પરિહાર એટલે કર્મનું હરણ-ક્ષય કરવા માટે થતી વિશિષ્ટ તપ સાધના. જેમાં તપ વિશેષથી કર્મનિર્જરારૂપ શુદ્ધિ કરાય, તેને, પરિહારવિશુદ્ધ ચારિત્ર કહેવાય છે. આ ચારિત્ર છેદોપસ્થાપનીય ચારિત્રવાળાને જ હોય. તેથી ભરત અને ઐરવત ક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં જ આ ચારિત્ર હોય છે. તેના બે ભેદ

**(અ) નિર્વિશ માનક** - તપ કરનારા, **(બ) નિર્વિષ્ટ કાયિક** - વૈયાવચ્ચ કરનારા.

૯ સાધુઓ ૨૦ વર્ષ ગુરુકુળવાસ કરીને, જ. ૯ પૂર્વની ત્રીજી, આચાર વત્થુ, ઉ. ૧૦ પૂર્વ ન્યૂન ભણે. પછી ગુરુઆજ્ઞાએ વિશેષગુણ પ્રાપ્તિ માટે ૯ સાધુઓ પરિહારવિશુદ્ધ ચારિત્ર નો  સ્વીકાર કરે. તેમાં છ માસ સુધી ૪ મુનિ તપ કરે, ૪ મુનિ વૈયાવચ્ચ કરે, ૧ મુનિ વ્યાખ્યાન વાંચે. બીજા ૬ માસ સુધી ૪ વૈયાવચ્ચી મુનિ તપ કરે, ૪ તપ કરનારા વૈયાવચ્ચ કરે, ૧ મુનિ વ્યાખ્યાન વાંચે. ત્રીજા છ માસમાં ૧ વ્યાખ્યાન વાંચનાર તપ કરે, ૧ વ્યાખ્યાન વાંચે અને ૭ વૈયાવચ્ચ કરે. તપશ્ચર્યામાં ઉનાળે જઘ.- ૧ મધ્યમ-૨ ઉ.-૩ ઉપવાસ, શિયાળે જઘ.- ૨ મધ્યમ-૩ ઉ.-૪ ઉપવાસ, ચોમાસે જઘ.૩ મધ્યમ-૪ ઉ.-૫ ઉપવાસ કરે. નવ સાધુઓમાં તપ કરનારા સાધુઓને પારણામાં તથા નિર્વિષ્ટકાયિકને નિત્ય આયંબિલ તપ હોય છે. અને ગણપ્રમુખ પણ નિત્ય આયંબિલ કરે છે. એમ ૧૮ માસ તપ કરીને જિનકલ્પી થાય કે ગુરકુળવાસ સ્વીકારે કે પરિહારવિશુદ્ધ કલ્પ ફરી ધારણ કરે.

---

[૧] જ્યારે ૨૩મા તીર્થંકરના શાસનના સાધુને ૨૪મા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરાવે, ત્યારે તે સાધુને નવું છેદોપસ્થાપનીય ચારિત્ર આપવામાં આવે છે, તેથી તેમના પૂર્વ પર્યાયનો નિરતિચાર છેદ થઈ જાય છે. ત્યાર પછીના સમયથી તેના સંયમ પર્યાયની ગણના થાય છે, તેથી તે સામાયિક ચારિત્રની અપેક્ષાએ મોટા હોવા છતાં છેદો. ચારિત્રની અપેક્ષાએ નાના ગણાય છે. પરંતુ તેઓ ૨૩મા તીર્થંકરના શાસનના સાધુ સરળતા આદિ ગુણયુક્ત હોવાથી પોતાને સહુથી નાના માનવામાં તેમને કોઈ તકલીફ થતી નથી.

**(૩) પરિહાર વિશુદ્ધ ચારિત્ર :** પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં એક સાધુ ગણપ્રમુખ અર્થાત્ તે ગુરુ સ્થાને હોય છે. તે વ્યવસ્થા સંભાળે છે, જેથી બધા તેમને પૂછીને, તેમની આજ્ઞાથી કાર્ય કરે. તેઓ પ્રાયઃ પચ્ચક્ખાણ આપવા, વ્યાખ્યાન વાંચવા વિ. કાર્ય કરે.

**(૪) સૂક્ષ્મસંપરાય ચારિત્ર** - (ગુણસ્થાન ૧૦મું) ઉપરોક્ત ચારિત્રનું પાલન કરતાં, જ્યારે મોહનીય કર્મની ૨૭ પ્રકૃતિનો ક્ષય અથવા ઉપશમ થઈ જાય અને માત્ર સૂક્ષ્મ લોભનોજ ઉદય હોય, સાધકની આ પ્રકારની અવસ્થાને સૂક્ષ્મસંપરાય ચારિત્ર કહે છે. તેના ૨ ભેદ :

**(અ) સંક્લિશ્યમાન -** તે ઉપશમ શ્રેણીથી પડનારા જીવોનું ચારિત્ર.

**(બ) વિશુદ્ધયમાન -** તે ઉપશમ અને ક્ષપક શ્રેણી પર ચડનારા જીવોનું ચારિત્ર.

**(૫) યથાખ્યાત ચારિત્ર** - (ગુણ.૧૧થી૧૪) મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિનો ક્ષય કે ઉપશમ થઈ જાય, જે અકષાયના રૂપમાં પ્રખ્યાત છે તે અથવા જેવું સંપૂર્ણ ચારિત્ર હોવું જોઈએ, તેવું શુદ્ધ ચારિત્ર, તે યથાખ્યાત. તેના ૨ ભેદ :

**(અ) છદ્મસ્થ અને** (બ) **કેવળી.**

**(અ) છદ્મસ્થના બે ભેદ :** ૧. ઉપશાંત વીતરાગી (૧૧મુ ગુણ.) અને

૨. ક્ષીણ વીતરાગી (૧૨મુ ગુણ.).

**(બ) કેવળીના બે ભેદ :** ૧. સયોગી કેવળી (૧૩મુ ગુણ.) અને

૨. અયોગી કેવળી (૧૪મુ ગુણ.).

**૨. <u>વેદ દ્વાર</u>** - સામાયિક, છેદોપસ્થાપનીય ચારિત્રી સવેદી (૩ વેદ) તથા અવેદી.

પરિહાર વિશુદ્ધ ચારિત્રી પુરુષવેદી કે પુરુષ નપુંસક વેદી.

સૂક્ષ્મ સંપરાય ચારિત્રી તથા યથાખ્યાત ચારિત્રી અવેદી. (ઉપશમ કે ક્ષીણ અવેદી)

**૩. <u>રાગ દ્વાર</u> -** પ્રથમ ચાર સંયતિ સરાગી. યથાખ્યાત ચારિત્રી વીતરાગી.

**૪. <u>કલ્પ દ્વાર</u> -** સામાયિક સંયતિમાં પાંચ કલ્પ. છેદો. અને પરિ. વિ. માં ૩ કલ્પ (સ્થિત, સ્થવિર, જિનકલ્પ). સૂક્ષ્મ. અને યથા. માં ૩ કલ્પ (સ્થિત, અસ્થિત, કલ્પાતીત).

---

**૨. <u>વેદ દ્વાર</u> :** સવેદીના ગુણસ્થાન ૧ થી ૯ અને અવેદીના ગુણ. ૯ થી ૧૪. સામા. અને છેદો. વાળા ૯મા ગુણસ્થાનમાં શ્રેણી પર ચડનારા સવેદીમાંથી અવેદી બને છે. તે ક્ષીણ અવેદી કે ઉપશાંત અવેદી હોય છે અને ૬,૭,૮ ગુણ.માં સવેદી હોય છે

સ્ત્રી ૧૨ અંગસૂત્રમાંથી ૧૧ અંગસૂત્રોનો જ અભ્યાસ કરે છે. ૧૨મા અંગસૂત્ર દૃષ્ટિવાદમાં ૧૪ પૂર્વના જ્ઞાનનો સમાવેશ થાય છે. સ્ત્રીને પૂર્વના અભ્યાસનો અભાવ હોય છે, તેથી સ્ત્રીને પરિહાર વિશુદ્ધ ચારિત્ર હોતું નથી.

**૪. <u>કલ્પ દ્વાર</u> :** સામાયિક સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર દરેક ક્ષેત્ર - કાળમાં હોય છે, તેથી તેમાં સ્થિત, અસ્થિત, બંને કલ્પ, જિંનકલ્પ, સ્થવિરકલ્પ, અને (તીર્થંકરોની અપેક્ષાએ) કલ્પાતીત હોય છે, આ રીતે પાંચે કલ્પ હોય છે. વચ્ચેના ૨૨ તીર્થંકરના શાસનમાં તથા મહાવિદેહમાં ઋજુતા (સરળતા) ને કારણે છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધચારિત્રની જરૂર પડતી નથી, તેથી તે બંને ચરિત્રમાં અસ્થિત કલ્પ નથી. પરિહાર વિ. ચા. તો સ્થવિર કલ્પમાં જ હોય છે, પરંતુ ક્યારેક કોઈ પરિહાર વિ. ચારિત્રી એકલો રહી જાય અને જિનકલ્પને ધારણ કરી લે, તો તે પરિહાર વિ. ચા. અને જિનકલ્પ બંનેના નિયમોનું પાલન કરે, તેથી પરિહાર વિ. ચા.માં જિનકલ્પ કહ્યા છે.

**૫. <u>નિયંઠા દ્વાર</u>** - સામા. તથા છેદો, ચારિત્રમાં ચાર નિયંઠા. (પુલાક, બકુશ, પડિસેવણા અને કષાયકુશીલ.) પરિહારવિશુદ્ધ અને સૂક્ષ્મ. માં એક કષાયકુશીલ નિયંઠો. યથાખ્યાતમાં ૨ નિયંઠા (નિર્ગ્રંથ અને સ્નાતક).

**૬. <u>પડિસેવણા દ્વાર</u>** - સામાયિક, છેદોપસ્થાપનીયમાં મૂળગુણ પ્રતિસેવી (પાંચ મહાવ્રતમાં દોષ લગાડે) તથા ઉત્તરગુણ પ્રતિસેવી કે અપ્રતિસેવી. શેષ ૩ ચારિત્રી અપ્રતિસેવી. (વ્રતોમાં દોષ ન લગાડે).

**૭. <u>જ્ઞાન દ્વાર</u>** - પ્રથમ ચાર સંયતિમાં ૨-૩-૩-૪ જ્ઞાન. યથાખ્યાતમાં ૫ જ્ઞાનની ભજના (છદ્મસ્થ અવસ્થામાં ૨-૩-૩-૪ જ્ઞાન અથવા કેવળીમાં કેવળજ્ઞાન).

**શ્રુતજ્ઞાન** અભ્યાસની અપેક્ષાએ સામા., છેદો., સૂક્ષ્મ. માં જઘ. અષ્ટપ્રવચન, ઉ. ૧૪ પૂર્વ પૂર્ણ સુધી. પરિહાર વિશુદ્ધ માં જઘ. ૯ મા પૂર્વની ત્રીજી આચારવત્થુ સુધી ઉ. ૧૦ પૂર્વમાં ન્યૂન. યથાખ્યાત ચા. માં જઘ. અષ્ટપ્રવચન, ઉ. ૧૪ પૂર્વ પૂર્ણ સુધી (છદ્મસ્થ અવસ્થામાં) અથવા સૂત્ર (શ્રુત) વ્યતિરિક્ત (કેવળજ્ઞાન આશ્રી).

**૮. <u>તીર્થ દ્વાર</u>** - સામા., સૂક્ષ્મ., યથા. ચારિત્રી તીર્થ અને અતીર્થ બંનેમાં હોય (અતીર્થમાં તીર્થંકર, પ્રત્યેક બુદ્ધ વગેરે.) છેદો. તથા પરિ. વિ. ચારિત્રી તીર્થમાં જ હોય.

**૯. <u>લિંગ હાર</u>** - પરિહાર વિશુદ્ધ. ચારિત્રી દ્રવ્ય. ભાવથી સ્વલિંગી હોય છે. શેષ ચાર સંયતિ દ્રવ્યથી સ્વલિંગી, અન્યલિંગી કે ગૃહસ્થલિંગી હોય પણ ભાવથી સ્વલિંગી હોય.

**૧૦. <u>શરીર દ્વાર</u>** - સામા., છેદો. માં ૩-૪-૫ શરીર. શેષ ત્રણમાં ૩ ઔદા, તે, કા. શરીર.

**૧૧. <u>ક્ષેત્ર દ્વાર</u>** - સામા., સૂક્ષ્મ., યથા. ૧૫ કર્મભૂમિમાં હોય. છેદો., પરિહાર વિશુદ્ધ. ફક્ત ૫ ભરત, ૫ ઈરવતમાં જ હોય. અકર્મભૂમિમાં સંહરણ અપેક્ષાએ સામાયિક, છેદો., સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત ચારિત્રી હોય. પરિહાર વિશુદ્ધ ચારિત્રીનું સંહરણ ન થાય.

**૧૨. <u>કાળ દ્વાર</u>** - સામા. ચારિત્રી અવસર્પિણી કાળના ૩-૪-૫ આરામાં જન્મે અને ૩-૪-૫ આરામાં પ્રવર્તે. ઉત્સર્પિણી કાળના ૨-૩-૪ આરામાં જન્મે અને ૩-૪ આરામાં પ્રવર્તે.

---

**૬. <u>પડિસેવણા દ્વાર</u> :** પરિહારમાં દોષસેવનના પરિણામોનો અભાવ હોવાથી દોષસેવન થતું નથી, તેથી તે અપ્રતિસેવી હોય છે. કોઈ કદાચ પરિહાર વિ. ચારિત્ર છોડીને પાછો છેદોપસ્થાપનીયમાં આવી જાય, તો તેનાથી પરિહાર વિ.ચા.ની વિરાધના નથી થતી કારણ કે, પરિહાર વિ.ચા.માં રહેતા તેણે તેના નિયમોની કોઈ વિરાધના કરી નથી .

**૭. <u>જ્ઞાન દ્વાર</u> :** પરિહાર વિશુદ્ધ ચા.ને અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન થઈ શકે છે.

**૯. <u>લિંગ દ્વાર</u> :** પરિહાર વિશુદ્ધ ચારિત્રવાળાને પૂર્વનું જ્ઞાન હોવાથી તેઓ સ્વલિંગમાં જ હોય. તેમને ગૃહસ્થલિંગ, અન્યલિંગનો નિષેધ કર્યો છે. આ ચારિત્ર ધારણ કર્યા પછી તેઓ પરિસ્થિતિવશ પણ અન્ય વેશને ધારણ કરતા નથી. લોકોના સંપર્ક આદિથી દૂર રહેવાને કારણે પણ તેઓને આવી પરિસ્થિતિનો સામનો કરવાનો હોતો નથી.

**૧૦. <u>શરીર દ્વાર</u> :** પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં વૈક્રિય અને તેજસલબ્ધિ ફોરવતા નથી, માટે શરીર ત્રણ જ કહ્યા. આહારકલબ્ધિ તો ૧૪ પૂર્વીઓને જ થતી હોય છે.

મહાવિદેહમાં સદા હોય. સંહરણ અપેક્ષા અન્ય ક્ષેત્ર (૩૦ અકર્મભૂમિ માં) પણ હોય. છેદો. ચારિત્રી મહાવિદેહમાં ન હોય, શેષ ઉપરવત્. પરિ. વિ. આ. અવસર્પિણી કાળના ૩-૪ આરામાં જન્મે અને ૩-૪-૫ આરામાં પ્રવર્તે. ઉત્સ. ના ૨-૩-૪ આરામાં જન્મે અને ૩-૪ આરામાં પ્રવર્તે, મહાવિદેહમાં ન હોય, સંહરણ ન થાય. સૂક્ષ્મ., યથા. ચારિત્રી અવસર્પિણી કાળના ૩-૪ આરામાં જન્મે અને ૩-૪-૫ આરામાં પ્રવર્તે. ઉત્સ. ના ૨-૩-૪ આરામાં જન્મે અને ૩-૪ આરામાં પ્રવર્તે, મહાવિદેહમાં પણ હોય. સંહરણ આશ્રી અન્યકાળમાં પણ હોય.

**૧૩. <u>ગતિ દ્વાર</u> -**

| | ગતિ પામે | | સ્થિતિ પામે | |
|---|---|---|---|---|
| **સંયત** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| સામાયિક | સૌધર્મ કલ્પ | પાંચ અનુ. વિમાન | પ્રત્યેક પલ્ય | ૩૩ સાગર |
| છેદોપસ્થાપનીય | સૌધર્મ કલ્પ | પાંચ અનુ. વિમાન | પ્રત્યેક પલ્ય | ૩૩ સાગર |
| પરિહાર વિશુદ્ધ | સૌધર્મ કલ્પ | સહસ્ત્રાર દેવલોક | પ્રત્યેક પલ્ય | ૧૮ સાગર |
| સૂક્ષ્મ સંપરાય | પાંચ અનુત્તર | વિમાનની જ | અજઘન્યઅનુત્કૃષ્ટ | ૩૩ સાગર |
| ઉપશાંત યથાખ્યાત | પાંચ અનુત્તર | વિમાનની જ | અજઘન્યઅનુત્કૃષ્ટ | ૩૩ સાગર |
| ક્ષીણ યથાખ્યાત | મોક્ષ | | સાદિ અનંત | |

દેવતામાં પાંચ પદવી છે. ૧. ઈન્દ્ર, ૨. સામાનિક, ૩. ત્રાયસ્ત્રિંશક, ૪. લોકપાલ અને ૫. અહમેન્દ્ર. સામા. છેદો. બંને આરાધક હોય, તો આ પાંચમાંથી કોઈપણ એક પદવી પામે. પરિ. પ્રથમ ચારમાંથી ૧ પદવી પામે. સૂક્ષ્મ., યથા.બંનેમાં ઉપશાંતમોહી અહમેન્દ્ર પદ પામે. સૂક્ષ્મ., યથા. બંનેમાં ક્ષીણમોહી મોક્ષે જાય.

**૧૪. <u>સંયમસ્થાન દ્વાર</u>** - સામા., છેદો., પરિ. માં અસંખ્ય સંયમસ્થાન હોય. સૂક્ષ્મ. માં અંતર્મુહૂર્તના સમય જેટલા અસંખ્યસ્થાન હોય. અને યથા. નું સંયમસ્થાન એક જ છે.

**અલ્પબહુત્વ** - સૌથી થોડા યથાખ્યાત ચારિત્રીના સંયમસ્થાન, તેનાથી સૂક્ષ્મસંપરાય ચારિત્રીના સંયમસ્થાન અસંખ્યાતગુણા, તેનાથી પરિહાર વિશુદ્ધ ચારિત્રીના સંયમસ્થાન અસંખ્યાતગુણા, તેનાથી સામાયિક ચારિત્રી, છેદોપસ્થાપનીય ચારિત્રીના સંયમસ્થાન પરસ્પર તુલ્ય અને અસંખ્યાતગુણા.

---

તેથી પરિહારવિશુદ્ધ માં નથી. યથાખ્યાત ચારિત્રી વૈક્રિય, તેજસ કે આહારકલબ્ધિ ફોરવતા નથી. તેથી ત્યાં પણ ત્રણ શરીર હોય છે.

**૧૨. કાળ દ્વાર :** ૧૪ પૂર્વનું જ્ઞાન તીર્થંકરની બે પેઢી સુધી ચાલે છે. બે પેઢી એટલે તીર્થંકરના શિષ્યો અને તેમના શિષ્યો, ત્યાર બાદ તે જ્ઞાન ઘટતું જાય છે. અવસર્પિણીના પાંચમા આરામાં જન્મેલ પાંચમા આરામાં મોક્ષે ન જાય, તેથી પરિહાર વિશુદ્ધ ચારિત્રી, સૂ.સં.ચારિત્રી અને યથા. ચારિત્રી, એ ત્રણનો જન્મ ચોથા આરામાં થયો હોય, તો પાંચમા આરામાં પ્રવર્તન કરી શકે છે. પરંતુ પાંચમા આરામાં જન્મેલા હોય, તે આવા ભાવો પામી શકે નહીં.

**૧૩. ગતિ દ્વાર :** પરિહાર વિશુદ્ધ ચારિત્રવાળાને ૮મા દેવલોકથી ઉપર જઈ શકે તેવા પ્રકારનાં પરિણામ થતા નથી.

**૧૫. <u>નિકાસે દ્વાર</u>** - એકેક સંયમના પર્યવ (પજ્જવા) અનંતાનંત છે.

પહેલા ત્રણ સંયતિના પર્યવ પરસ્પર તુલ્ય તથા ષટ્ગુણ હાનિ - વૃદ્ધિ. પ્રથમ ૩ સંયતિના સંયમપર્યવ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર અને યથાખ્યાતથી અનંતગુણા ન્યૂન છે.

સૂક્ષ્મ સંપ. ચા.ના પ્રથમ ત્રણથી અનંતગુણા અધિક છે. સૂ.સં.ચા.થી પરસ્પર તુલ્ય, અનંતગુણ હાનિ કે અનંતગુણ વૃદ્ધિ છે. યથાખ્યાતથી અનંતગુણા ન્યૂન છે. યથાખ્યાત ચારિત્રના પ્રથમ ચારથી અનંતગણા અધિક છે. યથાખ્યાતથી તુલ્ય છે.

**તે સંયમપર્યવનો અલ્પબહુત્વ નીચે મુજબ છે.**

સૌથી થોડા સામા., છેદો. ના જઘન્ય સંયમ પર્યવ (પરસ્પર તુલ્ય)
તેથી પરિહાર વિશુદ્ધના જઘન્ય સંયમ પર્યવ અનંતગુણા,
તેથી પરિહાર વિશુદ્ધના ઉત્કૃષ્ટ સંયમ પર્યવ અનંતગુણા,
તેથી સામા. છેદો. ના ઉત્કૃષ્ટ સંયમ પર્યવ અનંતગુણા,
તેથી સૂક્ષ્મ સંપરાયના જઘન્ય સંયમ પર્યવ અનંતગુણા,
તેથી સૂક્ષ્મ સંપરાયના ઉત્કૃષ્ટ સંયમ પર્યવ અનંતગુણા,
તેથી યથાખ્યાતના સંયમ પર્યવ અનંતગણા પરસ્પર તુલ્ય.

---

શ્રેણીમાં જીવ ક્યાંય પણ કાળ કરે, તો ગતિ અનુત્તર વિમાનની અને સ્થિતિ ૩૩ સાગરની પામે, તેવી જ સંભાવના રહેલી છે. નિયંઠાના થોકડામાં તો નિર્ગ્રંથની જઘન્ય સ્થિતિ પ્રત્યેક પલ્યની બતાવી છે, જ્યારે સંજયામાં તો જઘ. સ્થિતિ બે પલ્યની બતાવી છે. (પ્રત્યેક પલ્યમાં ૨ થી ૯ લેવાના હોય છે, તેથી ૨ પલ્ય સમજી શકાય છે.) તેથી સંયમી આત્માની દેવલોકમાં જઘન્ય સ્થિતિ બે પલ્યની નક્કી થાય છે.


**૧૪. <u>સંયમ સ્થાન</u> :** સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનની સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને સૂક્ષ્મ સંપરાય ચારિત્રની વિશુદ્ધિના પરિણામ પણ પ્રતિસમય વિશેષ વિશેષ હોવાથી તેની સ્થિતિ જેટલાં જ સંયમસ્થાન એટલે કે અસંખ્યાત સંયમસ્થાન હોય છે.

**૧૫. <u>નિકાસે દ્વાર</u> :** સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં શ્રેણી ચઢતાં પ્રતિ સમય અનંત ગુણ વિશુદ્ધિ થતી હોય છે, તેથી અલગ અલગ સમયવર્તી જીવોના સંયમ પજ્જવામાં છટ્ઠાણવડિયા છતાં સમ સમયવર્તી જીવોના પર્યવ તુલ્ય હોય છે. તેવી જ રીતે શ્રેણી ઊતરતાં પ્રતિસમય અનંતગુણ હાનિ થતી હોય છે, તેથી ત્યારેપણ અલગ અલગ સમયવર્તી જીવોના સંયમ પજ્જવામાં છટ્ઠાણવડિયા અને સમ સમયવર્તી જીવોનાં પર્યવ તુલ્ય હોય છે.

## પાંચ ચારિત્રના પર્યવોનો અલ્પબહુત્વ

| | સામાયિક | છેદો. | પરિહાર વિ. | સૂ. સં. | યથાખ્યાત |
|---|---|---|---|---|---|
| જઘ. | ૧ | ૧ | ૨ | ૫ | ૭ |
| ઉત્કૃષ્ટ | ૪ | ૪ | ૩ | ૬ | ૭ |

પાંચ ચારિત્રના સંયમ પર્યવોની તરતમતા



**૧૬. <u>યોગ દ્વાર</u>** - પ્રથમ ૪ સંયતિ સયોગી. યથા.ચા. સયોગી અને અયોગી બંને.

**૧૭. <u>ઉપયોગ દ્વાર</u>** - સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં એક સાકાર ઉપયોગ. શેષ ૪ ચારિત્રમાં સાકાર, અનાકાર બંને ઉપયોગ.

**૧૮. <u>કષાય દ્વાર</u>** - સામાયિક, છેદોપસ્થા.માં સંજ્વલનના ૪-૩-૨ કષાય હોય.
પરિ. વિ.માં સંજ્વલનના ચાર કષાય, સૂક્ષ્મ સં. ચા.માં માત્ર સંજ્વલનનો લોભ. યથાખ્યાત અકષાયી (ઉપશાંત કે ક્ષીણ) હોય.

**૧૯. <u>લેશ્યા દ્વાર</u>** - સામાયિક, છેદો.માં ૬ લેશ્યા. પરિહાર વિશુદ્ધમાં ૩ શુભ લેશ્યા. સૂક્ષ્મસંપરાયમાં ૧ શુક્લ લેશ્યા. યથાખ્યાતચારિત્રમાં ૧ શુક્લ લેશ્યા અથવા અલેશી.

**૨૦. <u>પરિણામ દ્વાર</u>** - સામાયિક, છેદો., પરિહાર વિશુદ્ધમાં ૩ પરિણામ. હીયમાન અને વર્ધમાનની સ્થિતિ જ. ૧ સમય, ઉ. અંતર્મુહૂર્ત. અવસ્થિતની જ. ૧ સમય, ઉ. ૭ સમયની.

સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં બે પરિણામ હીયમાન (શ્રેણીથી પડતા) અને વર્ધમાન (શ્રેણી ચડતા) બન્નેની સ્થિતિ જ. ૧ સમય, ઉ. અંતુર્મહૂર્ત.

યથા.ચા.માં બે પરિણામ વર્ધમાન અને અવસ્થિત.વર્ધમાનની સ્થિતિ જ. અંતર્મુહૂર્ત, ઉ.અંતર્મુહૂર્તની. અવસ્થિતની સ્થિતિ જ.૧ સમયની ઉ.દેશઉણા પૂર્વક્રોડ વર્ષની.

---

**૧૬. <u>યોગ દ્વાર</u> :** સયોગીના ગુણસ્થાન ૧ થી ૧૩ અને અયોગીનું ગુણસ્થાન ૧૪મું.

**૧૭. <u>ઉપયોગ દ્વાર</u> :** સૂક્ષ્મ સંપરાય ચારિત્ર સાકાર ઉપયોગમાં જ પ્રાપ્ત થાય છે તથા તેના સાકાર ઉપયોગની સ્થિતિ પૂર્ણ થતાં પહેલાં જ ૧૦મું ગુણસ્થાન પૂરું થાય છે. આ ગુણસ્થાનનો સ્વભાવ જ એવો છે કે જીવો સાકાર ઉપયોગમાં જ રહેતા હોય છે.

**૧૮. <u>કષાય દ્વાર</u> : ૧.** સકષાયીના ગુણસ્થાન ૧ થી ૧૦.

**૨.** ૯મા ગુણસ્થાનમાં સંજ્વલનના ચારે કષાય હોય, ત્યારે ૪ કષાય.

સંજ્વલનના ક્રોધનો ક્ષય કે ઉપશમ થઈ ગયો હોય, તો બાકીના ૩ કષાય.

સંજ્વલનના ક્રોધ, માનનો ક્ષય કે ઉપશમ થઈ ગયો હોય, તો ૨ કષાય હોય.

૯મા ગુણસ્થાનના છેડે સંજ્વલનની માયાનો ક્ષય કે ઉપશમ થઈ ગયા બાદ ૧૦મા ગુણસ્થાને સૂ.સં.ચા.માં માત્ર ૧ સંજ્વલનનો લોભ રહે છે.

**૩.** અકષાયીના ગુણસ્થાનક ૧૧ થી ૧૪. અકષાયીમાં ક્ષપક-શ્રેણીવાળા ક્ષીણ અકષાયી અને ઉપશમ-શ્રેણીવાળા ઉપશમ અકષાયી હોય છે.

**૨૦. <u>પરિણામ દ્વાર</u> :** સૂક્ષ્મ સંપરાય ચારિત્રના વર્ધમાન અને હીયમાન બંને પરિણામોની સ્થિતિ જઘન્ય ૧ સમય કહી છે, તે મૃત્યુની અપેક્ષાએ છે. શ્રેણી ચડતાં કે ઉતરતાં જીવ મૃત્યુ પામી શકે છે. (તેથી એમ પણ સમજી શકાય કે ૮મા અને ૯મા ગુણસ્થાને પણ શ્રેણી ચડતાં કે ઊતરતા જીવ મૃત્યુ પામી શકે છે.)

**૨૧. <u>બંધ દ્વાર</u>** - પ્રથમ ત્રણ સંયતિ ૭-૮ કર્મનો બંધ કરે. સૂક્ષ્મ. ૬ કર્મ બાંધે (મોહ., આયુ. વર્જીને). યથા. ચા. કર્મ બાંધે તો શાતા વેદનીય અથવા અબંધ.

**૨૨. <u>વેદે દ્વાર</u>** - પ્રથમ ચાર સંયતિ ૮ કર્મ વેદે. યથા. ૭ કર્મ વેદે તો મોહનીય વર્જીને અથવા ૪ અઘાતિ કર્મ વેદે.

**૨૩. <u>ઉદીરણા દ્વાર</u>** - સામાયિક, છેદો., પરિહાર વિશુદ્ધમાં ૭-૮-૬ કર્મની ઉદીરણા કરે. (૭ની કરે તો આયુષ્ય વર્જી, ૬ ની કરે તો આયુષ્ય, વેદનીય બે વર્જી).

સૂક્ષ્મ સંપરાયમાં ૬-૫ કર્મની ઉદીરણા કરે. (પાંચની કરે તો આયુષ્ય, વેદનીય, મોહનીય વર્જીને).

યથાખ્યાત ચારિત્રમાં ૫-૨ (નામ, ગોત્ર કર્મ)ની ઉદીરણા કરે અથવા કોઈ કર્મની ઉદીરણા ન કરે. (૧૪મા ગુણ.માં અયોગી હોવાથી ઉદીરણા નથી)

**૨૪. <u>ઉપસંપજ્ઝાણ દ્વાર</u>** - (તે સ્થાનને છોડી કયા સ્થાને જાય ?)

સામા. ચારિત્રી સામા. છોડે, તો ૪ સ્થાને (છેદો., સૂક્ષ્મ., સંયમાસંયમ, અસંયમમા[૧]) જાય.

છેદો[૨]. વાળા છોડે, તો ૫ સ્થાને (સામા., પરિ., સૂક્ષ્મ., સંયમાસંયમ કે અસંયમમાં) જાય.

પરિ[૩]. વાળા છોડે, તો ૨ સ્થાને (છેદો[૨]. કે અસંયમમાં) જાય.

સૂક્ષ્મ. વાળા[૪] છોડે, તો ૪ સ્થાને (સામા., છેદો., યથા., કે અસંયમમાં) જાય. યથાખ્યાતવાળા છોડે, તો ૩ ઠેકાણે (સૂક્ષ્મ., અસંયમ કે મોક્ષમાં) જાય.

---

**૨૧. <u>બંધ દ્વાર</u> :** ૧૦મા ગુણસ્થાને સંજ્વલનના લોભનો એટલો સૂક્ષ્મ ઉદય હોય છે કે તેનાથી મોહનીય કર્મનો બંધ થતો નથી. યથાખ્યાત ચારિત્રમાં ૧૧ થી ૧૩ ગુણસ્થાન સુધી શાતા વેદનીય બાંધે. ૧૪મે યોગના અભાવમાં અબંધ.

**૨૨. <u>વેદે દ્વાર</u> :** યથા. ચારિત્રી ૧૧મે, ૧૨મે ગુણસ્થાને ૭ કર્મ વેદે. ૧૩મે, ૧૪મે ગુણ. ૪ અઘાતી કર્મ વેદે.

**૨૪. <u>ઉપસંપજ્ઝાણ દ્વાર</u>:** ૧ લા અને ૨૪મા તીર્થંકરના શાસનમાં સામાયિક ચારિત્રી વડીદીક્ષાને દિવસે છેદોપસ્થાપનીય ચારિત્રી બને. જ્યારે ૨૩ મા તીર્થંકરના સંયત ૨૪માં તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે, ત્યારે સામા.ચા. છોડી અને છેદો. ગ્રહણ કરે છે. વચ્ચેના ૨૨ તીર્થંકરના શાસનમાં તથા મહાવિદેહમાં શ્રેણી કરે, તો સામાયિક ચારિત્રમાંથી સીધા સૂ.સં.ચા.માં. જાય. સામાયિક ચારિત્ર છોડી શ્રાવકપણું સ્વીકારે, તો સંયમાસંયમમાં જાય. **૧.** જ્યાં પણ અસંયમમાં જાય તેમ કહયું છે, ત્યાં તે સંયત કાળ કરીને દેવલોકમાં જાય, ત્યાં અસંયમી થાય તે અપેક્ષાએ સમજવું. **૨.** જ્યારે પહેલા તીર્થંકરના સંયત બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે, ત્યારે છેદો. ચારિત્ર છોડીને સામા. ચારિત્ર ગ્રહણ કરે છે. **3.** પરિહાર વિશુદ્ધવાળા નિયતકાળ પૂર્ણ થતા પરિહાર વિશુદ્ધ છોડીને છેદો. માં પાછા ફરી શકે છે. **૪.** સૂક્ષ્મ. વાળા શ્રેણીથી ઊતરે, ત્યારે તે વખતના કાળ પ્રમાણે સામા. અથવા છેદો, ચારિત્રમાં જાય. શ્રેણી ચડતા યથા. ચારિત્રમાં જાય અને કાળ કરે, તો અસંયમમાં જાય.**3.** યથાખ્યાત ચારિત્રી ૧૧મેથી પડીને ૧૦મે જાય, તે અપેક્ષાએ સૂ.સં.ચા.માં જાય. કાળ કરી દેવલોકમાં જ જાય, ત્યારે અસંયમમાં જાય. ૧૪મે ગુણ.થી મોક્ષમાં જાય.

**૨૫. <u>સંજ્ઞા દ્વાર</u>** - પ્રથમ ત્રણ ચારિત્રમાં સંજ્ઞાની ભજના. (ભજના એટલે હોય અથવા ન હોય.) સૂક્ષ્મ. તથા યથા. ચારિત્રી નોસંજ્ઞાબહુત્તા હોય છે.

**૨૬. <u>આહાર દ્વાર</u>** - પ્રથમ ૪ ચારિત્ર આહારક અને યથાખ્યાત ચારિત્રી આહારક, અણાહારક બન્ને.

**૨૭. <u>ભવ દ્વાર</u>** - સામાયિક અને છેદો. જ.૧, ઉ. ૮ ભવ કરે. પરિ. તથા સૂક્ષ્મ. જ. ૧, ઉ. ૩ ભવ કરે. યથા. જ. ૧, ઉ. ૩ ભવ કરીને કે તે જ ભવે મોક્ષે જાય.

**૨૮. <u>આગરેશ દ્વાર</u> - (સંયમ કેટલી વાર આવે ?)**

| | **એક ભવ અપેક્ષા** | | **ઘણા ભવ અપેક્ષા** | |
|---|---|---|---|---|
| **ચારિત્ર** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| **સામાયિક** | ૧ વાર | પ્રત્યેક ૧૦૦ વાર (પ્રત્યેક ૨૦૦ થી ૯૦૦) | ૨ વાર | પ્રત્યેક ૧૦૦૦ વાર (૭૨૦૦ વખત) |
| **છેદોપસ્થાપનીય** | ૧ વાર | પ્રત્યેક ૨૦ વાર (૧૨૦ વાર) | ૨ વાર | ૯૦૦ વારથી અધિક (૯૬૦ વાર) |
| **પરિહાર વિશુદ્ધ** | ૧ વાર | ૩ વાર | ૨ વાર | ૭ વાર[૧] |
| **સૂક્ષ્મ સંપરાય**[૨] | ૧ વાર | ૪ વાર | ૨ વાર | ૯ વાર |
| **યથાખ્યાત**[૩] | ૧ વાર | ૨ વાર | ૨ વાર | ૫ વાર |

---

**૨૫. <u>સંજ્ઞા દ્વાર</u> :** ૧ થી ૫ ગુણ. સંજ્ઞાબહુત્તા.
૭ થી ૧૪ ગુણસ્થાનકે નોસંજ્ઞાબહુત્તા. ૬ ઠ્ઠા ગુણ. કે બંને.

**૨૮. <u>આગરેશ દ્વાર</u> :** છેદો. ચા. ૧ ભવમાં ઉ. ૧૨૦ વાર આવે, તેથી સમગ્ર સંસાર કાળ આશ્રી ૮ વાર સાધુપણું મળતું હોવાથી ૧૨૦×૮ = ૯૬૦ વખત તે ચારિત્ર આવે.

**૨.** સામાયિક ચારિત્ર પ્રત્યેક સોવાર આવે અને છેદો.ચા. માત્ર પ્રત્યેક વીસ વાર (૨૦×૬ = ૧૨૦ વાર) આવે છે. તેની પાછળ વક્રતા અને જડતામાં નિયમો કઠોર હોવાથી જ્ઞાનીઓએ ૧૨૦થી વધારે વાર છેદોપસ્થાપનીય ચારિત્ર ન આવે, તેવા ભાવ જોયા હશે તેમ લાગે છે.

**૧.** પરિ. વિ. ચારિત્ર એક ભવમાં ઉ. ૩ વાર પ્રાપ્ત થાય છે. તેમાં તે પાછા ગચ્છમાં આવે, પાછા પરિ.વિશુ.ચા. ગ્રહણ કરે, તેવું ત્રણ વારથી વધુ ન કરી શકે, તેમ સમજવું. પરિ. વિ. ચારિત્રની પ્રાપ્તિ ૩ ભવમાં હોઈ શકે છે.
જેમ કે એક ભવમાં ૩ વાર, અન્ય ભવમાં ૨ વાર અને અન્ય ત્રીજા ભવમાં ૨ વાર, આમ પરિ. ઉત્. ૭ વાર પ્રાપ્ત થઈ શકે છે. કોઈએ ૨૯ વર્ષની ઉંમરે પરિ.વિશુ.ચા. ગ્રહણ કરેલ હોય, તો તે સંપૂર્ણ દેશે ઊણું ૧ ક્રોડ પૂર્વ વર્ષ સુધી સળંગ પણ પરિ.વિશુ.ચા. ધારી રાખી શકે છે.

## ૨૯. <u>સ્થિતિ દ્વાર</u> -

| ચારિત્ર | એક જીવ અપેક્ષાએ | ઘણા જીવ અપેક્ષાએ |
|---|---|---|
| સામાયિક ચારિત્ર | જ.૧ સમય[૧], ઉ. દેશઊણા ક્રોડપૂર્વ વર્ષ[૨] | શાશ્વતા |
| છેદોપસ્થાપનીય ચારિત્ર | જ.૧ સમય, ઉ. દેશઊણા ક્રોડપૂર્વ વર્ષ | જ. ૨૫૦ વર્ષ. ઉ. ૫૦ લાખ ક્રોડ સાગર વર્ષ[3] |
| પરિહાર વિશુદ્ધ ચારિત્ર | જ. ૧ સમય, ઉ. દેશઊણા ૨૯ વર્ષ) ક્રોડપૂર્વ વર્ષ[૫] | જ. દેશઉણા ૨૦૦ વર્ષ (૧૪૨[૪]) ઉ.૨ ક્રોડપૂર્વમાં ૫૮ વર્ષ ઓછા[૬] |
| સૂક્ષ્મ સંપરાય ચા. | જ. ૧ સમય, ઉ. અંતર્મુહૂર્ત | જ. ૧ સમય, ઉ. અંતર્મુહૂર્ત |
| યથાખ્યાત ચારિત્ર | જ. ૧ સમય, ઉ. દેશેઊણા ક્રોડપૂર્વ વર્ષ[૭] | શાશ્વતા |

---

**<u>દ્વાર - ૨૮</u> - ૨.** એક ભવમાં બે વાર ઉપશમ શ્રેણી સંભવે છે. તેથી સૂક્ષ્મ સંપરાય ચારિત્ર શ્રેણીમાં ચડતાં (૧૧ ગુણ.) અને પડતાં બંને વખત સ્પર્શે. તેથી એક ભવમાં ૨ વાર શ્રેણી ચડતા અને પડતા સૂ. સં. ચાર વાર આવી શકે. સૂક્ષ્મ સં. ચારિત્રની પ્રાપ્તિ સંસાર કાળ દરમિયાન ઉ. ત્રણ ભવમાં જ થાય છે. એક ભવમાં ૪ વાર (બે વાર ઉપશમ- શ્રેણી), અન્ય ભવમાં ચાર વાર(બે વાર ઉપશમ-શ્રેણી) અને અન્ય ત્રીજા ભવમાં એક વાર (ક્ષપક -શ્રેણી) તેથી આ ચારિત્ર ઘણા ભવ અપેક્ષા ઉત્કૃષ્ટ ૯ વાર આવે.

**૩.** એક ભવમાં બે વાર ઉપશમ-શ્રેણીનો સંભવ છે, તેથી એક ભવમાં ઉ. બે વાર યથાખ્યાત ચારિત્ર સ્પર્શે. તે જ રીતે યથાખ્યાત ચારિત્રના ઉત્કૃષ્ટ ૩ ભવ હોવાથી એક ભવમાં બે વાર (ઉપશમ શ્રેણી આશ્રી), અન્ય ભવમાં બે વાર (ઉપશમ શ્રેણી આશ્રી) અને અન્ય ત્રીજા ભવમાં ૧ વાર (ક્ષપક શ્રેણી આશ્રી) એમ ઘણા ભવ આશ્રી ૨+૨+૧ = ૫ વાર ઉત્કૃષ્ટ યથાખ્યાત ચારિત્ર આવી શકે.

**૨૯. સ્થિતિ દ્વાર - ૧.** જ્યાં જ. ૧ સમયની સ્થિતિ છે, ત્યાં બધે તે તે ચારિત્ર પ્રાપ્ત કરીને એક સમય પછી તરત જ કાળ કરી જાય તે અપેક્ષાએ સમજવું. **૨.** સામા. ચારિત્રની સ્થિતિ ૯ વર્ષ ઓછી ક્રોડપૂર્વ વર્ષની જાણવી. આ સ્થિતિ ગર્ભ સમયથી માંડીને જાણવી. જન્મ દિવસથી ગણતરી કરીએ તો ૮ વર્ષ અને ઝાઝેરા જેટલા દિવસો હોય, તેટલા ક્રોડપૂર્વ વર્ષમાં ઓછા કરવા.

**૩.** ઉત્સર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકરનું શાસન ૨૫૦ વર્ષ સુધી રહે છે. ત્યાં સુધી છેદોપસ્થાપનીય ચારિત્ર હોય છે. અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકરનું શાસન ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી રહે છે. ત્યાં સુધી છેદોપ. ચારિત્ર હોય છે માટે છેદો.ની ઘણા જીવ અપેક્ષા સ્થિતિ તે પ્રમાણેની સમજવી. **૪.** ઉત્સર્પિણી કાળના પ્રથમ તીર્થંકર કે અવસર્પિણી કાળના અંતિમ તીર્થંકરની પાસે ૧૦૦ વર્ષના આયુષ્યવાળા મનુષ્ય પરિહાર વિશુદ્ધ ચારિત્ર ગ્રહણ કરે. તેના જીવનના અંતિમ સમયમાં તેની પાસે ૧૦૦ વર્ષના આયુષ્યવાળો બીજો મનુષ્ય પરિહાર વિશુદ્ધ ચારિત્ર ગ્રહણ કરે, ત્યાર પછી ફરી કોઈ તે ચારિત્રને ગ્રહણ ન કરી શકે. આ રીતે ૨૦૦ વર્ષ થયા, તેમાં ૨૯ વર્ષ પછી જ આ ચારિત્ર ગ્રહણ કરી શકે, તેથી બે મનુષ્યનાં ૨૯ ૨ ૫૮ વર્ષને ૨૦૦ વર્ષમાંથી ઓછા કરતાં ૧૪૨ વર્ષ રહ્યાં, તે જઘન્ય કાળ થયો.

**૩૦. <u>અંતર દ્વાર</u> -** એક જીવ અપેક્ષા પાંચ સંયતિનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશ ઊણા અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ.ઘણા જીવ અપેક્ષા સામાયિક, યથાખ્યાત ચારિત્રનું અંતર ન પડે, કારણ કે બંને ચારિત્ર શાશ્વતા છે. ઘણા જીવ અપેક્ષા છેદો.ચા.નું જઘન્ય ૬૩,૦૦૦ વર્ષ ૧) પરિહારનું જ. ૮૪,૦૦૦ વર્ષનું ૨) અને બંનેનું ઉત્કૃષ્ટ અંતર દેશઊણા ૧૮ ક્રોડાક્રોડ સાગરોપમનું.

૩) ઘણા જીવ અપેક્ષા સૂક્ષ્મ સંપરાયમાં જઘ. ૧ સમયનું, ઉત્કૃષ્ટ ૬ માસનું અંતર પડે.

**૩૧. <u>સમુદ્ઘાત દ્વાર</u>** - સામા., છેદો.માં ૬ સમુદ્ઘાત (કેવળ વર્જીને).

પરિ.વિ. ચા.માં પ્રથમ ૩ સમુદ્ઘાત. સૂક્ષ્મ. સં. ચા.માં એક પણ નહીં.

યથા. ચા.માં જો હોય તો ૧ કેવળ સમુદ્ઘાત.

---

**<u>દ્વાર ૨૯</u> - ૫.** ક્રોડપૂર્વના આયુષ્યવાળો ૯મે વર્ષે દીક્ષા લઈ ૨૯મે વર્ષે પરિહાર વિશુદ્ધ ચારિત્ર અંગીકાર કરે, પછી ૧૮ મહિના પૂર્ણ થતાં ફરી ફરી નિરંતર આ જ કલ્પને યાવત્ જીવન પાળે, તેથી તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૯ વર્ષ ઊણા ક્રોડપૂર્વની છે. **૬.** અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર પાસે ક્રોડપૂર્વ વર્ષના આયુષ્યવાળા મનુષ્ય પરિહાર વિશુદ્ધ ચારિત્ર ગ્રહણ કરે, તેની પાસે તેના જીવનના અંતિમ સમયમાં, એક સાધુ ફરીવાર પરિહાર વિશુદ્ધ ચારિત્ર ગ્રહણ કરે. એ પ્રમાણે બે ક્રોડપૂર્વ વર્ષ થયા. તેમાંથી પણ ઉપરની જેમ ૫૮ વર્ષ બાદ કરતાં બે ક્રોડપૂર્વ વર્ષમાં ૫૮ વર્ષ ઉણા એટલી ઉત્કૃષ્ટ સ્થિતિ થઈ. **૭.** સ્નાતક (કેવળી) ની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**૩૦. અંતર દ્વાર - (૧)** અવસર્પિણી કાળના પાંચમા આરાના છેડા સુધી છેદો. ચારિત્ર હોય, પછી છઠ્ઠા આરામાં તેમજ ઉત્સર્પિણી કાળના પ્રથમ તથા બીજા આરામાં છેદો. ન હોય. એ ત્રણે ૨૧,૦૦૦ વર્ષના આરા છે માટે જઘ. અંતરનો કાળ ૨૧૦૦૦ × ૩ = ૬૩,૦૦૦ વર્ષનો થાય.

**(૨)** અવસર્પિણી કાળના ૫મા, ૬ઠ્ઠા આરામાં તથા ઉત્સર્પિણી કાળના ૧લા, ૨જા આરામાં પરિહાર ચારિત્ર ન હોય. તે ચારે આરા ૨૧,૦૦૦ વર્ષના છે. માટે કુલ ૨૧૦૦૦ × ૪ = ૮૪,૦૦૦ વર્ષ પરિહાર વિ. ચારિત્રનું જઘન્ય અંતર થયું.

(૩) ઉત્સર્પિણી કાળમાં ૨૪મા તીર્થંકરના શાસન સુધી છેદોપસ્થાપનીય ચારિત્ર હોય છે. ત્યાર પછી ઉત્સર્પિણી કાળનો ૪, ૫,૬ આરો કે જે ક્રમથી ૨, ૩, ૪ ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. તેમાં છેદો. ચારિત્ર ન હોય. એવી રીતે અવસર્પિણી કાળના ૧, ૨, ૩ આરામાં ૪, ૩, ૨ ક્રોડાક્રોડી સાગર સુધી છેદો. ચારિત્ર ન હોય, ત્યાર બાદ હોય. તેથી ૨ + ૩ + ૪ + ૪ + ૩ + ૨ = ૧૮ ક્રોડાક્રોડી સાગરમાં દેશે ઊણું ઉત્કૃષ્ટ અંતર હોય. આ જ સ્પષ્ટીકરણ પરિહાર વિશુદ્ધના ઉત્કૃષ્ટ કાળ માટે છે.

**૩૧. સમુદ્ઘાત દ્વાર -** પરિહાર વિશુદ્ધ સંયતોની એક વિશિષ્ટ પ્રકારની સાધના હોય છે, તે વૈક્રિયાદિ કોઈ લબ્ધિનો પ્રયોગ કરતા નથી. તેથી તેને ત્રણ સમુદ્ઘાત છે. સૂક્ષ્મ સં. આ. માં એક પણ સમુદ્ઘાત નથી. કારણ કે ૮ થી ૧૨ ગુણમાં અપ્રમત્તાવસ્થા હોવાથી સમુદ્ઘાત કરતા નથી.

**૩૨. <u>ક્ષેત્ર (અવગાહિત) દ્વાર</u>** - પ્રથમ ચાર સંયતિ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય. યથા. ચા. લોકના અસંખ્યાતમા ભાગમાં, ઘણા અસંખ્યાતા ભાગોમાં અથવા સર્વલોકમાં (કેવળ સમુદ્‌ઘાત અપેક્ષા) હોય.

**૩૩. <u>સ્પર્શના દ્વાર</u> -** અવગાઢ ક્ષેત્ર કરતાં સ્પર્શના કંઈક અધિક જાણવી.

**૩૪. <u>ભાવ દ્વાર</u> -** પ્રથમ ૪ સંયતિ એક ક્ષયોપશમ ભાવમાં હોય.

યથાખ્યાત સંયતિ ઉપશમ કે ક્ષાયિક ભાવમાં હોય.

**૩૫. <u>પરિમાણ દ્વાર</u>** : પાંચેય ચારિત્રવાળા કેટલી સંખ્યામાં હોય ?

| **ચારિત્ર** | **વર્તમાન અપેક્ષા જો હોય તો** પ્રતિપદ્યમાન | | **પૂર્વ પર્યાય અપેક્ષા** પૂર્વપ્રતિપન્ન | |
|---|---|---|---|---|
| | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| સામાયિક ચા. | ×/૧,૨,૩ | પ્રત્યેક હજાર | પ્રત્યેક હજાર ક્રોડ શાશ્વત | પ્રત્યેક હજાર ક્રોડ શાશ્વત |
| છેદોપસ્થા. ચા. | ×/૧,૨,૩ | પ્રત્યેક સો | ×/૧,૨,૩ | પ્રત્યેક સો ક્રોડ |
| પરિહાર. ચા. | ×/૧,૨,૩ | પ્રત્યેક સો | ×/૧,૨,૩ | પ્રત્યેક હજાર |
| સૂક્ષ્મ સં. ચારિ. | ×/૧,૨,૩ | ૧૬૨= ક્ષપક ૧૦૮, ઉપશમ ૫૪ | ×/૧,૨,૩ | પ્રત્યેક સો |
| યથા. ચારિત્ર | ×/૧,૨,૩ | ૧૬૨= ક્ષપક ૧૦૮, ઉપશમ ૫૪ | પ્રત્યેક ક્રોડ શાશ્વત | પ્રત્યેક ક્રોડ શાશ્વત |

×/ = પ્રતિપદ્યમાન કે પૂર્વપ્રતિપન્ન સંયતિ હોય અથવા ન હોય, જો હોય તો, ૧,૨,૩ અને ઉ. પ્રત્યેક હજાર વગેરે જાણવું.

---

**૩૬. <u>અલ્પબહુત્વ દ્વાર</u> -** સૌથી થોડા સૂક્ષ્મ સંપરાયચારિત્રવાળા, તેથી પરિહારવિશુદ્ધ ચારિત્રવાળા સંખ્યાતગુણા, તેથી યથાખ્યાતચારિત્રવાળા સંખ્યાતગુણા, તેથી છેદોપસ્થાપનીયચારિત્રવાળા સંખ્યાતગુણા, તેથી સામાયિકચારિત્રવાળા સંખ્યાતગુણા.

---

**૩૨. <u>ક્ષેત્ર (અવગાહિત) દ્વાર</u>** - યથા. સંયતિ કેવળ સમુ. ના સમયે જ્યારે શરીરસ્થ હોય અથવા દંડ, કપાટ અવસ્થામાં હોય, ત્યારે લોકના અસંખ્યાતમા ભાગમાં તે રહે છે. જ્યારે મંથન અવસ્થા હોય, ત્યારે ઘણા અસંખ્યાતા ભાગોને વ્યાપ્ત કરે છે અને થોડો જ ભાગ અવ્યાપ્ત રહે છે. જ્યારે ચોથા સમયે અંતરાલમાં સંપૂર્ણ લોક વ્યાપ્ત કરે, ત્યારે સર્વ લોકમાં હોય છે.

**૩૩. <u>સ્પર્શના દ્વાર</u>** - જેટલા આકાશ-પ્રદેશો વડે શરીરના પ્રદેશોનો સ્પર્શ થાય તેટલું ક્ષેત્ર.

**૩૬. અલ્પબહુત્વ :** અલ્પબહુત્વ ૩૫મા દ્વારમાં આપેલ ઉત્કૃષ્ટ સંખ્યાના આધારે ગોઠવેલો છે. સૂ.સં.માં કાળ ઓછો હોવાથી સંખ્યા પણ ઓછી. સામાયિકમાં મહાવિદેહની અપેક્ષાએ ક્ષેત્ર મોટું છે, તેથી છેદો. કરતાં વધારે.

---

**ઈતિ સંજયા (સંયતિ) સંપૂર્ણ.**

# શ્રી ભક્તામર સ્તોત્ર

## રચયિતા - આચાર્ય શ્રી માનતુંગસૂરીજી

## પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ

**ભક્તામર પ્રણત મૌલિ મણિ પ્રભાણા,**
**મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનમ્ ।**
**સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા,**
**વાલમ્બનં ભવ જલે પતતાં જનાનામ્ ॥૧॥**

**શબ્દાર્થ:** **ભક્ત** - ભક્તિવંત, **અમર** - દેવ, **પ્રણત** - રૂડા ભાવથી નમેલા, **મૌલિ** - મુગુટ, **મણિ** - મણિઓની, **પ્રભાણામ્** -પ્રભાને, કાંતિને, તેજ કિરણોને, **ઉદ્યોતકં** - પ્રકાશિત કરનારા, **દલિત** - નાશ કરનાર, **પાપ** - પાપ, **તમો** - અંધકાર. તે મિથ્યાત્વરૂપી અંધકાર, **વિતાનમ્** - સમૂહ, **સમ્યક્** - સમ્યક્ ભાવથી, **પ્રણમ્ય** - પ્રણામ કરીને, **જિન** - જિનેશ્વરના, **પાદયુગં** - બંને ચરણોને, **યુગ** - યુગની, **આદૌ** - આદિમાં, શરૂઆતમાં, **આલમ્બનં** - આશ્રયરૂપ, શરણરૂપ, **ભવ જલે** - ભવસાગરમાંથી, **પતતાં** - પડેલાં, **જનાનામ્** - મનુષ્યોને.

**ભાવાર્થ:** ભક્ત દેવોનાં નમેલાં મસ્તકોને વિશે રહેલા મુગુટમાં જડેલા મણિઓની પ્રભાને પ્રકાશિત કરનારા, કર્મરૂપી પાપ અને અજ્ઞાન અંધકારના નાશક તથા સંસારસમુદ્રમાં પડેલા મનુષ્યોને આશ્રયરૂપ એવા યુગની આદિમાં થયેલા શ્રી આદિનાથ જિનેન્દ્ર ભગવાનનાં બંને ચરણોને રૂડા પ્રકારે નમસ્કાર કરીને.

**યઃ સંસ્તુતઃ સકલ વાઙ્મય તત્ત્વબોધા,**
**દુદ્ભૂત બુદ્ધિ પટુભિઃ સુરલોક નાથૈઃ ।**
**સ્તોત્રૈ ર્જગત્ત્રિતય ચિત્ત હરે : રૂદારૈ :,**
**સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥૨॥**

**શબ્દાર્થ: યઃ સંસ્તુતઃ** - જે સ્તવાયેલા છે, એટલે કે જેમની સ્તુતિ કરવામાં આવી છે, **સકલ** - સમસ્ત, **વાઙ્મય** - જિનવાણી, શાસ્ત્રો, **તત્ત્વ** - તત્ત્વ જ્ઞાનના, **બોધાત્** - ભાવાર્થબોધથી, **ઉદ્ભૂત** - બની છે, **બુદ્ધિ** - બુદ્ધિ, **પટુભિઃ** - નિપુણ, **સુરલોકનાથૈઃ** - દેવલોકના અધિપતિ ઈન્દ્ર **સ્તોત્રૈઃ** - સ્તવનોથી, **જગત્** - લોક, **ત્રિતય** - ત્રણે, **ચિત્તહરેઃ** - ચિત્તને હરનારા, **ઉદારૈ :** - વિશાળ ભાવાર્થવાળા, **સ્તોષ્યે** - સ્તુતિ કરીશ, **કિલ** - ખરેખર, **અહં** - હું, **અપિ** - પણ, **તં** - તે, **પ્રથમં જિનેન્દ્રં** - પહેલા જિનેશ્વરની.

**ભાવાર્થ:** સમસ્ત શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થયેલી નિપુણ બુદ્ધિ વડે ત્રણ લોકના ચિત્તનું હરણ કરનારા અને મહાન ભાવાર્થવાળાં એવાં સ્તોત્રો વડે ચતુર એવા દેવોના ઈન્દ્રોએ

પણ જેમની સારી રીતે સ્તુતિ, સ્તવના કરેલી છે એવા પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની હું પણ સ્તુતિ - સ્તવના કરીશ.

**બુદ્ધયા વિનાડપિ વિબુધાર્ચિત પાદપીઠ !**
**સ્તોતું સમુદ્યત મતિર્વિગતત્રપોડહમ્ ।**
**બાલં વિહાય જલ-સંસ્થિત મિન્દુબિમ્બ**
**મન્ય: ક ઈચ્છતિ જન: સહસા ગ્રહીતુમ્ ॥૩॥**

**શબ્દાર્થ: બુદ્ધયા** - બુદ્ધિ, **વિના** - વિનાનો, **અપિ** - છતાં પણ, **વિબુધા:** - દેવો દ્વારા, **અર્ચિત** - પૂજિત છે, **પાદપીઠ** - બાજોઠ જેનું, **સ્તોતું** - સ્તુતિ કરવાને માટે, **સમુદ્યત** - તૈયાર, **મતિ:** - બુદ્ધિ, **વિગત** - રહિત, **ત્રપો:** - લજ્જા, **અહમ્** - એવો હું, **બાલં** - બાળકને, **વિહાય** - છોડીને, **જલ** - જલમાં, **સંસ્થિતમ્** - રહેલ, **ઈન્દુ** - ચંદ્રના, **બિમ્બમ્** - બિંબને, **અન્ય:** - બીજો, **ક:** - ક્યો ?, **ઈચ્છિતિ** - ઈચ્છે છે, **જન:** - માનવ, **સહસા** - એકાએક, વગર વિચાર્યે, **ગ્રહીતુમ્** - ગ્રહણ કરવા માટે.

**ભાવાર્થ:** દેવોએ જેમનું પાદપીઠ પૂજ્યું છે એવા હે જિનેશ્વર દેવ ! પાણીમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ વગર વિચાર્યે પકડવાની ઈચ્છા બાળક સિવાય બીજો કોણ કરે ? (અર્થાત્ કોઈ ન કરે). તેવી જ રીતે તમારી સ્તુતિ કરવા યોગ્ય મારી બુદ્ધિ નથી, છતાં પણ હું લજ્જારહિત થઈને, તમારી સ્તુતિ કરવા તૈયાર થયો છું.

**વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંક કાન્તાન્,**
**કસ્તે ક્ષમ: સુરગુરુ પ્રતિમોડપિ બુદ્ધયા ?**
**કલ્પાંત કાલ પવનોદ્ધત નક ચક્રં,**
**કોવાતરીતુમલમમ્બુનિધિં ભુજાભ્યામ્ ? ॥૪॥**

**શબ્દાર્થ : વક્તું** - કહેવા માટે, **ગુણાન્** - ગુણોને, **ગુણસમુદ્ર** - હે ગુણના સાગર, **શશાંક** - ચંદ્રમાની, **કાન્તાન્** - કાંતિ જેવા ઉજ્જવળ, **ક:** - કોણ, **તે** - તમારા, **ક્ષમ:** - સમર્થ, **સુરગુરુ** - દેવોના ગુરુ બૃહસ્પતિ, **પ્રતિમ:** સમાન, **અપિ** - પણ, **બુદ્ધયા** - બુદ્ધિથી, **કલ્પાંત** - પ્રલય, **કાલ** - કાળના, **પવનોદ્ધત** - આંધીથી ઉછળતા પવનથી, **નક્રચક્ર** - મગરમચ્છના સમૂહવાળા, **ક:** - કોણ ?, **વા** - અથવા, તેવી રીતે, **તરીતુમ્** - તરવા માટે, **અલમ્** - સમર્થ, **અમ્બુનિધિં** - સાગરને, **ભુજાભ્યામ્** - બે હાથ વડે.

**ભાવાર્થ:** હે ગુણસમુદ્ર પ્રભુ ! પ્રલયકાળની આંધીથી જેમાં મગરમચ્છ વગેરે ભયંકર જળચર પ્રાણીઓ ઊછળી રહેલાં છે, એવો સમુદ્ર ને પોતાના બે હાથ વડે તરવાને કયો મનુષ્ય શક્તિમાન છે ? (અર્થાત્ કોઈ નહીં). તેવી જ રીતે તમારા ચંદ્ર જેવા ઉજ્જવળ ગુણોને કહેવા માટે દેવોના ગુરુ બૃહસ્પતિ જેવા બુદ્ધિમંત પણ શું સમર્થ છે ? ના નથી !

**સોડહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ !**
**કર્તું સ્તવં વિગત શક્તિરપિ પ્રવૃત્ત:**
**પ્રીત્યાડત્મ વીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં,**
**નાડભ્યેતિ કિં નિજશિશો: પરિપાલનાર્થમ્ ? ॥૫॥**

**શબ્દાર્થ : સ:** - તે, તેવો અસમર્થ, **અહમ્** - હું, **તથા** - તો, **અપિ** - પણ, **તવ** - તમારી, **ભક્તિવશાત્** - ભક્તિને વશ થઈને, **મુનીશ !** - હે મુનિશ્વર, **કર્તું** - કરવાને, **સ્તવં** - સ્તવન, **વિગતશક્તિ:** - શક્તિહીન, **અપિ** - છતાં, **પ્રવૃત્ત:** - તત્પર થયો છું, **પ્રીત્યા** - પ્રીતિને વશ થઈને, **આત્મવીર્યં** - પોતાની શક્તિનો, **અવિચાર્ય** - વિચાર કર્યા વગર, **મૃગ:** - હરણ, **મૃગેન્દ્રં** - સિંહની સામે, **ન અભ્યેતિ** - થતો નથી ?, **કિં** - શું ?, **નિજ** - પોતાના, **શિશો:** - બચ્ચાના, **પરિપાલનાર્થમ્** - રક્ષણ માટે.

**ભાવાર્થ :** હે મુનીશ્વર ! તમારી સ્તુતિ કરવાને તદ્દન અસમર્થ છું, તો પણ ભક્તિને વશ થઈને શક્તિહીન છતાં સ્તુતિ કરવાને પ્રેરાયો છું. જેવી રીતે મૃગલો પોતાની શક્તિનો વિચાર કર્યા વગર જ માત્ર પોતાના બચ્ચાં પરની પ્રીતિને વશ તેના રક્ષણ માટે શું કેસરીસિંહની સામે નથી થતો ? (અર્થાત્ અવશ્ય થાય છે).

**અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ ધામ,**
**ત્વદ્ ભક્તિરેવ મુખરી કુરુતે બલાન્મામ્ ।**
**યત્કોકિલ: કિલ મધૌ મધુરં વિરૌતિ,**
**તચ્ચારુ ચામ્ર કલિકા નિકરૈક હેતુ: ॥૬॥**

**શબ્દાર્થ : અલ્પશ્રુતં** - શાસ્ત્રના થોડા જ્ઞાનવાળો, **શ્રુતવતાં** - શ્રુતજ્ઞાન, શાસ્ત્રના પારગામી વિદ્વાનોની, **પરિહાસ** - હાંસી, **ધામ** - પાત્ર, **ત્વદ્** - તમારી, **ભક્તિ:** - ભક્તિ, **એવ** -માત્ર, **મુખરી** - વાચાળ, **કુરુતે** - કરે છે, **બલાત્** - પરાણે, **કોકિલ:** - નર, કોયલ પક્ષી, **કિલ** - ખરેખર, **મધૌ** - વસંતઋતુમાં, **મધુરં** - મધુર, **વિરૌતિ** - ટહુકા કરે છે, **તદ્** - તે, **ચ-** કેવળ, **ચારુ** - મનોહર, મઘમઘતી, **આમ્ર** - આંબાની, **કલિકા** - મંજરી, **નિકર** - સમૂહ, એક **હેતુ:** - એક માત્ર કારણ છે.

**ભાવાર્થ :** હું શાસ્ત્રના અલ્પ જ્ઞાનવાળો છું અને તેથી શાસ્ત્રના પારગામી એવા વિદ્વાનોની આગળ હાંસીનું પાત્ર છું, પરંતુ હે પ્રભુ ! મને તમારી ભક્તિ વાચાળ બનાવી રહી છે. (એટલે જ આ સ્તોત્રરચનાની પ્રવૃત્તિ કરી રહ્યો છું) જેમ વસંતઋતુમાં કોયલ જે મધુર સ્વરે ટહુકા કરે છે, તે કેવળ આમ્રવૃક્ષની મઘમઘતી મંજરીના સમૂહનો જ પ્રભાવ છે.

**ત્વત્સંસ્તવેન ભવ સંતતિ સન્નિબદ્ધં,**
**પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીર ભાજામ્ ।**
**આક્રાન્ત લોકમલિનીલમશેષમાશુ,**
**સૂર્યાંશુ ભિન્નમિવ શાર્વરમન્ધકારમ્ ॥૭॥**

**શબ્દાર્થ : ત્વત્** - તમારા, **સંસ્તવેન** -રૂડા ભાવે કરેલા સ્તવનથી, **ભવ** - ભવ, **સંતતિ** - પરંપરાના, **સન્નિબદ્ધં** - ગાઢા બંધાયેલા, **પાપં** - પાપો, **ક્ષણાત્** - ક્ષણમાત્રમાં, **ક્ષયં** - નાશ, **ઉપૈતિ** - પામે છે, **શરીરભાજામ્** - દેહધારીઓના, **આક્રાન્ત** - ઘેરી લીધેલું, **લોકં** -લોકને, **અલિ** - ભમરો, **નીલં** - કાળું, **અશેષં** - સંપૂર્ણ, **આસુ** - શીઘ્ર, **સૂર્ય** - સૂર્ય, **અંશુ** - કિરણ, **ભિન્નં** - ભેદાયેલું, **ઈવ** - જેમ, **શાર્વરં** - રાત્રિનું, **અંધકારં** - અંધકાર.

**ભાવાર્થ :** આપની રૂડી સ્તુતિના પ્રભાવથી સર્વ જીવોના ભવ પરંપરાથી બંધાયેલાં ગાઢાં પાપો ક્ષણમાત્રમાં નાશ પામે છે. (તે જેમ) લોકમાં સર્વત્ર ફેલાયેલું રાત્રિનું ભમરા જેવું કાળું ઘોર અંધારું સૂર્યના એક જ કિરણ વડે ભેદાઈને સત્વરે નાશ પામે છે તેમ.

**મત્વેતિનાથ ! તવ સંસ્તવનં મયેદ,**
**મારભ્યતે તનુધિયાડપિ તવ પ્રભાવાત્ ।**
**ચેતો હરિષ્યતિ સતાં નલિની દલેષુ,**
**મુક્તાફલ દ્યુતિમુપૈતિ નનૂદ બિન્દુ: ॥૮॥**

**શબ્દાર્થ : મત્વા** - માનીને, **ઈતિ** - એમ, **નાથ** - હે નાથ, **તવ** - તમારા, **સંસ્તવનં** - રૂડા સ્તવનનો, **મયા** - મારા વડે, **ઈદમ્** - આ, **આરભ્યતે** - આરંભ થાય છે, **તનુ** - મંદ, અલ્પ, **ધિયા** - બુદ્ધિ, **અપિ** - છતાંપણ, **તવ** - તમારા, **પ્રભાવાત્** - પ્રભાવથી, **ચેત:** - ચિત્તને અંત:કરણને, **હરિષ્યતિ** - હરિ લેશે, **સતાં** - સંતો, સજ્જનો, **નલિની** - કમળ, **દલેષુ** - પાંદડાં ઉપર, **મુક્તાફલ** - સાચા મોતી સરખી, **દ્યુતિ** - કાન્તિ, **ઉપૈતિ** - પામે છે, **નનુ** - કમળ, **ઉદબિન્દુ :** - જળબિંદુ.

**ભાવાર્થ :** હે નાથ ! એમ માનીને હું અલ્પબુદ્ધિ હોવા છતાં પણ તમારું રૂડું, સ્તવન રચવાનો પ્રારંભ કરું છું. જેવી રીતે કમળપત્ર ઉપર પડેલું જળનું બિંદુ મોતીના જેવી શોભા ધારણ કરે છે, તેવી રીતે આ સ્તોત્ર આપના પ્રભાવથી સત્પુરુષોના ચિત્તનું હરણ કરશે અર્થાત્ પ્રસન્ન કરશે.

**આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્ત દોષમ્,**
**ત્વત્સંકથાડપિ જગતાં દુરિતાનિ હન્તિ ।**
**દૂરે : સહસ્ર કિરણ: કુરુતે પ્રભેવ,**
**પદ્માકરેષુ જલજાનિ વિકાસ ભાંજિ ॥૯॥**

**શબ્દાર્થ:- આસ્તાં** - દૂર રહો, **તવ** - તમારું, **સ્તવનં** - સ્તવન, **અસ્ત** - નાશ કરનારું, **સમસ્ત** - સઘળા, **દોષં** - પાપોને, **ત્વત્** - તારી, **સંકથા** - રૂડી કથા, **અપિ** - પણ, **જગતાં** - જગતના, **દુરિતાનિ** - પાપોને, **હન્તિ** - હણી નાંખે છે, નાશ કરે છે **દૂરે** - દૂર, **સહસ્ત્રકિરણ:** - હજારો કિરણોવાળો સૂર્ય, **કુરુતે** - કરે છે, **પ્રભા** - ઉષા, **એવ** - માત્ર, **પદ્માકરેષુ** - પદ્મકમળોના સમૂહને, **જલજાનિ** - સરોવરમાં રહેલા, **વિકાસભાંજિ** - વિકસિત.

**ભાવાર્થ:** સમસ્ત પાપોનો નાશ કરનારું તમારું સ્તવન તો દૂર રહો ! પણ આપના (આ ભવના કે પરભવના) ચારિત્રની રૂડી કથા માત્ર ત્રણે જગતના જીવોનાં પાપોને હણે છે-નાશ કરે છે. તે જેમ સૂર્ય તો દૂર હોય છે, છતાં માત્ર તેની પ્રભા જ (ઉષાની કાંતિ) સરોવરમાં રહેલાં પદ્મકમળોને વિકસાવે છે તેમ.

**નાત્યદ્‌ભૂતં ભુવન ભૂષણ ! ભૂતનાથ !**
**ભુતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્ત: ।**
**તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા !**
**ભૂત્યાશ્રિતં ય ઈહ નાત્મસમં કરોતિ ॥૧૦॥**

**શબ્દાર્થ:- ન** - નથી, **અતિ** - અતિ, **અદ્‌ભુતં** - આશ્ચર્ય, **ભુવનભૂષણ** - હે જગતના આભૂષણ, ભૂતનાથ ! - હે પ્રાણીમાત્રના નાથ, **ભૂતે:** - વિદ્યમાન, **ગુણૈ:** - ગુણો વડે, **ભુવિ** - જગતમાં, **ભવન્તં** - આપની, **અભિષ્ટુવન્ત:** - રૂડા ભાવથી સ્તુતિ કરનારા, **તુલ્યા** - સમાન, **ભવન્તિ** - થઈ જાય છે, **ભવત:** - આપના, **નનુ** - ખરેખર, **તેન** - તેનાથી, **કિંવા** - શું લાભ ?, **ભૂત્યા** - થનારને, **આશ્રિતં** - આશ્રિતને, **ય:** - જે, **ઈહ** - આ લોકમાં, **ન** - નથી, **આત્મ સમં** - પોતાના સરખા, **કરોતિ** - કરતા.

**ભાવાર્થ** : હે જગતના આભૂષણ ! હે પ્રાણીમાત્રના નાથ ! આપના વિદ્યમાન ગુણોની રૂડા ભાવથી સ્તુતિ કરનાર જગતમાં આપના સમાન જ બની જાય છે તેમાં કોઈ આશ્ચર્ય નથી. આ જગતમાં જે આશ્રિતને પોતાની સમાન નથી બનાવતા, તેવા સ્વામીની સેવાથી ખરેખર શું લાભ ? અર્થાત્ જે નિષ્ઠાપૂર્વક સેવા કરે છે તેને સ્વામી પોતાના સમાન અવશ્ય કરે છે.

**દૃષ્ટ્વા ભવન્તમનિમેષ વિલોકનીયં,**
**નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુ: ।**
**પીત્વા પય: શશિકર દ્યુતિદુગ્ધ સિન્ધો:**
**ક્ષારં જલં જલનિધેરસિતું ક ઈચ્છેત્ ? ॥૧૧॥**

**શબ્દાર્થ:- દૃષ્ટ્વા** - જોઈને, **ભવન્તં** - આપને, **અનિમેષ** - મટકું માર્યા વગર, **વિલોકનીયં** - દર્શન કરવાયોગ્ય, **ન** - નથી, **અન્યત્ર** - બીજે ઠેકાણે, **તોષં** - સંતોષ, **ઉપયાતિ** - પામતી,

**જનસ્ય** - મનુષ્યના, **ચક્ષુ:** - આંખો, **પીત્વા** - પાન કરીને, **પય:** - દૂધ, **શશિકર** - ચંદ્ર, **દ્યુતિ** - ચાંદની, **દુગ્ધસિન્ધો** - ક્ષીરસમુદ્રનું, **ક્ષારં** - ખારું, **જલં** - જળ, **જલનિધે:** - સમુદ્રનું, **અસિતું** - પીવાની, **ક:** - કોણ, **ઈચ્છેત્** - ઈચ્છા કરે.

**ભાવાર્થ :** અનિમેષ દૃષ્ટિ વડે અવલોકવારૂપ આપના સ્વરૂપને એકવાર જોયા પછી મનુષ્યનાં ચક્ષુઓ બીજે સંતોષ પામતા નથી, ચંદ્રની ચાંદની સમાન ઉજ્જવળ અને મધુર ક્ષીરસમુદ્રનું દૂધ પીધા પછી, લવણસમુદ્રનું ખારું પાણી પીવાની ઈચ્છા કોણ કરે ? (કોઈ જ ન કરે).

**યૈ: શાન્તરાગ રુચિભિ: પરમાણુભિસ્ત્વં,**
**નિર્માપિત સ્ત્રિભુવનૈક લલામ ભૂત !**
**તાવન્ત એવ ખલુ તેડપ્યણવ: પૃથિવ્યાં,**
**યત્તે સમાનમપરં નહીં રૂપમસ્તિ ॥૧૨॥**

**શબ્દાર્થ:- યૈ:** - જે , **શાન્તરાગ રુચિભિ:** - શાંત રસની પ્રભાવાળા, **પરમાણુભિ:** - પરમાણુઓ વડે, **ત્વમ્** - આપનું શરીર, **નિર્માપિત:**- ઘડેલ છે નિર્મિત થયેલું છે, **સ્ત્રિભુવનૈક લલામ ભૂત** - ત્રિલોકમાં એકમાત્ર આભૂષણરૂપ હે પ્રભુ !, **તાવન્ત** - તેટલા જ, **એવ** - માત્ર, **ખલુ** - ખરેખર, **તે** - તે, **અપિ** - પણ, **અણવ:** - પરમાણુઓ, **પૃથિવ્યાં** - પૃથ્વીને વિશે, **યત્** - જેથી, તે તમારા, **સમાનં** - સમાન, **અપરં** - બીજા કોઈનું, **રૂપં** - રૂપ, **નહીં અસ્તિ** - નથી.

**ભાવાર્થ:** ત્રણે લોકને વિશે એકમાત્ર આભૂષણ રૂપ હે પ્રભુ! શાંત રસની પ્રભાવાળા જે ઉજ્જવળ પરમાણુઓ વડે આપનું શરીર બને છે, તે પરમાણુઓ ખરેખર પૃથ્વીને વિશે તેટલા જ હતાં, તેથી જ આપના સમાન રૂપવંત બીજું કોઈ હવે નથી.

**ભક્તામર સ્તોત્રની ૧ થી ૧૨ ગાથાના**
**શબ્દાર્થ અને ભાવાર્થ સંપૂર્ણ**

# જયઘોષ અને વિજયઘોષ

## આધાર : ઉત્તરાધ્યયન સૂત્ર-અધ્યયન ૨૫

વારાણસી (બનારસ) નગરીમાં જયઘોષ અને વિજયઘોષ નામના બે સગા ભાઈઓ રહેતા હતા. બંને સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. વેદ અને વેદાંતના જાણકાર હતા.

### જયઘોષને વૈરાગ્ય

એક દિવસ જયઘોષ સ્નાન કરવા માટે ગંગા નદીના કિનારે ગયા. ત્યાં તેમણે એક દૃશ્ય જોયું. એક દેડકાને સાપે પકડયો છે, તે તેને ખાઈ રહ્યો છે. સાપને એક મોરે પકડયો છે, તે સાપને ખાઈ રહ્યો છે. અડધો ગળી ગયો. આ સ્થિતિમાં સાપ દેડકાને અને મોર સાપને છોડતા નથી. ત્યાં એક શિકારીએ મોરને મારવા બાણ ઉપાડ્યું. તે જ સમયે એક સિંહ પાણી પીવા ત્યાં આવ્યો. તેણે શિકારીને જોયો અને તરાપ મારી. આ દૃશ્ય જોઈને જયઘોષ ઊંડા વિચારમાં પડી ગયો. સબળ વ્યક્તિ નિર્બળને મારવા ઈચ્છે છે, પરંતુ કાળ ક્યારે તે પ્રાણીને પોતાનો કોળિયો બનાવી લેશે ? તેની પ્રાણીને ખબર નથી, પરિણામે જયઘોષને સંસારની અસારતાનો અનુભવ થયો. તેનું હૃદય કંપી ઊઠયું.

તે જ સમયે એક જૈન મુનિનો તેને સમાગમ થયો. મુનિનો ઉપદેશ સાંભળી જયઘોષને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે પાંચ મહાવ્રત ધારણ કરી જૈન દીક્ષા અંગીકાર કરી.

### જયઘોષ મુનિનું બનારસ પદાર્પણ

વિચરતાં વિચરતાં એક દિવસ તેઓ બનારસ પધાર્યા. તેમને માસક્ષમણની તપશ્ચર્યા હતી. તે જ સમયે તેમનો નાનો ભાઈ વિજયઘોષ તે જ નગરીમાં એક યજ્ઞ કરી રહ્યો હતો. તે જયઘોષ મુનિ માસક્ષમણની તપશ્ચર્યાના પારણાના દિવસે ગોચરી માટે વિજયઘોષની યજ્ઞશાળામાં પધાર્યા.

યજ્ઞશાળામાં આવેલા જયઘોષ મુનિને વિજયઘોષે કહ્યું : ''હે ભિક્ષુ ! હું તમને ભિક્ષા નહીં આપું. તમે બીજા પાસે જઈને ભિક્ષાની યાચના કરો. જે બ્રાહ્મણ હોય, વેદના જાણકાર હોય, યજ્ઞ કરનાર હોય, જ્યોતિષ આદિ અંગોના જાણકાર હોય, ધર્મશાસ્ત્રમાં પારંગત હોય તથા જે પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ હોય, તેઓને દેવા માટે જ આ સર્વ રસયુક્ત ભોજન છે.''

### વેદ, યજ્ઞ, નક્ષત્ર આદિનું સ્વરૂપ

વિજયઘોષે ના પાડવા છતાં પણ આત્માર્થી જયઘોષ મુનિ જરાપણ ગુસ્સે ન થયા અને પ્રસન્ન પણ ન થયા, પરંતુ સમભાવમાં રહ્યા. ત્યાર પછી જયઘોષ મુનિએ અન્ન, જળ કે જીવનનિર્વાહ માટે નહીં પરંતુ તે બ્રાહ્મણને મિથ્યા જ્ઞાન, મિથ્યા દર્શનથી મુક્ત કરાવવા માટે

આ વચનો કહ્યાં : ''તમે વેદોનું મુખ જાણતા નથી, યજ્ઞનું મુખ જાણતા નથી, નક્ષત્રોનું મુખ જાણતા નથી તથા ધર્મનું મુખ પણ જાણતા નથી. એટલે કે... વેદ, યજ્ઞ, નક્ષત્ર કે ધર્મમાં કોની મુખ્યતા છે, તે તમે જાણતા નથી. પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં જે સમર્થ હોય છે, તેને પણ તમે જાણતા નથી, જો જાણતા હો તો તમે મને કહો ?''

પ્રશ્નોના ઉત્તર આપવામાં અસમર્થ વિજયઘોષ બ્રાહ્મણે બે હાથ જોડી મહામુનિ જયઘોષને પૂછયું : ''વેદોનું મુખ શું છે ? યજ્ઞનું મુખ શું છે ? નક્ષત્રનું મુખ શું છે અને ધર્મનું મુખ શું છે ? પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ કોણ છે ? મને આ બધી બાબતો અંગે સંશય છે, તો કૃપા કરીને મને કહો.'' વિજયઘોષ વેદોમાં પારંગત અને પ્રકાંડ પંડિત હોવા છતાં આવા સરળ પ્રશ્નોના જવાબ દેવામાં પોતાને અસમર્થ માન્યા.

જયઘોષ મુનિએ કહ્યું: ''વેદોમાં મુખ્ય અગ્નિહોત્ર છે, યજ્ઞોમાં યજ્ઞાર્થી મુખ્ય છે, નક્ષત્રોમાં ચંદ્ર મુખ્ય છે અને ધર્મમાં કાશ્યપ ગોત્રીય ભગવાન મહાવીર સ્વામી મુખ્ય છે. જેમ ઉત્તમ અને મનોહર ચંદ્રને ગ્રહ, નક્ષત્ર વગેરે હાથ જોડીને વંદન નમસ્કાર કરે છે, તે જ રીતે ઈન્દ્ર આદિ દેવો ભગવાનને વિનયવંત થઈને વંદના કરે છે. યાજ્ઞિક લોકો મોક્ષ વિદ્યા અને બ્રાહ્મણની ગુણસંપદાથી અજાણ હોય છે. સ્વાધ્યાય અને તપના વાસ્તવિક સ્વરૂપને પણ સમજતા નથી. તેઓ બહારથી શાંત દેખાવા છતાં તેઓના અંતરમાં કષાયો હોય છે.''

**બ્રાહ્મણનું લક્ષણ**

જયઘોષ મુનિએ સાચા ભાવાર્થમાં બ્રાહ્મણનાં લક્ષણ શું છે ? તે ૧૦ લક્ષણ બતાવીને સમજાવ્યું છે.

(૧) જે મહાત્માઓ જ્ઞાનીએ બતાવેલા ગુણોવાળા હોય, તેને લોકમાં બ્રાહ્મણ કહેવાય છે. જેઓ હંમેશાં અગ્નિની જેમ પૂજ્ય રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

(૨) જે પોતાની પાસે આવનાર વ્યક્તિ ઉપર આસક્ત થતા નથી, કોઈ છોડી જાય, ત્યારે શોક કરતા નથી, પરંતુ જિનાજ્ઞામાં જ રમણ કરે છે, તેમાં જ લીન રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

(૩) જેમ સોનું અગ્નિમાં તપીને નિર્મળ થાય છે, તેમ જે મહાત્મા સંયમ, તપના સંયોગે રાગ દ્વેષ અને ભયથી મુક્ત થઈ જાય છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

(૪) જે તપસ્વી છે, શરીરે કૃશ છે, ઈન્દ્રિયોનું દમન કરનાર છે, જેના શરીરમાં લોહી માંસ સુકાઈ ગયાં છે, વ્રત-નિયમના પાલનથી સુવ્રતી છે, જેમના કષાય ઉપશાંત થઈ ગયા છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

(૫) જે ત્રસ અને સ્થાવર જીવોને સંપૂર્ણ રીતે જાણીને ત્રણ કરણ અને ત્રણ યોગથી તેની હિંસા કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

(૬) જે ક્રોધથી, ભયથી, હાસ્યથી અને લોભથી અસત્ય વચન બોલતા નથી, તેને અમે

બ્રાહ્મણ કહીએ છીએ.
(૭) જે અદત્ત ગ્રહણ કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.
(૮) જે મન, વચન અને કાયાથી મૈથુનનું સેવન કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.
(૯) પાણીમાં જેમ કમળ નિર્લેપ રહે છે, તેમ જે મનુષ્ય કામભોગોથી અલિપ્ત રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.
(૧૦) જે પૂર્વ સંયોગોને છોડીને કામભોગમાં આસક્ત થતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

## વેદ અને યજ્ઞની અશરણતા

વેદો મોટે ભાગે પશુવધનું કહે છે, યજ્ઞો પાપકારી પ્રવૃત્તિવાળા હોય છે, આમ વેદ અને યજ્ઞ હિંસાકારી હોવાથી યજ્ઞ કરનારનું યજ્ઞ રક્ષણ કરી શક્તા નથી, કારણ કે હિંસા આદિ વડે બંધાયેલાં કર્મ પોતાનું ફળ આપે જ છે.

માત્ર માથું મૂંડાવાથી કોઈ 'શ્રમણ' થઈ જતું નથી,
માત્ર ૐકારનો ધ્વનિ કરવાથી કોઈ 'બ્રાહ્મણ' થઈ જતું નથી,
જંગલમાં રહેવા માત્રથી કોઈ 'મુનિ' બની જતું નથી,
વલ્કલના ઝાડની છાલના કપડા પહેરવાથી કોઈ 'તપસ્વી' બની જતું નથી. પરંતુ
સમભાવ ધારણ કરવાથી **શ્રમણ**, બ્રહ્મચર્યના પાલનથી **બ્રાહ્મણ**,
જ્ઞાન પ્રાપ્ત કરવાથી **મુનિ** અને તપ કરવાથી **તાપસ** કહેવાય છે.
કોઈપણ વ્યક્તિ કર્મથી એટલે કે પોતાના કાર્યથી જ **બ્રાહ્મણ** બને છે.
તેમ જ ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પણ કાર્યથી જ બને છે. એટલે કે....
જે આત્મસ્વરૂપને જાણે છે, આત્મકલ્યાણ માટે સાધના કરે છે, તે **બ્રાહ્મણ** છે.
જે પ્રાણીઓની રક્ષા કરે અને તેનાં દુ:ખો દૂર કરે, તે **ક્ષત્રિય** છે.
તીર્થંકરોએ બતાવેલાં ધર્મતત્ત્વોનું સમતા આદિ ગુણોનું આચરણ કરવાથી સાધક પૂર્ણ જ્ઞાની બને છે અને સર્વ કર્મથી મુક્ત બને છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જેઓ ગુણસંપન્ન અને બ્રાહ્મણોમાં ઉત્તમ છે, તેઓ જ પોતાના અને બીજાના આત્માનો સંસાર સમુદ્રમાંથી ઉદ્ધાર કરવામાં સમર્થ હોય છે.

## વિજયઘોષ દ્વારા સત્ય સ્વીકાર અને ભિક્ષા માટે નિમંત્રણ

આમ જયઘોષ મુનિ પાસેથી વર્ણન સાંભળીને વિજયઘોષ બ્રાહ્મણના સઘળા સંશયો નષ્ટ થઈ જાય છે.

વિજયઘોષ બ્રાહ્મણ હળુકર્મી અને ચરમ શરીરી જીવ હતા. તેથી કોઈપણ પ્રકારના આગ્રહ વિના સત્ય વાતને સમજવાનો પ્રયત્ન કર્યો અને યથાર્થ સ્વરૂપ સમજાઈ જતાં તેણે

પૂર્ણ પ્રસન્નતાથી સ્વીકારી લીધું. સંતુષ્ટ થયેલા વિજયઘોષે હાથ જોડીને જયઘોષ મુનિને કહ્યું, ‘‘હે મુનિવર ! તમે બ્રાહ્મણત્વનું સત્ય સ્વરૂપ મને સારી રીતે સમજાવ્યું છે.

જે યજ્ઞમાં કર્મની આહુતિ દેવાય છે તેવા યથાર્થ ભાવયજ્ઞના **કર્તા** આપ છો.

જેના દ્વારા આત્મશુદ્ધિનું જ્ઞાન થાય તેવી સાચી વેદવિદ્યાના **જ્ઞાતા** આપ છો,

જ્યોતિષી દેવોની ગતિના કારણે વ્યાવહારિક કાળગણના થાય અને તેના આધારે સ્વાધ્યાયના કાળ અકાળનો નિર્ણય થાય તેવા જ્યોતિષ **અંગના જાણકાર** આપ છો,

સંયમ અને તપરૂપી ધર્મના આપ **પારગામી** છો.

આવા ગુણોના ધારક હોવાથી સ્વ અને પરનો ઉદ્ધાર કરવામાં આપ સમર્થ છો.

આપ નિરાસક્તભાવે, નાના-મોટાના ભેદભાવ વિના અજ્ઞાત કુળોમાંથી ભિક્ષા ગ્રહણ કરનાર હોવાથી શ્રેષ્ઠ ભિક્ષુ છો, માટે આપ અમારી પાસેથી ભિક્ષા ગ્રહણ કરી અમારા પર કૃપા કરો.’’

આમ અજ્ઞાન અવસ્થામાં પોતે આહાર દાનનો નિષેધ કર્યો હતો. પરંતુ પોતાની ભૂલ સ્વીકારીને આહાર ગ્રહણ કરવાની જયઘોષ મુનિને વિનંતી કરવા લાગ્યા.

## જયઘોષ મુનિ દ્વારા વિજયઘોષને દીક્ષા માટે નિમંત્રણ

જયઘોષ મુનિની વાણી સાંભળીને વિજયઘોષે સમ્યગ્ રીતે હૃદયમાં ધારણ કરી. જયઘોષ મુનિ પોતાના ભાઈ જ છે તેમ ઓળખાણ થતાં જ વિજયઘોષના જીવનનું પરિવર્તન થઈ ગયું.

જયઘોષ મુનિએ કહ્યું : ‘‘હે દ્વિજ (બ્રાહ્મણ) ! મારે ભિક્ષાનું કોઈ પ્રયોજન નથી. તમે શીઘ્ર સાધુપણાનો સ્વીકાર કરો, દીક્ષા લો. ભયાનક ઘોર સંસારસાગરમાં તમે ભ્રમણ ન કરો. ભોગો ભોગવવાથી કર્મનો બંધ થાય છે. ભોગોનું સેવન ન કરનાર કર્મથી નિર્લેપ થઈ જાય છે. ભોગી સંસારમાં ભ્રમણ કરે છે અને અભોગી તેનાથી મુક્ત થાય છે.

માટીનો એક ભીનો અને એક સૂકો એમ બે ગોળા ભીંત પર ફેંકવામાં આવે, તો તે બંને ગોળા ભીંત સાથે અથડાય છે, પરંતુ તેમાંથી જે ભીનો ગોળો છે તે ભીંત સાથે ચોંટી જાય છે અને સૂકો ગોળો ચોંટતો નથી.

આ જ રીતે દુર્બુદ્ધિવાળા અને કામભોગોમાં આસક્ત મનુષ્ય વિષયોમાં ચોંટી જાય છે અને કર્મોથી લેપાય (બંધાય) છે. વિરક્ત સાધક સૂકા ગોળાની જેમ કર્મોથી લેપાતાં નથી.’’

આ પ્રમાણે વિજયઘોષ બ્રાહ્મણે, જયઘોષ મુનિ પાસેથી અનુત્તર ધર્મ સાંભળીને સંસારથી વિરક્ત બનીને દીક્ષા લઈ લીધી. પછી જયઘોષ અને વિજયઘોષ બંને મનિઓ સંયમ અને તપ દ્વારા પૂર્વ સંચિત કર્મોનો ક્ષય કરી, અનુત્તર સિદ્ધિ એટલે કે મોક્ષ પામ્યા.

ધન્ય છે ભાઈ જયઘોષ મુનિને, ધન્ય છે એ ભાઈ વિજયઘોષ મુનિને....

**હિતશિક્ષા**-સાધુ પોતે સંસારની અને કામભોગોની ક્ષણિકતા અને અસારતાને સમજીને સાધના માર્ગે પુરુષાર્થ કરતાં જ હોય છે. તે ઉપરાંત સંસારના બીજા જીવો પણ આ ઘોર **સંસારસાગરને** પાર કરી જાય તેવી, અપાર કરુણા દષ્ટિ તેઓના અંતરમાં હંમેશાં રહે છે. આ **સંસાર સાગર** સમાન છે, તેમાં જન્મ-મરણના તેમ જ સાત ભયના વમળો નિરંતર ઊઠતા રહે છે. તે વમળ તેને પાર કરવા અત્યંત દુષ્કર છે, વ્યક્તિ તે વમળમાં ડૂબતી જાય છે, માટે તેમાંથી બહાર નીકળી જવાનો સંદેશ આ અધ્યયન દ્વારા સહુને મળે છે.

## જયઘોષ અને વિજયઘોષ ધર્મકથા સંપૂર્ણ.

# શ્રેણી ૧૪

## અભ્યાસક્રમ તથા અનુક્રમણિકા


| | વિષય | ગુણ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | **સૂત્ર વિભાગ**<br>૧. સામાયિક - પ્રતિક્રમણ અર્થ અને પ્રશ્નોત્તર જૈન પાઠાવલી ૧ અને ૨ | ૧૦ | |
| ૨. | **તત્ત્વ વિભાગ** | ૭૫ | |
| | ૧. પુચ્છિંસ્સુણં અન્વયાર્થ અને ભાવાર્થ બંને સહિત **૩૦** | | ૫૮ |
| | ૨. કાયસ્થિતિ સમજણ સહિત **૩૦** | | ૬૮ |
| | ૩. બાર પ્રકારનાં તપ **૧૫** | | ૯૪ |
| ૩. | **કાવ્ય વિભાગ** | ૧૫ | |
| | ૧. ભક્તામર સ્તોત્ર કડી ૧૩ થી ૨૪ શબ્દાર્થ અને ભાવાર્થ સહિત | | ૧૦૫ |
| | **અથવા** ધર્મકથા વિભાગ<br>૧. કેશી ગૌતમ સંવાદ | | ૧૧૦ |
| | **કુલ ગુણ** | **૧૦૦** | |

# વીર સ્તુતિ (પુચ્છિંસ્સુણં)

## સૂયગડાંગ સૂત્ર અધ્યયન - ૬

**પુચ્છિંસ્સુ ણં સમણા માહણા ય, અગારિણો યા પરતિત્થિઆ ય ।**
**સે કેઈ ણેગંતહિય ધમ્મમાહુ, અણેલિસં સાહુ સમિક્ખયાએ ॥૧॥**

**શબ્દાર્થ : પુચ્છિંસ્સુ ણં** - પૂછ્યું, **સમણા** - સાધુ, શ્રમણ, **માહણા** - બ્રાહ્મણો, **ય** - અને, **અગારિણો** - ગૃહસ્થીઓ, **પરતિત્થિઆ** - અન્ય દાર્શનિકો, **ય** - અને, **સે** - એ, **કેઈ** - કોણે, **ણેગંત** - એકાંતે, **હિય** - હિતકારી, **ધમ્મ** - ધર્મ, **માહુ** - કહ્યો છે ? **અણેલિસં** - ઉત્તમ, **સાહુ** - સાધુ, **સમિક્ખયાએ** - સમ્યક્ પ્રકારથી.

**ભાવાર્થ :** શ્રી સુધર્મસ્વામીને શ્રી જંબૂસ્વામીએ પૂછયું કે 'હે ભગવન્ ! શ્રમણો, બ્રાહ્મણો, ગૃહસ્થો તથા અન્ય દાર્શનિકો મને પૂછે છે કે એકાંત હિતકારી અને ઉત્તમ ધર્મને સમ્યક્ પ્રકારથી કોણે કહેલ છે ?'

**કહં ચ નાણં કહં દંસણં સે, સીલં કહં નાયસુયસ્સ આસિ ? ।**
**જાણાસિ ણં ભિક્ખુ જહાતહેણં, અહાસુયં બૂહિ જહા ણિસંતં ॥૨॥**

**શબ્દાર્થ : સે** - તે, **કહં** - કેવું ? **ચ** - અને, **નાણં** - જ્ઞાન, **કહં** - કેવું ? **દંસણં** - દર્શન, **સીલં** - ચારિત્ર, **કહં** - કેવું ?, **નાયસુયસ્સ** - જ્ઞાતપુત્રનું શ્રુત, **આસિ ?** - કેવા હતા ?, **જાણાસિ ણં** - જાણો છો ?, **ભિક્ખૂ** - હે મુનિ, **જહાતહેણં** - યથાતથ્ય, **અહાસુયં** - જેમ સાંભળ્યું, **બૂહિ** - કહો, **જહા** - જે રીતે, **ણિસંતં** - નિશ્ચય કર્યો હોય.

**ભાવાર્થ :** જ્ઞાતપુત્ર શ્રી ભગવાન મહાવીરનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને શ્રુત કેવાં હતાં ? હે મુનિ ! આપ તે યથાર્થ રૂપથી જાણો છો, તો જે પ્રમાણે આપે સાંભળ્યું હોય, નિશ્ચય કર્યો હોય તે પ્રમાણે અમને કહો.

**ખેયન્ને સે કુસલે મહેસી, અણંતનાણી ય અણંતદંસી ।**
**જસંસિણો ચક્ખુપહે ઠિયસ્સ, જાણાહિ ધમ્મં ચ ધિઈં ચ પેહિ ॥૩॥**

**શબ્દાર્થ : સે** - તે ભગવાન મહાવીર, **ખેયન્ને** - ખેદજ્ઞ, **કુસલે** - કુશળ, નિપુણ, **મહેસી** - મહર્ષિ, **અણંતનાણી** - અનંતજ્ઞાની, **અણંતદંસી** - અનંતદર્શી, **જસંસિણો** - યશસ્વી, **ચક્ખુપહે** - ચક્ષુપથમાં, **ઠિયસ્સ** - સ્થિત, **જાણાહિ** - જાણો, **ધમ્મં** - શ્રુતચારિત્રરૂપ ધર્મ, **ધિઈં** - ધૈર્યતા, **પેહિ** - જુઓ.

**ભાવાર્થ :** તે ભગવાન મહાવીર સંસારી જીવોનાં દુઃખોને જાણતા હતા. કર્મોના છેદનમાં કુશળ, મહાન ઋષિ, અનંતજ્ઞાની અને અનંતદર્શી હતા. તેઓ ઉત્કૃષ્ટ યશવાળા હતા. મોક્ષમાર્ગ

પર તેઓનાં ચક્ષુ સ્થિર હતાં. તેમના શ્રુત ચારિત્રરૂપ ધર્મને જાણો તથા ધર્મપાલનની દઢ ધૈર્યતાને જુઓ.

**ઉડ્ઢં અહે યં તિરિયં દિસાસુ, તસા ય જે થાવર જે ય પાણા ।**
**સે ણિચ્ચણિચ્ચેહિ સમિક્ખપણ્ણે, દીવે વ ધમ્મં સમિયં ઉદાહુ ॥૪॥**

**શબ્દાર્થ : ઉડ્ઢં** - ઊર્ધ્વ, **અહે** - અધો, **યં** - તથા, **તિરિયં** - તિરછી, **દિસાસુ** - દિશાઓમાં, **તસા** - ત્રસ, **ય** - તથા, **જે** - જે, **થાવર** - સ્થાવર, **પાણા** - પ્રાણીઓના, **સે** - તે ભગવાન મહાવીર, **ણિચ્ચણિચ્ચેહિ** - નિત્ય અને અનિત્ય, **સમિક્ખ** - સમ્યક્ પ્રકારે, **પણ્ણે** - પ્રજ્ઞાવંત, **દીવે વ** - દીપક સમાન, **ધમ્મં** - ધર્મનું, **સમિયં** - સમ્યક્, **ઉદાહુ** - કથન કરેલ.

**ભાવાર્થ :** પ્રજ્ઞાવંત ભગવાન મહાવીરે ઉપર, નીચે તથા તિચ્છી દિશામાં રહેલાં ત્રસ તથા સ્થાવર પ્રાણીઓને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય જાણીને, પદાર્થોને પ્રકાશિત કરનાર સમ્યક્ ધર્મનું કથન કરેલ હતું.

**સે સવ્વદંસી અભિભૂયનાણી, નિરામગંધે ધિઈમં ઠિયપ્પા ।**
**અણુત્તરે સવ્વજગંસિ વિજ્જં, ગંથા અતીતે અભએ અણાઉ ॥૫॥**

**શબ્દાર્થ : સે** - તે ભગવાન મહાવીર, **સવ્વદંસી** - સર્વ પદાર્થોને દેખવાવાળા, **અભિભૂય** - સંપૂર્ણ, **નાણી** - જ્ઞાની, **નિરામગંધે** - મૂળ- ઉત્તર ગુણોથી વિશુદ્ધ સંયમના પાલક, **ધિઈમં** - ધૈર્યતાવાળા, **ઠિયપ્પા** - આત્મ સ્વરૂપમાં સ્થિત, **અણુત્તરે** - સર્વથી ઉત્તમ, **સવ્વજગંસિ** - સંપૂર્ણ જગતમાં, **વિજ્જં** - વિદ્વાન, **ગંથા** - કર્મરૂપ ગ્રંથિ, **અતીતે** - રહિત, **અભએ** - અભય, **અણાઉ** - આયુષ્ય રહિત.

**ભાવાર્થ :** તે ભગવાન મહાવીર સમસ્ત જગતને દેખવાવાળા, કેવળજ્ઞાન, કેવળદર્શનના ધારક, મૂળ-ઉત્તર ગુણોથી વિશુદ્ધ સંયમના પાલક, ધૈર્યતાવાળા, આત્મસ્વરૂપમાં સ્થિત, સર્વોત્તમ વિદ્વાન હતા. કર્મરૂપ ગ્રંથિથી રહિત, અભય અને નવા આયુષ્યથી રહિત હતા.

**સે ભૂઈપણ્ણે અણિએ અચારી, ઓહંતરે ધીરે અણંતચક્ખૂ ।**
**અણુત્તરં તપ્પઈ સૂરીએ વા, વઈરોયણિંદે વ તમં પગાસે ॥૬॥**

**શબ્દાર્થ : સે** - તે ભગવાન મહાવીર, **ભૂઈપણ્ણે** - અનંતજ્ઞાની, **અણિએ** - અપ્રતિબદ્ધ, **અચારી** - વિહારી, **ઓહંતરે** - સંસારસાગરને તરનારા, **ધીરે** - ધીરજવાળા, **અણંતચક્ખૂ** - કેવળજ્ઞાનરૂપ નેત્ર, **અણુત્તરં** - સર્વથી વિશેષ, **તપ્પઈ** - તપે છે, **સૂરિએ** - જેમ સૂર્ય, **વા** - અથવા, **વઈરોયણિંદે** - વૈરોચન, પ્રજ્વલિત અગ્નિ, **વ** - જેમ, **તમં** - અંધકારમાં, **પગાસે** - પ્રકાશ કરનાર.

**ભાવાર્થ :** તે ભગવાન મહાવીર અનંતજ્ઞાની, અપ્રતિબદ્ધ વિહારી, સંસારસાગરને તરનારા, ધીરજવાન, અનંત જ્ઞાનરૂપ નેત્રવાળા તથા જેમ સૂર્ય સર્વથી વિશેષ તપે છે તેમ તેઓ સર્વથી

અધિક ઉત્કૃષ્ટ તપ કરતા હતા. જેમ વૈરોચન અગ્નિ અંધકારમાં પ્રકાશ કરે છે તેમ તેઓ અજ્ઞાન અંધકાર દૂર કરી પ્રકાશ કરનાર હતા.

**અણુત્તરં ધમ્મમિણં જિણાણં, ણેયા મુણી કાસવ આસુપણ્ણે ।**

**ઈંદે વ દેવાણ મહાણુભાવે, સહસ્સણેયા દિવિ ણં વિસિટ્ઠે ॥૭॥**

**શબ્દાર્થ : અણુત્તરં** - સર્વોત્તમ, **ધમ્મમિણં** - આ ધર્મ, **જિણાણં** - જિનેશ્વર, **ણેયા** - નેતા, **મુણી** - મુનિશ્રી વર્ધમાન સ્વામી, **કાસવ** - કાશ્યપ ગોત્રી, **આસુપણ્ણે** - આસુપ્રજ્ઞ, **ઈંદે વ** - ઈન્દ્ર જેમ, **દેવાણ** - દેવતાઓમાં, **મહાણુભાવે** - મહાપ્રભાવક, **સહસ્સણેયા** - હજારો દેવોના નેતા, **દિવિ ણં** - દેવલોકમાં, **વિસિટ્ઠે** - વિશિષ્ટ છે.

**ભાવાર્થ :** દેવલોકને વિશે ઈન્દ્ર જેમ દેવોમાં મહાપ્રભાવક, હજારો દેવોના નાયક અને સર્વોત્તમ છે તેમ સર્વ તીર્થંકરોએ પ્રરૂપેલો આ જે સર્વોત્તમ ધર્મ છે તેને પ્રકાશ કરનાર કાશ્યપ ગોત્રી, આસુપ્રજ્ઞ અને કેવળજ્ઞાની શ્રી મહાવીરદેવ સર્વથી ઉત્તમ હતા.

**સે પણ્ણયા અક્ખયસાગરે વા, મહોદહી વા વિ અણંતપારે ।**

**આણાઈલે વા અકસાઈ મુક્કે (ભિક્ખૂ), સક્કેવ દેવાહિવઈ જુઈમં ॥૮॥**

**શબ્દાર્થ : સે** - તે ભગવાન મહાવીર, **પણ્ણયા** - પ્રજ્ઞાથી, **અક્ખય** - અક્ષય, **સાગરે** - સાગર સમાન, **વા** - અને, **મહોદહી** - મહાન ઉદધિને, **વા વિ** - અને, પણ, **અણંત** - અનંત, **પારે** - અપાર, **અણાઈલે** - નિર્મળ, **અકસાઈ** - કષાય રહિત, **મુક્કે** - કર્મબંધનથી મુક્ત, **સક્કે વ** - શક્રેન્દ્રની જેમ, **દેવાહિવઈ** - દેવતાઓના અધિપતિ, **જુઈમં** - તેજસ્વી.

**ભાવાર્થ :** તે ભગવાન મહાવીર સમુદ્રની સમાન પ્રજ્ઞાએ કરી અક્ષય, અનંત હતાં. જેમ સ્વયંભૂરમણ સમુદ્ર જળવાળો છે તેમ ભગવાનનું જ્ઞાન કર્મમળ રહિત નિર્મળ, કષાયથી રહિત તથા ઘાતી કર્મના બંધનથી મુક્ત હતું. તેથી તેઓ દેવતાના અધિપતિ શક્રેન્દ્રની પેઠે તેજસ્વી હતા.

**સે વીરિએણં પડિપુન્ન વીરિએ, સુદંસણે વા ણગસવ્વસેટ્ઠે ।**

**સુરાલએ વાસિ મુદાગરે સે, વિરાયએ ણેગગુણોવવેએ ॥૯॥**

**શબ્દાર્થ : સે** - તે ભગવાન મહાવીર, **વીરિએણં** - બળથી, **પડિપુન્ન** - પ્રતિપૂર્ણ, **વીરિએ** - બળવાન, **સુદંસણે** - સુદર્શન (મેરુ), **વા** - તથા, **ણગ** - પર્વત, **સવ્વસેટ્ઠે** - સર્વથી શ્રેષ્ઠ, **સુરાલએ વાસિ** - દેવલોકમાં નિવાસ કરવાવાળાને, **મુદાગરે** - હર્ષ ઉત્પન્ન કરાવનાર, **વિરાયએ** - શોભાયમાન, **ણેગગુણોવવેએ** - અનેક ગુણો વડે.

**ભાવાર્થ :** તે ભગવાન બળે કરી પ્રતિપૂર્ણ બળવાન હતા. પર્વતોમાં સર્વશ્રેષ્ઠ મેરુ સમાન સર્વોત્તમ હતા. દેવલોકમાં રહેનારા દેવોને (અનેક ગુણોથી યુક્ત હોવાથી મેરુ પર્વત) હર્ષ ઉત્પન્ન કરાવનાર છે તેમ ભગવાન પણ અનેક ગુણોથી યુક્ત હોવાથી તેમની પાસે આવનારા માટે હર્ષ ઉત્પન્ન કરાવનાર હતા.

**સયં સહસ્સાણ ઉ જોયણાણં, તિકંડગે પંડગવેજયંતે ।**

**સે જોયણે ણવણવઈ સહસ્સે, ઉડ્ઢુસ્સિતો હેટ્ઠ સહસ્સમેગં ॥૧૦॥**

**શબ્દાર્થ : સયં સહસ્સાણ** - સો હજાર = એક લાખ, **ઉ** - તે મેરુ, **જોયણાણં** - યોજનનો, **તિકંડગે** - ત્રણ કાંડ યુક્ત, **પંડગવેજયંતે** - પંડકવન પતાકા માફક શોભે છે, **સે** - તે મેરૂ, **જોયણે ણવણવઈ સહસ્સે** - ૯૯ હજાર યોજન પૃથ્વી ઉપર, **ઉડ્ઢુસ્સિતો** - ઊંચો છે, **હેટ્ઠ** - અંદર (હેઠળ), **સહસ્સમેગં** - એક હજાર યોજન.

**ભાવાર્થ :** તે મેરુ પર્વત એક લાખ યોજનનો ઊંચો છે. તેમાં ત્રણ કાંડ છે. ટોચ ઉપર પંડગવન ધ્વજની માફક શોભી રહ્યું છે. તે મેરુ પર્વત ૯૯,૦૦૦ યોજન જમીનથી ઊંચો અને ૧,૦૦૦ યોજન નીચે જમીનમાં ઊંડો છે.

(મેરુની જેમ પ્રભુ રત્નત્રયના ત્રણ કાંડથી, ધ્વજની જેમ તીર્થંકર નામકર્મથી સુશોભિત હતા. અહિંસા વગેરે સિદ્ધાંતથી તેઓ ઊર્ધ્વમુખી હતા.)

**પુટ્ઠે ણભે ચિટ્ઠઈ ભૂમિવટ્ઠિએ, જં સૂરિયા અણુપરિવટ્ટયંતિ ।**

**સે હેમવણ્ણે બહુણંદણે ય, જંસિ રતિં (રઈ) વેદયંતી મહિંદા ॥૧૧॥**

**શબ્દાર્થ : પુટ્ઠે** - સ્પર્શીને, **ણભે** - નભને, આકાશને, **ચિટ્ઠઈ** - સ્થિત રહેલ છે, **ભૂમિવટ્ઠિએ** - ભૂમિને અવગાહીને, **જં** - જેની, **સૂરિયા** - સૂર્ય આદિ જ્યોતિષ ચક્ર, **અણુપરિવટ્ટયંતિ** - પ્રદક્ષિણા કરે છે, **સે** - તે મેરૂ, **હેમવણ્ણે** - સુવર્ણ જેવી કાંતિવાળો, **બહુણંદણે** - બહુ નંદનવનોથી, **ય** - યુક્ત, **જંસિ** - જેના પર, **રતિં** - રતિસુખ, આનંદ, **વેદયંતી** - અનુભવે છે, **મહિંદા** - મોટા ઈન્દ્રો.

**ભાવાર્થ :** તે મેરુ પર્વત ભૂમિ પર સ્થિત રહીને પણ આકાશને સ્પર્શી રહ્યો છે, એટલે ત્રણે લોકને સ્પર્શી રહ્યો છે. તેની આજુબાજુ સૂર્ય (જ્યોતિષ ચક્ર) પ્રદક્ષિણા કરે છે, સુવર્ણ જેવી કાંતિવાળો છે અને અનેક (ચાર) નંદનવનોથી શોભી રહ્યો છે, જેના પર મોટા ઈન્દ્રો પણ આવીને આનંદ અનુભવે છે.

(મેરુની જેમ ભગવાનનો પ્રભાવ ત્રણ લોકમાં વ્યાપ્ત હતો. ભગવાનની ચારે તરફ દેવો, ચક્રવર્તીઓ પ્રદક્ષિણા કરતા, ઉપદેશ સાંભળવા ઉત્સુક રહેતા. પ્રભુની કાંતિ સુવર્ણ સમાન હતી. તેમના સમવસરણમાં સુર, અસુર, માનવ અને તિર્યંચ એ ચાર પરિષદા આનંદ અને શાંતિનો અનુભવ કરતી.)

**સે પવ્વએ સદ્દમહપ્પગાસે, વિરાયઈ કંચણ મટ્ઠવણ્ણે ।**

**અણુતરે ગિરિસુ ય પવ્વદુગ્ગે, ગિરીવરે સે જલિએ વ ભોમે ॥૧૨॥**

**શબ્દાર્થ : સે** - તે, **પવ્વએ** - મેરૂ પર્વત, **સદ્દમહપ્પગાસે** - અનેક નામે મહા પ્રસિદ્ધ, **વિરાયઈ**

- સુશોભિત, **કંચણમટ્ટવણ્ણે** - કંચનની જેમ શુદ્ધ વર્ણવાળો, **અણુત્તરે** - પ્રધાન, **ગિરિસુ** - સર્વ પર્વતોમાં, **પવ્વદુગ્ગે** - દુર્ગમ પર્વત, **ગિરીવરે** - ગિરિરાજ, **સે** - તે, **જલિએ વ** - દેદીપ્યમાન, **ભોમે** - ભૂમિ, જમીનની જેમ.

**ભાવાર્થ :** તે મેરુ પર્વત જગતમાં અનેક નામથી (મેરુ, સુદર્શન, આદિ) મહા-પ્રસિદ્ધ છે. સુવર્ણની જેમ શુદ્ધ વર્ણવાળો છે. મેખલા આદિ ઉપપર્વતોને કારણે સર્વ પર્વતોમાં દુર્ગમ (અજેય) છે. તે ગિરિરાજ મણિ અને ઔષધિઓએ કરી પ્રકાશિત ભૂમિની જેમ દેદીપ્યમાન છે.

(મહાવીર પણ જ્ઞાતપુત્ર, ત્રિશલાનંદન આદિ અનેક નામોથી સુપ્રસિદ્ધ હતા. વીરની દિવ્યધ્વનિમય, ઓજસ્વી, સારગર્ભિત વાણી દૂર દૂર સંભળાતી. પ્રભુ પણ પ્રમાણ, નય, નિક્ષેપ, અનેકાંતવાદની ગહનતા માટે તથા ગૌતમ આદિ વિદ્વાન શિષ્યોને કારણે પ્રતિવાદીઓ માટે અજેય હતા. પ્રભુ અનંતગુણોથી દેદીપ્યમાન હતા.)

**મહિએ મજ્ઝંમિ ઠિએ ણગિંદે, પણ્ણાયતે સૂરિએ સુદ્ધલેસે ।**
**એવં સિરિએ ઉસ ભૂરિવણ્ણે, મણોરમે જોયઈ અચ્ચિમાલી ॥૧૩॥**

**શબ્દાર્થ : મહિએ** - પૃથ્વીના, **મજ્ઝંમિ** - મધ્ય ભાગમાં, **ઠિએ** - સ્થિત, **ણગિંદે** - પર્વતોનો ઈન્દ્ર, **પણ્ણાયતે** - પ્રતીત થાય છે, **સૂરિએ** - સૂર્યની જેમ, **સુદ્ધલેસે** - શુદ્ધ લેશ્યાવંત, **એવં** - એ જ રીતે, **સિરિએ** - શોભાથી, **ઉસ** - પોતાની, **ભૂરિવણ્ણે** - અનેક રત્નના વર્ણવાળો, **મણોરમે** - મનને આનંદ આપનાર, **જોયઈ** - પ્રકાશિત કરે છે, **અચ્ચિમાલી** - સૂર્ય.

**ભાવાર્થ :** પૃથ્વીના મધ્ય ભાગમાં સ્થિત સર્વ પર્વતોનો ઈન્દ્ર, મેરુપર્વત - સૂર્યની જેમ શુદ્ધ કાંતિવાળો પ્રતીત થાય છે. એ જ રીતે પોતાની શોભાથી અનેક પ્રકારનાં રત્નોના વર્ણોએ કરી મનને આનંદ આપે છે અને સૂર્યની જેમ સર્વ દિશાઓને પ્રકાશિત કરે છે.

(તે ભગવાન મહાવીર ત્યાગી, તપસ્વી, સાધુ અને શ્રાવકગણના રાજા, સંઘનાયક હતા. તેમના જ્ઞાનના કિરણો લોકાલોકના સર્વ ભાવોને પ્રકાશિત કરતા. તેઓ ધર્મસાધકોની ભક્તિભાવનાના મધ્યબિંદુ હતા. ત્રણે લોકમાં મહા યશસ્વી હતા. પોતાના સદ્‌ગુણોથી સર્વશ્રેષ્ઠ હતા.)

**સુદંસણસ્સેવ જસો ગિરિસ્સ, પવુચ્ચઈ મહતો પવ્વયસ્સ ।**
**એતોવમે સમણે નાયપુત્તે, જાઈ જસો દંસણ નાણસીલે ॥૧૪॥**

**શબ્દાર્થ : સુદંસણસ્સેવ** - સુદર્શનની જેમ, **જસો** - યશ, **ગિરિસ્સ** - ગિરીરાજના, **પવુચ્ચઈ** - કહેવાય, **મહતો** - મહાન, **પવ્વયસ્સ** - પર્વતના, **એતોવમે** - એવી ઉપમાઓથી, **સમણે** - શ્રમણ ભગવાન, **નાયપુત્તે** - જ્ઞાતપુત્ર, **જાઈજસો** - જાતિ, યશ, **દંસણ** - દર્શન, **નાણસીલે** - જ્ઞાન અને શીલ (ચારિત્ર).

**ભાવાર્થ :** આ ઉપમાઓ દ્વારા મહાન સુદર્શન પર્વત, ગિરિરાજનો યશ બતાવ્યો છે. તેવી જ

ઉપમાએ શ્રમણ ભગવાન જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવ જાતિ, યશ, દર્શન, જ્ઞાન અને શીલે સર્વોત્તમ હતા.

**ગિરીવરે વા નિસહાયયાણં, રુયએ વ સેટ્ઠે વલયાયતાણં ।**
**તઓવમે સે જગભૂઈપણ્ણે, મુણીણ મજ્ઝે તમુદાહુ પણ્ણે ॥૧૫॥**

**શબ્દાર્થ : ગિરીવરે વા** - લાંબા પર્વતોમાં શ્રેષ્ઠ, **નિસહાયયાણં** - નિષધ પર્વત લંબાઈમાં, **રુયએ વ** - રુચક પર્વત, **સેટ્ઠે** - શ્રેષ્ઠ, **વલયાયતાણં** - વલયાકાર (ગોળ) પર્વતોમાં, **તઓવમે** - તેવી ઉપમાએ, **સે** - તે ભગવાન મહાવીર, **જગભૂઈપણ્ણે** - જગતમાં સર્વથી શ્રેષ્ઠ, **મુણીણ** - મુનીઓ, **મજ્ઝે** - વચ્ચે, **તમુદાહુ** - તેમને કહ્યાં છે, **પણ્ણે** - પ્રાજ્ઞ.

**ભાવાર્થ :** જેમ લાંબા પર્વતોમાં નિષધ પર્વત, ગોળ પર્વતોમાં રુચક પર્વત શ્રેષ્ઠ છે તેવી ઉપમાએ પ્રાજ્ઞ શ્રી મહાવીરદેવ મુનિઓ વચ્ચે જગતમાં સર્વથી શ્રેષ્ઠ હતા.

**અણુત્તરં ધમ્મમુઈરઈત્તા, અણુત્તરં ઝાણવરંઝિયાઈ ।**
**સુસુક્કસુક્કં અપ્પગંડસુક્કં, સંખિંદુ એગંતવદાતસુક્કં ॥૧૬॥**

**શબ્દાર્થ : અણુત્તરં** - સર્વોત્તમ, **ધમ્મમુઈરઈત્તા** - ધર્મ પ્રકાશનારા, **અણુત્તરં** - પ્રધાન, **ઝાણવરં** - શ્રેષ્ઠ ધ્યાન, **ઝિયાઈ** - ધરતા હતા, **સુસુક્કસુક્કં** - ઉજ્જવળમાં ઉજ્જવળ, **અપ્પગંડસુક્કં** - એકાંત ઉજ્જવળ, **સંખિંદુ** - શંખ, ચંદ્ર સમાન, **એગંતવદાતસુક્કં** - એકાંત શુક્લ.

**ભાવાર્થ :** તે ભગવાન મહાવીર સર્વોત્તમ ધર્મ પ્રકાશનારા, ઉજ્જવળમાં ઉજ્જવળ, દોષ રહિત, ઉજ્જવળ શંખ અને ચંદ્રની પેઠે એકાંત ઉજ્જવળ, સર્વ ધ્યાનોમાં પ્રધાન એવું શુક્લ ધ્યાન (વિશુદ્ધ અને નિર્મળ) ધરતા હતા.

**અણુત્તરગ્ગં પરમં મહેસી, અસેસકમ્મં સ વિસોહઈત્તા ।**
**સિદ્ધિં ગએ (ગઈ) સાઈમણંતપત્તે, નાણેણ સીલેણ ય દંસણેણ ॥૧૭॥**

**શબ્દાર્થ : અણુત્તરગ્ગં** - સર્વોત્તમ, **પરમં** - પરમ, **મહેસી** - મહર્ષિ, **અસેસકમ્મં સ** - સમસ્ત કર્મોનો, **વિસોહઈત્તા** - વિશોધન, ક્ષય કરીને, **સિદ્ધિં ગએ** - સિદ્ધિગતિને, **સાઈમણંતપત્તે** - સાદિ અનંત ભાંગે પામીને, **નાણેણ** - જ્ઞાને, **સીલેણ ય** - ચારિત્ર અને, **દંસણેણ** - દર્શન કરીને.

**ભાવાર્થ :** તે મહર્ષિ (મહાવીરદેવ) સમસ્ત કર્મોને ખપાવીને, જ્ઞાને (ક્ષાયિક) કરી, ચારિત્રે કરી, (કેવળ) દર્શન કરી, સર્વોત્તમ, લોકને અગ્રભાગે ઉત્કૃષ્ટ સાદિ અનંત ભાંગે સિદ્ધિગતિને પામ્યા.

**રુક્ખેસુ ણાએ જહ સામલી વા, જંસિ રઈ વેદયંતિ સુવણ્ણા ।**
**વણેસુ વા ણંદણમાહુ સેટ્ઠં, નાણેણ સીલેણ ય ભૂઈપણ્ણે ॥૧૮॥**

**શબ્દાર્થ : રુક્ખેસુ** - વૃક્ષોમાં, **ણાએ** - જ્ઞાત, જગપ્રસિદ્ધ, **જહ** - જેમ, **સામલી વા** - શાલ્મલિ વૃક્ષ, **જંસિ** - જેમ, **રઈ વેદયંતિ** - રતિ સુખ વેદે છે, **સુવણ્ણા** - સુવર્ણકુમાર, **વણેસુ વા** - વનમાં તથા, **ણંદણમાહુ** - નંદનવન કહ્યું છે, **સેટ્ઠં** - શ્રેષ્ઠ, **નાણેણ** - જ્ઞાન, **સીલેણ** - ચારિત્ર, **ય** - અને, **ભૂઈપણ્ણે** - પ્રભૂતજ્ઞાની, અનંતજ્ઞાની.

**ભાવાર્થ :** જેમ વૃક્ષોમાં (દેવકુરુ ક્ષેત્રનું) શાલ્મલિ વૃક્ષ જગપ્રસિદ્ધ છે, જે વૃક્ષને વિષે સુવર્ણકુમાર દેવતાઓ રતિસુખ વેદે છે. વનને વિશે જેમ નંદનવન (દેવોનું ક્રીડાસ્થાન) શ્રેષ્ઠ છે તેમ શ્રી ભગવાન મહાવીર જ્ઞાને અને ચારિત્રે કરી પ્રભૂતજ્ઞાની હતા.

**થણિયં વ સદ્દાણ અણુત્તરે ઉ, ચંદો વ તારાણ મહાણુભાવે ।**
**ગંધેસુ વા ચંદણમાહુ સેટ્ઠં, એવં મુણીણં અપડિણ્ણમાહુ ॥૧૯॥**

**શબ્દાર્થ : થણિયં વ** - મેઘગર્જનાની જેમ, **સદ્દાણ** - શબ્દોમાં, **અણુત્તરે ઉ** - શ્રેષ્ઠ છે, **ચંદો વ** - ચંદ્રની જેમ, **તારાણ** - તારાઓમાં, **મહાણુભાવે** - મહાપ્રભાવશાળી, **ગંધેસુ વા** - સુગંધોમાં જેમ, **ચંદણમાહુ** - ચંદન કહ્યું છે, **સેટ્ઠં** - શ્રેષ્ઠ, **એવં** - તેમ, **મુણીણં** -મુનિઓમાં, **અપડિણ્ણમાહુ** - આકાંક્ષારહિત છે.

**ભાવાર્થ :** જેમ શબ્દમાં મેઘગર્જના, તારાઓમાં ચંદ્ર અને સુગંધમાં ચંદન શ્રેષ્ઠ છે, તેમ મુનિઓમાં લોક-પરલોકની આકાંક્ષા રહિત શ્રી ભગવાન મહાવીર શ્રેષ્ઠ હતા.

**જહા સયંભૂ ઉદ્હીણ સેટ્ઠે, નાગેસુ વા ધરણિંદમાહુ સેટ્ઠે ।**
**ખોઓદએ વા રસ વેજયંતે, તવોવહાણે મુણિવેજયંતે ॥૨૦॥**

**શબ્દાર્થ : જહા** - જેમ, **સયંભૂ** - સ્વયંભૂરમણ સમુદ્ર, **ઉદ્હીણ** - સમુદ્રોમાં, **સેટ્ઠે** - શ્રેષ્ઠ, **નાગેસુ વા** - નાગકુમાર દેવતાઓમાં અને, **ધરણિંદમાહુ** - ધરણેન્દ્ર કહ્યાં છે, **સેટ્ઠે** - શ્રેષ્ઠ, **ખોઓદએ વા** - ઈક્ષુરસ જેમ, **રસ** - રસમાં, **વેજયંતે** - શ્રેષ્ઠ, **તવોવહાણે** - તપમાં વિશેષ (ઉપધાન તપ), **મુણિ** - મુનિ, **વેજયંતે** - શ્રેષ્ઠ.

**ભાવાર્થ :** જેમ સમુદ્રોમાં સ્વયંભૂરમણ, નાગકુમાર દેવતાઓમાં ધરણેન્દ્ર, રસમાં ઈક્ષુરસ શ્રેષ્ઠ છે, તેમ તપ અનુષ્ઠાનમાં શ્રી ભગવાન મહાવીર સર્વ મુનિઓ કરતાં શ્રેષ્ઠ હતા.

**હત્થીસુ એરાવણમાહુ ણાએ, સીહો મિયાણં સલિલાણ ગંગા ।**
**પક્ખીસુ વા ગરુલે વેણુ દેવે, નિવ્વાણવાદીણિહ ણાયપુત્તે ॥૨૧॥**

**શબ્દાર્થ : હત્થીસુ** - હાથીઓમાં, **એરાવણમાહુ** - ઐરાવત હાથી કહ્યો છે, **ણાએ** - શ્રેષ્ઠ, **સીહો** - સિંહ, **મિયાણં** - મૃગોમાં, પશુમાં, **સલિલાણ** - નદીઓમાં, **ગંગા** - ગંગા, **પક્ખીસુ**

**વા** - પક્ષીઓમાં, **ગરુલે વેણુ દેવે** - વેણુ દેવ 'ગરૂડ', **નિવ્વાણવાદી** - મોક્ષવાદીમાં, **ણિહ** - શ્રેષ્ઠ હતા, **ણાયપુત્તે** - જ્ઞાતપુત્ર.

**ભાવાર્થ :** જેમ હાથીઓમાં ઐરાવત હાથી, પશુઓમાં સિંહ, નદીઓમાં ગંગા, પક્ષીઓમાં ગરુડ શ્રેષ્ઠ છે, તેમ મોક્ષવાદીઓમાં જ્ઞાતપુત્ર મહાવીર શ્રેષ્ઠ હતા.

**જોહેસુ ણાએ જહ વીસસેણે, પુપ્ફેસુ વા જહ અરવિંદમાહુ ।**

**ખત્તીણ સેટ્ઠે જહ દંતવક્કે, ઈસીણ સેટ્ઠે તહ વદ્ધમાણે ॥૨૨॥**

**શબ્દાર્થ : જોહેસુ** - યોદ્ધાઓમાં, **ણાએ** - શ્રેષ્ઠ, **જહ** - જેમ, **વીસસેણે** - વિશ્વસેન, **પુપ્ફેસુ વા** - પુષ્પોમાં, **જહ** - જેમ, **અરવિંદમાહુ** - અરવિંદ કમળ કહ્યું છે, **ખત્તીણ** - ક્ષત્રિયોમાં, **સેટ્ઠે** - શ્રેષ્ઠ, **જહ** - જેમ, **દંતવક્કે** - દંતવાક્ય, **ઈસીણ** - ઋષિઓમાં, **સેટ્ઠે** - શ્રેષ્ઠ, **તહ** - તેમ, **વદ્ધમાણે** - વર્ધમાન.

**ભાવાર્થ :** જેમ યોદ્ધાઓમાં વિશ્વસેન (વાસુદેવ), પુષ્પોમાં અરવિંદ કમળ, ક્ષત્રિયોમાં દંતવાક્ય (વાક્ય પાળનારો - ચક્રવર્તી) શ્રેષ્ઠ છે, તેમ ઋષિઓમાં શ્રી વર્ધમાન શ્રેષ્ઠ છે.

**દાણાણ સેટ્ઠં અભયપ્પયાણં, સચ્ચેસુ વા અણવજ્જં વયંતિ ।**

**તવેસુ વા ઉત્તમબંભચેરં, લોગુત્તમે સમણે ણાયપુત્તે ॥૨૩॥**

**શબ્દાર્થ : દાણાણ** - દાનમાં, **સેટ્ઠં** - શ્રેષ્ઠ, **અભયપ્પયાણં** - જીવોને અભય, **સચ્ચેસુ વા** - સત્ય વચનમાં, **અણવજ્જં વયંતિ** - અનવદ્ય વચન બોલવા, **તવેસુ વા** - તપમાં, **ઉત્તમ** - શ્રેષ્ઠ, **બંભચેરં** - બ્રહ્મચર્ય, **લોગુત્તમે** - લોકમાં ઉત્તમ, **સમણે** - શ્રમણ, **નાયપુત્તે** - જ્ઞાતપુત્ર છે.

**ભાવાર્થ :** દાનમાં અભયદાન, સત્ય વચનમાં અનવદ્ય (કોઈને પીડા ન ઉપજાવે તેવું) વચન, તપમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે, તેમ લોકમાં ઉત્તમ શ્રમણ જ્ઞાતપુત્ર શ્રી ભગવાન મહાવીર શ્રેષ્ઠ હતા.

**ઠિઈણ સેટ્ઠા લવસત્તમા વા, સભા સુહમ્મા વ સભાણ સેટ્ઠા ।**

**ણિવ્વાણસેટ્ઠા જહ સવ્વધમ્મા, ણ ણાયપુત્તા પરમત્થિ ણાણી ॥૨૪॥**

**શબ્દાર્થ : ઠિઈણ** - સ્થિતિમાં, **સેટ્ઠા** - શ્રેષ્ઠ, **લવસત્તમા વા** - લવસપ્તમ દેવોની સ્થિતિ, **સભા સુહમ્મા વ** - સૌધર્મ સભા, **સભાણ** - સભાઓમાં, **સેટ્ઠા** - શ્રેષ્ઠ, **નિવ્વાણ** - નિર્વાણ, મોક્ષ, **સેટ્ઠા** - શ્રેષ્ઠ, **જહ** - જેમ, **સવ્વધમ્મા** - સર્વધર્મોમાં, **ન** - નથી, **નાયપુત્તા** - જ્ઞાનપુત્રથી, **પરમત્થિ** - પરમ શ્રેષ્ઠ, **નાણી** - જ્ઞાની.

**ભાવાર્થ :** લાંબી અને શુભ સ્થિતિવાળા દેવોમાં લવ સપ્તમ દેવો (પાંચ અનુત્તરવાસી દેવો), સભાઓમાં સૌધર્મ સભા અને સર્વ ધર્મોમાં જેમ નિર્વાણ - મોક્ષમાર્ગ શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાતપુત્ર મહાવીરથી પરમશ્રેષ્ઠ જ્ઞાની બીજા કોઈ નથી.

**પુઢોવમે ધુણઈ વિગયગેહી, ન સણ્ણિહિં કુવ્વઈ આસુપણ્ણે ।**
**તરિઉં સમુદ્દં ચ મહાભવોઘં, અભયંકરે વીર અણંતચક્ખૂ ॥૨૫॥**

**શબ્દાર્થ : પુઢોવમે** - આધારભૂત પૃથ્વીની જેમ, **ધુણઈ** - ક્ષય કર્યા છે કર્મોને, **વિગયગેહી** - વસ્તુ પરની ગૃદ્ધિને છોડી છે, **ન સણ્ણિહિં** - નથી સંગ્રહ, **કુવ્વઈ** - કરનારા, **આસુપણ્ણે** - પ્રજ્ઞાવાન, **તરિઉં** - તરીને, પાર કરનાર, **સમુદ્દં ચ** - સમુદ્રને, **મહાભવોઘં** - મહાન ભવસમુદ્ર, **અભયંકરે** - અભય પ્રદાન કરનાર, **વીર** - શૂરવીર, મહાવીર, **અણંતચક્ખૂ** - અનંત ચક્ષુવાળા.

**ભાવાર્થ :** પૃથ્વી જેમ સર્વને આધારભૂત છે તેમ શ્રી મહાવીરદેવ પણ સર્વને આધારભૂત છે. કર્મોને ક્ષય કરનાર, બાહ્ય અને આભ્યંતર સન્નિધિ (સંગ્રહ) માં ગૃદ્ધિ ન કરનાર, પ્રજ્ઞાવાન, મહાન (ચાર ગતિરૂપ) ભવસમુદ્રને પાર કરનાર, અભય દેનારા, શૂરવીર અને અનંતચક્ષુવાળા (જ્ઞાની) હતા.

**કોહં ચ માણં ચ તહેવ માયં, લોભં ચઉત્થં અજ્ઝત્થદોસા ।**
**એયાણિ વંતા અરહા મહેસી, ન કુવ્વઈ પાવ ન કારવેઈ ॥૨૬॥**

**શબ્દાર્થ : કોહં ચ** - ક્રોધ, **માણં ચ** - માન, **તહેવ** - તેમજ, **માયં** - માયા, **લોભં** - લોભ, **ચઉત્થં** - એ ચાર, **અજ્ઝત્થદોસા** - અધ્યાત્મ દોષો, **એયાણિ વંતા** - તેનો ત્યાગ કરીને, **અરહા** - અરિહંત, **મહેસી** - મહર્ષિ, **ન કુવ્વઈ** - કરે નહીં, **પાવ** - પાપ, ન **કારવેઈ** - કરાવે પણ નહીં.

**ભાવાર્થ :** ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર અધ્યાત્મ દોષોને ત્યાગીને તે ભગવાન મહાવીર અરિહંત મહર્ષિ બની પાપ કરતા નથી અને બીજા પાસે કરાવતા પણ નથી.

**કિરિયાકિરિયં વેણઈયાણુવાયં, અણ્ણાણિયાણં પડિયચ્ચ ઠાણં ।**
**સે સવ્વવાયં ઈઈ વેયઈત્તા, ઉવટ્ઠિએ સંજમ દીહરાયં ॥૨૭॥**

**શબ્દાર્થ : કિરિયાકિરિયં** - ક્રિયાવાદિ, - અક્રિયાવાદિ, **વેણઈયાણુવાયં** - વિનયવાદિ, **અણ્ણાણિયાણં** - અજ્ઞાનવાદિ, **પડિયચ્ચ ઠાણં** - પાખંડીનું સ્થાન, સે સવ્વવાયં - એ સર્વ વાદને, **ઈઈ** - આ પ્રકારે, **વેયઈત્તા** - જાણીને, **ઉવટ્ઠિએ** - ઉદ્યત, સ્થિત, **સંજમ** - સંયમમાં, **દીહરાયં** - જાવજીવ. (દિવસ અને રાત)

**ભાવાર્થ :** ક્રિયાવાદિ, અક્રિયાવાદિ, વિનયવાદિ તથા અજ્ઞાનવાદિરૂપ પાખંડીના સ્થાનને જાણીને, સર્વ વાદને (દુર્ગતિમાં જવાનું કારણ) સમ્યક્રૂપે જાણીને ભગવાન મહાવીર યાવ્ત જીવન સંયમ ધર્મમાં સ્થિત (ઉદ્યત) થયા.

**સે વારિયા ઈત્થિ સરાઈભત્તં, ઉવહાણવં દુક્ખખયટ્ઠયાએ ।**
**લોગં વિદિત્તા આરં પારં ચ, સવ્વં પભૂ વારિય સવ્વવારં ॥૨૮॥**

**શબ્દાર્થ : સે** - તે, **વારિયા** - ત્યાગીને, **ઈત્થિ** - સ્ત્રીને, **સરાઈભત્તં** - રાત્રિભોજન સહિત, **ઉવહાણવં** - ઉપધાનતપ, **દુક્ખખયટ્ઠયાએ** - દુ:ખનો ક્ષય કરવા માટે, **લોગં** - લોકોને, **વિદિત્તા** - જાણીને, **આરં** - આલોક, **પારં ચ** - અને પરલોક, **સવ્વં** - સર્વ પ્રકારના, **પભૂ** - પ્રભુ, **વારિય** - નિવારણ, **સવ્વવારં** - સર્વ આશ્રવદ્વારો (પાપસ્થાન).

**ભાવાર્થ :** તે ભગવાને રાત્રિભોજન સહિત સ્ત્રી સંસર્ગ ત્યાગીને દુ:ખ ક્ષય માટે (કર્મક્ષય માટે), ઉપધાન (વિશિષ્ટ) તપથી દેહ સૂકવી નાખ્યો. આલોક અને પરલોકના (ચાર ગતિરૂપ સંસાર) સ્વરૂપને જાણીને સર્વ પાપસ્થાનોને પ્રભુએ નિવાર્યા.

**સોચ્ચા ય ધમ્મં અરિહંતભાસિયં, સમાહિયં અટ્ઠપઓવસુદ્ધં ।**
**તં સદ્દહણા ય જણા અણાઉ, ઈંદે વ દેવાહિ વ આગમિસ્સંતિ ॥૨૯॥**
**ત્તિ બેમિ ।**

**શબ્દાર્થ : સોચ્ચા ય** - સાંભળીને, **ધમ્મં** - ધર્મને, **અરિહંતભાસિયં** - અરિહંત ભાષિત, **સમાહિયં** - સમ્યક્ પ્રકારે, **અટ્ઠપઓવસુદ્ધં** - અર્થ અને પદ વડે શુદ્ધ, **તં** - તેની, **સદ્દહણા ય** - શ્રદ્ધાપૂર્વક, **જણા** - લોકો, મનુષ્યો, **અણાઉ** - આયુષ્ય રહિત, **ઈંદે વ** - ઈન્દ્રાદિક, **દેવાહિ વ** - દેવોના અધિપતિ, **આગમિસ્સંતિ** - આગામી કાળે, **ત્તિ બેમિ** - તેમ હું કહું છું.

**ભાવાર્થ :** હે જંબૂ! સમ્યક્ પ્રકારે અર્થ અને પદ વડે શુદ્ધ એવા અરિહંત ભાષિત ધર્મને સાંભળીને, તેની શ્રદ્ધાથી અનેકો આયુષ્ય રહિત થયા (સિદ્ધ થયા). જેનાં કર્મ બાકી રહ્યાં તેઓ દેવોના અધિપતિ ઈન્દ્રાદિક થઈને આગામી કાળે સિદ્ધ થશે. - એ પ્રમાણે હું કહું છું.

શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે ''હે આયુષ્યમાન્ જંબૂ! જેવું મેં ભગવાન મહાવીરસ્વામી પાસે સાંભળ્યું છે, તેવું જ હું તમને કહું છું.''

## ।। વીર સ્તુતિ સમાપ્ત ।। ઈતિ પુચ્છિંસ્સુણં ।।

# કાય સ્થિતિ

## પન્નવણા સૂત્ર - પદ ૧૮

સ્થિતિ બે પ્રકારની છે. **(૧) ભવ સ્થિતિ** - જીવ એક ભવમાં જેટલો કાળ રહે તેટલો કાળ, તે ભવસ્થિતિ. એક ભવના આયુષ્યની સ્થિતિ . જેમ કે પૃથ્વીકાયની ભવ સ્થિતિ જ. અંત. ઉ. ૨૨ હજાર વર્ષની.

**(૨) કાય સ્થિતિ** - પૃથ્વીકાય આદિ એક જ કાયનો જીવ તે જ કાયમાં વારંવાર જન્મ મરણ કરતો રહે અને બીજી કાય (અપકાય, તેઉકાય વગેરે) માં ન ઊપજે ત્યાં સુધીની સ્થિતિ.જેમકે પૃથ્વીકાયની કાયસ્થિતિ અસંખ્યાત કાળની છે અર્થાત પૃથ્વીકાયનો જીવ અસંખ્યાત કાળ સુધી પૃથ્વીકાયમાં જ જન્મ મરણ કરતાં પૃથ્વીકાયમાં જ રહે છે.

**કાયસ્થિતિની દ્વારગાથા -**

**જીવ[૧] ગઈ[૨] ઈન્દિય[૩] કાએ[૪] જોગે[૫], વેદે[૬] કસાય[૭] લેસ્સા[૮] ય।**
**સમ્મત્ત[૯] નાણ[૧૦] દંસણ[૧૧], સંજય[૧૨] ઉવઓગ[૧૩] આહારે[૧૪] ॥૧॥**
**ભાસગ[૧૫] પરિત્ત[૧૬] પજ્જત્ત[૧૭] સુહુમ[૧૮], સન્ની[૧૯] ભવ[૨૦] ડત્થિ[૨૧] ચરિમેય[૨૨] ।**
**એએસિં તુ પયાણં, કાયઠિઈ હોઈ નાયવ્વા ॥૨॥**

**<u>દ્વારનાં નામ</u>**

૧) જીવ, ૨) ગતિ, ૩) ઈન્દ્રિય, ૪) કાય, ૫) યોગ, ૬) વેદ, ૭) કષાય, ૮) લેશ્યા, ૯) સમ્યક્ત્વ, ૧૦) જ્ઞાન, ૧૧) દર્શન, ૧૨) સંયત, ૧૩) ઉપયોગ, ૧૪) આહાર, ૧૫) ભાષક, ૧૬) પરિત્ત, ૧૭) પર્યાપ્ત, ૧૮) સૂક્ષ્મ, ૧૯) સંજ્ઞી, ૨૦) ભવસિદ્ધિક, ૨૧) અસ્તિકાય, ૨૨) ચરમ.

**આ થોકડામાં વપરાતાં રુઢ શબ્દોની સમજણ :**

**બાદર કાળ :** આંગુલના અસંખ્યાતમા ભાગમાં જેટલાં આકાશ પ્રદેશ છે, તેને દરેક સમયે એક એક ખાલી કરતાં જેટલો સમય લાગે, તેટલો કાળ. તેટલામાં અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પસાર થાય. (ચાર કાળમાં સૌથી નાનો કાળ છે.)

**પુઢવીકાળ :** ક્ષેત્રથી અસંખ્યાતા લોકના જેટલા આકાશ પ્રદેશ છે. તેને દરેક સમયે એક એક ખાલી કરતાં જેટલો કાળ લાગે, તેટલો કાળ. તેટલા સમયમાં અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી પસાર થાય છે.

**વનસ્પતિકાળ :** ક્ષેત્રથી અનંતા લોક. એટલે દરેક સમયે લોકના એક એક આકાશ-પ્રદેશને ખાલી કરતાં કરતાં એક લોક જેવડાં અનંતા લોકના આકાશપ્રદેશ ખાલી થઈ જાય તેટલો અનંતો કાળ. કાળથી અનંતો કાળ. તે અનંતા લોકના આકાશપ્રદેશને સમયે સમયે ખાલી કરતાં જેટલો સમય લાગે તેટલો કાળ. એક લોકના અસંખ્ય આકાશ પ્રદેશ છે, એવા અનંતા લોકના અસંખ્ય અનંતા એટલે અનંતા આકાશપ્રદેશ થાય. ભાવથી અસંખ્ય પુદ્ગલ પરાવર્તન

આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા અસંખ્યાતા સમય હોય છે, તેટલા અસંખ્ય પુદ્ગલ પરાવર્તન લેવા.

**અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ (અનંતો કાળ)** - દ્રવ્યથી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી. ક્ષેત્રથી અનંતો લોક. કાળથી અનંતો કાળ. ભાવથી અર્ધપુદ્ગલ પરાવર્તન.

**ટૂંકા શબ્દ પ્રયોગનો અર્થ - અ.અ.** - અનાદિ અનંત. **અ સાં.** - અનાદિ સાંત. **સા.અ.** - સાદિ અનંત. **સા.સાં.** - સાદિ સાંત. **અંત.** - અંતર્મુહૂર્ત. **સં.** - સંખ્યાતા. **અસં.** - અસંખ્યાતા

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૧. | <u>જીવ દ્વાર</u> : | | |
| | સમુચ્ચય જીવ | શાશ્વતા | શાશ્વતા |

**૧. <u>જીવ દ્વાર</u> :** સમુચ્ચય એટલે સર્વ (૨૪ દંડકનાં અને સિદ્ધના સર્વ જીવો).

૧૪ રાજલોકમાં જેટલાં જીવો છે, તે સર્વ જીવો. જે ચેતના યુક્ત હોય તથા દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ સહિત હોય, તેને જીવ કહે છે. ૧૦ પ્રાણ તે દ્રવ્યપ્રાણ છે અને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંતવીર્ય અને અનંત સુખ, આ ચાર ભાવપ્રાણ છે.જીવ અનાદિકાળથી છે અને અનંત કાળ સુધી રહેશે, તેથી અનાદિ અનંત.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાયસ્થિતિ |
|---|---|---|---|
| ૨. | <u>ગતિ દ્વાર</u> : | | |
| ૨ | નારકી | ૧૦ હજાર વર્ષ | ૩૩ સાગરોપમ |
| ૩ | દેવતા | ૧૦ હજાર વર્ષ | ૩૩ સાગરોપમ |
| ૪ | દેવી | ૧૦ હજાર વર્ષ | ૫૫ પલ્યની |
| ૫ | તિર્યંચ (નપુંસક) | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિકાળ) |
| ૬ | તિર્યંચાણી, તિર્યંચ પુરુષ | અંતર્મુહૂર્ત | ૩ પલ્ય ને પ્રત્યેક ક્રોડપૂર્વ વર્ષ |
| ૭ | મનુષ્ય | અંતર્મુહૂર્ત | ૩ પલ્ય ને પ્રત્યેક ક્રોડપૂર્વ વર્ષ |
| ૮ | મનુષ્યાણી | અંતર્મુહૂર્ત | ૩ પલ્ય ને પ્રત્યેક ક્રોડપૂર્વ વર્ષ |
| ૯ | સિદ્ધ ભગવાન | ------ | સાદિ અનંત |
| ૧૦ | અપર્યાપ્તા નારકી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૧ | અપર્યાપ્તા દેવતા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૨ | અપર્યાપ્તા દેવી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૩ | અપર્યાપ્તા તિર્યંચ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૪ | અપ તિર્યંચાણી, તિ.પુરુષ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૫ | અપર્યાપ્તા મનુષ્ય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૬ | અપર્યાપ્તા મનુષ્યાણી | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૧૭ | પર્યાપ્તા નારકી | **૧૦,૦૦૦ વર્ષમાં અંત. ઊણી** | 3 3 સાગરમાં અંત. ઉણી |
| ૧૮ | પર્યાપ્તા દેવ | **૧૦,૦૦૦ વર્ષમાં અંત.ઊણી** | 3 3 સાગરમાં અંત. ઊણી |
| ૧૯ | પર્યાપ્તા દેવી | **૧૦,૦૦૦ વર્ષમાં અંત. ઊણી** | ૫૫ પલ્યમાં અંત. ઊણી |
| ૨૦ | પર્યાપ્તા તિર્યંચ | અંતર્મુહૂર્ત | 3 પલ્યમાં અંત. ઊણી |
| ૨૧ | પર્યાપ્તા તિર્યંચાણી | અંતર્મુહૂર્ત | 3 પલ્યમાં અંત. ઊણી |
| ૨૨ | પર્યાપ્તા મનુષ્ય | અંતર્મુહૂર્ત | 3 પલ્યમાં અંત. ઊણી |
| ૨૩ | પર્યાપ્તા મનુષ્યાણી | અંતર્મુહૂર્ત | 3 પલ્યમાં અંત. ઊણી |

**૨. <u>ગતિ દ્વાર</u> - બોલ ૨, ૩, ૪** - એકવાર નરક કે દેવમાંથી નીકળેલો જીવ અનંતર (પછીના જ ભવમાં ફરી) નરક કે દેવ ભવમાં ઉત્પન્ન થતો નથી, તેથી તેઓની જે ભવસ્થિતિ છે તે જ તેમની કાયસ્થિતિ છે.દેવીની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ બીજા ઈશાન દેવલોકની અપરિગ્રહિતા દેવીની અપેક્ષાએ સમજવી.

**બોલ ૫ થી ૮** - જ્યારે કોઈ દેવ, મનુષ્ય કે નારકીનો જીવ તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં અંતર્મુહૂર્ત રહી મૃત્યુ પામીને ફરીથી દેવ, મનુષ્ય કે નરક ભવમાં જન્મ લે છે, તે અપેક્ષા તિર્યંચની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની છે.તેવી જ રીતે બોલ ૬ ,૭,૮ આ ત્રણ બોલોની જઘન્ય કાય સ્થિતિ સમજવી.

તિર્યંચની ઉત્કૃષ્ટ - કાયસ્થિતિ પૃથ્વીકાયથી તિર્યંચ પંચે. સુધીનાં દરેક તિર્યંચ ફરીફરી તિર્યંચ ગતિમાં જ જન્મ-મરણ કર્યા કરે, તો અનંતકાળ સુધી કરી શકે છે. આ અનંતકાળમાં મુખ્યપણે સાધારણ અને સૂક્ષ્મ વનસ્પતિકાયમાં અનંતકાળ પસાર કરી શકે બાકીની તિર્યંચ જાતોમાં અસંખ્યકાળ પસાર થાય. સર્વ મળીને અનંતોકાળ ગણવો.

સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના અને મનુષ્યના અધિકથી અધિક નિરંતર આઠ ભવ થાય છે. તેમાં સાત ભવ ક્રોડપૂર્વ વર્ષ આયુવાળા અને આઠમો અંતિમ ભવ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યો.ની સ્થિતિવાળા દેવકુરુ આદિ ક્ષેત્રના યુગલિકના, એ પ્રકારે સાત ક્રોડ પૂર્વ અધિક 3 પલ્યોપમ સમજવું. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક મનુષ્ય, યુગલિક તિર્યંચ મૃત્યુ પછી નિયમા દેવલોકમાં જ ઉત્પન્ન થાય છે. એ જ પ્રકારે તિર્યંચાણી અને મનુષ્યાણીમાં પણ સમજવું.

**બોલ ૯ -** સિદ્ધ પર્યાયની આદિ છે પણ સિદ્ધપણાનો અંત નથી કારણકે રાગદ્વેષના કારણરૂપ કર્મનો તેમણે સર્વથા ક્ષય કર્યો છે, તેથી તેની સ્થિતિ સાદિ અનંતકાળની છે.

**બોલ ૧૦ થી ૧૬ -** અપર્યાપ્ત અવસ્થા અંતર્મુહૂર્તથી અધિક કાળ સુધી રહેતી નથી, અંતર્મુહૂર્ત પછી જીવ પર્યાપ્તો થઇ જાય છે માટે.

**બોલ ૧૭ થી ૨૩ -** અપર્યાપ્ત અવસ્થાનું એક અંતર્મુહૂર્ત ઓછું કરી પર્યાપ્તાની ઉત્.

કાયસ્થિતિ સમજવી.

**બોલ ૨૦ થી ૨૩ -** પર્યાપ્તપણે નાનામાં નાનો ભવ અંતર્મુહૂર્તનો કરી, જ્યાં બીજો ભવ કરે ત્યાં જીવ પ્રથમ અપર્યાપ્તો જ બને છે, માટે **જઘ.** કાયસ્થિતિ અંત. ની.

અહીં શાસ્ત્રકારે પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવોની સ્થિતિનું કથન કર્યું છે, તેમાં કરણપર્યાપ્ત અને કરણઅપર્યાપ્ત જીવોને ગ્રહણ કર્યા છે. સ્વયોગ્ય પયાર્પ્તિ પૂર્ણ ન હોય, તે જીવોને કરણઅપર્યાપ્તા અને સ્વયોગ્ય પયાર્પ્તિ પૂર્ણ થઈ જાય, તે જીવોને કરણપર્યાપ્ત કહે છે.

કોઈપણ જીવ ઉત્પતિના પ્રારંભમાં અંત:મુહૂર્ત પર્યંત અપર્યાપ્તાવસ્થામાં રહે છે, ત્યાર પછી જીવન પર્યંત પર્યાપ્તપણે રહે છે. એક ભવનું આયુષ્ય પૂર્ણ થતાં જ્યાં જન્મ થાય, ત્યાં **પુન:** અપર્યાપ્તાવસ્થા જ પ્રાપ્ત થાય છે, તેથી કરણ અપર્યાપ્તાવસ્થા કે કરણ પર્યાપ્તાવસ્થાની નિરંતરતા એકભવ પૂરતી સીમિત રહે છે, તેથી તે પ્રમાણે સ્થિતિ સમજવી.

| **ક્રમ** | **માર્ગણા** | **જઘ. કાયસ્થિતિ** | **ઉ.કાય સ્થિતિ** |
|---|---|---|---|
| ૩. | <u>ઇન્દ્રિય દ્વાર :-</u> | | |
| ૨૪ | સઇન્દ્રિય | ............... | અ. અ., અ. સાં. |
| ૨૫ | એકન્દ્રિય | અંતર્મુહૂર્ત | અનંતકાળ(વનસ્પતિકાળ) |
| ૨૬ | બેઇન્દ્રિય | અંતર્મુહૂર્ત | સંખ્યાતો કાળ |
| ૨૭ | તેઈન્દ્રિય | અંતર્મુહૂર્ત | સંખ્યાતો કાળ |
| ૨૮ | ચૌરેન્દ્રિય | અંતર્મુહૂર્ત | સંખ્યાતો કાળ |
| ૨૯ | પંચેન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૧૦૦૦ સાગર સાધિક |
| ૩૦ | અનિન્દ્રિય | ----- | સાદિ અનંત |

**૩. <u>ઈન્દ્રિય દ્વાર</u> : બોલ ૨૪ :** સંસાર અનાદિથી છે માટે સઇન્દ્રિયપણું પણ અનાદિથી છે. જે જીવો ક્યારેય કેવળી થવાના નથી તેવા અભવી જીવ અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે. તેમના સઇન્દ્રિયપણાનો ક્યારેય અંત થશે નહીં માટે અ. અ. જે જીવો કેવળી થશે તેવા ભવી જીવોની અપેક્ષા અનાદિ સાંત છે. કારણકે કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધીની જ અવસ્થામાં સઇન્દ્રિયપણું હોય છે. ત્યાર પછી અનિન્દ્રિયપણું હોય છે.

**બોલ ૨૫ :** કોઈ જીવ બેઈન્દ્રિય આદિમાંથી નીકળીને એકેન્દ્રિયમાં જન્મ ધારણ કરે, ત્યાં અંતર્મુહૂર્તની સ્થિતિ પૂર્ણ કરી, પાછો બેઈન્દ્રિય આદિમાં ચાલ્યો જાય,તો તે અપેક્ષાએ એકેન્દ્રિયની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની બતાવી છે. આવી રીતે અન્ય બોલોની જઘન્ય કાયસ્થિતિમાં પણ સમજવું.

ઉત્કૃષ્ટ કાયસ્થિતિ વનસ્પતિકાળ. તેમાં પૃથ્વીકાયથી વનસ્પતિકાયમાં પર્યાપ્ત અને અપર્યાપ્તપણે કરેલા બધા જ ભવોની ગણના થાય છે.તેમાં પૃથ્વી, અપ, તેઉ, વાઉમાં જીવ અસંખ્યાતો કાળ અને વનસ્પતિમાં જીવ અનંતકાળ પસાર કરે છે.

**બોલ ૨૬ થી ૨૮ :** બેઈન્દ્રિયથી ચૌરેન્દ્રિયમાં દરેક જીવ નિરંતર સંખ્યાતા ભવ સુધી જ રહી શકે છે, તેથી ઉત્. સંખ્યાતો કાળ.

**બોલ ૨૯ -** નારકી, તિર્યંચ પંચે., મનુષ્ય તથા દેવગતિ આ ચારેની મળીને પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ સાધિક ૧૦૦૦ સાગર કાયસ્થિતિ સમજવી.

**બોલ ૩૦ -** અનિન્દ્રિય = જેમને દ્રવ્ય ઈન્દ્રિય છે પણ કેવળજ્ઞાન હોવાથી દ્રવ્ય ઈન્દ્રિયનો ઉપયોગ કરતા નથી, તેવા ભવસ્થ કેવળી તથા સિદ્ધ જીવો. એવા જીવ ૧૩મા, ૧૪મા ગુણ. વાળા અને સિદ્ધ હોય છે તેથી તેમની કાયસ્થિતિ સાદિ અનંતકાળની છે. તેમાં તેરમા ગુણની અપેક્ષાએ કંઈક ન્યૂન ક્રોડપૂર્વ વર્ષની છે અને સિદ્ધભગવાનની અપેક્ષાએ આદિ અનંતકાળની છે.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૪. | <u>**કાય દ્વાર**</u> **:** | | |
| ૩૧ | સકાયી | ----- | અનાદિ અનંત, અનાદિ સાંત |
| ૩૨ | પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવી કાળ) |
| ૩૩ | અપ્કાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવી કાળ) |
| ૩૪ | તેઉકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવી કાળ) |
| ૩૫ | વાઉકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવી કાળ) |
| ૩૬ | વનસ્પતિકાય | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિકાળ) |
| ૩૭ | ત્રસકાય | અંતર્મુહૂર્ત | ૨૦૦૦ સાગરને સં. વર્ષ અધિક |
| ૩૮ | અકાયી | ----- | સાદિ અનંત |
| ૩૯ | સકાયી અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪૦ | પૃથ્વીકાય અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪૧ | અપકાય અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪૨ | તેઉકાય અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪૩ | વાઉકાય અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪૪ | વનસ્પતિકાય અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪૫ | ત્રસકાય અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪૬ | સકાયી પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૪૭ | પૃથ્વીકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૪૮ | અપકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૪૯ | તેઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા દિવસની |
| ૫૦ | વાઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૫૧ | વનસ્પતિકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૫૨ | ત્રસકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |

| બોલ | બોલનું નામ | ૧ ભવ આયુ | | નિરંતરભવ | | કાયસ્થિતિ |
|---|---|---|---|---|---|---|
| ૪૭ | પૃથ્વીકાય | ૨૨૦૦૦ વર્ષ | x | ૮ | = | ૧,૭૬,૦૦૦ વર્ષ |
| ૪૮ | અપકાય | ૭૦૦૦ વર્ષ | x | ૮ | = | ૫૬,૦૦૦ વર્ષ |
| ૪૯ | તેઉકાય | ૩ અહોરાત્રિ | x | ૮ | = | ૨૪ અહોરાત્રિ |
| ૫૦ | વાઉકાય | ૩૦૦૦ વર્ષ | x | ૮ | = | ૨૪,૦૦૦ વર્ષ |
| ૫૧ | વનસ્પતિકાય | ૧૦૦૦૦ વર્ષ | x | ૮ | = | ૮૦,૦૦૦ વર્ષ |

**બોલ ૫૨ :** ત્રસકાય પર્યાપ્તની ઉ.કાયસ્થિતિ સાધિક પ્રત્યેક સો સાગરો.ની છે. તેમાં પંચન્દ્રિયની કાયસ્થિતિ પ્રત્યેક સો સાગરો.ની છે. તેમાં ત્રણ વિકલેન્દ્રિયની કાયસ્થિતિ ઉમેરતાં ત્રસકાયની કાયસ્થિતિ થાય છે. બેઇ. ની ઉ.કાયસ્થિતિ સંખ્યાતા વર્ષ, તેઇ. ની સંખ્યાતા દિવસ અને ચૌરે. ની સંખ્યાતા માસની છે.આ સ્થિતિ પંચેન્દ્રિયની કાયસ્થિતિની અપેક્ષાએ અત્યંત અલ્પ છે. તેને પંચેન્દ્રિયની કાયસ્થિતિ ઉમેરતાં સાધિક પ્રત્યેક સો સાગરો.ની જ થાય છે.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૫૩ | સમુચ્ચય બાદર | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (બાદરકાળ) |
| ૫૪ | બાદર વનસ્પતિ | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (બાદરકાળ) |
| ૫૫ | સમુચ્ચય નિગોદ | અંતર્મુહૂર્ત | અનંતો કાળ (અઢી ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન) |
| ૫૬ | બાદર ત્રસકાય | | અંતર્મુહૂર્ત ૨૦૦૦ સાગર ઝાઝેરી |
| ૫૭ | બાદર પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગર |
| ૫૮ | બાદર અપકાય | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગર |
| ૫૯ | બાદર તેઉકાય | અંતર્મુહર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગર |
| ૬૦ | બાદર વાઉકાય | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગર |
| ૬૧ | પ્રત્યેક વનસ્પતિ | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગર |
| ૬૨ | બાદર નિગોદ | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી સાગર |
| ૬૩ | સમુચ્ચય સૂક્ષ્મ | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) |
| ૬૪ | સૂક્ષ્મ પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) |
| ૬૫ | સૂક્ષ્મ અપકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) |
| ૬૬ | સૂક્ષ્મ તેઉકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) |
| ૬૭ | સૂક્ષ્મ વાઉકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) |
| ૬૮ | સૂક્ષ્મ વનસ્પતિકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) |
| ૬૯ | સૂક્ષ્મ નિગોદ | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) |

**૪. <u>કાય દ્વાર</u> : બોલ ૩૧ :** કાય છ છે. પૃ, અપ્, તેઉ, વાઉ, વન. અને ત્રસકાય. તેમાંથી કોઈપણ કાયમાં હોય, તે જીવોને સકાય કહેવાય છે.

અભવી જીવનું સકાયપણું અનાદિકાળથી છે અને તે ક્યારેય મોક્ષે જશે નહીં, તેથી તેનું સકાયીપણું અનંતકાળ સુધી રહેશે, માટે અનાદિ અનંત. ભવી જીવનું સકાયપણું અનાદિકાળથી છે, પરંતુ તે જ્યારે મોક્ષ જશે, ત્યારે તેના સકાયીપણાનો અંત આવી જશે માટે અનાદિ સાંત.

**બોલ ૩૨ થી ૩૭ :** પૃથ્વી, અપ્. વગેરેના સર્વ અપર્યાપ્તા અને પર્યાપ્તા જીવોનો સમાવેશ આ બોલોમાં કર્યો છે.

**બોલ ૩૭ :** કોઈ જીવ ૧૦૦૦ સાગર જેટલો કાળ પંચેન્દ્રિયમાં રહી પછી વિકલેન્દ્રિયમાં જઈ ફરી પાછા પંચેન્દ્રિયમાં એક હજાર સાગર જેટલો કાળ અથવા વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં ગમનાગમન કરીને બે હજાર સાગર અને સંખ્યાતા વર્ષ સુધી ઉત્. ત્રસકાયમાં રહી શકે છે. ત્યાર પછી ત્રસમાંથી નીકળી સ્થાવરમાં જાય છે.

**બોલ ૩૮ -** સિદ્ધ, અકાયિક જીવ છે અને તેમના સિદ્ધ પર્યાયની આદિ હોય છે પણ અંત હોતો નથી, તેથી સાદિ અનંત.

**બોલ ૩૯ થી ૪૫ :** દરેક ભવમાં જીવ પ્રથમ અંતર્મુહૂર્ત અપર્યાપ્તો હોય છે.ત્યારપછી તે પર્યાપ્તા થાય છે, તેથી તેની કાયસ્થિતિ અંતર્મુહૂર્તની છે. જઘન્ય કાયસ્થિતિનું અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ કાયસ્થિતિનાં અંતર્મુહૂર્ત કરતાં નાનું હોય છે.

**બોલ ૪૬ થી ૫૦ :** આ દરેક બોલમાં લબ્ધિ પર્યાપ્ત જીવોની અપેક્ષાએ કથન છે એટલે જીવ દરેક ભવે પર્યાપ્તો થઈને જ મરશે, અપર્યાપ્તપણે મરશે જ નહીં. (જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી)

**બોલ ૪૭ થી ૫૧ :** પૃ, અપ્, વાઉ, વન.ના પર્યાપ્તા ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષ સુધી પર્યાપ્તા રૂપે રહી શકે છે. તેનું કારણ પૃથ્વી, અપ આદિ એકેન્દ્રિયોની ભવસ્થિતિ પ્રમાણે તેઓ નિરંતર પર્યાપ્તાના જ ભવ કરે તેવા પર્યાપ્તાપણાના બધા ભવો મળીને કુલ સ્થિતિ સંખ્યાત હજાર વર્ષની બને છે. પૃથ્વીકાય આદિ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ સ્થિતિના તો નિરંતર આઠ ભવ જ થાય છે.

જઘન્ય કે મધ્યમ સ્થિતિના પણ અનેક ભવ થઈ શકે છે, પરંતુ તે સર્વ ભવોની કુલ સ્થિતિ પણ ઉત્કૃષ્ટ સ્થિતિના આઠ ભવની સ્થિતિ જેટલી જ થઈ શકે છે. તેમાં પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિના સર્વ પર્યાપ્તા ભવોનો સમાવેશ થાય છે.

પૃથ્વીકાય પર્યાપ્તા જો નિરંતર ૮ ભવ સુધી ૨૨,૦૦૦ વર્ષની ઉત્. સ્થિતિના ભવ કરે તો ૨૨,૦૦૦ x ૮ = ૧,૭૬,૦૦૦ વર્ષની સ્થિતિ થાય. આ રીતે તેની સંખ્યાતા હજાર વર્ષની કાયસ્થિતિ છે. તેવી જ રીતે અપ્કાય વગેરમાં પાછળ કોઠો આપ્યો છે તે પ્રમાણે સમજવું.

**બોલ ૫૩ : સમુચ્ચય બાદર** એટલે સૂક્ષ્મના ૧૦ ભેદ વર્જીને જીવના ૫૫૩ ભેદ. કોઈ જીવ સૂક્ષ્મમાંથી નીકળીને બાદરમાં જન્મ ધારણ કરી, અંતર્મુહૂર્ત રહી પાછો સૂક્ષ્મમાં ચાલ્યો જાય, તો બાદરની જઘન્ય કાય સ્થતિ અંતર્મુહૂર્ત થશે.

સમુચ્ચય બાદર જીવોની ઉ. કાયસ્થિતિ અસંખ્યાત કાલની છે. તે અસંખ્યાત કાલ. કાલથી અસંખ્યાત ઉત્સ.- અવ. કાલના સમય પ્રમાણ છે અને ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ છે. બાદર જીવોની કાયસ્થિતિના કાલપ્રમાણને **બાદરકાલ** કહે છે.

**બોલ ૫૪ : બાદર વનસ્પતિ** એટલે પ્રત્યેક તથા સાધારણ વનસ્પતિ તે બંનેના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૪ ભેદ અહીં સમજવા.

સમુચ્ચય બાદર વનસ્પતિની કાયસ્થિતિ ઉ. અસંખ્યાત- બાદરકાલ પ્રમાણ છે, તેમાં પ્રત્યેક વનસ્પતિની ૭૦ ક્રો. ક્રો. સાગરોની છે.

**બોલ ૫૫ : સમુચ્ચય નિગોદ** એટલે સૂક્ષ્મ વનસ્પતિ તથા બાદર સાધારણ વનસ્પતિ, તે બંનેના અપર્યાપ્તા અને પર્યાપ્તા ૪ ભેદ અહીં સમજવા.

તેની કાયસ્થિતિ ઉ. અનંતકાલની છે. તે કાલથી અનંત ઉત્સ- અવ. કાલના સમય પ્રમાણ અને ક્ષેત્રથી **અઢી પુદ્ગલ પરાવર્તનકાલની** છે. જીવ સૂક્ષ્મ અને બાદર, બંને પ્રકારના નિગોદમાં જન્મમરણ કરતાં આટલો કાલ પસાર કરે છે.

**બોલ ૫૬ :** ત્રસકાય જીવો તો સર્વ બાદર જ છે, પરંતુ અહીં બાદરનું વર્ણન ચાલતું હોવાથી ત્રસકાયને બાદર ત્રસકાય બતાવ્યા છે. આ બોલમાં બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય એ ત્રસ જીવોને જ ગ્રહણ કરવા. તેની કાયસ્થિતિના ત્રસકાય પ્રમાણે જાણવી.

**બોલ ૫૭ થી ૬૨ :** માત્ર બાદર તરીકે અપર્યાપ્તા અને પર્યાપ્તાના ભવો જ કરે વચ્ચે કોઈ સૂક્ષ્મનો ભવ ન કરે, તેની કાયસ્થિતિ બતાવી છે.

**બોલ ૬૨ : બાદર નિગોદ** એટલે માત્ર સાધારણ વનસ્પતિકાયના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ બે ભેદ.

**બોલ ૬૩ : સમુચ્ચય સૂક્ષ્મ** એટલે સૂક્ષ્મપૃથ્વી, સૂક્ષ્મ અપ્, સૂક્ષ્મ તેઉ, સૂક્ષ્મ વાઉ અને સૂક્ષ્મ વનસ્પતિના અપર્યાપ્તા પાંચ અને પર્યાપ્તા પાંચ એમ ૧૦ ભેદના જીવો.

**બોલ ૬૮, ૬૯ :** સૂક્ષ્મ વનસ્પતિકાય અને સૂક્ષ્મ નિગોદ બંને બોલમાં જીવો તેના તે જ છે અલગ નથી, પરંતુ અહીં સૂક્ષ્મ વનસ્પતિકાયના જીવો નિગોદના ગણાય છે, તેથી અલગ બોલ આપ્યો છે. આ બંને બોલમાં વ્યવહારરાશિના સૂક્ષ્મ વનસ્પતિના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ બે ભેદ લેવા.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૭૦ થી ૮૬ | ૫૩ થી ૬૯ ના અપર્યાપ્તા જીવો | (સમુ. બાદર થી સૂક્ષ્મ નિગોદ સુધી) અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૮૭ | સમુચ્ચય સૂક્ષ્મ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૮૮ | સૂક્ષ્મ પૃથ્વીકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૮૯ | સૂક્ષ્મ અપકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૯૦ | સૂક્ષ્મ તેઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૯૧ | સૂક્ષ્મ વાઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૯૨ | સૂક્ષ્મ વન. પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૯૩ | સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૯૪ | બાદર પૃથ્વીકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૯૫ | બાદર અપકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૯૬ | બાદર વાઉકાય પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૯૭ | પ્રત્યેક બાદર વન. પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| ૯૮ | બાદર તેઉકાયના પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતી અહોરાત્રી |
| ૯૯ | સમુચ્ચય બાદર પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૧૦૦ | સમુચ્ચય નિગોદ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૦૧ | બાદર નિગોદના પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

**બોલ ૭૦ થી ૮૬ :** દરેક ભવમાં જીવ પ્રથમ અંતર્મુહૂર્ત અપર્યાપ્તો હોય છે તે અપેક્ષા. જઘન્ય અંતર્મુહૂર્ત કરતાં ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત મોટું હોય છે.

અપર્યાપ્તાનું અંતર્મુહૂર્ત નાનું અને પર્યાપ્તાનું અંતર્મુહૂર્ત મોટું. તેમ જ બંનેનું ભેગું અંતર્મુહૂર્ત તેનાથી મોટું જાણવું.

**બોલ ૮૦ : સમુચ્ચય સૂક્ષ્મ અપર્યાપ્તા** એટલે સૂક્ષ્મપૃથ્વી, સૂક્ષ્મ અપ્, સૂક્ષ્મ તેઉ, સૂક્ષ્મ વાઉ અને સૂક્ષ્મ વનસ્પતિના અપર્યાપ્તા પાંચ ભેદના જીવો.

**બોલ ૮૫, ૮૬ :** આ બોલમાં સૂક્ષ્મ વનસ્પતિના અપર્યાપ્તાનો ૧ ભેદ લેવો.

**બોલ ૮૭ : સમુચ્ચય સૂક્ષ્મ પર્યાપ્તા** એટલે સૂક્ષ્મ પૃથ્વી, સૂક્ષ્મ અપ, સૂક્ષ્મ તેઉ, સૂક્ષ્મ વાઉ અને સૂક્ષ્મ વનસ્પતિના પર્યાપ્તાના પાંચ ભેદના જીવો.

**બોલ ૮૭ થી ૯૩ :** સૂક્ષ્મ જીવોનું આયુષ્ય અંતર્મુહૂર્તનું જ હોય છે, તેથી તેના અપર્યાપ્તાની તથા તેના પર્યાપ્તાની બન્નેની અલગઅલગ સ્થિતિ પણ અંતર્મુહૂર્તની હોય છે તથા બંનેની મળીને પણ સ્થિતિ અંતર્મુહૂર્તની જ હોય છે. પણ અપર્યાપ્તાનું અંતર્મુહૂર્ત નાનું અને પર્યાપ્તાનું અંતર્મુહૂર્ત મોટું હોય છે.

**બોલ ૯૨, ૯૩ :** આ બોલમાં સૂક્ષ્મ વનસ્પતિના પર્યાપ્તાનો ૧ ભેદ લેવો.

**બોલ ૯૯ :** પર્યાપ્તાના ૨૩૧ ભેદમાંથી સૂક્ષ્મ પર્યાપ્તાના ૫ ભેદ બાદ કરતાં ૨૨૬ ભેદ સમુચ્ચય બાદર પર્યાપ્તાના છે.

**બોલ ૧૦૦ :** સમુચ્ચય નિગોદ પર્યાપ્તા એટલે સૂક્ષ્મ અને સાધારણ વનસ્પતિના પર્યાપ્તાના બે ભેદ.

**બોલ ૧૦૧ :** બાદર નિગોદ પર્યાપ્તા એટલે માત્ર સાધારણ વનસ્પતિકાયના પર્યાપ્તા એ એક ભેદ.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૫. | <u>**યોગ દ્વાર**</u> : | | |
| ૧૦૨ | સયોગી | ----- | અ.અ., અ.સાં. |
| ૧૦૩ | મન યોગી | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૦૪ | વચન યોગી | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૦૫ | કાય યોગી | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિ કાળ) |
| ૧૦૬ | અયોગી | ----- | સાદિ અનંત |

<u>**૫. યોગ દ્વાર**</u> - **બોલ ૧૦૨ - સયોગી** એટલે મન, વચન કે કાયા એ ત્રણમાંથી કોઈપણ એક યોગ સહિતના જીવો. સયોગી એટલે ૧ થી ૧૩ ગુણ. વાળા જીવો. જે જીવ ભવિષ્યમાં ક્યારેય મોક્ષ પ્રાપ્ત નહીં કરે તે **અ અ. સયોગી**, જેમ કે અભવ્ય જીવ. જે જીવ મોક્ષ પ્રાપ્ત કરશે, તે **અનાદિ સાં.** સયોગી છે, કારણ કે ૧૪ માં ગુણ. માં અને સિદ્ધ અવસ્થામાં યોગનો સર્વથા અભાવ છે.

**મનયોગમાં** ૭ નારકી, ૫ સંજ્ઞી તિર્યંચ, ૧૦૧ ગર્ભજ મનુષ્ય અને ૯૯ દેવ એમ ૨૧૨ પર્યાપ્તાના ભેદ ગણવા.

**વચનયોગમાં** ૭ નારકી, ૫ સંજ્ઞી તિર્યંચ, ૫ અસંજ્ઞી તિર્યંચ, ૩ વિકલેન્દ્રિય, ૧૦૧ ગર્ભજ મનુષ્ય અને ૯૯ દેવ એમ ૨૨૦ ભેદ પર્યાપ્તાના ગણવા. **કાયયોગ**માં જીવના ૫૬૩ ભેદ લેવા.

**બોલ ૧૦૩,૧૦૪ :** જ્યારે કોઈ જીવ કાયયોગથી પ્રથમ સમયે મન યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, બીજા સમયે તેને મન રૂપમાં પરિણત કરીને મૃત્યુને પામે છે, ત્યારે તે જીવ માત્ર ૧ સમય માટે મનયોગી થશે કારણ ત્યાર પછીના સમયે તે વાટે વહેતો થવાથી ફરી કાયયોગી બનશે. આ જ રીતે વચનયોગની જઘ. સ્થિતિ પણ સમજવી, તેથી મન અને વચનયોગની જ. કાયસ્થિતિ ૧ સમયની છે. મન કે વચનયોગ્ય પુદ્ગલોનું ગ્રહણ અને ત્યાગ વધુમાં વધુ અંત. સુધી થાય છે. ત્યાર પછી અન્ય યોગમાં પ્રવર્તન થાય છે, તેથી ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની કહી છે.

અંતર્મુહૂર્ત સુધી કાયયોગી રહીને ફરી વચન યોગ કે મનયોગમાં પ્રવૃત્ત થાય તે અપેક્ષાએ કાયયોગીની જઘ. અંતર્મુહૂર્તની સ્થિતિ થાય છે.

કોઈપણ યોગ અંતર્મુહૂર્તથી વધુ ટકતો નથી. માત્ર એકેન્દ્રિયપણામાં જ કાયયોગ અનંતકાળ સુધી સંભવે છે, તે અપેક્ષા ઉત્. સ્થિતિ કહી છે.

**બોલ ૧૦૫ :** સમસ્ત સંસારી જીવોને કાયયોગ હોય જ છે. તેમ છતાં જ્યારે તે વચન યોગ કે મન યોગમાં પ્રવૃત્ત થાય, ત્યારે કાયયોગ ગૌણ બની જાય છે, તે અપેક્ષાએ તેનો અંત અને ફરી જ્યારે કાયયોગનો વ્યાપાર શરૂ થાય, ત્યારે તેનો પ્રારંભ થાય છે. તેથી, સંસારી જીવમાં કાયયોગ જઘન્ય અંતર્મુહૂર્ત હોય છે. કાયયોગીની ઉ. સ્થિતિ વનસ્પતિ જીવોની અપેક્ષાએ છે.

**બોલ ૧૦૬ :** અયોગી એટલે ૧૪મા ગુણ. વાળા અને સિદ્ધના જીવો. તેવા જીવોની અયોગીપણાની સાદિ છે પણ અયોગીપણાનો અંત નથી, માટે સાદિ અનંત.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૬. | **વેદ દ્વાર :** | | |
| ૧૦૭ | સવેદી | ----- | અ.અ., અ.સાં., સા.સાં. |
| | સવેદી સા.સાં. | અંતર્મુહૂર્ત | દેશે ઊણું અર્ધપુદ્ગલ પરાવર્તન |
| ૧૦૮ | સ્ત્રી વેદ | ૧ સમય | પ્રત્યેક ક્રોડ પૂર્વ અધિક ૧૧૦ પલ્ય |
| ૧૦૯ | પુરુષ વેદ | અંતર્મુહૂર્ત | સાધિક પ્રત્યેક સો સાગર |
| ૧૧૦ | નપુંસક વેદ | ૧ સમય | અનંતકાળ (વનસ્પતિકાળ) |
| ૧૧૧ | અવેદી | ----- | સા.સાં., સા.અ. |
| | અવેદી સા.સાં. | ૧ સમય | અંતર્મુહૂર્ત |

**૬. વેદ દ્વાર - બોલ ૧૦૭** : સવેદી એટલે સ્ત્રીવેદ, પુરુષવેદ કે નપુંસકવેદમાંથી કોઈપણ એક વેદ સહિતના જીવો. સવેદી એટલે ૧ થી ૯ ગુણસ્થાનવાળા જીવો.

**૧. સવેદી અનાદિ અનંત**: એવા જીવો કે જે જીવોનું સવેદીપણું અનાદિ કાળથી છે અને ભવિષ્યમાં ઉપશમ કે ક્ષપક-શ્રેણી કરીને ૯ મા ગુણસ્થાનકે અવેદી બનવાના નથી, તેવા જીવો. જેમના વેદનો ક્યારેય અંત નથી થવાનો તેવા અભવી જીવો.

**૨. સવેદી અનાદિ સાંત:** એવા ભવ્યજીવો જેઓ અનાદિ કાળથી સવેદી છે પરંતુ ભવિષ્યમાં ક્ષપક-શ્રેણી કરીને અવેદીપણાને પ્રાપ્ત કરશે. તે જીવો ફરી સવેદી થવાના નથી, તે અનાદિ સાંત.

**૩. સવેદી સાદિ સાંત:** એવા સવેદી જીવ ભૂતકાળમાં ઉપશમ શ્રેણી કરીને અવેદીપણાને પ્રાપ્ત થયા હતા અને ફરી પાછા શ્રેણીથી પડતાં વેદનો ઉદય થઈ જવાથી તેમના સવેદીપણાની સાદિ (શરૂઆત) થાય છે. તે જ જીવ અંતર્મુહૂર્તમાં ફરીથી ઉપશમ-શ્રેણી કરે અને ફરી પાછો અવેદી થાય, તે અપેક્ષાએતે જીવ જઘ. અંતર્મુહૂર્ત માટે સવેદી કહેવાય અને એકવાર ઉપશમ-શ્રેણીને પ્રાપ્ત જીવ વધારેમાં વધારે દેશે ઊણું અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ માં મોક્ષને પ્રાપ્ત કરશે, તેથી તેનો સવેદીપણાનો અંત આવી જશે, તે સાદિ સાંત છે. અને તેની ઉ. સ્થિતિ દેશે ઊણુ અર્ધપુદગલ પરાવર્તનકાળ છે.

**બોલ ૧૦૮ :** કોઈ સ્ત્રી ઉપશમ શ્રેણીમાં વેદનો ઉપશમ કરીને શ્રેણીથી પાછા પડતાં સ્ત્રી વેદનો ૧ સમય માટે અનુભવ કરીને કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થઈ જાય, ત્યાં તે પુરુષવેદી થશે,

આ રીતે અહીં સ્ત્રી વેદનો અનુભવ માત્ર ૧ સમયનો થશે, તેથી સ્ત્રીવેદની જઘન્ય સ્થિતિ ૧ સમયની. સંજ્ઞી મનુષ્ય કે તિર્યંચ સ્ત્રીરૂપે પૂર્વક્રોડના આયુવાળા પાંચ ભવ કરીને પછી ઈશાન દેવલોકમાં ૫૫ પલ્યની સ્થિતિવાળા અપરિગ્રહિતા દેવીરૂપે ઉત્પન્ન થાય, ત્યાંથી ચ્યવીને ફરી પૂર્વક્રોડના આયુવાળો મનુષ્ય કે તિર્યંચ સ્ત્રીરૂપે ભવ (એમ કુલ મનુષ્ય સ્ત્રીરૂપે પ્રત્યેક ક્રોડપૂર્વના ૬ ભવ) કરીને ફરીને ઈશાન દેવલોકમાં ૫૫ પલ્યની સ્થિતિવાળી દેવી થાય (એમ બે દેવીના ભવના ૧૧૦ પલ્ય) ત્યાર બાદ તે સ્ત્રી વેદને છોડી બીજો વેદ પ્રાપ્ત કરે, તેથી સ્ત્રીવેદની ઉ. સ્થિતિ પ્રત્યેક ક્રોડપૂર્વ અધિક ૧૧૦ પલ્ય થાય છે

**બોલ ૧૦૯ :** કોઈ જીવ સ્ત્રી વેદ કે નપુંસક વેદનો ભવ પૂર્ણ કરીને, પુરુષવેદી થઈ, અંતર્મુહૂર્તમાં આયુ પૂર્ણ કરીને પાછો સ્ત્રી વેદ કે નપુંસક વેદે જન્મ લે, તે અપેક્ષા પુરુષ વેદની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહુર્ત છે. ઉ.સ્થિતિ પ્રત્યેક સો સાગર છે કારણકે તેનાથી વધુ કાળ કોઈ જીવ પુરુષ વેદી રહી ન શકે.

**બોલ ૧૧૦ :** નપુંસકવેદની જઘન્ય કાયસ્થિતિ સ્ત્રીવેદની જેમ જ જાણવી (સ્ત્રીની જગ્યાએ નપુંસક કહેવું). નપુંસકવેદમાં જીવ એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય તથા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્ય, ગર્ભજ મનુષ્ય કે ગર્ભજ તિર્યંચમાં પણ નપુંસક તરીકે રહે, તે દરેક ભવની સ્થિતિનો સર્વકાળ લેવો. પરંતુ તે બધામાં મુખ્ય તો વનસ્પતિમાં જ અનંતોકાળ રહે છે, અન્ય ભેદોમાં તો અસંખ્યાતોકાળ જ રહે છે. તે અપેક્ષાએ બધી મળીને ઉત્કૃષ્ટ સ્થિતિ વનસ્પતિકાળ સમજવી.

**બોલ ૧૧૧** - ઉપશમ-શ્રેણીવાળા જીવ અવેદી થઈને એક સમય બાદ કાળ કરી જાય તો દેવલોકમાં સવેદી થઈ જાય તેથી જઘન્ય સ્થિતિ ૧ સમયની છે.

ઉપશમ-શ્રેણીવાળા જીવને શ્રેણીમાં ઉપર ચઢતાં અવેદીપણું પ્રાપ્ત થાય અને પાછા ફરતાં સવેદી થઈ જાય તે અપેક્ષાએ સા.સાં. ની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત છે. શ્રેણી ચડવા અને પડવાનો કુલ કાળ પણ અંતર્મુહૂર્ત જ હોય છે.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૭. | **કષાય દ્વાર :** | | |
| ૧૧૨ | સકષાયી | ----- | અ.અ., અ.સાં., સા.સાં. |
| | સકષાયી સા.સાં. | અંતર્મુહૂર્ત | દેશે ઉણા અર્ધ પુદ્ગલ પરાવર્તન |
| ૧૧૩ | ક્રોધ કષાય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૧૪ | માન કષાય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૧૫ | માયા કષાય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૧૬ | લોભ કષાય | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૧૭ | અકષાયી | ----- | સા.અ., સા.સાં. |
| | અકષાયી સા.સાં. | ૧ સમય | અંતર્મુહૂર્ત |

**૭. કષાય દ્વાર - બોલ ૧૧૨** : સકષાયી એટલે ૪ કષાયમાંથી ૧ કષાય સહિતના જીવો.
૧ થી ૧૦ મા ગુણસ્થાન સુધીના જીવો સકષાયી હોય છે. સકષાયીની ત્રણ કાયસ્થિતિ અભવી, ભવી અને પડિવાઈ અકષાયીની અપેક્ષાએ છે.

**૧. સકષાયી અનાદિ અનંત :** એટલે એવા જીવો કે જે જીવોનું સકષાયીપણું અનાદિ કાળથી છે અને ભવિષ્યમાં ઉપશમ કે ક્ષપક શ્રેણી કરીને અકષાયી થવાના નથી તેવા જીવો. જેમના કષાયનો ક્યારેય નાશ થવાનો નથી તેવા અભવી જીવો.

**૨. સકષાયી અનાદિ સાંત :** એવા ભવ્યજીવો જેઓ અનાદિ કાળથી સકષાયી છે પરંતુ ભવિષ્યમાં ઉપશમ કે ક્ષપક-શ્રેણી કરીને અકષાયીપણાને પ્રાપ્ત કરવાના છે. જેથી તેમના સકષાયીપણાનો અંત આવવાનો છે.

**૩. સકષાયી સાદિ સાંત :** એવા સકષાયી ભવી જીવ જેઓએ ભૂતકાળમાં ઉપશમ શ્રેણી કરીને અકષાયીપણું પ્રાપ્ત કર્યું હતું અને ફરી પાછા શ્રેણીથી પાછા ફરતાં કષાયનો ઉદય થઈ જવાથી તેમના સકષાયીપણાની સાદિ (શરૂઆત) થઈ કહેવાશે. તેવો જીવ અંતર્મુહૂર્તમાં ફરીથી ઉપશમ-શ્રેણી કરે અને ફરી પાછો અકષાયી થાય, તે અપેક્ષાએ તેના સકષાયીપણાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની કહી.
એકવાર ઉપશમ-શ્રેણીને પ્રાપ્ત જીવ વધારેમાં વધારે દેશેઊણું અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાં ક્ષપક-શ્રેણી કરીને અકષાયી બને છે, ત્યાં સુધી સકષાયી રહે છે, તે અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે. આટલા કાળ બાદ તેના સકષાયીપણાનો અંત આવી જશે માટે સાદિ સાંત.

**બોલ ૧૧૩ થી ૧૧૫ :** કોઈપણ જીવ સ્વભાવથી જ ક્રોધ, માન અને માયામાં અંત.થી વધુ રહેતો નથી. દર અંતર્મુહૂર્તે જીવ ચારમાંથી કોઈ એક કષાયમાં રહે છે.

**બોલ ૧૧૬ :** ક્રોધ, માન, માયાનું અંતર ૧ સમયનું કહ્યું છે, તે ૧ સમય લોભમાં ગયા હોય, તેમ ગણાય છે, તેથી લોભની જઘન્ય સ્થિતિ ૧ સમય કહી છે.

**બોલ ૧૧૭ :** જે ક્ષપક શ્રેણીવાળા જીવ અકષાયી થાય છે, તે સાદિ અનંત છે. જે ઉપશમ - શ્રેણીવાળા જીવ અકષાયી થાય છે, તે સાદિ સાંત છે. તે કાળ (મરણ) ની અપેક્ષાએ જ. ૧ સમય અને શ્રેણીથી પડવાની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી અકષાયી રહી શકે છે.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૮. | **લેશ્યા દ્વાર :** | | |
| ૧૧૮ | સલેશી | ----- | અ.અ., અ.સાં. |
| ૧૧૯ | કૃષ્ણલેશ્યા | અંતર્મુહૂર્ત | ૩૩ સાગર, અંતર્મુહૂર્ત અધિક |
| ૧૨૦ | નીલલેશ્યા | અંતર્મુહૂર્ત | ૧૦ સાગર, પલ્યનો અસં. ભાગ અધિક |
| ૧૨૧ | કાપોતલેશ્યા | અંતર્મુહૂર્ત | ૩ સાગર, પલ્યનો અસં. ભાગ અધિક |
| ૧૨૨ | તેજોલેશ્યા | અંતર્મુહૂર્ત | ૨ સાગર, પલ્યનો અસં. ભાગ અધિક |

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૧૨૩ | પદ્મલેશ્યા | અંતર્મુહૂર્ત | ૧૦ સાગરોપમ ને અંત. અધિક |
| ૧૨૪ | શુક્લલેશ્યા | અંતર્મુહૂર્ત | ૩૩ સાગરોપમ ને અંત. અધિક |
| ૧૨૫ | અલેશી | ----- | સાદિ અનંત |

**૮. લેશ્યા દ્વાર: બોલ ૧૧૮:** જે જીવ છ લેશ્યામાંથી કોઈ એક લેશ્યા સહિત હોય, તેને સલેશી કહે છે. સલેશીના ગુણસ્થાનક ૧ થી ૧૩.

**સલેશી અનાદિ અનંત** એટલે એવા જીવો કે જે ભવિષ્યમાં અલેશી થવાના નથી, તેથી તેમનું સલેશીપણું અનાદિથી છે અને અનંત કાળ સુધી સલેશીપણું રહેશે, તેવા અભવી જીવો.

**સલેશી અનાદિ સાંત** એટલે એવા જીવો કે જે ક્ષપક-શ્રેણી કરીને અયોગી બનીને, અલેશી બનીને સિદ્ધ થાય, તેમનું સલેશીપણું અનાદિ કાળથી છે પણ તેમના સલેશીપણાનો અંત આવે છે તેવા ભવી જીવો. જે લેશ્યામાં જે જીવ કાળ પામે, તે જ લેશ્યા તેને આગામી ભવમાં પ્રથમ અંતર્મુહૂર્ત માટે અવશ્ય મળે છે તેથી લેશ્યાની જઘન્ય ૧ સમયની સ્થિતિ કહી નથી.

**બોલ ૧૧૯ થી ૧૨૪** :કોઈ મનુષ્ય કે તિર્યંચ જીવ અન્ય પાંચ લેશ્યામાંથી અંતર્મુહૂર્ત માટે કૃષ્ણલેશી બની ફરી પાછો અન્ય પાંચમાંથી કોઈ એક લેશ્યાને પ્રાપ્ત કરે, તે અપેક્ષાએ કૃષ્ણ આદિ છ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે.

**બોલ ૧૧૯:** કોઈ ગર્ભજ મનુષ્ય કે તિર્યંચ આયુષ્યના અંતિમ અંત.માં કૃષ્ણલેશી હોય અને કાળ કરીને ૭મી નરકે ઊપજે, ત્યાં આખો ભવ કૃષ્ણલેશી રહે. ત્યાંથી કાળ કરી તિર્યંચના ભવમાં પ્રથમ અંત. સુધી કૃષ્ણલેશી રહે છે, ત્યારબાદ તેની લેશ્યા અવશ્ય બદલાય છે, તે અપેક્ષા કૃષ્ણલેશ્યાની ઉત્. સ્થિતિ સમજવી.

દેવ અને નારકીની દ્રવ્ય લેશ્યા પૂર્વના મનુષ્ય કે તિર્યંચના ભવના અંતિમ અંત. થી આવતા મનુષ્ય કે તિર્યંચના ભવના પ્રથમ અંત. સુધી રહે છે. તે બે અંત. નો સરવાળો પણ અંત. જ થાય છે કારણ કે અંત. ના અસંખ્યાતા ભેદ છે.

મનુષ્ય અને તિર્યંચમાં નિયમા દરેક અંતર્મુહૂર્તે લેશ્યા બદલાય છે તેથી દરેક લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત કહી છે.

**બોલ ૧૨૦ થી ૧૨૪ -** નીલલેશ્યા ની ઉ. સ્થિતિ પાંચમી નરકના નારકીની અપેક્ષાએ, કાપોતલેશ્યાની ઉ. સ્થિતિ ત્રીજી નરકના નારકીની અપેક્ષાએ, તેજોલેશ્યાની ઉ. સ્થિતિ ઈશાન દેવલોકના દેવની અપેક્ષાએ, પદ્મલેશ્યાની ઉ. સ્થિતિ બ્રહ્મ દેવલોકના દેવની અપેક્ષાએ, શુક્લલેશ્યા ની ઉ. સ્થિતિ અનુત્તર વિમાનની અપેક્ષાએ સમજવી. તે સર્વમાં આગલા અને પાછલા ભવની અંતર્મુહૂર્તની લેશ્યાના કાળનો સમાવેશ કરી લેવો.

**બોલ ૧૨૫:** ૧૪મુ ગુણ. અને સિદ્ધભગવાન અલેશી છે. તેમના અલેશીપણાની સાદિ છે પણ તે અલેશી અવસ્થાનો ક્યારેય અંત થશે નહીં, તેથી સાદિઅનંત.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૯. | <u>સમ્યક્ત્વ દ્વાર</u> : | | |
| ૧૨૬ | સમ્યગ દૃષ્ટિ | ----- | સા.અ., સા.સાં. |
| | સમ્યગ દૃષ્ટિ સા.સાં. | અંતર્મુહૂર્ત | ૬૬ સાગર અધિક |
| ૧૨૭ | ક્ષાયક સમકિત | ----- | સાદિ અનંત |
| ૧૨૮ | ક્ષયોપશમ સમકિત | અંતર્મુહુર્ત | ૬૬ સાગર અધિક |
| ૧૨૯ | સાસ્વાદન સમકિત | ૧ સમય | ૬ આવલિકા |
| ૧૩૦ | ઉપશમ સમકિત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૩૧ | વેદક સમકિત | ૧ સમય | ૬૬ સાગર અધિક |
| ૧૩૨ | મિથ્યા દૃષ્ટિ | ----- | અ.અ. (અભવ્ય), અ.સા., સા.સાં |
| ૧૩૩ | મિથ્યા દૃષ્ટિ સા.સાં. | અંતર્મુહૂર્ત | દેશે ઊણું અર્ધપુદ્ગલ પરાવર્તન |
| ૧૩૪ | મિશ્ર દૃષ્ટિ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

**૯.<u>સમ્યક્ત્વ દ્વાર</u> : બોલ ૧૨૬ :** ઉપશમ સમકિતી જઘ. અંત. કે ઉત્ અંત. માં મિથ્યાત્વી થઈ શકે છે. તેથી સમકિત સા.સા. ક્ષયોપશમ સમકિતી જ. અંત. ઉત. ૬૬ સાગરોપમ અધિક રહીને ફરી મિથ્યાત્વી થઈ શકે છે, તેથી સમકિત સા.સા.

**બોલ ૧૨૭ :** ઉપશમ સમકિતી કે ક્ષયોપશમ સમકિતી જીવ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરી લે અથવા કોઈ મિથ્યાત્વી ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે, તે અપેક્ષાએ સમકિત સાદિ અનંત. ક્ષાયિક સમકિત મોક્ષમાં પણ સાથે આવે છે માટે સ્થિતિ સા.અ.

**બોલ ૧૨૮ :** કોઈ મિથ્યાત્વી કે મિશ્ર દૃષ્ટિ જીવ ક્ષયોપશમ સમકિતમાં આવે, અંતર્મુહૂર્ત રહે અને ફરી પાછો મિથ્યાત્વી કે મિશ્ર દૃષ્ટિ થઈ જાય, તે અપેક્ષાએ ક્ષયોપશમની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત કહી છે. જો કોઈ જીવ બે વાર વિજય આદિ વિમાનોમાં ૩૩ સાગરની ઉત્. સ્થિતિએ અથવા ૩ વાર ૧૨મા દેવલોકે ૨૨ સાગરની ઉત્. સ્થિતિએ ઉત્પન્ન થાય અને વચ્ચે મનુષ્યના ભવ કરે, તે અપેક્ષાએ ક્ષયોપશમ સમકિતની ઉત્.સાધિક ૬૬ સાગરો.ની સ્થિતિ સમજવી.

**બોલ ૧૩૧ :** વેદકની ઉત્. સ્થિતિ ક્ષયોપશમ વેદકની અપેક્ષાએ ક્ષયોપશમ સમકિત જેટલી જ કહી છે.

**બોલ ૧૩૨/૧૩૩ :** જે અનાદિકાળથી મિથ્યાદૃષ્ટિ છે પણ ભવિષ્યમાં જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે, તેવા ભવી જીવનાં મિથ્યાત્વનો અંત આવી જશે, તે અપેક્ષાએ અનાદિ સાંત . કોઈ જીવ સમકિતથી પડી મિથ્યાત્વી થયો, તે અપેક્ષાએ મિથ્યાત્વની આદિ થઈ. ફરી પાછો સમકિતી થયો ત્યારે તેના મિથ્યાત્વનો અંત આવ્યો તેથી સા.સા. તેવો જીવ ઉત્. દેશે ઊણું અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં અવશ્ય મોક્ષ જશે.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| ૧૦. | <u>**જ્ઞાન દ્વાર**</u> : | | |
| ૧૩૫ | સનાણી | ----- | સા.અ., સા.સાં. |
| ૧૩૬ | મતિજ્ઞાન | ----- | સા.સાં. |
| ૧૩૭ | શ્રુતજ્ઞાન | ----- | સા.સાં. |
| | ત્રણેનાં સા.સાં. | અંતર્મુહૂર્ત | ૬૬ સાગર સાધિક |
| ૧૩૮ | અવધિજ્ઞાન | ૧ સમય | ૬૬ સાગર સાધિક |
| ૧૩૯ | મન:પર્યવજ્ઞાન | ૧ સમય | દેશે ઊણા પૂર્વક્રોડ વર્ષ |
| ૧૪૦ | કેવળજ્ઞાન | ----- | સાદિ અનંત |
| ૧૪૧ | અજ્ઞાન | ----- | અ.અ., અ.સાં., સા.સાં. |
| ૧૪૨ | મતિઅજ્ઞાન | ----- | અ.અ., અ.સાં., સા.સાં. |
| ૧૪૩ | શ્રુતઅજ્ઞાન | ----- | અ.અ., અ.સાં., સા.સાં. |
| | ત્રણેનાં સા.સાં. | અંતર્મુહૂર્ત | દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન |
| ૧૪૪ | વિભંગજ્ઞાન | ૧ સમય | ૩૩ સાગરને દેશે ઊણું પૂર્વક્રોડઅધિક |

**૧૦. <u>જ્ઞાન દ્વાર</u> : બોલ ૧૩૫ :** સનાણી એટલે જેનામાં પાંચમાંથી કોઈપણ જ્ઞાન હોય તેવા જીવો. સનાણી કેવળજ્ઞાનની અપેક્ષાએ સ્થિતિ **સાદિ અનંત** છે, કારણ કે કેવળજ્ઞાન પ્રગટે ત્યારે સાદિ (શરૂઆત) છે અને કેવળજ્ઞાન નાશ પામે નહીં માટે અનંત. **સાદિ સાંત** સ્થિતિ અન્ય ચાર જ્ઞાનની અપેક્ષા છે. તે અજ્ઞાનીમાંથી જ્ઞાની થતાં સજ્ઞાનીની સાદિ અને ફરી પાછા અજ્ઞાની થતાં અથવા કેવળજ્ઞાન થતા બાકીના ચાર જ્ઞાનનો અંત થઈ જાય છે માટે સજ્ઞાની સાંત.

**બોલ ૧૩૬/૧૩૭ :** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન સાદિ સાંતની જ. સ્થિતિ અંત.ની કહી, કારણ કે અંતર્મુહૂર્ત પછી તે જીવ મિથ્યાદષ્ટિ કે મિશ્રદષ્ટિ થઈ જવાથી મતિઅજ્ઞાની કે શ્રુતઅજ્ઞાની બની જાય છે. અથવા કેવળજ્ઞાન થતાં મતિજ્ઞાનનો અંત થઈ જાય છે માટે સાંત. ક્ષયોપશમ સમકિતની સ્થિતિ અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે.

**બોલ ૧૩૮ :** કોઈ વિભંગજ્ઞાની નારકી કે દેવ જ્યારે સમકિતની પ્રાપ્તિ કરે છે, ત્યારે તેનું વિભંગજ્ઞાન અવધિજ્ઞાનમાં બદલાઈ જાય અને ત્યારે તે જ સમયે તે નારકી કે દેવનું ચ્યવન થઈ જાય, તે અપેક્ષા અથવા કોઈ અન્ય કારણોથી એક સમયમાં અવધિજ્ઞાન નષ્ટ થઈ જાય, તે અપેક્ષાએ જ. એક સમયની સ્થિતિ કહી છે. કોઈ અપડિવાઈ અવધિજ્ઞાની બે વાર વિજય આદિ અનુત્તર વિમાનોમાં અથવા ત્રણવાર બારમા અચ્યુત આદિ દેવલોકમાં જવાની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**બોલ ૧૩૯ :** મન :પર્યવજ્ઞાની સાધુનો તેની પ્રાપ્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં કાળ થતો નથી પરંતુ ત્યાર પછી જ્યારે મન :પર્યવજ્ઞાનનો ઉપયોગ મૂકે અને તે પ્રથમ સમયે જ કાળ કરે તે અપેક્ષા ૧ સમયની સ્થિતિ બતાવી છે. સંયમ દેશે ઉણો પૂર્વક્રોડથી વધારે હોય નહીં તેથી તે પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી.

**બોલ ૧૪૧, ૧૪૨, ૧૪૩ :** ત્રણે અજ્ઞાનની સ્થિતિ મિથ્યાદષ્ટિની જેમ જ સમજવી. આ ત્રણેની સાદિ સાંતમાં જ. સ્થિતિ કોઈ જીવ જ્ઞાની હોય તે અંતર્મુહૂર્ત માટે અજ્ઞાનને સ્પર્શે અને ફરી પાછો જ્ઞાની થઈ જાય તે અપેક્ષાએ છે. ઉત્કૃષ્ટ સ્થિતિ કોઈ જ્ઞાની જીવ અજ્ઞાની થાય અને દેશે ઊણું અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ પછી ફરી જ્ઞાની થઈ, શ્રેણી કરી, કેવળી થઈ મોક્ષ જાય તે અપેક્ષાએ છે. તે જીવ વચ્ચે એકપણવાર સમકિત પ્રાપ્ત ન કરતો હોવાથી જ્ઞાની થતો નથી

**બોલ ૧૪૪:** વિભંગજ્ઞાનની જઘન્ય કાયસ્થિતિ અવધિજ્ઞાનની જેમ સમજવી. કોઈ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય કે તિર્યંચ જ્યારથી વિભંગજ્ઞાનને પ્રાપ્ત કરે અને તે આખો ભવ વિભંગજ્ઞાની રહી કાળ કરી તે વિભંગજ્ઞાનને સાથે લઈ ૭મી નરકે ૩૩ સાગરની ઉત્. સ્થિતિએ રહે તે અપેક્ષા વિભંગજ્ઞાનની ઉત્. સ્થિતિ સમજવી. નારકી કે દેવના ભવમાંથી વિભંગજ્ઞાન લઈને બહાર નીકળાતું નથી.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| **૧૧.** | **<u>દર્શન દ્વાર</u> :** | | |
| ૧૪૫ | ચક્ષુ દર્શન | અંતર્મુહૂર્ત | ૧ હજાર સાગર અધિક |
| ૧૪૬ | અચક્ષુદર્શન | ----- | અ.અ., અ.સાં. |
| ૧૪૭ | અવધિ દર્શન | ૧ સમય | ૧૩૨ સાગર અધિક |
| ૧૪૮ | કેવળ દર્શન | ----- | સાદિ અનંત |

**૧૧. દર્શન દ્વાર - બોલ ૧૪૫** - કોઈ સઈન્દ્રિય જીવ ચૌરેન્દ્રિય કે પંચેન્દ્રિયમાં (ચક્ષુદર્શની) ઉત્પન્ન થઈને અંત. સુધી રહીને પાછો એકે., બેઈ., તેઈન્દ્રિયમાં ઉત્પન્ન થઈ જાય, તેથી જ. સ્થિતિ અંત.ની. ઉ. સ્થિતિમાં તે ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયના ભવો ૧ હજાર સાગર અધિક કાળ સુધી કરે, તો ચક્ષુદર્શન એટલો કાળ સંભવે છે.

**બોલ ૧૪૬ :** કેવળદર્શન પ્રાપ્ત થાય, ત્યારે જ અચક્ષુદર્શન દૂર થાય, અન્યથા સર્વ જીવોને હોય જ છે. અચક્ષુદર્શન, અભવીનું અનાદિ અનંત, ભવીનું અનાદિ સાંત.

**બોલ ૧૪૭ :** કોઈ જીવ અવધિદર્શન પ્રાપ્ત કરે અને તે જ સમયે કાળ કરે છે, તેથી અવધિદર્શનની જઘન્ય સ્થિતિ એક સમયની કહી છે. વિભંગજ્ઞાનવાળો મનુષ્ય ૧૨મા દેવલોકમાં ૨૨ સાગરની સ્થિતિએ વિભંગજ્ઞાન લઈને આવે અને ત્યાંથી અવધિજ્ઞાન લઈને જાય.આવી રીતે ૩ વાર થાય તો કુલ ૬૬ સાગર થાય. પછી વિજય આદિ અનુત્તર વિમાનમાંથી અવધિજ્ઞાન સાથે બે વાર આવે તેના ૬૬ સાગર થાય.

તે દેવ ભવોની વચ્ચે મનુષ્યના ભવ થાય તેને સાધિકમાં ગણવા. આમ ૨, ૪, ૬, ૮, ૧૦મો એમ દેવના પાંચ ભવ અને ૧, ૩, ૫, ૭ અને ૯ મો મનુષ્યના પાંચ ભવ, એમ કુલ ૧૦ ભવ દ્વારા અવધિદર્શનની ઉત્કૃષ્ટ સ્થિતિ સંભવે છે. કારણ કે વિભંગજ્ઞાની અને અવધિજ્ઞાની,બંને જીવોને અવધિદર્શન તો હોય જ છે. તેથી તે વિભંગજ્ઞાનના ૬૬ સાગર અને અવધિજ્ઞાનના ૬૬ સાગર એમ ૧૩૨ સાગર સુધી અવધિદર્શન હોય છે.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| **૧૨.** | **<u>સંયત દ્વાર</u> :** | | |
| ૧૪૯ | સંયત | ૧ સમય | દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષ |
| ૧૫૦ | સામાયિક ચારિત્ર | ૧ સમય | દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષ |
| ૧૫૧ | છેદોપસ્થાપનીય ચારિત્ર | ૧ સમય | દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષ |
| ૧૫૨ | પરિહાર વિશુદ્ધ ચારિત્ર | ૧ સમય | દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષ |
| ૧૫૩ | સૂક્ષ્મ સંપરાય ચારિત્ર | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૫૪ | યથાખ્યાત ચારિત્ર | ૧ સમય | દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષ |
| ૧૫૫ | અસંયત | ----- | અ.અ., અ.સાં., સા.સાં. |
| ૧૫૬ | અસંયત સા.સાં. | અંતર્મુહૂર્ત | દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન |
| ૧૫૭ | સંયતાસંયત | અંતર્મુહૂર્ત | દેશે ઊણું પૂર્વ ક્રોડ વર્ષ |
| ૧૫૮ | નોસંયત નોઅસંયત | | |
| | નોસંયતાસંયત | | સાદિ અનંત |

**૧૨. <u>સંયત દ્વાર</u> : બોલ ૧૪૯ -** સંયતિ તો સાવદ્યનો હું ત્યાગ કરું છું ઈત્યાદિ ભાવરૂપે છે, માટે તેની પ્રાપ્તિનો ઉપયોગ એક સમયનો પણ હોઈ શકે છે અથવા સંયતિ ભાવથી અસંયતિ થઈ ફરી સંયતિના ભાવમાં આવી એક સમયમાં કાળ કરે, તે પરિણામની અપેક્ષાએ સ્થિતિ એક સમયની છે.

જઘ. ગર્ભ સહિત ૯ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડ વર્ષનું આયુષ્ય હોય, તેવા મનુષ્ય જ દીક્ષા કે શ્રાવકના વ્રત ગ્રહણ કરી શકે છે, તે જે ઉંમરે દીક્ષા કે વ્રત ગ્રહણ કરે છે તે દેશે ઊણુમાં ગણવી તે અપેક્ષાએ સંયતની અને શ્રાવકની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. સંયતિના ગુણ. ૬ થી ૧૪. શ્રાવકનું ગુણસ્થાન પાંચમુ.

**બોલ ૧૫૦ થી ૧૫૪ સંયત પ્રમાણે. તેમાં સૂક્ષ્મ સંપરાય. ની ઉ. સ્થિતિ અંતર્મુહૂર્તની છે. સામા. અને છેદો**. ચારિત્રના ગુણસ્થાન ૬ થી ૯.

**પરિ.વિશુ.ચા.**નું ગુણ. ૬-૭. **સૂ.સં.**નું ગુણસ્થાન ૧૦મું.

**યથાખ્યાત ચારિત્રના** ગુણ. ૧૧ થી ૧૪.

**બોલ ૧૫૫/૧૫૬ : અસંયત : અનાદિ અનંત :** એવા જીવો જે અનાદિકાળથી અસંયમી છે અને ભવિષ્યમાં ક્યારેય સંયમને પ્રાપ્ત નહીં કરે. એટલે કે ૧લું ગુણસ્થાનક છોડીને ક્યારેય ૬/૭ ગુણસ્થાને આવશે નહી તેવા અભવી જીવો.

**અનાદિ સાંત :** એવા જીવો જે અનાદિકાળથી અસંયમી છે પરંતુ ભવિષ્યમાં જે સંયમને પ્રાપ્ત કરશે, તેથી તેમના અસયંતપણાનો અંત કરશે તેવા ભવી જીવો.

**સાદિ સાંત :** કોઈ સંયતિ જ્યારે અસંયત બને, ત્યારે તેના અસંયતપણાની આદિ થઈ. તેવો જીવ જઘન્ય અંત.માં ફરી પાછો સંયતિ બની શકે છે અથવા ઉત્. દેશે ઊણું અર્ધપુદ્ગલ પરાવર્તન પછી સંયતિ બની મોક્ષે જશે, તે અપેક્ષાએ અસંયતિપણાનો અંત આવશે તે તેની ઉત્. સ્થિતિ બતાવી છે.

**અસંયત**ના ગુણસ્થાન ૧ થી ૪. **સંયતાસંયત**નું ગુણસ્થાન પાંચમું.

**બોલ ૧૫૭:** સંયતાસંયત (શ્રાવકને) વ્રતો બે કરણ, ૩ યોગ વિ. અનેક ભાંગાથી અંગીકાર કરવામાં અંત. નો સમય થાય છે, તેથી ત્યાં એક સમયની સ્થિતિ નથી.

**બોલ ૧૫૮ :** નોસંયત નોઅસંયત નોસંયતાસંયત એટલે સિદ્ધના જીવો કે જેમને સંયમ પણ નથી, અસંયમ પણ નથી કે સંયતાસંયત (શ્રાવક) પણ નથી.

| **ક્રમ** | **માર્ગણા** | **જઘ. કાયસ્થિતિ** | **ઉ.કાય સ્થિતિ** |
|---|---|---|---|
| **૧૩.** | **ઉપયોગ દ્વાર :** | | |
| ૧૫૯ | સાકાર ઉપયોગ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૬૦ | અનાકાર ઉપયોગ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

**૧૩. <u>ઉપયોગ દ્વાર</u> :** સાકાર ઉપયોગ એટલે. જ્ઞાનનો ઉપયોગ. સાકાર ઉપયોગના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ આઠ ભેદ છે. અનાકાર ઉપયોગ એટલે દર્શનનો ઉપયોગ, તેના ચાર ભેદ છે - ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન.

**બોલ ૧૫૯/૧૬૦ -** છદ્મસ્થ જીવનો ઉપયોગ અંતર્મુહૂર્તમાં સાકારમાંથી અનાકાર અથવા અનાકારમાંથી સાકાર એમ નિયમથી બદલાઈ જાય છે.

| **ક્રમ** | **માર્ગણા** | **જઘ. કાયસ્થિતિ** | **ઉ.કાય સ્થિતિ** |
|---|---|---|---|
| ૧૪. | **આહાર દ્વાર :** | | |
| ૧૬૧ | આહારક છદ્મસ્થ. | ૩ સમય ન્યૂન | અસંખ્યાતો કાળ |
| | **૧ થી ૧૨ ગુણ** | એક ક્ષુલ્લક ભવ | (બાદર કાળ) |
| ૧૬૨ | આહારક કેવળી **૧૩ મું ગુણ.** | અંતર્મુહૂર્ત | દેશે ઊણું પૂર્વ કોડ વર્ષ |
| ૧૬૩ | અણાહારી છદ્મસ્થ **વાટે વહેતા** | ૧ સમય | ૩ સમય |

| ક્રમ | માર્ગણા | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|
| ૧૬૪ | ભવસ્થ સયોગી કેવળી અણાહારક ----- | અજઘન્ય અનુત્કૃષ્ટ ૩ સમય |
| ૧૬૫ | ભવસ્થ અયોગી કેવળી અણાહારક **૧૪મું ગુણ.** | પાંચ હ્રસ્વ અક્ષર ઉચ્ચારણ કાળ |
| ૧૬૬ | સિદ્ધ અણાહારક ----- | સાદિ અનંત |

**૧૪. <u>આહાર દ્વાર</u> : બોલ ૧૬૧ :** આહારક એટલે ઓજ, રોમ, કવલ આહારમાંથી કોઈપણ એક અથવા વધારે પ્રકારનો આહાર કરનારા જીવો.

છદ્મસ્થ એટલે એવા જીવો જેને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ કર્મને કારણે કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થયું ન હોય.

૧ થી ૧૨ ગુણસ્થાનવાળા **આહારક છદ્મસ્થ** કહેવાય.

એક ગતિમાંથી બીજી ગતિમાં જતાં જીવ બે પ્રકારે આકાશ-પ્રદેશની શ્રેણી પર ગમન કરે છે.

**૧. ઋજુગતિ અને ૨. વિગ્રહગતિ.** જીવ જ્યારે ઋજુગતિથી એક સમયની ગતિથી ઉત્પન્ન થાય, ત્યારે આહારક જ હોય છે. જીવને વિગ્રહગતિએ ઉત્પન્ન થતાં જ. બે સમય ઉ. ચાર સમય થાય છે. તેમાં જે જીવને વિગ્રહગતિએ ઉત્પન્ન થતાં બે સમય લાગે તે એક સમય માટે અનાહારક હોય, ઉત્પન્ન થતાં ચાર સમય લાગે, તો તે ત્રણ સમય માટે અનાહારક હોય. ક્ષુલ્લક ભવ એટલે નાનામાં નાનો ભવ તે ૨૫૬ આવલિકાનો હોય છે. તેથી જઘન્ય કાયસ્થિતિ ૩ સમય ન્યૂન ૧ ક્ષુલ્લક ભવ.

**બોલ ૧૬૧ -** જ્યારે ૪ સમયની વિગ્રહ ગતિ હોય, ત્યારે જીવ પ્રથમ ૩ સમય સુધી અનાહારક હોય તે અપેક્ષાએ જ. સ્થિતિ છે. ઉત્કૃષ્ટ બાદર કાળ સુધી જીવ દરેક વખતે ઋજુગતિએ જ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય તેથી આહારક જ રહે.

**બોલ ૧૬૨ :** કોઈ આહારક જીવ કેવળી થઈ અંત. રહી ૧૪મા ગુણસ્થાને અનાહારી થઈ જાય તે અપેક્ષાએ જ. સ્થિતિ બતાવી છે. જ. ગર્ભ સહિત ૯ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડ વર્ષનું આયુષ્ય હોય, તેવા મનુષ્ય જ દીક્ષા ગ્રહણ કરી શકે છે. તે જે ઉંમરે કેવળજ્ઞાન પામે તે દેશે ઊણુમાં ગણવી. તે ૧૩મા ગુણસ્થાનની અપેક્ષાએ છે.

**બોલ ૧૬૩ :** અણાહારી છદ્મસ્થમાં વિગ્રહગતિએ વાટે વહેતા બે સમય લાગે તેવા જીવો ૧ સમય માટે અને જેને ૪ સમય લાગે તેવા જીવો ૩ સમય માટે અણાહારક હોય છે. છદ્મસ્થ જીવોમાં અણાહારક અવસ્થા વાટે વહેતા જીવોને જ હોય છે. તે જીવોને ૧, ૨ અને ૪થું ગુણસ્થાન હોય છે.

**બોલ ૧૬૪ :** ૧૩ મા ગુણ. માં સયોગી કેવળી કેવળ સમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમાં એમ ૩ સમય કાર્મણ કાયયોગી હોય છે, તેથી અનાહારક હોય છે. તેની સ્થિતિ ૩ સમય.

**બોલ ૧૬૫ :** ૧૪મા ગુણસ્થાનવાળા જીવોને યોગ ન હોવાથી તેઓ અણાહારક હોય છે. તેની સ્થિતિ પાંચ હ્રસ્વ અક્ષર એટલે અ, ઈ, ઉ, ઋ, લૃ ના ઉચ્ચારણ કાળ પ્રમાણ છે.

**બોલ ૧૬૬ :** જે જીવ સિદ્ધ થઈ ગયા તેમના અણાહારકપણાની સાદિ છે અને તેના અણાહારકપણાનો અંત થવાનો નથી, તેથી અનંત.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| **૧૫.** | **ભાષક દ્વાર :** | | |
| ૧૬૭ | ભાષક | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૧૬૮ | અભાષક સિદ્ધ | ----- | સાદિ અનંત |
| ૧૬૯ | અભાષક સંસારી | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિકાળ) |

**૧૫. ભાષક દ્વાર : બોલ ૧૬૭ :** વચનયોગની અપેક્ષાએ આ કાયસ્થિતિ સમજવી. ભાષક જીવોમાં ૭ નારકી, ૫ સંજ્ઞી તિર્યંચ, ૫ અસંજ્ઞી તિર્યંચ, ૩ વિકલેન્દ્રિય, ૧૦૧ ગર્ભજ મનુષ્ય અને ૯૯ દેવ પર્યાપ્તા એમ ૨૨૦ ભેદ પર્યાપ્તા ગણવા. બાકીની વિગત બોલ ૧૦૪ પ્રમાણે સમજવી.

**બોલ ૧૬૮ :** અભાષક સિદ્ધનું અભાષકપણું શરૂ થયું પણ હવે તે અંત પામવાનું નથી (ફરીથી ભાષક થવાના નથી) તેથી સાદિ અનંત.

**બોલ ૧૬૯ : અભાષક સંસારી :** એકેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા ૨૨ ભેદ, બાકીના સર્વ વાટે વહેતા અને અપર્યાપ્તા જીવો એટલ ૭ નારકી,૩ વિકલેંદ્રિય, ૧૦ તિર્યંચ પંચે., ૧૦૧, ગર્ભજ મનુષ્ય, ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય, ૯૯ દેવ એ સર્વના અપર્યાપ્તા, સયોગી કેવળી કેવળ સમુદ્‌ઘાત સમયે તથા અયોગી કેવળીને પણ અભાષક ગણવા. કુલ ૨૨ + ૭+ ૩+૧૦ + ૨૦૨ + ૯૯ = ૩૪૩ ભેદ થાય. ભાષક જીવો પણ વચનયોગમાંથી જ્યારે મનયોગ કે કાયયોગમાં જાય છે, ત્યારે પણ અભાષક ગણાય છે.

જે જીવ ભાષક હોય તેવા જીવ તેમાંથી અભાષક બની અંતર્મુહૂર્તમાં ફરી પાછા ભાષક બને, તેથી અભાષકની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની. કોઈ જીવ અનંતકાળ માટે અભાષકના ભેદોમાં રહે, તે અપેક્ષાએ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ વનસ્પતિકાળની બતાવી છે. (તેમાં વધારે કાળની સ્થિતિ એકેન્દ્રિયના ભવોની હોઈ શકે છે)

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| **૧૬.** | **<u>પરિત્ત દ્વાર</u> :** | | |
| ૧૭૦ | કાય પરિત્ત | અંતર્મુહૂર્ત | અસં. કાળ (પુઢવીકાળ) |
| ૧૭૧ | કાય અપરિત્ત | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિકાળ) |
| ૧૭૨ | સંસાર પરિત્ત | અંતર્મુહૂર્ત | દેશે ઊણું અર્ધ પુદ્‌ગલ પરાવર્તન |
| ૧૭૩ | સંસાર અપરિત્ત | ----- | અ.અ., અ.સાં. |
| ૧૭૪ | નોપરિત્ત નોઅપરિત્ત | ----- | સાદિ અનંત |

**૧૬. <u>પરિત્ત દ્વાર</u>: બોલ ૧૭૦** - **કાય પરિત્ત** પ્રત્યેક શરીરી જીવ છે. **કાય અપરિત્ત** એટલે સાધારણ શરીરી (નિગોદના જીવ). **સંસાર પરિત્ત** જેણે સમ્યક્ત્વ આદિ દ્વારા પોતાના ભવભ્રમણને પરિમિત કર્યું છે. **સંસાર અપરિત્ત** એટલે જેમણે સમકિત પ્રાપ્ત કરીને ભવભ્રમણને પરિમિત કર્યું નથી, તેવા ભવી અને સર્વ અભવી જીવો. કોઈ જીવ નિગોદથી નીકળીને પ્રત્યેક શરીરી રૂપે ઉત્પન્ન થાય છે અને ત્યાં અંત. સુધી રહીને નિગોદમાં ઉત્પન્ન થઈ જાય છે, ત્યારે જઘન્ય અંત. સુધી કાય પરિત્ત રહે છે.

**બોલ ૧૭૨ :** જ્યારે કોઈ જીવ પ્રત્યેક શરીરથી નીકળી નિગોદમાં ઉત્પન્ન થાય અને ત્યાં એક અંતર્મુહૂર્ત રહીને ફરીથી પ્રત્યેક શરીરમાં ઉત્પન્ન થાય તો કાય અપરિત્તની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત થાય.

પ્રત્યેક શરીરીમાં સૂક્ષ્મ વનસ્પતિ અને સાધારણ વનસ્પતિના એ ૪ ભેદ વર્જીને ૫૫૯ જીવના ભેદ લેવા.

**બોલ ૧૭૩:** બધાં અભવી જીવો સંસાર અપરિત્ત કહેવાય છે, તેથી તેમનું સંસાર અપરિત્તપણું અનાદિકાળથી છે અને અનંતકાળ રહેશે, તેથી અનાદિ અનંત છે.

જે ભવી જીવ અનાદિ કાળથી સંસાર અપરિત્ત છે, તે સમકિત પામી સંસાર પરિત્ત થશે, ત્યારે તેમના સંસાર અપરિત્તપણાનો અંત આવી જશે, તે અપેક્ષા અ.સાં. છે.

**બોલ ૧૭૪:** નોપરિત્ત નોઅપરિત્ત એટલે સિદ્ધના જીવો. તેમના નોપરિત્ત નોઅપરિત્તપણાની શરૂઆત છે પણ અંત નથી માટે સાદિ અનંત.

| **ક્રમ** | **માર્ગણા** | **જઘ. કાયસ્થિતિ** | **ઉ.કાય સ્થિતિ** |
|---|---|---|---|
| **૧૭.** | **પર્યાપ્તા દ્વાર :** | | |
| ૧૭૫ | પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૧૭૬ | અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૧૭૭ | નોપર્યાપ્તા નોઅપર્યાપ્તા | ----- | સાદિ અનંત |

**૧૭. <u>પર્યાપ્તા દ્વાર :</u> બોલ ૧૭૫:** પર્યાપ્તા જીવ પ્રત્યેક સો સાગર સાધિક સુધી ચારે ગતિમાં જેટલાં ભવ પામે તે દરેક ભવમાં પર્યાપ્તા થઈને જ મૃત્યુ પામે. અપર્યાપ્તા અવસ્થામાં મૃત્યુ પામે જ નહીં. તે અપેક્ષાએ ઉત્. સ્થિતિ કહી છે. આ કથન લબ્ધિપર્યાપ્તા જીવોની અપેક્ષાએ છે.

દરેક જીવ જન્મ ધારણ કરે, ત્યારે અંતર્મુહૂર્ત સુધી અપર્યાપ્ત જ હોય છે પરંતુ અપર્યાપ્ત અવસ્થામાં પણ તેને પર્યાપ્ત નામ કર્મનો ઉદય હોવાથી તે જીવ લબ્ધિપર્યાપ્ત કહેવાય છે. તે અવશ્ય પર્યાપ્ત થવાનો છે. આ રીતે લબ્ધિપર્યાપ્તાની અપેક્ષાએ પર્યાપ્ત અવસ્થાનું સાતત્ય ઉ. સાધિક પ્રત્યેક સો સાગરોપમ સુધી રહે છે.

**બોલ - ૧૭૬ :** અપર્યાપ્તની કાયસ્થિતિ જઘ. અને ઉ. અંતર્મુહૂર્તની છે કારણકે લબ્ધિ અપર્યાપ્ત અવસ્થામાં જીવ નિરંતર જેટલાં ભવ કરી શકે, તે ભવોની સ્થિતિનો સરવાળો અંતર્મુહૂર્ત જ થાય છે. જીવનો ક્ષુદ્રભવ ૨૫૬ આવલિકાનો થાય, એક મુહૂર્તમાં ૨૫૬ આવલિકાના ૬૫,૫૩૬ ભવ થઈ શકે. અંતર્મુહૂર્તમાં તેનાથી ઓછા ભવ અપર્યાપ્તના થાય અને તે ભવોની સ્થિતિનો સરવાળો અંતર્મુહૂર્ત થાય છે અને તે જ તેની કાય સ્થિતિ છે.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| **૧૮.** | **સૂક્ષ્મ દ્વાર :** | | |
| ૧૭૮ | સૂક્ષ્મ | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (પુઢવીકાળ) |
| ૧૭૯ | બાદર | અંતર્મુહૂર્ત | અસંખ્યાતો કાળ (બાદરકાળ) |
| ૧૮૦ | નોસૂક્ષ્મ નોબાદર | ----- | સાદિ અનંત |

**૧૮. <u>સૂક્ષ્મ દ્વાર</u> : બોલ - ૧૭૮, ૧૭૯ :** બાદરમાં પ્રત્યેક વન., સાધારણ વન, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય એ બધાનો સમાવેશ થાય છે. જ્યારે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પૃથ્વી, અપ., તેઉ, વાઉ અને સૂક્ષ્મ વનસ્પતિનો સમાવેશ થાય છે. બાદર અને સૂક્ષ્મ જીવોની કાય સ્થિતિ બોલ - ૫૩ અને બોલ - ૬૩ પ્રમાણે જાણવી.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| **૧૯.** | **સંજ્ઞી દ્વાર :** | | |
| ૧૮૧ | સંજ્ઞી | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૧૮૨ | અસંજ્ઞી | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાળ |
| ૧૮૩ | નોસંજ્ઞી નોઅસંજ્ઞી | ----- | સાદિ અનંત |

**૧૯. સંજ્ઞી દ્વાર : બોલ ૧૮૧, ૧૮૨ -** કોઈ જીવ અસંજ્ઞી પર્યાયથી નીકળીને સંજ્ઞી પર્યાયમાં અંત. રહીને પાછો અસંજ્ઞી થઈ જાય અથવા કોઈ જીવ સંજ્ઞી પર્યાયથી નીકળીને અસંજ્ઞી પર્યાયમાં અંત. રહીને પાછો સંજ્ઞી થઈ જાય તે અપેક્ષાએ જ. સ્થિતિ છે.

કોઈ જીવ મનુષ્ય, નારકી, કે દેવ ભવમાં ભ્રમણ કરે, તો સંજ્ઞીપણે ઉ. સાધિક પ્રત્યેક સો સાગર રહી શકે છે અને અસંજ્ઞીની ઉ. કાયસ્થિતિ વનસ્પતિની અપેક્ષાએ છે.

**બોલ ૧૮૩ :** નોસંજ્ઞી નોઅસંજ્ઞી તે ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનવાળા જીવો તથા સિદ્ધ ભગવાન. તેની સ્થિતિ સાદિ અનંત છે.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| **૨૦.** | **ભવ સિદ્ધિક દ્વાર :** | | |
| ૧૮૪ | ભવ સિદ્ધિક | ----- | અનાદિ સાંત |
| ૧૮૫ | અભવ સિદ્ધિક | ----- | અનાદિ અનંત |
| ૧૮૬ | નોભવ સિદ્ધિક નોઅભવ સિદ્ધિક | ----- | સાદિ અનંત |

**૨૦. <u>ભવસિદ્ધિક દ્વાર</u>: બોલ ૧૮૪ :** ભવ સિદ્ધિક એટલે મોક્ષમાં જવાની યોગ્યતા વાળા ભવીજીવો. ભવસિદ્ધિકજીવો અનાદિ સાંત છે કારણકે ભવસિદ્ધિકપણું એ પારિણામિકભાવ છે, માટે તેની આદિ નથી, પરંતુ જીવ મોક્ષ પહોંચી જાય ત્યારે નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક થાય છે, ભવસિદ્ધિકપણું રહેતું નથી, માટે તેના ભવસિદ્ધિકપણાનો અંત છે.

**બોલ ૧૮૫ :** અભવસિદ્ધિક એટલે મોક્ષમાં જવાની યોગ્યતા ન હોય તેવા જીવો, તે જીવોનું અભવસિદ્ધિકપણું પણ પારિણામિકભાવ છે પરંતુ તે જીવનું અભવસિદ્ધિકપણું ક્યારેય નાશ પામવાનું નથી તેથી અનાદિ અનંત.

**બોલ ૧૮૬ :** નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક તે સિદ્ધના જીવો છે. તેમના નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિકપણાની શરૂઆત છે પણ અંત નથી માટે સાદિ અનંત.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| **૨૧.** | **અસ્તિકાય દ્વાર :** | | |
| ૧૮૭ | ધર્માસ્તિકાય | ----- | સર્વકાળ-શાશ્વતા |
| ૧૮૮ | અધર્માસ્તિકાય | ----- | સર્વકાળ-શાશ્વતા |
| ૧૮૯ | આકાશાસ્તિકાય | ----- | સર્વકાળ-શાશ્વતા |
| ૧૯૦ | કાળ | ----- | સર્વકાળ-શાશ્વતા |
| ૧૯૧. | પુદ્ગલાસ્તિકાય | ----- | સર્વકાળ-શાશ્વતા |
| ૧૯૨. | જીવાસ્તિકાય | ----- | સર્વકાળ-શાશ્વતા |

**૨૧. <u>અસ્તિકાય દ્વાર</u>**: ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય અનાદિ અનંત છે. હંમેશાં પોતાના સ્વરૂપમાં અવસ્થિત રહે છે.

| ક્રમ | માર્ગણા | જઘ. કાયસ્થિતિ | ઉ.કાય સ્થિતિ |
|---|---|---|---|
| **૨૨.** | **<u>ચરમ દ્વાર</u> :** | | |
| ૧૯૩ | ચરમ (ભવી જીવો) | ----- | અનાદિ સાંત |
| ૧૯૪ | અચરમ (અભવી અને સિદ્ધ) | ----- | અનાદિ અનંત, સાદિ અનંત |

**<u>૨૨. ચરમ દ્વાર :</u> બોલ ૧૯૨ :** જેમનો ભવ અંતિમ હોય તે ચરમ છે. અથવા જે અવસ્થાનો અંત થવાનો હોય તે ચરમ છે તેની સ્થિતિ અનાદિ સાંત છે.

**બોલ ૧૯૩ :** જે ચરમ નથી તે અચરમ છે. અભવ્ય જીવો ક્યારેય સંસારનો અંત કરવાના નથી. સિદ્ધને ક્યારેય સિદ્ધ અવસ્થાનો અંત થવાનો નથી માટે બંને અચરમ.અભવી જીવોની સ્થિતિ અનાદિ અનંત અને સિદ્ધોની સ્થિતિ સાદી અનંત છે

## ઈતિ કાય સ્થિતિ સંપૂર્ણ.

## ❃ કાયસ્થિતિની વિશિષ્ટ સમજણ ❃

**કાયસ્થિતિ** એટલે જીવ એક જ કાયમાં મરીને ફરીથી તે જ કાયમાં (અપ્કાયમાંથી મરીને અપ્કાયમાં અથવા વાઉકાયમાંથી મરીને વાઉકાયમાં વગેરે) વારંવાર જન્મ ગ્રહણ કરે, તે સર્વ ભવોની સ્થિતિનો સરવાળો, તે તેની કાયસ્થિતિ છે.

**ભવ સ્થિતિ** એટલે એક જીવ એક ભવમાં જેટલો સમય રહે તેટલો કાળ. એક જીવનું એક ભવનું આયુષ્ય.

દેવ અને નારકી જીવો મરીને તુરંત પછીના ભવમાં દેવ કે નારકી થતા નથી, તેથી તેમની એક ભવની સ્થિતિ જ તેમની કાયસ્થિતિ છે.નારકી અને દેવોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એક સમાન છે. જ્યારે તિર્યંચ કે મનુષ્ય ફરીથી પાછા મૃત્યુ પામીને તિર્યંચ કે મનુષ્ય આદિ બની શકે છે, તેથી તેમની ભવસ્થિતિ અને કાયસ્થિતિ અલગ અલગ પણ હોય છે.

જુદા જુદા જીવોની **ભવસ્થિતિ** નીચે પ્રમાણે છે :

**૧. પૃથ્વીકાયની** જ. અંતર્મુહૂર્તની, ઉ. ૨૨ હજાર વર્ષ.

**૨. અપ્કાયની** જ. અંતર્મુહૂર્તની, ઉ.૭,૦૦૦ વર્ષની.

**૩. તેઉકાયની** જ. અંતર્મુહૂર્તની, ઉ. ત્રણ અહોરાત્રિની.

**૪. વાઉકાયની** જ. અંતર્મુહૂર્તની, ઉ. ૩,૦૦૦ વર્ષની.

**૫. વનસ્પતિકાયની** જ. અંતર્મુહૂર્તની, ઉ. ૧૦,૦૦૦ વર્ષની.

**૬. બેઈન્દ્રિયની** જ. અંતર્મુહૂર્ત, ઉ. બાર વર્ષની.

**૭. તેઈન્દ્રિયની** જ. અંતર્મુહૂર્ત, ઉ. ૪૯ દિવસની.

**૮. ચૌરેન્દ્રિયની** જ. અંતર્મુહૂર્ત, ઉ. છ માસની.

**૯. જલચરની** જ. અંતર્મુહૂર્તની, ઉ. પૂર્વ ક્રોડ વર્ષની.

**૧૦. સ્થળચરની** જ. અંતર્મુહૂર્તની, ઉ. ત્રણ પલ્યની.

**૧૧. ઉરપરિસર્પની** જ. અંતર્મુહૂર્તની ઉ. પૂર્વ ક્રોડ વર્ષની.

**૧૨. ભુજપરિસર્પની** જ. અંતર્મુહૂર્તની ઉ. પૂર્વ ક્રોડ વર્ષની.

**૧૩. ખેચરની** જ. અંતર્મુહૂર્તની, ઉ. પલ્યના અસંખ્યાતમા ભાગની.

**૧૪. સંમૂર્ચ્છિમ મનુષ્યની** જ. અંતર્મુહૂર્ત, ઉ. અંતર્મુહૂર્ત,

**૧૫. હેમવય, હિરણ્યવય ક્ષેત્રના યુગલિક મનુષ્યની** જ. ૧ પલ્યમાં દેશ ઊણી ઉ. ૧ પલ્યની.

**૧૬. હરિવાસ, રમ્યકવાસ ક્ષેત્રના યુગલિક મનુષ્યની** જ. ૨ પલ્યમાં દેશ ઊણી ઉ. ૨ પલ્યની.

**૧૭. દેવકુરૂ, ઉત્તરકુરૂ** જ. ૩ પલ્યમાં દેશ ઊણી, ઉ. ૩ પલ્યની.

**૧૮. ૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્યની** જ. દેશે ઊણી પલ્યનો અસં.મો ભાગ, ઉ. પલ્યના અસંખ્યાતમા ભાગની. (અસંખ્ય પૂર્વ ક્રોડ વર્ષની).

**૧૯. ભરત, ઈરવત ક્ષેત્રના મનુષ્યની** અવસર્પિણીકાળનો પહેલો આરો બેસતાં ત્રણ પલ્યની, પહેલો આરો ઊતરતાં તથા બીજો આરો બેસતાં બે પલ્યની, બીજો આરો ઊતરતાં તથા ત્રીજો આરો બેસતાં એક પલ્યની, ત્રીજો આરો ઊતરતાં તથા ચોથો આરો બેસતાં એક ક્રોડપૂર્વ વર્ષની, ચોથો આરો ઊતરતાં, પાંચમો આરો બેસતાં સો વર્ષ ઝાઝેરી, પાંચમો આરો ઊતરતાં તથા છઠ્ઠો આરો બેસતાં વીસ વર્ષની, છઠ્ઠો આરો ઊતરતાં સોળ વર્ષની, **મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યની** જ. અંત. ઉ. ક્રોડ પૂર્વ વર્ષ.

---

## સંપૂર્ણ

# બાર પ્રકારનાં તપ

## શ્રી ભગવતી સૂત્ર તથા શ્રી ઉવવાઈ સૂત્ર

**તપ :** જ્ઞાનાવરણીય આદિ કર્મોને તપાવે, બાળે, નાશ કરે. તે તપ છે. ઈચ્છા નિરોધ એ તપ છે. કરોડો ભવોના પાપકર્મોનો ક્ષય કરવાનો એકમાત્ર ઉપાય તે તપ છે. તપના બે ભેદ છે.
બાહ્ય તપ અને આભ્યંતર તપ.

(૧) **બાહ્ય તપ :** જે તપનો સંબંધ મુખ્યતયા શરીર સાથે છે, જેને બીજા લોકો જોઈ શકે, તે બાહ્યતપ છે. બાહ્ય તપની અસર આત્મગુણો પર પડવાની સાથેસાથે બાહ્યશરીર પર પણ પડે છે. શરીરમાં નબળાઈ આદિ આવે છે. લોહી, માંસ આદિ સૂકાય છે. હાડકાં ઘસાય છે.

**તેમાં બાહ્ય તપનાં ૬ પ્રકાર છે: ૧. અનશન, ૨. ઉણોદરી, ૩. વૃત્તિસંક્ષેપ, ૪. રસપરિત્યાગ, ૫. કાયકલેશ, ૬. પ્રતિસંલીનતા.**

(૨) **આભ્યંતર તપ :** જે તપનો સંબંધ મુખ્યતયા આત્મભાવો સાથે છે, જેને બીજા કોઈ જોઈ કે જાણી શકતા નથી સ્વયં પોતેજ જાણે છે, તે આભ્યંતરતપ છે. તેની અસર બાહ્ય શરીર પર દેખાતી નથી, તેનાથી આત્મગુણોની શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. બાહ્ય એટલે નગણ્ય નહીં, ગૌણ નહીં, ઓછા મહત્ત્વનું નહીં. બન્ને તપ  એકબીજાના પૂરક છે. બંનેનું પોતપોતાનું મહત્ત્વ છે. બાહ્ય તપ એ ચામડી સમાન છે. આભ્યંતર તપ એ શરીરના લોહી માંસ આદિ ધાતુ સમાન છે. ચામડી વિનાની ધાતુ શોભા વિનાની છે તથા ધાતુ વિનાની ચામડી શક્તિ વિનાની છે. ચામડીથી શરીરની રક્ષા થાય છે અને ધાતુથી શરીરનું કાર્ય થાય છે. આમ બંને પ્રકાર ના તપની આરાધનાથી , અનંતા જીવો સિદ્ધ થયા છે.

**૬ આભ્યંતર તપના નામ. ૧. પ્રાયશ્ચિત્ત, ૨. વિનય, ૩. વૈયાવચ્ચ, ૪. સ્વાધ્યાય, ૫. ધ્યાન, ૬. કાઉસ્સગ્ગ.**

આ રીતે ૬ બાહ્ય તપ + ૬ આભ્યાન્તર તપ = તપનાં બાર પ્રકાર છે.

**બાહ્ય તપ: ૧. અનશન તપ**

અનશનના બે ભેદ છે. **(અ) ઈત્વરિક** - તે મર્યાદિત સમય માટે આહાર ત્યાગ.

**(બ) યાવત્કથિત** - તે જાવજીવ આહારનો ત્યાગ.

**(અ) ઈત્વરિક અનશન તપ** - તેના ૧૪ ભેદ છે. (૧) એક ઉપવાસ, (૨) બે ઉપવાસ, (૩) ત્રણ ઉપવાસ, (૪) ચાર ઉપવાસ, (૫)  પાંચ ઉપવાસ, (૬) છ ઉપવાસ, (૭) સાત ઉપવાસ, (૮) પંદર ઉપવાસ, (૯) એક માસના ઉપવાસ,

(૧૦) બે માસના ઉપવાસ, (૧૧) ત્રણ માસના ઉપવાસ, (૧૨) ચાર માસના ઉપવાસ, (૧૩) પાંચ માસના ઉપવાસ, (૧૪) છ માસના ઉપવાસ. પ્રથમ તીર્થંકરના શાસનમાં બાર માસના ઉપવાસ કરવાનું સામર્થ્ય હોય. વચ્ચેના ૨૨ તીર્થંકરના શાસન તથા મહાવિદેહમાં ૮ માસ અને અંતિમ તીર્થંકરના શાસનમાં ૬ માસેના ઉપવાસ કરવાનું સામર્થ્ય હોય.

**(બ) યાવત્કથિત અનશન** તપના ત્રણ ભેદ છે: ૧. પાદપોપગમન અનશન, ૨. ભક્ત પ્રત્યાખ્યાન, ૩. ઈંગિત મરણ.

**૧. પાદપોપગમન અનશન :** વૃક્ષની કાપેલી ડાળી જેમ હાલ્યા ચાલ્યા વિના પડી રહે, તેમ અનશન સંથારો કરીને સ્થિર થઈ જવું. તેમાં શરીર સંસ્કાર, હલન ચલન, પ્રતિક્રમણ આદિ કરવાની અવશ્ય જરૂર નથી. ચારે પ્રકારના આહારનો ત્યાગ અવશ્ય કરે. વૈયાવચ્ચ ન કરાવે. તેના બે ભેદ : **ક. વ્યાઘાત:** અગ્નિ, સિંહ આદિનો ઉપદ્રવ આવે, ત્યારે અનશન કરવો. જેમ સુકોશલ તથા અતિસુકુમાલ મુનિએ કર્યો.

**ખ. નિર્વ્યાઘાત:** કોઈ ઉપદ્રવ ન હોય પરંતુ, મૃત્યુનો સમય નિકટ આવી રહ્યો છે, તેમ જાણીને સ્વેચ્છાએ અનશનનો સ્વીકાર કરવો.

**૨. ભક્ત પ્રત્યાખ્યાન:** જીવનપર્યંત ત્રણ કે ચાર આહારનો ત્યાગ કરીને સંથારો કરવો. તેમાં શરીર સંસ્કાર, હલન ચલન, પ્રતિક્રમણાદિ કરે. વૈયાવચ્ચ પણ કરાવે. તેના બે ભેદ છે: **ક. વ્યાઘાત:**- ઉપદ્રવ આવે ત્યારે અમુક કાળ સુધી ત્રણ કે ચાર આહારના પચ્ચક્ખાણ કરે. જેમ અર્જુનમાળીના ભયથી સુદર્શન શેઠે કરેલા. ખ. નિર્વ્યાઘાત :- ઉપદ્રવ ન આવે, તો પણ જાવજીવ ૩ કે ૪ આહારનો ત્યાગ કરે.

**૩. ઈંગિત મરણ:** જાવજીવ પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો. શરીર સંસ્કાર, હલન ચલન, પ્રતિક્રમણ આદિ કરે. દિશાની મર્યાદા કરે, વિહાર ન કરે. વૈયાવચ્ચ કરાવે અથવા ન કરાવે. તેના બે ભેદ છે : **ક. વ્યાઘાત. ખ. નિર્વ્યાઘાત.**

આ રીતે ઈત્વરિક અનશનના ૧૪ + યાવત્કથિત અનશનના - ૬, એમ ૨૦ ભેદ થયા.

ઈત્વરિક અનશન તપના અન્ય રીતે ૬ ભેદ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૦માં બતાવ્યાછે. (૧) શ્રેણી તપ, (૨) પ્રતર તપ, (૩) ઘન તપ, (૪) વર્ગ તપ, (૫) વર્ગ વર્ગ તપ, (૬) પ્રકીર્ણ તપ. તેનો વિસ્તાર ત્યાંથી જાણી લેવો.

## ૨. ઉણોદરી તપ

તેના બે ભેદ:- ૧. દ્રવ્ય ઉણોદરી, ૨. ભાવ ઉણોદરી.

**૧. દ્રવ્ય ઉણોદરી :-** તેના બે ભેદ છે : **ક. ઉપકરણ દ્રવ્ય ઉણોદરી -** તે વસ્ત્ર, પાત્ર અને દેહ ઉપયોગી સામગ્રી જરૂરથી ઓછા રાખે, ભોગવે. ઉપકરણ ઉણોદરીના ૩ ભેદ.

(૧) ૧ વસ્ત્ર રાખવું. (૨) ૧ પાત્ર રાખવું. (૩) ત્યક્ત ઉપકરણતા - ગૃહસ્થોએ ઉપયોગ કરીને છોડી દીધેલા ઉપકરણ ગ્રહણ કરવા.

**ખ. ભક્તપાન ઉણોદરી :** તેના ૬ પ્રકાર છે. ૩૨ કવલ, પ્રમાણ આહાર પૂર્ણ આહાર ગણાય તેમાં (૧) પોણી ઉણોદરીવાળા ૮ કવલ (કોળિયા) આહાર કરે, (૨) અર્ધ ઉણોદરીથી કાંઈક વધુવાળા ૧૨ કવલ આહાર કરે, (૩) અર્ધ ઉણોદરીવાળા ૧૬ કવલ આહાર કરે, (૪) અર્ધ ઉણોદરીથી કાંઈક ઓછીવાળા ૨૦ કવલ આહાર કરે, (૫) પા ઉણોદરી તે ૨૪ કવલ આહાર કરે, (૬) ફક્ત એક કવલની ઉણોદરી કરે તે ૩૧ કવલ લે. આમ જેટલો ઓછો આહાર લે તેટલી ઉણોદરી.

ઉણોદરીતપથી રસેન્દ્રિય જિતાય, કામ જિતાય, નિરોગી થવાય.

**૨. ભાવ ઉણોદરી :-** અલ્પ ક્રોધ, અલ્પ માન, અલ્પ માયા, અલ્પ લોભ, અલ્પ શબ્દ (કલહ), અલ્પ ઝંઝટ (કોપયુક્ત વચન) એ ૬ પ્રકારે ભાવ ઉણોદરી થાય. (આ રીતે ઉણોદરી તપના ૩ + ૬ + ૬ = ૧૫ ભેદ થાય).

## ૩. વૃત્તિસંક્ષેપ (ભિક્ષાચર્યા) તપ

વૃત્તિસંક્ષેપના ૩૦ ભેદ છે : તે અનેક પ્રકારના અભિગ્રહને (પ્રતિજ્ઞા) ધારણ કરે.

(૧) જેમ દ્રવ્યથી અમુક વસ્તુ જ ગ્રહણ કરવી, અમુક ન ગ્રહણ કરવી .

(૨) ક્ષેત્રથી અમુક ઘરમાંથી જ ગ્રહણ કરવું, અમુક ઘરમાંથી ન ગ્રહણ કરવું.

(૩) કાળથી અમુક કલાકે, દિવસે કે મહિને લેવાનો અભિગ્રહ ધારણ કરે.

(૪) ભાવથી - અમુક રંગના વસ્ત્રવાળા આપે, તો ભિક્ષા ગ્રહણ કરવી કલ્પે એવા અનેક પ્રકારના અભિગ્રહ ધારણ કરે.

(૫) ભોજન પકવેલા વાસણમાંથી ગૃહસ્થે કાઢેલું હોય, તો ગ્રહણ કરવું.

(૬) ભોજન પકવેલા વાસણમાંથી ગૃહસ્થે કાઢેલું ન હોય, તો ગ્રહણ કરવું.

(૭) ભોજન પકવેલા વાસણમાંથી ગૃહસ્થે તે જ જગ્યાએ અથવા બીજી જગ્યાએ રાખેલો આહાર ગ્રહણ કરવો અથવા ભોજન પકવેલા વાસણમાંથી ગૃહસ્થે કાઢેલું હોય, તો અથવા ન કાઢ્યું હોય, તો ગ્રહણ કરવું.

(૮) વાસણમાંથી ગૃહસ્થે એકાદ ચમચો કાઢેલું હોય અને શેષ બાકી હોય, તો ગ્રહણ કરવું.

(૯) પીરસવામાં આવતો આહાર ગ્રહણ કરવો.

(૧૦) કોઈ આહાર ઠંડો કરીને ફરી પાછો વાસણમાં નાંખતા હોય, તે ગ્રહણ કરવો.

(૧૧) કોઈ ગૃહસ્થીએ કોઈને માટે લાવેલો આહાર ગ્રહણ કરવો.

(૧૨) એક સ્થાનથી બીજા સ્થાન પર રાખલો આહાર ગ્રહણ કરવો.

(૧૩) પ્રશંસા અને નિંદા કરેલો આહાર ગ્રહણ કરવો. (જેમ કે પાણી ઠંડુ છે પણ ખારું છે)

(૧૪) કોઈને મોકલવા માટે અલગ રાખેલો હોય, તે ગ્રહણ કરવો.

(૧૫) અચેત શાક આદિથી હાથ ખરડાયેલા હોય, તો ગ્રહણ કરવો.

(૧૬) અચેત શાક આદિથી હાથ ખરડાયેલા ન હોય, તો ગ્રહણ કરવો.

(૧૭) વહોરાવવા યોગ્ય આહાર જ હાથમાં હોય અને તેવા જ હાથથી ગ્રહણ કરવો.
(૧૮) પોતાનો પરિચય આપ્યા વગર ગ્રહણ કરવો અથવા અજ્ઞાત કુળથી ગ્રહણ કરવો.
(૧૯) મૌન રહીને અથવા મૌન દાતાથી આહાર ગ્રહણ કરવો.
(૨૦) દેખાતો આહાર ગ્રહણ કરવો અથવા પ્રથમ જે દાતા દેખાય તેના હાથે ગ્રહણ કરવો .
(૨૧) ન જોયેલો આહાર ગ્રહણ કરવો અથવા ન જોયેલા દાતા (પહેલા ન હોય પણ પછીથી આવેલા) ના હાથે ગ્રહણ કરવો.
(૨૨) હે સાધુ આપને શું આપું ? તેમ પૂછે, તો આહાર ગ્રહણ કરવો.
(૨૩) વગર કોઈ પ્રશ્ને આહાર આપે, તો ગ્રહણ કરવો .
(૨૪) તિરસ્કાર કરીને / અવહેલના કરીને થોડો આહાર આપે, તે આહાર ગ્રહણ કરવો.
(૨૫) સાવ સાદો આહાર ગ્રહણ કરવો.
(૨૬) રાતવાસી, ઠંડો આહાર ગ્રહણ કરવો.
(૨૭) ભોજન કરવા બેઠેલાની પાસે પડેલા આહારમાંથી જ ગ્રહણ કરવો.
(૨૮) પ્રમાણ સહિત, ગણીને આહાર ગ્રહણ કરવો.
(૨૯) શુદ્ધ - મસાલા આદિથી રહિત અથવા શંકાદિ દોષથી રહિત આહાર ગ્રહણ કરવો.
(૩૦) ધાર તૂટયા વિના એકવારમાં જેટલો આહાર કે પાણી પાત્રામાં પડે તેટલો જ ગ્રહણ કરવો.

## ૪. રસપરિત્યાગ તપ

તેના ૯ પ્રકાર છે :
(૧) નિવિગય = વિગય (દૂધ, દહીં, ઘી, ગોળ, સાકર, તેલ આદિ) રહિત આહાર ગ્રહણ કરવો.
(૨) પ્રણીત રસ (રસ ઝરતાં) આહારનો ત્યાગ કરે.
(૩) આયંબિલ કરવી.
(૪) ઓસામણ અને તેમાં પડેલા ભાત વાપરવાં.
(૫) વધાર વિનાનો નીરસ આહાર વાપરવો.
(૬) વિરસ = જે રસહીન, જૂનો થઈ ગયો હોય તેવો આહાર કરવો.
(૭) આન્ત = હલકા પ્રકારના ચણા, વાલ આદિનો આહાર કરવો.
(૮) પ્રાન્ત = ભોજન કર્યા બાદ વધેલો હોય તે આહાર કરવો.
(૯) રૂક્ષ કે જીભને અપ્રિય લાગે તેવો આહાર કરવો.

**૫. કાયકલેશ તપ** તેના ૧૩ પ્રકાર છે :
(૧) એક જ રીતે, એક આસને ઊભા રહેવું
(૨) એક જ આસને બેસવું.

(૩) ઉકડું આસને બેસવું.

(૪) સાધુની પ્રતિમા અંગીકાર કરીને વિચરવું.

(૫) વીરાસને બેસવું (જમીન પર પગ રાખીને, સિંહાસન પર બેઠેલા વ્યક્તિની જેમ બેસવું.)

(૬) પીઠ ટેકવીને અથવા પલાંઠી વાળીને બેસવું.

(૭) લાકડીની જેમ લાંબા થઈ સૂઈને સ્થિર રહેવું.

(૮) આડી લાકડીની જેમ સૂવું, (પગ અને માથું જમીન પર અને બાકીનું શરીર જમીનથી અદ્ધર રાખવું.)

(૯) ઠંડીમાં અને ગરમીમાં આતાપના લેવી.

(૧૦) શરીરને કપડાં આદિથી ન ઢાંકવું.

(૧૧) શરીરને ખંજવાળવું નહીં.

(૧૨) થૂકવું નહીં.

(૧૩) શરીરના કોઈ પણ અંગની વિભૂષા ન કરવી.

## ૬. પ્રતિસંલીનતા તપ

આ તપના ૧૩ ભેદ છે :

**૧-૫. ઈન્દ્રિય પ્રતિસંલીનતા** - તેના પાંચ ભેદ છે. તે પાંચે ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં જતી રોકવી, પ્રાપ્ત વિષયમાં વિકાર (રાગ, દ્વેષ) ન કરવો.

**૬-૯. કષાય પ્રતિસંલીનતા** - તેના ચાર ભેદ છે. તે ક્રોધ, માન, માયા, લોભના ઉદયને નિષ્ફળ કરવો અને ક્ષમા, વિનીતતા, સરળતા, સંતોષ, ધારણ કરવા.

**૧૦-૧૨. યોગ પ્રતિસંલીનતા** - તેના ત્રણ ભેદ છે. મન, વચન અને કાયાના યોગોને ઉન્માર્ગમાંથી રોકી સન્માર્ગે પ્રવર્તાવવા.

**૧૩. વિવિક્ત શય્યાસન સેવન પ્રતિસંલીનતા** - સ્ત્રી, પશુ, નપુંસક રહિત ઉદ્યાન, ચૈત્ય, દેવાલય, દુકાન, વખાર, સ્મશાન, ઉપાશ્રય આદિ સ્થાને રહીને પાટ, પાટલા, બાજોઠ, પાટિયાં, બિછાનાં, વસ્ત્ર - પાત્ર આદિ પ્રાસુક, નિર્જીવ, એષણીય અંગીકાર કરી વિચરવું. આમ પ્રતિસંલીનતા તપના ૧૩ ભેદ થાય.

બાહ્ય તપના કુલ ૨૦ + ૧૫ + ૩૦ + ૯ + ૧૩ + ૧૩ = **૧૦૦** ભેદ થાય છે.

## ❃ આભ્યંતર તપ ❃

### આભ્યંતર તપ: ૧. પ્રાયશ્ચિત્ત તપ

વ્રત પાલનમાં થયેલા અતિચાર અથવા દોષોની વિશુદ્ધિ માટે ગુરુ સમક્ષ પાપને પ્રગટ કરીને તેનો પશ્ચાતાપ કરવો, તેને પ્રાયશ્ચિત તપ કહે છે.

તે તપના ૧૦ ભેદ છે : (જે પ્રાય : ચિત્તને આનંદ આપે તે પ્રાયશ્ચિત તપ.)

૧. ગુરુ આદિ સન્મુખ પાપની આલોચના કરે.
૨. પાપ અથવા અશુભયોગથી પાછા ફરી 'મિચ્છામિ દુક્કડં' કહી પ્રતિક્રમણ કરે.
૩. આલોચના અને પ્રતિક્રમણ બંને કરે.
૪. જ્ઞાનપૂર્વક દોષિત વસ્તુનો ત્યાગ કરે.
૫. દસ, વીસ, ત્રીસ, ચાલીસ લોગસ્સનો વગેરે કાઉસ્સગ્ગ કરે.
૬. એકાશન, આયંબિલ યાવત્ છમાસી તપ કરે.
૭. પાંચ દિવસથી લઈને છ માસ સુધીની દીક્ષા પર્યાયનો છેદ કરે અર્થાત્ ઘટાડે.
૮. નવી દીક્ષા આપી સૌથી નાનો બનાવે.
૯. પ્રાયશ્ચિત્તમાં આપેલ વિશિષ્ટ તપ જ્યાં સુધી ન કરે, ત્યાં સુધી સાધુ સમુદાયની બહાર રાખે પછી નવી દીક્ષા આપે.
૧૦. સાધુવેશ ઉતરાવી ગૃહસ્થવેશે ૬ માસ સુધી સાથે રાખી, ફરી નવી દીક્ષા દેવી.

વજ્ર ઋષભનારાચ સંઘયણ અને ચૌદ પૂર્વના ધારકને જ, ૯ અને ૧૦ પ્રાયશ્ચિત્ત અપાય છે.

**પ્રતિસેવના-દોષસેવનના ૧૦ પ્રકાર** - દોષ સેવનના કારણોની અપેક્ષાએ તેના દશ પ્રકાર છે. ૧ - અભિમાનથી થતી સંયમ વિરાધના.
૨ - પ્રમાદથી થતી સંયમ વિરાધના.
૩ - અજાણતા થતી સંયમ વિરાધના.
૪ - આતુરતા - વ્યાકૂળ - ભૂખ - તરસથી વ્યાકૂળ થવાથી થતી વિરાધના.
૫ - આપત્તિ-દુષ્કાળ આદિમાં થતી સંયમ વિરાધના.
૬ - સંકીર્ણતા-નાના ક્ષેત્રમાં અધિક સાધુઓ ભિક્ષાચરો ભેગા થવાથી થતી વિરાધના.
૭ - સહસાકાર-અચાનક વરસાદ આવે અને શરીર ભીંજાઈ જાય, તેવી સંયમ વિરાધના.
૮ - ભય-કોઈ ઉપદ્રવના ભયથી થતી સંયમ વિરાધના.
૯ - પ્રદ્વેષ-અન્ય વ્યક્તિ પરના દ્વેષથી થતી સંયમ વિરાધના.
૧૦ - વિમર્શ-શિષ્યની પરીક્ષા આદિને માટે થતી સંયમ વિરાધના.

**પ્રાયશ્ચિતના ૧૦ દોષ -** પાપની વિશુદ્ધિ માટે સાધકને યથાર્થ રીતે આલોચના કરવાની હોય છે. પરંતુ સાધક ભય, લજ્જા, માયા કપટના ભાવથી સરળતા પૂર્વક આલોચના ન

કરે, તો તેની શુદ્ધિ થતી નથી. તેના દશ દોષ આ પ્રમાણે છે -

૧ - ધ્રુજતા અવાજે બોલવું.

૨ - પોતાની દુર્બળતા બતાવવી.

૩ - ગુરુએ જોયેલા દોષો જ કહેવા.

૪ - મોટા મોટા દોષોની આલોચના કરવી.

૫ - નાના નાના દોષોની આલોચના કરવી.

૬ - લજ્જાથી અત્યંત ધીમા અવાજે બોલવું.

૭ - બીજાને સંભળાવવા મોટેથી બોલવું.

૮ - અગીતાર્થ સાધુ સમક્ષ આલોચના કરવી.

૯ - એક જ દોષની અનેક પાસે આલોચના કરવી.

૧૦ - દોષ સેવન કરનાર સાધુ પાસે આલોચના કરવી.

પ્રાયશ્ચિત કરનારના ૧૦ ગુણ દશ વિશિષ્ટ ગુણ સંપન્ન સાધક જ પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધ થઈ શકે છે. તે દશ ગુણ આ પ્રમાણે છે. (૧) જાતિસંપન્ન (૨) કુલસંપન્ન (૩) વિનયસંપન્ન (૪) જ્ઞાનસંપન્ન (૫) દર્શનસંપન્ન (૬) ચારિત્રસંપન્ન (૭) ક્ષમાવાન (૮) દમેન્દ્રિય (૯) અમાયી-સરળ (૧૦) અપશ્ચાતાપી.

**પ્રાયશ્ચિત આપનારના ૧૦ ગુણ -** પ્રાયશ્ચિતવિધિ શિષ્યની શુદ્ધિ માટેની એક વિશિષ્ટ સાધના છે. ૧૦ ગુણસંપન્ન ગુરુ જ પ્રાયશ્ચિત આપવાના અધિકારી છે. તે દશ ગુણ આ પ્રમાણે છે :

૧ - આચારવાન સ્વયં પંચાચારના પાલક હોય.

૨ - આધારવાન- પ્રગટ કરેલા દોષોને મનમાં ધારણ કરનાર હોય.

૩ - વ્યવહારવાન- શ્રુત વ્યવહાર, આગમ વ્યવહાર, આજ્ઞા, ધારણા અને જીત વ્યવહાર, આ પાંચે વ્યવહારના જ્ઞાના હોય.

૪ - અપવ્રીડક- શિષ્યની લજ્જાને પ્રેમથી દૂર કરનાર હોય.

૫ - પ્રકુર્વક- યથાર્થ પ્રાયશ્ચિતથી શુદ્ધિ કરાવનાર હોય.

૬ - અપરિસ્રાવી- શિષ્યના દોષોને અન્યત્ર પ્રગટ ન કરનાર હોય.

૭ - નિર્યાપક- યથાયોગ્ય રીતે પ્રાયશ્ચિત વહન કરાવનાર હોય.

૮ - અપાયદર્શી- પ્રાયશ્ચિત ન લેવાથી થતાં નુકશાનોને સમજાવનાર હોય.

૯ - પ્રિયધર્મી.

૧૦ - દૃઢધર્મી હોય.

ઉપર પ્રમાણે ૧૦ પ્રાયશ્ચિત્તના ભેદ, તેમાં ૧૦ પ્રતિસેવના (પ્રાયશ્ચિત્ત લેવું પડે તેવા દોષોનું સેવન કરવું), ૧૦ પ્રાયશ્ચિત્તના દોષ (પ્રાયશ્ચિત્ત લેતી વખતે લાગતા દોષ), ૧૦

પ્રાયશ્ચિત્ત કરનારાના ગુણ અને ૧૦ પ્રાયશ્ચિત્ત દેનારના ગુણ, એમ સઘળા મળીને પ્રાયશ્ચિત્ત તપનાં કુલ ૧૦ × ૫ = ૫૦ ભેદ થાય છે.

## ૨. વિનય તપ

જે તપથી કર્મરજ દૂર થાય, નમ્રતા વધે, તે **વિનય.**

તેના ૭ ભેદ છે. **(૧) જ્ઞાન વિનય, (૨) દર્શન વિનય, (૩) ચારિત્ર વિનય, (૪) મન વિનય, (૫) વચન વિનય, (૬) કાય વિનય, (૭) વ્યવહાર વિનય.**

**(૧) જ્ઞાન વિનય -** તેના પાંચ ભેદ છે. ૧. મતિજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મન:પર્યવજ્ઞાન, ૫. કેવળજ્ઞાન. તે પાંચ જ્ઞાનની કે જ્ઞાનીની આશાતના કરવી નહીં. એમનું બહુમાન, ગુણકીર્તન કરવા. વિનયપૂર્વક વિધિ સહિત જ્ઞાન ગ્રહણ કરવું.

**(૨) દર્શન વિનય -** દર્શન અને દર્શનવાન પ્રતિ બહુમાન ભક્તિ રાખવી તે દર્શનવિનય છે. તેના બે ભેદ છે : **૧. શુશ્રૂષા વિનય, ૨. અનાશાતના વિનય.**

**(૧) શુશ્રૂષા વિનય -** તેના ૧૦ ભેદ છે :

(૧) ગુરુજન અથવા રત્નાધિકને આવતા જોઈને ઊભા થવું.

(૨) જ્યાં તેમને બેસવાની ઈચ્છા હોય, ત્યાં આસન લઈ જવું.

(૩) તેમના માટે આસન પાથરવું. (૪) તેમનો સત્કાર કરવો.

(૫) તેમને સન્માન દેવું. (૬) વિધિ સહિત વંદન નમસ્કાર કરવા.

(૭) હાથ જોડીને સામે ઊભા રહેવું. (૮) ગુરુ આવતા હોય તો સામે જવું.

(૯) જ્યાં સુધી તે બેસે, ત્યાં સુધી તેમની સેવા કરવી.

(૧૦) ગુરુ પાછા જાય, તો તેમને તેમના સ્થાન સુધી પહોંચાડવા પાછળ જવું.

**(૨) અનાશાતના વિનય - તેના ૪૫ ભેદ :**

(૧) અરિહંત ભગવાન, (૨) અરિહંત પ્રરૂપિત ધર્મ, (૩) આચાર્ય, (૪) ઉપાધ્યાય, (૫) સ્થવિર, (૬) કુલ, (૭) ગણ, (૮) સંઘ, (૯) ક્રિયાવાન, (૧૦) સાંભોગિક, (૧૧) મતિજ્ઞાન, (૧૨) શ્રુતજ્ઞાન, (૧૩) અવધિજ્ઞાન, (૧૪) મન:પર્યવજ્ઞાન, (૧૫) કેવળજ્ઞાન એ ૧૫ ની આશાતના ન કરવી. (૧૫) એ ૧૫ ની ભક્તિ-બહુમાન કરવા. (૩૦) એ ૧૫ના ગુણની સ્તુતિ કરવી.

**(૩) ચારિત્ર વિનય - તેના પાંચ ભેદ છે :**

૧. સામાયિક ચારિત્ર, ૨. છેદોપસ્થાપનીય ચારિત્ર, ૩. પરિહાર વિશુદ્ધ ચારિત્ર, ૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર. ૫. યથાખ્યાત ચારિત્ર એ પાંચ ચારિત્રનો અને તે પાંચ ચારિત્રવાનનો વિનય કરવો.

**(૪) મન વિનય - તેના બે ભેદ. (અ) પ્રશસ્ત મન વિનય, (બ) અપ્રશસ્ત મન વિનય.**

**(અ) પ્રશસ્ત મન વિનય -** તેના ૧૨ ભેદ છે.

૧. અસાવદ્ય, ૨. નિષ્ક્રિય, ૩. અકર્કશ,
૪. મધુર, ૫. કોમળ, ૬. કરુણામય,
૭. અનાશ્રવી, ૮. અછેદકારી, ૯. અભેદકારી,
૧૦. અપરિતાપકારી, ૧૧. દયાળુ, ૧૨. જીવો પ્રત્યે શાતાકારી (અહિંસક ભાવ) મન પ્રવર્તન કરવું.

**(બ) અપ્રશસ્ત મન વિનય -** તેના ૧૨ ભેદ છે. ઉપરોક્ત ૧૨ બોલથી વિરુદ્ધ

૧. સાવદ્ય, ૨. સક્રિય, ૩. કર્કશ ,
૪. કટુ, ૫. કઠોર, ૬. નિષ્ઠુર,
૭. આશ્રવી, ૮. છેદકારી, ૯. ભેદકારી
૧૦. પરિતાપકારી, ૧૧. નિર્દય, ૧૨. જીવો પ્રત્યે અશાતાકારી (હિંસક ભાવ) મન પ્રવર્તન કરવું નહીં.

મન વિનયના કુલ ૨૪ ભેદ.

**(૫) વચન વિનય -** તેના બે ભેદ : ૧. પ્રશસ્ત વચન વિનય, ૨. અપ્રશસ્ત વચન વિનય.
મન વિનયની જેમ વચન વિનયના ૨૪ ભેદ સમજવા.

**(૬) કાય વિનય -** તેના બે ભેદ છે : **૧ પ્રશસ્ત કાય વિનય, ૨. અપ્રશસ્ત કાયવિ.**

**(અ) પ્રશસ્ત કાય વિનય -** તેના ૭ ભેદ, ૧.યત્નાથી ચાલે, ૨.ઊભો રહે, ૩.બેસે, ૪.શયન કરે, ૫.ઓળંગે, ૬.વારંવાર ઓળંગે, ૭.સર્વ ઈન્દ્રિયો અને કાયાની પ્રવૃત્તિ યત્નાથી કરે.

**(બ) અપ્રશસ્ત કાય વિનય -** તેના ૭ ભેદ અયત્નાથી ચાલે, ઊભો રહે, બેસે, શયન કરે, ઓળંગે, વારંવાર ઓળંગે, સર્વ ઈન્દ્રિયો અને કાયાની પ્રવૃત્તિ યત્નાથી ન કરે. આમ કાય વિનયના કુલ ૧૪ ભેદ થયા.

**(૭) લોકોપચાર (વ્યવહાર) વિનય -** તેના ૭ ભેદ છે.

૧. ગુરુજનો, સત્પુરુષો પાસે બેસે.
૨. ગુરુ આદિની આજ્ઞા પ્રમાણે વર્તે.
૩. ગુરુ આદિ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરવા અથવા જેની પાસેથી વિદ્યા લીધી છે તેની સેવા કરે.
૪. ઉપકાર યાદ કરીને ગુરુજનોની કૃતજ્ઞતાપૂર્વક સેવા કરે.
૫. રોગી, વૃદ્ધ, ગુરુ આદિની ચિંતા, દુ:ખ જાણીને તે દૂર કરે.
૬. દેશ, કાળ અનુસાર પ્રભુ આજ્ઞા પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરે.
૭. નિંદ્ય પ્રવૃત્તિ ન કરે, સર્વને અનુકૂળ કાર્ય કરે.

(આમ ૫ + ૫૫ + ૫ + ૨૪ + ૨૪ + ૧૪ + ૭ = ૧૩૪ ભેદ વિનય તપના થયા).

**૩. વૈયાવચ્ચ તપ**

સાધર્મિકની આવશ્યક્તા પૂરી કરવી તે. સમાનવ્રતવાળા (સમાન કોટિવાળા) ની સેવા કરવી તે વૈયાવચ્ચ છે. જે નિવદ્ય હોય, જેનાથી નિ:સ્વાર્થતા વધે તે.

આહાર, પાણી, ઔષધ આદિથી સેવા કરવી તે વૈયાવચ્ચ. તેના ૧૦ ભેદ : ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. નવદીક્ષિત, ૪. રોગી, ૫. તપસ્વી, ૬. સ્થવિર, ૭. સ્વધર્મી, ૮. કુળ, ૯. ગણ અને ૧૦, સંઘ એ ૧૦ ની વૈયાવચ્ચ (સેવાભક્તિ) કરે.

**૪. સ્વાધ્યાય તપ**

આત્મ ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરવાના હેતુથી મર્યાદાપૂર્વક શાસ્ત્રોનું પઠન પાઠન કરવું. સ્વની શોભા વધારે તે સ્વાધ્યાય. તેના પાંચ ભેદ છે :

**૧. વાયણા -** સૂત્રાદિની વાંચના લેવી, દેવી.

**૨. પુચ્છણા -** શંકાના સમાધાન માટે પ્રશ્ન આદિ પૂછીને નિર્ણય કરવો.

**૩. પરિયટ્ટણા -** ભણેલાં જ્ઞાનને ફેરવતાં રહેવું.

**૪. અનુપ્રેક્ષા -** સૂત્ર અને અર્થનું ચિંતન કરવું.

**૫. ધર્મકથા -** પરિષદામાં ચાર પ્રકારની ધર્મકથા કહેવી.

(૧) આક્ષેપણી કથા - મોક્ષની નજીક કરે, તેવી કથા

(૨) વિક્ષેપણી કથા - સંસારથી દૂર કરાવે, તેવી કથા.

(૩) સંવેગણી કથા - વૈરાગ્યભાવને વધારનારી કથા.

(૪) નિર્વેદણી કથા - વિષય કષાયની અભિલાષા દૂર કરાવી, આત્માને વિકાર રહિત બનાવે, તેવી કથા.

**૫. ધ્યાન તપ**

કોઈપણ એક જ વિષય પર મનની એકાગ્રતા કરવી, તેને ધ્યાન કહે છે. ચાર ધ્યાનના મળીને કુલ ૪૮ ભેદ છે : આર્તધ્યાનના ૪ પાયા, ૪ લક્ષણ, રૌદ્રધ્યાનના ૪ પાયા, ૪ લક્ષણ, ધર્મધ્યાનના ૪ પાયા, ૪ લક્ષણ, ૪ આલંબન, ૪ અનુપ્રેક્ષા, શુક્લધ્યાનના ૪ પાયા, ૪ લક્ષણ, ૪ આલંબન, ૪ અનુપ્રેક્ષા. ૮+૮+૧૬+૧૬= ૪૮ ભેદ થાય છે. (તેનું વિવેચન શ્રેણી ૯માં પૂર્વે આવી ગયું છે તેમાંથી ભણવું.)

**૬. કાઉસ્સગ્ગ (વ્યુત્સર્ગ-કાયોત્સર્ગ) તપ**

વ્યુત્સર્ગ એટલે આત્માથી અલગ પદાર્થોનો ત્યાગ. મમત્વનો ત્યાગ. તેના બે ભેદ :

**(ક) દ્રવ્ય કાયોત્સર્ગ, (ખ) ભાવ કાયોત્સર્ગ.**

**(ક) દ્રવ્ય કાયોત્સર્ગ -** તેના ચાર ભેદ છે : ૧. શરીરના મમત્વનો ત્યાગ કરે..

૨. સંપ્રદાયના મમત્વનો ત્યાગ કરે. ૩. વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણના મમત્વનો ત્યાગ

કરે. ૪. આહાર પાણી આદિ પદાર્થોના મમત્વનો ત્યાગ કરે.

**(ખ) ભાવ કાયોત્સર્ગ -** આત્મભાવોથી ભિન્ન ભાવોનો ત્યાગ કરવો. તેના 3 ભેદ છે.

**૧. કષાય કાયોત્સર્ગ -** ચાર કષાયનો ત્યાગ કરવો.

**૨. સંસાર કાયોત્સર્ગ -** ચાર ગતિમાં જવાનાં કારણોનો ત્યાગ કરવો.

**૩. કર્મ કાયોત્સર્ગ -** ૮ કર્મબંધના કારણોને જાણીને તેનો ત્યાગ કરવો. આમ કાઉસ્સગ્ગના કુલ ૭ ભેદ થયા.

આભ્યંતર તપના ૫૦ + ૧૩૪ + ૧૦ + ૫ + ૪૮ + ૭ = ૨૫૪, ભેદ થાય છે. બાહ્ય તપના ૧૦૦ + આભ્યંતર તપના ૨૫૪ આમ ૧૨ તપના કુલ ૩૫૪ ભેદ થયા.

## ૧૨ પ્રકારનાં તપ સંપૂર્ણ

## રચયિતા - આચાર્ય શ્રી માનતુંગસૂરીજી

## (કડી ૧૩ થી ૨૪ સુધી)

## પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ

**વક્ત્રં ક્વ તે સુરનરોરગનેત્રહારિ,**
**નિ:શેષ નિર્જિત જગત્ ત્રિતયોપમાનમ્,**
**બિમ્બં કલંક મલિનં ક્વ નિશા કરસ્ય ?**
**યદ્વાસરે ભવતિ પાણ્ડુપલાશ કલ્પમ્. ॥૧૩॥**

**શબ્દાથ : વક્ત્રં** - મુખ, **ક્વ** - ક્યાં ?, **તે** - તમારું, **સુર** - દેવ, **નર** - મનુષ્ય, **ઉરગ** - ભવનપતિ દેવો, **નેત્રહારિ** - નેત્રોને હરનારું, **નિ:શેષ** - સંપૂર્ણપણે, **નિર્જિત** - જીતનારું, **જગત્** - જગતની, **ત્રિતય** - ત્રણે, **ઉપમાનમ્** - ઉપમા દેવા લાયક પદાર્થોને, **બિમ્બં** - બિંબ, **કલંક મલિનં** - કલંકથી મલિન થયેલું, **ક્વ** - ક્યાં ?, **નિશાકરસ્ય** - ચંદ્રમાનું, **યત્** - જે, **વાસરે** - દિવસ ઉગતાં, **ભવતિ** - થાય છે, **પાણ્ડુ** - ફિકકું, **પલાશ** - જીર્ણ પાંદડાં, **કલ્પં** - જેવું.

**ભાવાર્થ :** હે પ્રભો ! જેણે દેવ, મનુષ્ય અને ભવનપતિ દેવોના નયનનું હરણ કર્યું છે અને ત્રણેય જગતનાં ઉપમાનોને સંપૂર્ણપણે જીતી લીધેલા છે, એવું તમારું મુખમંડળ ક્યાં ? અને કલંકથી મલિન થયેલું તથા દિવસે જીર્ણ થયેલાં પાંદડાંની જેમ ફિકકું પડી જતું ચંદ્રનું મંડળ ક્યાં ?

**સમ્પૂર્ણ મણ્ડલ શશાઙ્ક કલા કલાપ,**
**શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લઙ્ઘયન્તિ ।**
**યે સંશ્રિતાસ્ત્રિ જગદીશ્વર નાથ મેકં,**
**કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥૧૪॥**

**શબ્દાર્થ : સમ્પૂર્ણ** - સંપૂર્ણ, **મણ્ડલ** - તારા મંડળ, **શશાઙ્ક** - ચંદ્ર **કલા** - કળા, **કલાપ** - સમૂહ **શુભ્રા** - ઉજ્જવળ **ગુણા:** - ગુણો **ત્રિભુવનં** - ત્રણે લોક, **તવ** - તારા, **લઙ્ઘયન્તિ** - ઓળંગે છે, **યે** - જે, **સંશ્રિતા:**- શ્રદ્ધાપૂર્વક આશ્રયે રહેલા છે, **ત્રિજગદીશ્વર** - હે ત્રિલોકેશ્વર !, **નાથં** - સ્વામીને, **એકં** - એક જ **ક:**- કોણ તાન - તેને, **નિવારયતિ** - રોકે ?, **સંચરત:** - સંચરતા, **યથેષ્ટં** - સ્વેચ્છાએ.

**ભાવાર્થ :** સંપૂર્ણ મંડળવાળા ચંદ્રમાની કળાના સમૂહ જેવા ઉજ્જવળ તમારા ગુણો ત્રણે

જગતને ઓળંગીને વ્યાપી રહ્યા છે. તેથી હે, ત્રિલોકીનાથ ! જે એક જ સમર્થ સ્વામીને આશ્રયે સાચી શ્રદ્ધાથી રહેલા હોય, તેવા તે ગુણોને યથેષ્ટં વિચરતા ભલા કોણ રોકી શકે ?

**ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ,**
**નીર્તં મનાગપિ મનો ન વિકાર માર્ગમ્ !**
**કલ્પાન્ત કાલ મરુતા ચલિતાચલેન,**
**કિં મન્દરાદ્રિશિખરં ચલિતં કદાચિત્ ? ॥૧૫॥**

**શબ્દાર્થ : ચિત્રં** - આશ્ચર્ય, **કિં** - શું અત્ર - તેમાં, **યદિ** - જો, **તે** - તમારું, **ત્રિદશાંગનાભિ** - દેવીઓ વડે, **નીર્તં** - બન્યું, **મનાગ્** - જરા, **અપિ** - પણ, **મન:** - મન, **ન** - ના, **વિકાર માર્ગમ્** - વિકારમય, **કલ્પાન્ત કાલ** - પ્રલયકાળના, **મરુતા** - પવનથી, **ચલિત અચલેન** - પર્વતોને ચલાયમાન કરનાર, **કિં** - શું, **મન્દરાદ્રિ** - મેરુ પર્વત, **શિખરં** - શિખરને, **ચલિતં ?** - ચળાવી શકે ?, **કદાચિત્** - કદાપિ.

**ભાવાર્થ :** હે નિર્વિકારી પ્રભુ ! દેવાંગનાઓ તમારા મનને જરાપણ વિકારમય બનાવી ન શકી તો તેમાં આશ્ચર્ય શું છે ? કારણ કે બીજા બધા પર્વતોને ચલાયમાન કરનાર પ્રલયકાળનો પ્રચંડ પવન પણ શું કદાપિ મેરુ પર્વતના શિખરને કંપાવી શકે છે ખરો ?

**નિર્ધૂમવર્તિ રપવર્જિત તૈલપૂર :,**
**કૃત્સ્નં જગત્ત્રય મિદં પ્રકટી કરોષિ ।**
**ગમ્યો ન જાતુ મરૂતાં ચલિતાચલાનાં,**
**દીપોડપરસ્ત્વમસિનાથ ! જગત્પ્રકાશ : ॥૧૬॥**

**શબ્દાર્થ : નિર્ધૂમ** - ધુમાડા વગરના, **વર્તિ :**- વાટ, **અપવર્જિત** - જરૂરત વિનાના, તૈલ - તેલ, **પૂર :**- પૂરવાની, **કૃત્સ્નં** - સંપૂર્ણ, **જગત્ત્રયં** - ત્રણે લોકને, **ઈદં** - આ, **પ્રકટીકરોષિ** - પ્રગટ કરો છો, **જાતુગમ્ય :**- બુઝાવનારા, **ન** - ન, **મરૂતાં** - પવનથી, **ચલિત** - ડોલાવી દે, **અચલાનાં** - પર્વતોને, **દીપ :**- દીપક, **અપર :** - અનેરા, **ત્વં** - આપ, **અસિ** - છો, **નાથ** - નાથ, **જગત્પ્રકાશ :**- જગતને પ્રકાશિત કરનાર.

**ભાવાર્થ :** હે નાથ ! ધુમાડા તથા વાટ વિનાના, તથા જેમાં તેલ પૂરવાની જરૂર નથી એવા તથા આ સમસ્ત ત્રણે જગતને પ્રકાશિત કરનારા તથા પર્વતોને પણ ડોલાવી દે તેવા પવનથી પણ ન બુઝાનારા એવા આપ જગતને પ્રકાશિત કરનારા એક અનેરા દીપક છો.

**નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્ય :,**
**સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।**

**નામ્ભોધરોદર નિરૂદ્ધ મહાપ્રભાવ:,**

**સૂર્યાતિશાયિ મહિમાડસિમુનીન્દ્ર ! લોકે ॥૧૭॥**

**શબ્દાથ : અસ્તં** - અસ્ત, **કદાચિત્** - કદાપિ, **ન ઉપયાસિ** - થતો નથી, **ન રાહુગમ્ય:** - રાહુ તેને ગળી શકતો નથી, **સ્પષ્ટી કરોષિ** - પ્રકાશિત કરો છો, **સહસા** - શીઘ્રપણે, **યુગપત્** - એકીસાથે, **જગન્તિ** - ત્રણે લોકને, **અમ્ભોધર** - વાદળાના, **ઉદર** - મધ્યભાગ પણ ઘનઘોર, **નિરૂદ્ધ** - રોકી, ઢાંકી શકતા નથી, **મહાપ્રભાવ:** - મહાપ્રભાવને, સૂર્ય **અતિશાયી** - સૂર્યથી પણ વધારે, **મહિમા** - મહિમા, **અસિ** - છે, **મુનિન્દ્ર** - હે મુનિશ્વર, **લોકે** - લોકમાં.

**ભાવાર્થ :** હે મુનીન્દ્ર ! આ લોકમાં આપનો મહિમા સૂર્યથી પણ અધિક છે (કેમ કે કેવળદર્શનરૂપી સૂર્ય ઊગ્યા પછી) તે કદી આથમતો નથી. રાહુ તેને ગ્રહણ કરી શકતો નથી. ત્રણે જગતને બહુ જ શીઘ્રતાથી એકીસાથે પ્રકાશિત કરી શકો છો, તેમ જ કાળાં વાદળાં પણ આપના દર્શનરૂપી મહાપ્રભાવને આવરી શકતા નથી.

**નિત્યોદયં દલિતમોહ મહાન્ધકારં,**

**ગમ્યં ન રાહુ વદનસ્ય ન વારિદાનામ્,**

**વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાન્તિ,**

**વિદ્યોતયજ્જગદ્પૂર્વ શશાઙ્ક બિમ્બમ્ ॥૧૮॥**

**શબ્દાર્થ : નિત્યોદયં** - સદા ઉદયમાન છે, **દલિત** - દૂર કર્યો છે, **મોહ મહાન્ધકારં** - મોહરૂપી મહા અંધકારને, **ગમ્યં ન** - ગ્રાસ બનતો નથી, **રાહુ વદનસ્ય** - રાહુના મુખનો, ન **વારિદાનામ્** - વાદળો ઢાંકી શક્તા નથી, **વિભ્રાજતે** - શોભી રહ્યું છે, **તવ** - આપનું, **મુખ અબ્જં** - મુખ કમળ, **અનલ્પકાન્તિ** - અતિશય કાંતિવાળું, **વિદ્યોત** - પ્રકાશ આપનારું, **યદ્** - જે, **જગત્** - જગતને, અપૂર્વ - અનેરા, **શશાઙ્ક બિમ્બં** - ચંદ્રબિંબ,

**ભાવાર્થ :** જે નિત્ય ઉદયમાન છે, જેણે મોહરૂપી મહાઅંધકારને દૂર કર્યો છે, જેને રાહુ કદાપિ ગ્રસી શક્તો નથી કે કાળાં ધોર વાદળાં જેને આવરી શક્તા નથી, એવું અતિશય કાંતિવાળું અને જગતને વિશેષપણે પ્રકાશ આપનારું, અનેરા ચંદ્રબિંબ સરખું આપનું મુખકમળ શોભી રહ્યું છે.

**કિં શર્વરીષુ શશિનાડહ્નિ વિવસ્વતા વા ?**

**યુષ્મન્મુખેન્દુ દલિતેષુ તમસ્સુ નાથ !**

**નિષ્પન્ન શાલિવન શાલિનિ જીવલોકે,**

**કાર્યં કિયજ્જલધરૈર્જલભાર નમ્રૈ : ॥૧૯॥**

**શબ્દાર્થ :** **કિં ?** - શું પ્રયોજન ?, **શર્વરિષુ** - રાત્રિએ, **શશિન્** - ચંદ્રનું, **વા** - અને, **અહ્નિ** - દિવસે, **વિવસ્વતા** - સૂર્યનું, **યુષ્મન્** - આપનો, **મુખેન્દુ** - મુખચંદ્ર, **દલિતેષુ** - દૂર કરે છે, **તમસ્સુ** - અંધકારને, **નાથ !** - હે નાથ !, **નિષ્પન્ન** - પાકી ગયેલ, **શાલિવન** - ખેતર, **શાલિની** - ડાંગર, **જીવલોકે** - જગતમાં, **કાર્યમ્** - પ્રયોજન, **કિયત્** - શું, **જલધરૈ :** - વાદળોથી, **જલભાર નમ્રૈ :** - જળના ભાર વડે નમી ગયેલા.

**ભાવાર્થ :** હે નાથ ! આપનું મુખચંદ્ર (વિશ્વના) અંધકારને જ્યારે દૂર કરે છે, પછી રાત્રે ચંદ્રનું અને દિવસે સૂર્યનું શું પ્રયોજન ? પાકી ગયેલ ડાંગરનાં ખેતરોથી સુશોભિત બનેલા આ જગતમાં જળના ભાર વડે નમી ગયેલાં વાદળાંનું શું પ્રયોજન ? કશું જ નહીં.

**જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં,**
**નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।**
**તેજ : સ્ફુરન્મણિષુયાતિ યથા મહત્વં,**
**નૈવં તું કાચ શકલે કિરણા કુલેડપિ ॥૨૦॥**

**શબ્દાર્થ : જ્ઞાનં** - કેવળજ્ઞાન, **યથા** - જેવું, **ત્વયિ** - આપનામાં, **વિભાતિ** - શોભી રહ્યું છે, **કૃત અવકાશ :** - આશ્રય કરીને, **ન** - નથી, **ઐવં** - ખરેખર, **તથા** - તેવું, **હરિહરાદિષુ** - વિષ્ણુ, શંકર વગેરે, **નાયકેષુ** - મુખ્ય દેવોમાં, **તેજ :**- તેજ, **સ્ફુરત્** - પ્રકાશમાન, **મણિષુ** - મણિઓમાં, **યાતિ** - પામે છે, યથા - જે પ્રમાણે, **મહત્વં** - મહત્વને, **ન** - નથી પામતું, **ઐવં તુ** - ખરેખર તે પ્રમાણે, **કાચ શકલે** - કાચના કકડામાં, **કિરણાકુલે** - કિરણો વેરતાં, **અપિ** - પણ.

**ભાવાર્થ :** આપને વિશે અવકાશ કરીને રહેલું જ્ઞાન જેવું શોભી રહ્યું છે તેવું હરિહરાદિ મુખ્ય દેવોમાં શોભતું નથી, કારણ કે પ્રકાશમાન મણિઓમાં તેજ જેવી પ્રબળતાને પામે છે તેવી, તેજમાં પ્રબળતા સૂર્યકિરણોને વેરતા કાચના કટકા નથી પામતા.

**મન્યે વરં હરિ હરાદય એવ દ્રષ્ટા,**
**દ્રષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।**
**કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્ય :**
**કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાન્તરેપિ ॥૨૧॥**

**શબ્દાર્થ :** **મન્યે** - માનું છું, **વરં** - સારું, હરિહર **આદય :** - હરિહર આદિ દેવોને, એવ **દ્રષ્ટા** - ખરેખર જોયા, **દ્રષ્ટેષુ** - જોઈને, **યેષુ** - જેમને, **હૃદયં** - હૃદય, **ત્વયિ** - આપનામાં, **તોષં** - સંતોષને, **એતિ** - પામે છે, **કિં** - શું લાભ ? **વીક્ષિતેન** -

જોવાથી, **ભવતો** - આપને, **ભુવિ** - લોકમાં, **યેન** - જેથી, **અન્ય:** - બીજા, **કશ્ચિત્** - કોઈપણ, **મન:** - મનને, **ન હરતિ** - હરતા નથી, **નાથ !** - હે નાથ!, **ભવાન્તરે** - પરભવમાં, **અપિ** - પણ.

**ભાવાર્થ :** હે નાથ ! હું માનું છું કે વિષ્ણુ, શંકર આદિ દેવોને જોયા તે સારું જ થયું, કારણ કે એમને જોયા છતાં મારું મન તો આપને વિશે જ સંતોષ પામે છે. આપને જોયા પછી હવે આ લોકમાં એકવાર પણ અન્ય કોઈ દેવ મારા મનને હરી શકશે નહીં.

**સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્,**
**નાન્યા સૂતં ત્વદ્દુપમં જનની પ્રસૂતા,**
**સર્વાદિશો દધતિભાનિ સહસ્ત્ર રશ્મિં,**
**પ્રાચ્ચેવ દિગ્જનયતિ સ્ફુરદંશુ જાલમ્ ॥૨૨॥**

**શબ્દાર્થ : સ્ત્રીણાં** - સ્ત્રીઓ, **શતાનિશતશ:** - સેંકડોના સેંકડો એટલે લાખો, **જનયન્તિ** - જન્મ આપે છે, **પુત્રાન્** - પુત્રોને, **અન્યા** - બીજી, **સૂતં** - પુત્રને, **ત્વત્** - આપના, **ઉપમં** - સરખા, **જનની** - માતા, **ન પ્રસૂતા** - પ્રસવતી નથી, **સર્વા:** - સર્વે, **દિશ:** - દિશાઓ, **દધતિ** - ધારણ કરે છે, **ભાનિ** - તારાઓને, **સહસ્રરશ્મિં** - સૂર્યને, **પ્રાચી** - પૂર્વ, **એવ** - જ, **દિક્** - દિશા, **જનયતિ** - જન્મ આપે છે, **સ્ફુરત્** - દેદીપ્યમાન, **અંશુજાલં** - કિરણોના સમૂહવાળા,

**ભાવાર્થ :** હે નાથ ! આ જગતમાં સ્ત્રીઓ લાખો પુત્રોને જન્મ આપે છે પરંતુ તમારી માતા સિવાય કોઈપણ બીજી સ્ત્રીએ તમારા જેવા પનોતા પુત્રને જન્મ આપ્યો નથી. તે એવી રીતે કે જેમ અન્ય સઘળી દિશાઓ તારાઓને ધારણ કરે છે, પરંતુ પૂર્વ દિશા જ એક એવી છે કે જે પ્રકાશમાન કિરણના સમૂહથી યુક્ત એવા સૂર્યને જન્મ આપે છે.

**ત્વામામનન્તિ મુનય: પરમં પુમાંસ,**
**માદિત્ય વર્ણમમલં તમસ: પુરસ્તાત્ ।**
**ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું,**
**નાન્ય: શિવ: શિવપદસ્ય મુનીન્દ્ર ! પન્થા: ॥૨૩॥**

**શબ્દાર્થ :** **ત્વામ્** - આપને, **આમનન્તિ** - માને છે, **મુનય:** - મુનિઓ, **પરમં** - પરમ, **પુમાંસ** - પુરુષ, **આદિત્ય વર્ણ** - સૂર્ય સમાન તેજસ્વી, **અમલં** - નિર્મળ, **તમસ:** - અંધકારની, **પુરસ્તાત્** - આગળ, **ત્વામ્** - આપને, **એવ** - જ, **સમ્યક્** - સાચી શ્રદ્ધાથી, **ઉપલભ્ય** - પામીને, **જયન્તિ** - જીતે છે, **મૃત્યું** - મૃત્યુને, **ન** - નથી, **અન્ય:** - બીજો, શિવ: - કલ્યાણકારી, **શિવપદસ્ય** - મોક્ષનો, **મુનીન્દ્ર !** - હે મુનીશ્વર, **પન્થા:** -

માર્ગ.

**ભાવાર્થ :** હે મુનીન્દ્ર ! મુનિઓ આપને પરમ પુરુષ, અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન તેજસ્વી અને નિર્મળ માને છે, એવા આપને જ રૂડી રીતે ભજીને મૃત્યુને જીતી જાય છે. તેથી મુક્તિપ્રદ કલ્યાણકારી માર્ગ આપના વીતરાગ માર્ગ સિવાય બીજો કોઈ જ નથી.

**ત્વામવ્યયં -વિભૂમચિન્ત્ય-મસંખ્યમાદ્યં,**
**બ્રહ્માણ-મીશ્વર-મનન્તમનંગકેતુમ્ ।**
**યોગીશ્વરં વિદિત યોગમનેકમેકં,**
**જ્ઞાન સ્વરૂપમમલં પ્રવદન્તિ સન્ત : ॥૨૪॥**

**શબ્દાર્થ : ત્વાં** - આપને, **અવ્યયં** - અક્ષય, **વિભું** - ઐશ્વર્યશાળી, **અચિન્ત્યં** - અચિંત્ય, **અસંખ્યં** - અસંખ્ય ગુણોના ધારક, **આદ્યં** - આદિ પુરુષ, **બ્રહ્માણં** - બ્રહ્મા, **ઈશ્વરં** - ઈશ્વર, **અનંતં** - અંત રહિત, **અનંગકેતું** - કામદેવનો નાશ કરનાર, **યોગીશ્વરં** - યોગીશ્વર, **વિદિતયોગં** - મોક્ષમાર્ગના સંપૂર્ણ જ્ઞાતા, **અનેકં** - ગુણ પર્યાયની અપેક્ષા અનેક, **એકં** - જીવ દ્રવ્યની અપેક્ષાએ એક, જ્ઞાનસ્વરૂપં - કેવળજ્ઞાની, **અમલં** - નિર્મળ, **પ્રવદન્તિ** - પોકારે છે, **સન્ત :** - સંતો.

**ભાવાર્થ :** સંત પુરુષો આપને જુદાં જુદાં નામે સંબોધે છે, જેમ કે અવિનાશી, ઐશ્વર્યશાળી, અચિંત્ય, અસંખ્ય ગુણોના ધારક, ધર્મની આદિ કરનારા બ્રહ્મ, ઈશ્વર, અનંત (કાળનો અંત કરનાર), અનંગકેતુ (વિકારનો નાશ કરવામાં કેતુ ગ્રહ સમાન), યોગીશ્વર (યોગોને જીતનાર), વિદિતયોગ (મોક્ષમાર્ગની સાધનાના જાણનાર), એક (જીવ દ્રવ્યની અપેક્ષાએ), અનેક (ગુણ, પર્યાયની અપેક્ષા), કેવળજ્ઞાની, અમલ (સર્વથા કર્મમળથી રહિત).

ભક્તામર સ્તોત્રની ૧૩ થી ૨૪ ગાથાના શબ્દાર્થ અને ભાવાર્થ સંપૂર્ણ.

**ભક્તામર અપૂર્ણ.**

# કેશી - ગૌતમ સંવાદ

## (આધાર : ઉત્તરાધ્યયન સૂત્ર-અધ્યયન ૨૩)

### કેશીકુમાર શ્રમણ અને ગૌતમસ્વામી પરિચય

રાગ દ્વેષના વિજેતા, નરેન્દ્ર (રાજા), દેવેન્દ્રથી (દેવોના ઈન્દ્ર) પૂજાયેલા તથા વંદિત, તત્ત્વજ્ઞાની સર્વજ્ઞ, ધર્મતીર્થની સ્થાપના કરનારા સર્વ કર્મોને જીતનારા 'પાર્શ્વનાથ' નામના ભગવાન હતા. જેઓ આ અવસર્પિણી કાળના ૨૩મા તીર્થંકર હતા.

લોકમાં દીપક સમાન - સંસારના સર્વ પદાર્થોને પોતાના જ્ઞાન દ્વારા પ્રકાશિત કરનાર, તે પાર્શ્વનાથ ભગવાનના શિષ્યાનુશિષ્ય જ્ઞાન અને ચારિત્રના પારગામી મહાયશસ્વી 'કુમાર શ્રમણ કેશી સ્વામી' હતા.

તેમણે બાળપણમાં જ દીક્ષા લીધી હતી, તેથી તેમને **'કુમાર શ્રમણ'** કહ્યા છે. તેઓ મહાયશસ્વી, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની આરાધના કરતા હતા. તેઓ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, આ ત્રણ જ્ઞાનના ધારક હતા.

એકવાર તેઓ પોતાના શિષ્ય પરિવાર સાથે ગામ, નગરમાં વિચરતા શ્રાવસ્તી નગરમાં પધાર્યા. તે નગરીની પાસે તિંદુક નામના ઉદ્યાનમાં જ્યાં સાધુને યોગ્ય બાજોઠ આદિ ઉપધિ ઓની પ્રાપ્તિ સુલભ હતી, ત્યાં જીવ રહિત સ્થાનમાં તેના માલિકની આજ્ઞા લઈને **'કેશીકુમાર'** શ્રમણ ઊતર્યા.

તે જ સમયે ધર્મ-તીર્થની સ્થાપના કરનારા, રાગ-દ્વેષને જીતનારા ભગવાન વર્ધમાન મહાવીર સ્વામી સંપૂર્ણ લોકમાં સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર પ્રસિદ્ધ હતા. લોકમાં દીપક સમાન તે ભગવાન વર્ધમાન મહાવીરસ્વામીના પ્રથમ શિષ્ય ગણધર **'ગૌતમસ્વામી '** વિદ્યા, જ્ઞાન અને ચારિત્રમાં પારગામી (નિપુણ) હતા.

આચારાંગ સૂત્રથી ૧૧ અંગસૂત્રના જાણકાર, ૧૨ મા દૃષ્ટિવાદસૂત્રના જ્ઞાતા, તત્ત્વજ્ઞાની, શિષ્યોના પરિવાર સહિત ગૌતમસ્વામી વિચરતા હતા. ગૌતમસ્વામી પણ તે જ શ્રાવસ્તી નગરીની પાસે કોષ્ઠક નામના બગીચામાં જ્યાં સાધુને યોગ્ય બાજોઠ આદિ ઉપધિ ઓની પ્રાપ્તિ સુલભ હતી, ત્યાં જીવ રહિત સ્થાનમાં તેના માલિકની આજ્ઞા લઈને ઊતર્યા.

### શિષ્ય પરિવારમાં આચારભેદ અંગે જિજ્ઞાસા

મન, વચન, કાયાથી ગુપ્ત, જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સમાધિવંત, મહાયશસ્વી કુમારશ્રમણ કેશીસ્વામી અને ગૌતમસ્વામી બંને ત્યાં સુખશાતાપૂર્વક વિચરતા હતા.

એકવાર કેશી કુમાર શ્રમણ અને ગૌતમસ્વામી બંનેના સંયમી, તપસ્વી જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણસંપન્ન, છકાય જીવોના રક્ષક શિષ્ય સમુદાયના મનમાં ચિંતા અને

શંકા ઉત્પન્ન થઈ. ગોચરી માટે નીકળેલા તે બંનેના શિષ્ય સમુદાયને એક જ ધર્મના ઉપાસક હોવા છતાં એકબીજાના વેશ આદિમાં અંતર જોઈને એકબીજા પ્રત્યે શંકા ઉત્પન્ન થઈ.

તે શિષ્ય આ પ્રકારે શંકા કરવા લાગ્યા કે આ અમારો કેવો ધર્મ છે ? અને તેમનો આ કેવો ધર્મ છે ? તથા અમારી આચારધર્મની વ્યવસ્થા એટલે બાહ્ય વેશ, ધારણા આદિ ક્રિયા કેવી છે ? અને તેમની આચાર ધર્મની વ્યવસ્થા કેવી છે ? ભગવાન પાર્શ્વનાથે અમને ચાર મહાવ્રતવાળો ધર્મ કહ્યો છે અને વર્ધમાન સ્વામીએ પાંચ મહાવ્રતવાળો ધર્મ કહ્યો છે, તો આ ભેદનું કારણ શું છે ?

ભગવાન વર્ધમાન મહાવીરસ્વામીનો જે અચેલક (પરિમાણ પ્રમાણે સફેદ અને અલ્પમૂલ્યવાળા વસ્ત્ર રાખવાનો) ધર્મ કહ્યો છે અને ભગવાન પાર્શ્વનાથે વિશિષ્ટ અને બહુમૂલ્ય વસ્ત્ર રાખવા રૂપ ધર્મ કહ્યો છે તો મોક્ષપ્રાપ્તિ રૂપ એક જ કાર્ય કરનારાનાં બાહ્ય આચારમાં આટલું અંતર હોવાનું શું કારણ છે ?

**શ્રમણોનું પરસ્પર મિલન અને ઉચિત વ્યવહાર**

ત્યાર પછી પોતપોતાના શિષ્યોને શંકાશીલ થયેલા જાણીને કેશીકુમાર શ્રમણ અને ગૌતમસ્વામી બંને મહાપુરુષોએ શ્રાવસ્તી નગરીમાં એક સ્થાને મળવાનો વિચાર કર્યો. કેશીકુમાર ૨૩મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના શિષ્યાનુશિષ્ય હતા, તેથી તેમના કુળને જ્યેષ્ઠ (મોટું) જાણીને, પોતાના શિષ્ય પરિવાર સાથે ગૌતમસ્વામી જ્યાં કેશીકુમાર શ્રમણ હતા ત્યાં તિંદુક નામના ઉદ્યાનમાં પધાર્યા.

કેશીકુમાર શ્રમણે ગૌતમસ્વામીને આવતાં જોઈને બહુમાન ભક્તિ સાથે યથાયોગ્ય સન્માન અને આદર-સત્કાર કર્યો. ગૌતમસ્વામીને બેસવા માટે પ્રાસુક અને નિર્દોષ પરાળ (શાલી, વ્રીહિક, કોદ્રવ, રાળ આ ચાર) અને પાંચમું ડાભના તૃણનું આસન આપ્યું.

આસન પર બિરાજમાન કેશીકુમાર શ્રમણ અને મહાયશસ્વી ગૌતમસ્વામી આ બન્ને સંતો ચંદ્ર અને સૂર્યની જેમ શોભતા હતા. તે બંને મુનિની ચર્ચા વાર્તા સાંભળવા માટે અનેક મતાવલંબી પરિવ્રાજકો, કુતૂહલી લોકો, મૃગ જેવા અનેક અજ્ઞાનીઓ અને હજારો ગૃહસ્થો ત્યાં આવ્યા હતા. જ્યોતિષી અને વૈમાનિક દેવો, દાનવ (ભવનપતિ, ગંધર્વ) યક્ષ, રાક્ષસ અને કિન્નર આદિ વાણવ્યંતર દેવો પણ ત્યાં આવ્યા. દૃશ્ય - દેખાય તેવા અને અદૃશ્ય - ન દેખાય તેવા, બંને પ્રકારના દેવો ત્યાં આવ્યા હતા.

કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને કહ્યું કે ''હે મહાભાગ્યવાન ! હું આપને કાંઈક પૂછવા ઈચ્છું છું.'' ગૌતમ સ્વામીએ કેશીકુમાર શ્રમણને કહ્યું ''હે ભગવન્ ! આપની જેવી ઈચ્છા હોય તેવા પ્રશ્ન કરો. '' ત્યાર પછી ગૌતમસ્વામીની અનુમતિ પ્રાપ્ત થતાં કેશીકુમાર શ્રમણ ગૌતમસ્વામીને આ પ્રકારે પૂછવા લાગ્યા.

**૧ : ચાર મહાવ્રત અને પાંચ મહાવ્રતરૂપ ધર્મ**

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન :** મહામુનિ પાર્શ્વનાથ ભગવાને જે ચાતુર્યામ (ચાર મહાવ્રતરૂપી) ધર્મનું પ્રતિપાદન કર્યું છે અને વર્ધમાન મહાવીરસ્વામીએ જે પાંચ મહાવ્રતરૂપ ધર્મનું પ્રતિપાદન કર્યું છે. તે બંને તીર્થંકરો મોક્ષપ્રાપ્તિરૂપ એક જ કાર્યમાં પ્રવૃત્તિ કરનાર છે, તો આ તફાવતનું કારણ શું છે ? આ બે પ્રકારના ધર્મો જોઈને શું આપને સંદેહ થતો નથી ?

**ગૌતમ સ્વામી - જવાબ :** જીવ આદિ નવ તત્ત્વોનો જેમાં નિશ્ચય થાય છે એવા ધર્મ તત્ત્વને બુદ્ધિથી જ સમજી શકાય છે.

ભરત અને ઈરવત ક્ષેત્રમાં પ્રથમ તીર્થંકરના સાધુ સરળ (ઋજુ) અને મંદ (જડ) મતિવાળા હોય છે. અંતિમ તીર્થંકરના સાધુ વક્ર અને જડ હોય છે. જ્યારે મધ્યના ૨૨ તીર્થંકરના સાધુઓ ઋજુ અને બુદ્ધિમાન હોય છે. પ્રથમ તીર્થંકરના સાધુઓને સાધુ આચાર સમજવો કઠિન હોય છે અને અંતિમ તીર્થંકરના સાધુઓને સાધુ આચારનું પાલન કરવું કઠિન હોય છે. પરંતુ મધ્યના ૨૨ તીર્થંકરના સાધુઓને સાધુ આચાર સમજવો અને તેનું પાલન કરવું બંને સરળ હોય છે. તેથી બે પ્રકારના ધર્મ કહ્યા છે.

**કેશીકુમાર :** હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, આપે મારો આ સંશય દૂર કર્યો છે. પરંતુ હે ગૌતમ મને બીજો પણ સંશય છે તેનું સમાધાન કહો.

## ૨ : અચેલક અને સચેલક ધર્મ

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન :** પ્રમાણસર અને અલ્પમૂલ્ય વસ્ત્ર ધારવારૂપ અચેલક ધર્મ વર્ધમાન મહાવીર સ્વામીએ બતાવ્યો છે અને પ્રમાણ રહિત વિશિષ્ટ તેમ જ બહુમૂલ્ય વસ્ત્ર રાખવારૂપ ધર્મ મહાયશસ્વી પાર્શ્વનાથ પ્રભુએ બતાવ્યો છે. તો હે મેધાવી ! (બુદ્ધિમાન) એક જ ઉદ્દેશ માટે પ્રવૃત્તિ કરનારા આ બન્ને તીર્થંકરોના ઉપદેશમાં આવા ભેદનું કારણ શું છે ? બે પ્રકારના બાહ્ય વેશ જોઈને શું આપને સંદેહ થતો નથી ?

**ગૌતમસ્વામી - જવાબ :** કેવળી ભગવંતોએ કેવળજ્ઞાનમાં જાણીને યોગ્યરૂપે ધર્મના સાધનો વેષ, ચિહ્ન, ઉપકરણો આદિ વિષયક આજ્ઞા કરી છે. વિવિધ પ્રકારના ઉપકરણોનું વિધાન (૧) લોકોની પ્રતીતિ માટે, (૨) સંયમયાત્રાના નિર્વાહ માટે અને (૩) હું સાધુ છું એમ દરેક પ્રસંગે બોધ રહે તે માટે, લોકમાં લિંગનું - વેશનું પ્રયોજન છે. નિશ્ચયથી સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ મોક્ષનાં વાસ્તવિક સાધન છે. આ પ્રકારનો બંને તીર્થંકરોનો એક જ સિદ્ધાંત છે. માત્ર વ્યાવહારિક દૃષ્ટિથી બાહ્ય વેષમાં ફરક છે.

## ૩ : આત્મ શત્રુ અને શત્રુ વિજયની રીત

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન ૩ :** હે ગૌતમ ! અનેક હજાર શત્રુઓની વચ્ચે આપ ઊભા છો અને તેઓ આપની પર આક્રમણ કરે છે, તો પણ તમે એ શત્રુઓને કેવી રીતે જીત્યા છે ?

**ગૌતમસ્વામી - જવાબ ૩ :** વશ ન કરેલો પોતાનો આત્મા (મન) જ પોતાનો શત્રુ છે. તેને આગમ વિધિ પ્રમાણે જીતી લેવાથી ચાર કષાય અને પાંચ ઈન્દ્રિય રૂપ શત્રુ પણ જીતી શકાય છે. આમ એક આત્માને જીતતાં કુલ ૧૦ શત્રુઓને મેં જીત્યા છે.

શત્રુવિજયની શાસ્ત્રોક્ત વિધિ આ પ્રમાણે છે. શ્રુતજ્ઞાનની લગામ દ્વારા સાહસિક આત્મારૂપી (મનરૂપી) ઘોડાને જીતવો જોઈએ. ક્ષમા દ્વારા ક્રોધને, નમ્રતા દ્વારા અભિમાનને, સરળતા દ્વારા માયાને અને સંતોષ દ્વારા લોભને જીતવો જોઈએ. પ્રતિસંલીનતા દ્વારા ઈન્દ્રિયોની અશુભ ક્રિયાને રોકવી જોઈએ. તેવું મેં કરેલું છે.

**૪ : પાશ બંધન**

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન :** હે ગૌતમ ! આ લોકમાં ઘણાં શરીરધારી પ્રાણીઓ પાશમાં (બંધનમાં) બંધાયેલા જોવા મળે છે. હે મુનિ ! આપ બંધનમુક્ત અને હળવા થઈને કેવી રીતે વિચરો છો ?

**ગૌતમસ્વામી - જવાબ :** હે મુનિ ! રાગ-દ્વેષ તેમ જ પુત્ર પરિવાર, સ્વજન આદિ સ્નેહનું બંધન ભયંકર છે. ઉપાયો દ્વારા તે બંધનોનું છેદન કરીને અને તેનો સર્વ પ્રકારે નાશ કરીને, હું બંધનમુક્ત તેમ જ વાયુની સમાન હળવો બનીને વિચરું છું. એકત્વભાવના, અનિત્યભાવના, અશરણ ભાવના વગેરે આગમ વિધિ અને આજ્ઞા અનુસાર તે સ્નેહબંધનને તોડીને, હું સાધુધર્મની નીતિ અને આચારમાં શાંતિપૂર્વક વિચરણ કરું છું.

**૫ : ભવતૃષ્ણારૂપી લતા**

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન :** હે ગૌતમ ! મનુષ્યના અંતરમાં ઉત્પન્ન ભવતૃષ્ણા રૂપ એક લતા (વેલ) ઉત્પન્ન થયેલી છે. તે વિષ ભક્ષણ સમાન ઝેરી ફળ આપે છે. આપે તેને કેવી રીતે સંપૂર્ણ નષ્ટ કરી છે ?

**ગૌતમસ્વામી - જવાબ :** હે મુનિ ! સાંસારિક પદાર્થોની ઈચ્છા અને લાલસાની લતા છે તે ભયંકર છે. તેમાં આવેશ, આવેગ, લોભ વગેરે ભયંકર ઝેરી ફળ આવે છે. મેં આ લતાને સંતોષ દ્વારા મૂળ સહિત ઉખેડીને ફેંકી દીધી છે. સંતોષ તે ભવતૃષ્ણા છેદન કરવા માટેનું અમોઘ શસ્ત્ર છે. વિષફળ દેનારી ભવતૃષ્ણા રૂપી લતાને જે ઉખેડી નાંખે છે, તે તેના વિષફળથી બચી શકે છે.

**૬ : કષાય અગ્નિ અને શ્રુતરૂપ જળ**

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન :** હે ગૌતમ ! કષાયરૂપી એક ભયંકર અગ્નિ સળગી રહી છે, જે શરીરમાં રહીને (આત્મગુણને) બાળે છે, તેને આપે કેવી રીતે બુઝાવી છે ?

**ગૌતમસ્વામી - જવાબ :** હે મુનિ ! ક્રોધ, માન, માયા અને લોભરૂપી કષાય એ ભયંકર અગ્નિ છે જે આત્મગુણોને બાળે છે. મહામેઘથી ઉત્પન્ન થયેલું સર્વથી ઉત્તમ જળ ગ્રહણ

કરીને, હું તે અગ્નિને સતત ઠારું છું. મહામેઘ તે તીર્થંકર અને તીર્થંકરની આગમવાણી રૂપ પાણી તથા શ્રુત, શીલ અને તપરૂપ પાણી છાંટીને મેં તે અગ્નિને શાંત કરી છે, તેથી તે ઠરલી અગ્નિ મને અને મારા આત્મગુણોને દઝાડતી નથી.

સામાન્ય મેઘ ક્યારેક વરસે, ક્યારેક વરસ્યા વિના વિખેરાય જાય છે પરંતુ મહામેઘ અચૂક વરસે જ છે અને અવશ્ય ફળદાયી બને છે. તેમ જિનેશ્વરના મુખમાંથી પ્રવાહિત થતી વાણી પણ ફળદાયી બને છે. ભવી જીવો તે વાણીના પ્રભાવે પોતાના કષાયોને શાંત કરે છે.

## ૭: મનરૂપી અશ્વ અને શ્રુતરૂપી લગામ

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન :** હે ગૌતમ ! એક સાહસિક અને દુષ્ટ અશ્વ ચારેબાજુ ભાગી રહ્યો છે. આપ તેના પર આરૂઢ છો છતાં તે ઘોડો આપને ઉન્માર્ગ પર કેમ લઈ જતો નથી ?

**ગૌતમસ્વામી - જવાબ :** હે મુનિ ! મન રૂપી દુષ્ટ અને સાહસિક ઘોડો ચારે તરફ ભાગતો ફરે છે. મનની ગતિ વાયુની ગતિથી પણ અધિક હોય છે. તેને જો લગામ દ્વારા વશમાં ન રાખીએ, તો ઉન્માર્ગે દોડી જાય છે. મનરૂપ દોડતા આ ઘોડાને શ્રુતજ્ઞાનરૂપી લગામથી સમ્યક્ પ્રકારે વાંચના, પુચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા અને અનુપ્રેક્ષા રૂપ ધર્મશિક્ષાથી બાંધીને હું વશ કરી લઉં છું. હવે તે મન જાતિવાન ઘોડા જેવું થઈ ગયું છે, જેથી તે મને ઉન્માર્ગે લઈ જતું નથી અને સન્માર્ગે લઈ ચાલે છે.

## ૮ : ઉન્માર્ગ અને સન્માર્ગ

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન :** હે ગૌતમ ! લોકમાં ઘણા કુમાર્ગ છે, જેના પર ચાલવાથી પ્રાણીઓ સન્માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે. આપ તે ઉન્માર્ગ પર ન જતાં સન્માર્ગમાં જ કઈ રીતે રહી શકો છો ?

**ગૌતમસ્વામી - જવાબ :** હે મુનિ ! સન્માર્ગ અને ઉન્માર્ગ, તે બંને માર્ગોને મેં જાણી લીધા છે. કુપ્રવચનને માનનારા જે પાસંડી લોકો છે, તે સર્વે જીવો ધર્મ વિરૂદ્ધ આચરણ કરીને, ઉન્માર્ગે ચાલીને દુર્ગતિમાં રખડે છે. જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત માર્ગ સન્માર્ગ છે. તે માર્ગ કેવળીઓનો છે, અનેકાંતથી પરિપૂર્ણ છે અને તે માર્ગે જનારા પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. હું કુમાર્ગ અને ઉન્માર્ગના હિતાહિતને સમજીને સન્માર્ગે ચાલું છું, માટે હું સન્માર્ગથી ભ્રષ્ટ થતો નથી.

## ૯ : ધર્મરૂપી મહાદ્વીપ

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન :** હે ગૌતમ ! મહાન જળપ્રવાહના વેગમાં તણાતા પ્રાણીઓ માટે શરણ, ગતિ, આશ્રય અને દ્વીપ તમે કોને માનો છો ?

**ગૌતમસ્વામી - જવાબ :** સમુદ્રની મધ્યમાં એક વિશાળ મહાદ્વીપ છે, ત્યાં મહાવેગવાન

જળપ્રવાહની ગતિ થઈ શકતી નથી. જન્મ, જરા (વૃદ્ધાવસ્થા) અને મરણના વેગમાં તણાતાં (ડૂબતાં) પ્રાણીઓ માટે ધર્મ દ્વીપ છે, આધારરૂપ છે, ગતિરૂપ છે અને ઉત્તમ શરણરૂપ છે. અર્થાત્ ધર્મ જ એક એવો દ્વીપ છે, જેનો આશ્રય લઈ પ્રાણીઓ સંસારરૂપી સમુદ્રથી પાર ઊતરે છે.

## ૧૦: સછિદ્ર નિશ્છિદ્ર નૌકા

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન:** હે ગૌતમ ! મહાપ્રવાહવાળા સમુદ્રમાં નૌકા વિપરીત દિશામાં જઈ રહી છે, તેના ઉપર આરૂઢ થયેલા આપ કેવી રીતે સમુદ્રને પાર કરશો ?

**ગૌતમસ્વામી - જવાબ ૧૦ :** જે નૌકા છિદ્રવાળી - કાણાવાળી હોય છે, તે સમુદ્રના કિનારે પહોંચાડી શકતી નથી પરંતુ જે નૌકા છિદ્ર રહિત હોય છે, તે કિનારે પહોંચાડે છે. શરીર નૌકા છે અને જીવ (આત્મા) તેનો નાવિક છે. દોષયુક્ત સંયમ છિદ્રવાળી નૌકા સમાન છે અને નિર્દોષ સંયમ છિદ્ર રહિત નૌકાસમાન છે. જન્મ મરણમય ચતુર્ગતિક સંસાર છે જેને નિર્દોષ સંયમી મહર્ષિઓ પાર કરી જાય છે.

## ૧૧ : અજ્ઞાન અંધકાર નાશક સૂર્ય

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન:** હે ગૌતમ ! ઘોર તેમ જ ગાઢ અજ્ઞાનરૂપી અંધકારમાં ઘણાં પ્રાણીઓ રહે છે. સંપૂર્ણ લોકમાં તે પ્રાણીઓને માટે જ્ઞાનરૂપી પ્રકાશ કોણ કરશે ?

**ગૌતમસ્વામી - જવાબ:** હે મુનિ ! સમગ્ર લોકમાં પ્રકાશ કરનારો નિર્મળ સૂર્ય ઊગી ગયો છે, તે અજ્ઞાનરૂપી અંધકારમાં રહેલાં પ્રાણીઓને જ્ઞાનપ્રકાશ આપશે. સંસારના મૂળભૂત ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થયો છે, તે તીર્થંકર મહાવીરસ્વામી લોકના અજ્ઞાન અંધારામાં રહેલા પ્રાણીઓને જ્ઞાનરૂપ પ્રકાશ આપશે.

## ૧૨ : અવ્યાબાધ સુખસ્થાન

**કેશીકુમાર શ્રમણ - પ્રશ્ન :** હે ગૌતમ ! શારીરિક અને માનસિક દુ:ખોથી પીડાતા પ્રાણીઓ માટે ક્ષેમકારી, કલ્યાણકારી અને બાધા રહિત સ્થાન આપ કોને માનો છો ?

**ગૌતમસ્વામી - જવાબ:** લોકના અગ્રભાગમાં એક એવું ધ્રુવ (અચળ) સ્થાન છે, જ્યાં વૃદ્ધાવસ્થા, મૃત્યુ, વ્યાધિ અને વેદનાઓ હોતી નથી. પરંતુ ત્યાં પહોંચવું બહુ કઠિન છે. જે સ્થાનને મહર્ષિઓ પ્રાપ્ત કરે છે, તે સ્થાન, નિર્વાણ સ્વરૂપ, વિઘ્નરહિત, સિદ્ધક્ષેત્ર અને લોકાગ્ર વગેરે નામથી પ્રસિદ્ધ છે. તે જ ક્ષેમકારી, કલ્યાણકારી અને અવ્યાબાધ સુખરૂપ સ્થાન છે. લોકાગ્રે આવેલું આ સ્થાન આત્માનું શાશ્વત (કાયમી) નિવાસસ્થાન છે. જ્યાં પહોંચવું ઘણું કઠિન છે. ભવ પરંપરાનો અંત કરનારા મહામુનિ તે સ્થાન પ્રાપ્ત કરીને શોક, કલેશ, જન્મ, જરા આદિ દુ:ખથી મુક્ત થઈ જાય છે. તે સિદ્ધ ભગવાન સંસારમાં ક્યારેય પાછા આવતા નથી.

## સંશયનું સમાધાન અને વિનય પ્રતિપતિ

કેશીકુમાર કહે છે હે ગૌતમ આપની પ્રજ્ઞા (બુદ્ધિ) શ્રેષ્ઠ છે, આપે મારા સર્વ સંશયો દૂર કર્યા છે. હે સંશયાતીત ! અર્થાત્ આપનું શ્રુતજ્ઞાન એવું નિર્મળ અને સ્પષ્ટ છે કે કોઈ સંશય કે શંકા રહે નહીં. હે સર્વશ્રુત મહોદધિ ! એટલે સર્વ શાસ્ત્રોના સંપૂર્ણ જ્ઞાતા, ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધારક, શ્રુતકેવળી, આપને હું નમસ્કાર કરું છું.

આ પ્રકારે સંશયનું નિવારણ થવાથી ઘોર પરાક્રમી કેશીકુમાર શ્રમણે મહાયશસ્વી ગૌતમસ્વામીને શિર નમાવીને અભિવંદના કરીને ૨૩મા તીર્થંકરના શાસનનો ત્યાગ કરીને ૨૪મા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરીને પાંચ મહાવ્રતરૂપ ધર્મનો ભાવપૂર્વક સ્વીકાર કર્યો. તે સુખાકારી માર્ગમાં વિચરણ કરવા લાગ્યા.

જ્યારે તીર્થંકરો તીર્થની સ્થાપના કરે, ત્યારે પૂર્વના તીર્થંકરના છદ્મસ્થ સાધુઓ નવા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે, ત્યાર પછી જ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારનો વ્યવહાર હોય છે.

આમ તિંદુક ઉદ્યાનમાં કેશીકુમાર શ્રમણ અને ગૌતમસ્વામીનો સંવાદ થયો, તેનાથી શ્રુતધર્મ તથા શીલધર્મનો ઉત્કર્ષ થયો અને મહાન પ્રયોજનભૂત વિષયોનો નિર્ણય થયો.

અનંત તીર્થંકરોના ઉપદેશનું હાર્દ સમાન જ હોય છે. બાહ્ય આચાર વ્યવહારમાં ક્ષેત્ર, કાળની યોગ્યતાઓ અનુસાર ક્યારેક કાંઈક ભિન્નતા જણાય છે. છતાં તે વિભિન્નતાનું રહસ્ય જાણીને વિશાળતાથી તેનો સમન્વય થઈ શકે છે.

દેવ, અસુર, મનુષ્યોની પરિપૂર્ણ પરિષદ ધર્મચર્ચાથી સંતોષ પામી તથા સન્માર્ગમાં લાગી ગઈ. તેમણે કેશીકુમાર શ્રમણ અને ગૌતમની સ્તુતિ કરી કે બંને સંતો અમારા પર પ્રસન્ન રહો.

શ્રી કેશીકુમાર શ્રમણ અને તેમના શિષ્યો તથા શ્રી ગૌતમસ્વામી અને તેમના શિષ્યો જ્યાં સુધી શ્રાવસ્તી નગરીમાં રહ્યા, ત્યાં સુધી નિત્ય તેમનું મિલન થતું રહ્યું. કેશીકુમાર શ્રમણ અને ગૌતમસ્વામી બંને મહાપુરુષો ક્ષય કર્મ કરીને મોક્ષ પધારી ગયા છે.

**કેશી-ગૌતમ સંવાદ સમાપ્ત.**

**શ્રેણી ૧૪ અભ્યાસક્રમ સમાપ્ત**

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સઃ ||

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Brihad Mumbai Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,

Aaradhya - 1 Arth, Ground floor, H-Wing, Naidu Colony, Pantnagar, Ghatkopar (E), Mumbai- 400075

**E-mail: jainshikshanboard@gmail.com** **Website: www.jainshikshan.org**

### Our Website

Contact Details of Shikshan Board office (Phone & Email)
News and Events related to examination and breaking news
Know Goals and Visions of Board
Facility to enroll for forth coming exam online
Historical exams and answer papers available form 2016
Download online Shreni books
Schedule of forth coming Shreni exams available
Access Photographs of various events
View Past exams results

Scan for Website

### વેબ સાઇટમાં માહિતી

શિક્ષણ બોર્ડની ઓફિસના ફોન નંબર તથા ઇ-મેલ મેળવી શકશે.
બોર્ડ દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
બોર્ડના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
ઘર બેઠા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે.
2016 થી પરીક્ષાના પેપર તથા જવાબો મેળવી શકાશે.
દરેક શ્રેણીનો અભ્યાસક્રમ ડાઉનલોડ કરી શકશો.
પરીક્ષા માટેની માહિતી સમયસર મળી શકશે.
પ્રોગ્રામના ફોટા જોઈ શકાશે.
ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઇ શકશો.

Scan to exam registration

